દુકાળ
નિબંધ

105/88

શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઈના

ઈનામનો નિબંધ.

दुकाळ विषे निबंध.

(हिंदुस्तानमां पडेला दुकाळ संबंधी
जाणवा जोग हकीकत.)

રચનાર

એદલજી જમશેદજી ખોરી,

બારિસ્ટર-એટ-લૉ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટી.

अमदावाद.

આર્યોદય પ્રેસમાં છાપ્યો.

આશ્વિન, સંવત્ ૧૯૪૦.—અક્ટોબર, સને ૧૮૮૪.

કીમત ૯ આના.

(આ પુસ્તક સરકારી ધારા પ્રમાણે રજીસ્ટર કરાવી કોપી-
રાઈટના સર્વે હક્ક સોસાઈટીએ સ્વાધીન રાખ્યા છે.)

SHETH SORABJI JAMSHEDJI
JIJIBHAI PRIZE ESSAY.

An

ESSAY ON FAMINES IN INDIA.

By

EDALJI JAMSHEDJI KHORY,

BARRISTER AT LAW.

Published by

The Gujarat Vernacular Society.

AHMEDABAD

Printed at the "ARYODAYA" Press.

[*All rights reserved.*]

1884. A. D.

Price 9 Annas.

11.

Registered for copy-right under Government
of India's Act XXV of 1867.)

for Social Knowledge and Action
SETU
9-92-3
Ahmedabad.

પ્રસ્તાવના.

સને ૧૮૭૬-૭૭ ની સાલમાં વરસાદની તંગીને લીધે ગૂજરાતમાં અનાજની ઘણી મોઘવારી ચાલી હતી, તથા બંગાળા, દક્ષિણ અને મદ્રાસ વગેરે ભાગોમાં દુકાળના દુઃખથી ઘણી ખરાબી થઇ હતી. એ વખતે ગૂ. વ. સોસાઇટીની વ્યવસ્થાપક મંડળીને એવો વિચાર થયો કે દુકાળ જેવી ભયંકર આપત્તિ આ દેશમાં કોઇ કોઇ વાર પડેછે અને તેથી લોકોના જાનમાલને પુષ્કળ હાનિ પહોચેછે, માટે એ વિષે એક નિબંધ લખાવી, તેમાં આજસૂધીમાં પડેલા દુકાળો સંબંધી મળે તેટલી હકીકત, તથા એ દરેક દુકાળ વખતે લોકોને કેવા પ્રકારે અને શીશી મદદ મળી હતી, તથા હવે પછી ભોગજોગે એ દુષ્ટ આપત્તિ આવી પડે તો તેનો અટકાવ કરવા અને તેનું દુઃખ ટાળવા કે ઓછું કરવા લોકોએ અને સરકારે શાશા ઉપાય કરવા એ વાત દાખલ કરાવી હોય તો તે એક ઉપયોગી અને જાણવા જોગ માહિતીના સંગ્રહનું પુસ્તક થઇ શકે. એ વિચાર પાર પાડવાનો ઠરાવ કરી એવો નિબંધ લખવા સારૂ શેઠ સોરાબજી જ. જી. પ્રાઇઝ ફંડમાંથી રૂ. ૫૦) નું ઇનામ આપવાની જાહેર ખબર સને ૧૮૭૭ ના અકટોબર માસના બુદ્ધિપ્રકાશમાં પ્રગટ કરી, પરંતુ નીમેલી મુદતમાં એકે નિબંધ લખાઇ આવ્યો નહિ. આથી કમિટીએ ઇનામની રકમમાં રૂ.૧૦૦) નો વધારો કરી રૂ.૧૫૦) કર્યા અને એ વિષેની ફરીથી જાહેરખબર સને ૧૮૭૮ ના મે માસના બુદ્ધિપ્રકાશમાં પ્રગટ કરી. આ વખતે ૪ નિબંધો લખાઇ આવ્યા, તેમાંનો "Industry" સંજ્ઞાવાળો આ નિબંધ, કેટલોક ફેરફાર તથા સુધારો કરાવી ઇનામ આપવા લાયક ઠર્યો. એ પરિ[illegible] બુદ્ધિપ્રકાશમાં પ્રગટ કર્યું, પણ પાસ થયેલો નિ[illegible]

નારનો પત્તો ઘણા માસ સૂધી મળ્યો નહિ. પુષ્કળ તપાસ કરતાં આખરે ખબર મળી કે એ લખનાર હાલ વિલાયતમાં બારિસ્ટરનો અભ્યાસ કરવા ગયોછે. આથી તેના એક ભરૂચી મિત્ર મારફતે તેની તપાસ કરાવી ખાત્રી થયેથી ઇનામના રૂ.૧૫૦) માંથી રૂ.૧૦૦) તેને મોકલાવ્યા અને બાકીના રૂ.૫૦) તપાસનારે સૂચવ્યા પ્રમાણે સુધારો કરી આપે ત્યારે આપવાના રાખ્યા. એ ગૃહસ્થને પોતાના અભ્યાસના વખતમાં સુધારો કરવાનો અવકાશ નહિ મળવાથી, ગયા વરસમાં તે પોતાની પરીક્ષા પસાર કરી પાછા આવ્યા બાદ તે નિબંધ તેની પાસે સુધરાવી, ઇનામના બાકી રાખેલા રૂ. ૫૦) આપી, હાલ છપાવી પ્રગટ કર્યોછે.

દુકાળ જેવી દુ:ખદાયક આપત્તિ આ દેશને માથે ના આવે એમ અમે ઇચ્છીએ છીએ, તોપણ કદાપિ એવો વખત આવી પડે તો તે પ્રસંગે બનતી સાવચેતી રાખવા સારૂ શાશા ઉપાય કરવા તે વિષે આ નિબંધમાંથી સારી સૂચના મળે તેમ છે. માટે તે લક્ષ પૂર્વક વાંચી જવાની દરેક માણસને અમારી ભલામણ છે.

એડિટર.

આ નિબંધ તૈયાર કરવામાં નીચેનાં અંગ્રેજી પુસ્તકોની મદદ લીધી છે.

1. Colonel Baird Smith's Famine Report.
2. Scarcities in the Madras Presidency, by R. A. Dalyell.
3. Report of the Commissioners appointed to inquire into the Famine in Bengal and Orissa in 1866.
4. Report on Past Famines in the Bombay Presidency, compiled by Lieut-Colonel A. F. Etheridge.
5. Grant Duff's History of the Maharattas.
6. A paper written by J. F. Thomas in the Madras Journal of literature and science on the duty of the state in times of famine.
7. Asiatic Journal and Monthly Register published in London; from Vol. IX to Vol. XXXVI.
8. A letter to William Erskine by Captain James Rivett Carnac from Baroda on the Famine in Gujarat in 1812 and 1813.
9. An essay on the Bengal Famine of 1874, read by Sir Bartle Frere, in London.
10. The annals of Indian Administration containing accounts of famines that have occurred in different parts of India.
11. The Oriental containing famine-accounts.

12. Selections from the records of the Government of India.
13. Political Economy of Famines in India, by Brown.
14. Forest Versus Famine, by E. H. Pringle.
15. Files of the Bombay Gazette, the Times of India and the Bombay Samachar.

E. J. K.

अनुक्रमणिका.

દુકાળ વિષે નિબંધ.

દુકાળ.

પૃથ્વીની સપાટી ઉપર આવી પડતી અગણિત વિપત્તિઓમાં દુકાળ જેવી ભયંકર વપત્તિ અત્યાર સુધી બીજી કોઇ જણાઇ નથી. હવે ગમે તો એને વિકરાળ વિપત્તિ કહો, ગમે તો મોટામાં મોટી આફત કહો. ગમે તો બળિષ્ટમાં બળિષ્ટ બલા કહો. અગર કોઇ મહાશક્તિનો અતિ ઘણો ત્રાસદાયક કોપ કહો. પણ એનું નામ ઘણું ભયાનક છે. એનો દેખાવ ક્રૂર છે. એની હસતી અંગના સાંધે સાંધા ધ્રૂજાવનાર છે, અને એનાં પરિણામો તો બહુજ દુષ્ટ અને નાશકારક છે. જબરા ધરતીકંપ અને બીજા દુઃખદાયક કુદરતી બનાવોના પરિણામ ગમે એવાં ખરાબ ગણાય છે, પણ તે સઘળાં. દુકાળનાં પરિણામ આગળ કાંઈ ગણતરીમાં નથી. દુકાળની વિપત્તિ જેમ અચોક્સ છે તેમ તેની અસર પણ ઘણી માઠી અને લાંબા વખત સુધી ચાલુ રહે એવી છે. મરકી એ જબરામાં જબરો ગજબ ગણાય છે, પણ દુકાળનો ગજબ તો મરકીના ગજબને પણ વિસરાવે એવો છે. મોટી મરકીને પોતાની સાથે ઘસડી લાવનારજ દુકાળ છે. અમૂલ્ય જીવનાં મનુષ્યોને. તરેહવાર ઉપયોગનાં પશુઓને અને ભાત ભાતનાં પક્ષ ઓને ભૂખ અને તરસના મારથી મૂડદાં બનાવી દેવાં, એ. દુકાળનું કામ છે. તન્દુરસ્ત શરીર તવાઇ જઈ આંખોમાં ખાડા પડી ડોળા બ-

હાર નીકળી આવે, અંગોઅંગના સાંધા ખુલ્લા દેખાય, ખોરાક વગર ટળવળતું (બિલાડાં બોલતું) પેટ અંદર પેશી જઈ તેની ચામડી ઉપર કરચલી વળે. સ્નાયુના લોચા અને ચામડીના આચ્છાદનમાં ઢંકાઇ રહેલાં શરીરનાં દરેક હાડકાં અને નસો બરાબર ગણી શકાય એવી હાલતમાં દેખાય, અને તેથી મનોહર રૂપ ધરાવતું માણસ વહેમોઓએ કલ્પેલાં ભૂત પ્રેત ને ડાકણના જેવો આકાર પકડી રસ્તે રસ્તે તરફડી તરફડી મૂડદું થઇ પડે. એ સઘળાંનો કમકમાટ ભરેલો ચિતાર દેખાડવાનું કામ દુષ્ટ દુકાળનું છે. માણસો ભૂખથી ઘેલાં બની જઈ ધૂળમાં અન્ન શોધવા માંડે, તથા પ્રાણીઓના છાણને ચુંથીને તેમાંથી ખોરાકની કાંઇ પણ જણસ ખોળવા જતાં અંતે નિરાશ થઈ મોતને આધીન થઈ રહે, એવો દેખાવ આપણી નજરે પાડનાર; તેમજ જમીન સૂકી અને નિરસ, આકાશ ત્રાંબાનું અને ભોંય પિત્તળની, હવા ભૂખી (સૂકી) અને રોગિષ્ટ, તથા મનુષ્યથી માંડીને દરેક પ્રાણીમાત્ર ભૂખ્યાં જંગલી વરૂઓની પેઠે ખુની બની રહેલાં, એ સર્વનો ભયંકર ચિતાર ચિતરનાર પણ ક્રૂર દુકાળજ છે. ઘણીએક કંગાલ માતાઓને હૈયાફૂટી બનાવી તેઓનાં વહાલામાં વહાલાં બાળકોને નિર્દયપણે નદીઓમાં ફેંકી દેતી દેખાડનાર, તથા ઢગલાબંધ માણસોનાં મૂડદાં ઉપર રસ્તે રસ્તે શિયાળીઆં, કૂતરાં અને માંસાહારી પક્ષીઓને ભક્ષ કરતાં આપણી નજરે પાડી કમકમાટ ઉપજાવનાર, એ મહા ભયંકર દુકાળ છે. એ ખરાબ પગલાંના શત્રુના જૂલમથી માણસના શરીરનો કુદરતી રંગ બદલાઈ કાળો થઈ જાય છે, તેના સાંધેસાંધા તવાઇ જાય છે, અને તેનું બોલવું હેવાનના સાદને મળતું આવે છે. એના પાપી અમલમાં માણસો પોતાની નીતિ ખોઈ દે છે,

સંસાર તજી દે છે, અને તેઓના માણસપણાનો નાશ થાય છે. વધારે ખેદ પમાડનાર એ બને છે કે, એ વેળાએ કોઇ પરમેશ્વરને તો પિછાણતુંજ નથી. ખુન ચોરી અને લૂટફાટ એ તો સાધારણ થઇ પડે છે. કોઇ માબાપ પોતાનાં નિર્દોષ બાળકોને વગડામાં કે ગામમાં તજી જતાં રહે છે, અને કોઈ ગુલામગીરીમાં અથવા રંડીબાજીમાં નજીવી રકમે વેચી નાખે છે. એટલુંજ નહિ, પણ કોઇ તો એવા વખતે જંગલી ફાડી ખાનાર પશુઓની પેઠે ઉશ્કેરાઇ જરા પણ દયા નહિ લાવતાં, પોતાનાં તરફડતાં બાળકોને કાપી ખાય છે! એક ધણી નથી જોતો પોતાની પ્રિય સ્ત્રી તરફ, કે એક ભાઇ નથી રાખતો પોતાની વહાલી બેનની મરજાદા, પણ પોતાનો જાન બચતો હોય તો કોઇ પણ પ્રકારે તેઓનો ભોગ આપી દે છે. કૃપણ દુકાળનાં કરતુકો એટલી હદ સૂધી આગળ વધે છે કે, માણસ પોતાનો ઊચો દરજ્જો, જે આ જગતમાં કર્ત્તારે તેને માટે સરજાવેલો છે, તે ભૂલી જઇ, હેવાન કરતાં પણ ઉતારતી પંક્તિએ ઉતરી બેસે છે.

આ સઘળો ચિતાર ઘણો ભયાનક છે. પણ તેની અસરની જે છાપ માણસના મનની ઉપર પડે છે તે એવી મજબૂત હોય છે કે ઘણાં વરસો પસાર થઇ જવા છતાં તે ભુંસાઈ† જતી નથી. જો કે દુકાળનાં માઠાં પરિણામ સાથે જોડાયલી ખરાબીઓનો તો કાંઇ પાર જ નથી, પણ તે ખરાબીઓમાંથી મળતા ધડા એટલા કીમતી અને એટલા મજબૂત થઇ પડે છે કે તેની યાદ લાંબા વખત સૂધી ભૂલાતી નથી. કોઈ પણ જમાનામાં પૃથ્વી ઉપરનો કોઇ પણ દેશ આવી જાતના ધડા

† નાશ પામતી.

લીધા વગર રહી ગયો હશે એમ માની શકાતું નથી. આપણા ભરતખંડ જેવો ફળવંત, આબાદ અને મોટા વિસ્તારનો દેશ પણ વારંવાર લાંબી મુદ્દતે દુકાળનો ભોગ થતો આવ્યો છે, અને દુકાળનું નામ ઘણા લાંબા વખતથી આપણા દેશની ચઢતી પડતી સાથે જોડાતુંજ આવ્યું છે. જે દેશમાં આપણે વશીએ છીએ, તે દેશના ઇતિહાસનું જ્ઞાન આપણને જેટલું અગત્યનું છે તેના કરતાં ઘણે દરજ્જે અગત્યનું તેમાં પડતા આવેલા દુકાળોની સાલવાર તવારીખનું છે. વળી એ જાતનું અગત્યપણું દિવસે દિવસે વધતું જાય છે; તેનું કારણ એ કે, આ દેશમાં આપણી ચઢતી કળા, આપણાં સુખ, અને આપણી હસતી સાથ દુકાળનો નિકટ સંબંધ છે. વખતે વખત હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગોની ભેટ દુકાળ લેછે, અને તેટલા માટે, તેને આવતો અટકાવવા, તેના આવી પહોંચવા સામે સાવચેતીઓ રાખવા, અને આવી પહોંચ્યા બાદ તેનાં ત્રાસદાયક પરિણામોની અસરો ઓછી કરવા તથા તેનું કાળું મોઢું ઘણા વખત સૂધી દૂર કરવા, આજ સૂધીમાં જેટલા દુકાળ પડી ગયા છે તેનો વિગતવાર હેવાલ, તેથી થયેલી ખરાબી તથા તેની સામે લેવાયલા ઉપાયો, અને તેના જવા પછી લોકોએ લીધેલો બોધ, એ સર્વેનું ખરેખરૂં અને પૂરતું જ્ઞાન આપણને ઘણુંજ જરૂરતું છે. પોતાના દેશને ચહાનાર દરેક માણસની, દેશી રજવાડા અને તેમની વફાદાર રૈયતની; કેળવણી પામેલા શખ્સોની, સુધારાના સાથીઓની અને ટૂંકામાં હિંદુસ્તાનના દરેક દેશીની તથા નામદાર અંગ્રેજ સરકારની ખરી ફરજ એ છે કે, હિંદુસ્તાનને માથે દુકાળરૂપી જે બલા સદાકાળ ભમતી ફરે છે તેનાં કારણોનું પૂરતું જ્ઞાન મેળવવું, અને તેનાં સંકટોનો નાશ

કરવાને ઉપાયોરૂપી હથિયાર સજીને આગમજથી તૈયાર થઇ રહેવું.

હિંદુસ્તાનના ગૂજરાત જેવા બહોળા વિસ્તારવાળા પ્રાંતમાં અને ગૂજરાતી ભાષા બોલનારાઓનાં મુખ્ય મુખ્ય મથકોમાં આજ સૂધીમાં કેટલા કેટલા દુકાળ પડ્યા અને તેનાં કેવાં કેવાં પરિણામો નિપજ્યાં, તેની વિગતવાર હકીકત જાણવાની આપણે પહેલી શરૂઆત કરીએ.

પ્રકરણ ૧ લું.

ગૂજરાતમાં પડેલા દુકાળ.

ગૂજરાત જેવા બહોળા પ્રાંતમાં પડેલા દુકાળનું વર્ણન જરા વધારે વિસ્તારથી કરવા માટે એ પ્રાંતને તેના કેટલાએક જાણીતા ભાગોમાં વહેંચી નાખી, તે દરેક ભાગમાં પડેલા દુકાળની તવારીખ જરા લંબાણથી અને બારીકીથી આપવાની વધારે અગત્ય લાગે છે. પહેલ વહેલાં આપણે કાઠીઆવાડમાં પડેલા દુકાળનો ખબર લેઈએ.

દુકાળની મુખ્ય ખાશિયત એ છે કે, તે જૂદે જૂદે ઠેકાણે જો કે જૂદાં જૂદાં રૂપમાં આવેછે, તોપણ તેની અસર એક સરખી હોયછે, તથા તેનાં પરિણામમાં મોટો ફેર જણાતો નથી. વળી ઘણે ઠેકાણે ચોક્કસ મુદ્દતેજ દુકાળ પડતો જણાયલો છે, એટલે પહેલા અને બીજા દુકાળ વચ્ચે જેટલાં વર્ષ પસાર થઇ ગયેલાં હોયછે, તેટલાંજ વર્ષ બીજા અને ત્રીજા, તથા ત્રીજા અને ચોથા દુકાળની વચ્ચે નીકળી જતાં જણાયલાં છે. કાઠીઆવાડ અંગ્રેજી સત્તા હેઠળ પહેલ વહેલું ઇ. સ. ૧૮૧૨-૧૩ માં આવ્યું હતું. એ પહેલાં ત્યાં બે મોટા દુકાળ પડેલા જણાયાછે. તેમાંનો એક ઇ. સ. ૧૭૯૧ માં અને બીજો. ઇ. સ. ૧૮૦૪ માં પડયો હતો. જેવો એ ભાગ અંગ્રેજોના હાંથમાં આવ્યો તેવોજ ત્યાં દુકાળ પડયો હતો. તે પછી. ઈ. સ. ૧૮૨૪-૨૫ માં અને ૧૮૩૮-૩૯ માં પડયો હતો. આ સર્વે મોટા દુકાળ પડેલા કહેવાય છે. એ ત્રણે દુકાળ વચ્ચે તેર તેર વર્ષનો અંતર પડેલો જણાયછે. એ પછી કોઇ મોટો દુકાળ કાઠી-

આવામાં પડેલો જણાયો નથી, પણ ઇ. સ. ૧૮૬૭ નું તેમજ ઈ. સ. ૧૮૭૮ નું એ બે વર્ષ ત્યાં તંગીનાં હતાં એવું આપણી જાણમાં આવી ચૂક્યું છે. ઇ સ ૧૮૧૨ માં ત્યાં મોટામાં મોટો દુકાળ પડયો હતો. એ વેળા એનું જોર માત્ર ભાવનગરમાં જરા ઓછું હતું. પણ તે સિવાય એ આખા દ્વિપકલ્પમાં એણે ત્રાસ વર્તાવ્યો હતો. કેટલાક લોકોએ અનાજ મેળવવા માટે પોતાનાં છોકરાં વેચ્યાં હતાં, તેમજ કેટલાક આબરૂ જવાના ભયથી ઝેર ખાઇ મર્ણ પામ્યા હતા. એવું બન્યું હતું કે અનાજની તંગીને લીધે પૈસા પણ નકામા થઈ ગયા હતા; એટલે જેમની પાસે પૈસા હતા તેઓને તે ખરચતાં પણ અનાજ ન મળવાથી મોતને શરણે જવું પડયું હતું. એ વખતમાં ભાવનગરના દરબાર તરફથી રોજ દશહજાર માણસોને જમાડવામાં આવતાં હતાં. હાલાર તાલુકાએ એ વર્ષમાં સર્વથી ઘણું કષ્ટ વેઠયું હતું. જામનગરના રાજ્યનાં ૬૦ ગામડાં તદન વેરાન થઇ ગયાં હતાં, અને એવી જબરી મરકી ચાલી હતી કે તેના આખા રાજ્યની વસ્તીનો માત્ર ત્રીજો ભાગ જીવતો રહ્યો હતો. મોરબી તાલુકાનાં ૬૦ ગામડાંમાંથી ફક્ત પંદર ગામડાં ઉજ્જડ થતાં બચ્યાં હતાં. વળી દુકાળની આફ્ત પૂરી થતાંજ ઊંદરોનો ઉપદ્રવ થવાથી લોકોના સંકટમાં બહુ વધારો થયો હતો. ભાવનગરના મુલક સિવાય બીજા સઘળા ભાગોમાં ઘાસ તેમજ દરેક ખાવાલાયક વસ્તુનો નાશ થઇ ગયો હતો. એવેળા એલીયની ટેકરી અને બાબરીઆવાડમાંજ ચારો ઉગેલો હતો, અને તેથી ગાયકવાડી લશ્કરના ઘોડાઓને ખોરાક પૂરો પાડવામાં આવ્યો હતો. હાલાર અને મચ્છુકાંઠા મધ્યેનાં ઘોડા, ગાયો વગેરે ઢોરોને જ્યાં ચારો મળે ત્યાં ચરવાને છોડી દેવાથી તેઓ સઘળાં મોટી સંખ્યાબંધ મર્ણ

પામ્યાં હતાં. કાઠીઆવાડના ઉત્તર ભાગમાં જ્યાં વરસાદ ઝાઝો પડતો નથી, અને જુવારનો પાક નહેર, તલાવ, કુવ વગેરેની મારફતે કરવામાં આવેછે, ત્યાંના લોકોએ આ દુકાળની વખતે થોડું દુઃખ શોષ્યું હતું; કેમકે વરસાદની અહિંઆં ઘણી જરૂર પડતી નથી, અને વળી પાછળથી વાવણી થઇ શકેછે. અનાજ, રૂ, અને ઘઉં, ત્યાં ફેબ્રુઆરી મહિનામાં પડતા પુષ્કળ દવથી (ઓસ–ઝાકળથી) પકવવામાં આવેછે. વળી દક્ષિણ ભાગમાં બાજરી અને જુવારનો એટલો બધો પાક થાય છે કે તે ત્યાં વપરાતાં, બીજા ઘણાખરા ભાગોમાં દૂર દેશાવર મોકલવામાં આવેછે, તથા કેટલુંક અનાજ જમીનમાં કોઠાર કરી તેમાં દાટી રાખવામાં આવેછે. આ ભયંકર દુકાળની વખતે એવું દાટેલું અનાજ ખોદી કાઢી વપરાશમાં આણ્યું હતું. વગવાળા ખેડુતો એ વખતે નહેર તથા કુવા તળાવના પાણીથી વાવણી કરવાને તૈયાર હતા, પણ આકાશમાં વાદળાં ચઢી આવી નાનાં નાનાં ઝાપટાં પડવા લાગ્યાં તેથી વરસાદની આશા ઉપર તેઓ નભરવશ રહી ઠગાયા; તે એટલે સૂધી કે કુટુંબોનું ગુજરાન સારી રીતે કરવા સારૂ ભરી રાખેલું સઘળું અનાજ આશાએ આશાએ વાપરી નાખ્યું. પાછળથી તેમની આંખો ઊઘડી અને નહેરની મારફતે વાવણી કરવાની જરૂર પડી, ત્યારે પાણી ખેંચનાર બળદો વગેરે જનાવર એવી નબળી હાલતમાં આવી ગયાં હતાં કે તે કુવામાંથી પાણી ખેંચી શક્યાં નહિ. આ દુકાળ એટલો જબરો હતો કે, તે વહી ગયા પછી દશ વર્ષ સૂધી આખો દેશ અસલ સ્થિતિમાં આવ્યો નહોતો.

આટલું છતાં એ દુકાળમાંથી છૂટવાના ઉપાયો ચાંપતા લેવામાં આવ્યા હતા. જ્યાં જ્યાં કુવાનાં પાણી ખૂટ્યાં ત્યાં ત્યાં નવા કુવા ખોદવામાં આવ્યા હતા. જૂદાં જૂદાં

બંદરો ઉપર સરકારે દાણો અને ઘાસ મોટા જથામાં ભરી રાખ્યાં અને લોકોને તે છૂટક વેચ્યાં. મોટા કસ્બાઓની વચ્ચેના ધોરી રસ્તા ઉપર સંખ્યાબંધ મજુરોને કામે લગાડી સરકાર તરફથી રોજી આપવામાં આવી હતી. એ ઉપરાંત ગરીબોની મદદને માટે જાહેર તેમજ ખાનગી ઉધરાણાં ચાલ્યાં હતાં. અંગ્રેજ સરકારે, તથા ગાયકવાડે અને જુનાગઢના નવાબે, તેમના ખંડીઆ તાલુકદારો પાસેથી લેવાતી ખંડણી એ વર્ષે માફ કીધી હતી, તે એ તાલુકદારોએ દુકાળમાં આપી દીધી હતી.

જ્યારે ઇ. સ. ૧૮૩૯ માં કાઠીઆવાડમાં જબરો દુકાળ ચાલ્યો હતો, ત્યારે હજારો લોક ત્યાંથી મુંબાઈ આવ્યાં હતાં. આ લોકોનો નિભાવ કરવા સારૂ મુંબાઈ મધ્યે ટાઉન હાલમાં જાહેર સભા મળી હતી, એ વેળા મી૦ જેમ્સ. એચ. ક્રિફર્ડ પ્રમુખ તરીકે બિરાજ્યા હતા. એ સભામાં સર સો. માલકમ, શેઠ ધાકજી દાદાજી, શેઠ જમસેદજી જીજીભાઈ, આનરેબલ જે. એડનલાપ, અને કરનલ દીકીનસન જેવા પ્રખ્યાત નરો હાજર હતા. આ સાલ કાઠીઆવાડમાં સરાસરી બે ઇંચ વરસાદ પડચો હતો. ત્યાંના કુવાઓમાં એક બે માસ ચાલે એટલું પણ પાણી રહ્યું નહોતું. દરરોજ એ ભાગમાંથી ત્રણસો માણસો ઘોઘા તરફ આવતાં. અનાજ પાણીની લોકોને એટલી બધી તંગી પડવા લાગી કે માતાઓ પોતાનાં નાનાં બાળકોને સહેજસાજ પૈસા લેઇ વેચવા લાગી. ઘાસ ચારાનો તો તદન નાશજ થઈ ગયો હતો.

કાઠીઆવાડમાં પડેલા મોટા દુકાળ ઉપરાંત કોઇકોઇ વાર અનાજની મોંઘવારી ચાલતી. અને લોકોને ઘણી મુશ્કેલીથી ખોરાક મળતો. એવી તંગીનો વખત ઇ. સ. ૧૮૬૭

નો હતો. તે પસાર થયા બાદ એવો વખત ત્યાંના લોકોએ ઇ. સ. ૧૮૭૭ માં જોયો. એ સાલમાં અનાજની મોઘવારીથી લોકોને બહુ આપદા વેઠવી પડી. ત્યાંના પોલિટિકલ એજંટ મી૦ પીલે અનાજની આમદાની, નીકાસ, ખપ, પૂરાંત વગેરેના હિસાબનાં દર અઠવાડીએ પત્રકો બનાવવાનો હુકમ કર્યો હતો. વળી બીજા શા શા ઉપાય લેવા તે વિષે મસલત કરવા સારૂ એ સાહેબ, મુંબાઇના તે વખતના ગવર્નર સર રીચર્ડ ટેમ્પલની પાસે પુને ગયા હતા. ત્યાં તેમણે નામદાર ગવર્નર, કરનલ કેનેડી, કરનલ હેનકાક, અને વડોદરા રેલવેના એજન્ટ મી. માથ્યુ સાથે વિચાર કરી, કાઠીઆવાડમાં ભાવનગરથી ઉત્તરે વઢવાણ સૂધી રેલવેની લાઇન નાખવાનું અને પછી તેને પશ્ચિમે લેઇ જવાનું નક્કી કીધું. એ સિવાય કાઠીઆવાડમાં નહેરો બાંધવાની ગોઠવણ પણ કરવા માંડી. ભાવનગર, નવાનગર, અને પાલીતાણા વગેરે સંસ્થાનોના રાજાઓએ પોત પોતાની રૈયતનાં દુઃખનું નિવારણ કરવા સારૂ સસ્તે ભાવે અનાજ વેચવાને દુકાનો કાઢી હતી, અને ઠેકાણે ઠેકાણે કુવા તળાવો બંધાવવા માંડ્યાં હતાં. જુનાગઢના ગીરનારના પહાડ ઉપર ઢોરોને ચરવા મોકલવાની ગોઠવણ કરી હતી, અને એ ઉપરાંત શહેર સુધરાઇ તથા પોલીસનો પૂરતો બંદોબસ્ત રાખવાની દેશી રજવાડાઓને પો૦ એજંટ તરફથી તાકીદ કરવામાં આવી હતી. આવા ચાંપતા ઉપાયો કામે લગાડવાથી એ દુઃખ ભરેલી મોટી આફતમાંથી કાઠીઆવાડ કેટલેક દરજ્જે બચી ગયું હતું.

પાલણપુરમાં પડેલા દુકાળ.

આ જગાએ જે જે દુકાળ પડ્યા હતા તેની ખ-

બર દંતકથાથી, તથા જેઓએ વધારે ઓછા દુકાળ જોયા હતા અથવા બાપદાદાઓથી સાંભળ્યા હતા તેઓના કહેવાથી મેળવવામાં આવી છે. સરકારી નોંધ વખતે હશે ખરી, પણ તે બળી ગઇ હશે, અથવા તો ઇસ્વિસનની ૧૮ મી સદીની આખરે ખોસા અને મારવાડના લશ્કરે પાલણપુર તથા રાધણપુર ઉપર ચઢાઇ કીધી ત્યારે તેઓ ફતેહ મેળવી ઉપલી નોંધનાં પુસ્તકો પણ સાથે લેઇ ગયા હશે, એવું વિચારવામાં આવે છે.

પાલણપુરમાં મોંઘવારીનાં તેમજ દુકાળનાં વરસ નીચે પ્રમાણે હતાં. એ અરસામાં વરસાદ ન વરસવાથી પાક થયો નહિ, તેથી અનાજની તંગીને લીધે લોકોને ઘણું સોસવું પડયું હતું.

ઇ. સ. ૧૭૪૭.	ઇ. સ. ૧૮૦૪.	ઇ. સ. ૧૮૩૯.
,, ૧૭૫૬.	,, ૧૮૧૩.	,, ૧૮૪૨.
,, ૧૭૮૫.	,, ૧૮૨૫.	,, ૧૮૪૯.
,, ૧૭૯૧.	,, ૧૮૩૪.	

એ વર્ષોમાં વરસાદ ઘણુંકરીને મુદ્દલ પડયો નહોતો અને ભૂખમરો એટલો ચાલ્યો હતો કે ગરીબ લોકો ટપોટપ મરી જતાં હતાં. ઘાસ ન ઉગવાથી તવંગર લોકો પોતાનાં ઢોરને જ્યાં ચારો મળી આવ્યો ત્યાં લેઇ ગયા, પણ ગરીબનાં ઢોર માર્યાં ગયાં હતાં. આથી ભીલ કોળી ઇત્યાદિ લોકો જેઓ માંસ ભક્ષ કરતા હતા તેઓને પેટ ભરવાની મુસ્કેલી પડી હતી. વાણીઆઓએ તથા તવંગરોએ પોતાના ગુપ્ત ભંડારમાં આગલાં વર્ષોનું અનાજ ભરી રાખ્યું હતું. પણ તેમણે લૂટાઈ જવાની અને ખૂટી પડવાની બીકે તે છચોક બહાર કાઢયું નહિ, તેથી લોકો ઘભરાટમાં પડી અનાજની શોધમાં બહાર નીકળી ગયાં હતાં.

ઈ. સ. ૧૮૧૩ માં ત્યાં સખ્તમાં સખ્ત દુકાળ પડયો. એ દુકાળ આખા કાઠીઆવાડમાં પણ વધારે કઠણ હતો. પાલણપુરમાં ઈ. સ. ૧૮૧૧ માં વરસાદ ન પડવાથી અનાજ પાક્યું નહિ. ઇ. સ. ૧૮૧૨ માં વરસાદ પડવાથી પાક સારો ઉતરવાની આશા હતી, પણ એ વરસમાં તીડનાં ટોળાં ઉતરી આવ્યાં અને અનાજનો નાશ કરી નાંખ્યો. વળી ઇ. સ. ૧૮૧૩ માં વરસાદ પડયો નહિ અને તેથી પાક પણ થયો નહિ. લોકો ઝાડની છાલનો ભૂકો કરી તથા ભીખ માગી કે ચોરી કરી થોડોક આટો મેળવી એકત્ર કરી તેના રોટલા કરી ખાતાં. કેટલાક લોક જેઓ માંસાહારી હતા તેઓ ગાયો, ભેંશો ઇત્યાદિ ઢોરને ચોરી જઇ મારી નાખી તે પર ગુજરાન ચલાવતા. વળી એટલેથી પણ બસ ન થતાં વધારે ભૂખમરો ચાલવા લાગ્યો ત્યારે માણસ માણસને ખાવા લાગ્યાં હતાં. કેટલાક દાખલા એવા પણ જણાયલા છે કે અતિશય ભૂખથી રખડતાં રખડતાં અંતે દીવાના થઇ ગયેલા બાપ, પોતાનાં બાળબચ્ચાંને મારી ખાવા લાગ્યા, તે વખતે તે બાળકોની માતાઓ તેઓનો જાન બચાવવા વચ્ચે પડતી હતી ભૂખમરો એટલો બધો ચાલ્યો હતો કે જેઓ જીવતાં હતાં તેઓમાં પોતાના ઘરનાં મરી ગએલાં માણસનાં મૂડદાં પડેલાં હતાં તેમને બાળવા અથવા ભૂમિદાહ દેવા લેઈ જવાની જરાએ શક્તિ નહોતી. આવાં જબરાં સંકટોને લીધે ઘણાં ગામડાં વસ્તી વિનાનાં થઈ ગયાં હતાં, જેમાંનાં થોડાંક વસાવવામાં આવ્યાં અને બાકીનાં તો છેકજ ઉજ્જડ થઈ ગયાં. ઇ. સ. ૧૮૧૩ નો દુકાળ સઘળે ઠેકાણે એક સરખી રીતથી પથરાઇ ગયો હતો. એ વરસ સિવાય જે જે વર્ષોમાં થોડા સખ્ત દુકાળ પડયા તે વર્ષોમાં નહેરની મારફતે વાવણી કરવા સારૂ ઠાકોરોએ

અને સરદારોએ ખેડુતોને નાણાં ધીર્યા હતાં, તથા વાવણી-ને માટે જોઈતું અનાજ આપ્યું હતું. વળી ભૂખે મ-રતા લૂટારૂઓથી ઉગતા પાકને બચાવી રાખવા લશ્કરી માણસોનો પણ સારો બંદોબસ્ત કર્યો હતો. ઇ. સ. ૧૮૧૩ ના વર્ષના દુકાળમાં પાલણપુરના દીવાને ૩૧) નું ૬ શેર પ્ર-માણે ભરી રાખેલું અનાજ ૧૬ શેર પ્રમાણે લોકોને વેચવા માંડયું હતું. તે ઉપરાંત લોકોની રોજી પેદા કરવા સારૂ જાહેર ઉપયોગનાં કામો ઊભાં કરી ગરી-બોને તે પાછળ મજુરીએ લગાડી દીધાં હતાં. રાધણપુરના નવાબે પણ એવાજ લાયક ઉપાયો કામે લગાડયા હતા. ઇ. સ. ૧૮૬૧ થી ૧૮૬૫ સૂધી અનાજની ઘણી તંગી ચા-લી તે વખતે તે એક રૂપિઆનું આઠ શેર વેચાતું અને ગરીબો ભૂખથી મરી જતા. ભીલ તથા બીજા નીચલા વ-ર્ગના લોકો ઝાડનાં મૂળીઆં તથા છાલ ઉપર ગુજરાન ક-રતા. પાલણપુરના દિવાન અને રાધણપુરના નવાબે તે-ઓના તાલુકાઓમાંથી અનાજ બહાર લેઇ જવાની બંધી કીધી. મોટા હોદ્દેદારો અને તવંગરોએ આ વખતે પોતાનાં માણસોને તેઓના મુસારાનો ચોથો ભાગ મુસારા ઉપરાંત મોઘવારીના ભત્થા તરીકે વધારે આપ્યો હતો.

ઇ. સ. ૧૮૧૩ ના તથા ઇ. સ. ૧૮૬૧ થી ૧૮૬૫ સૂધી પડેલા દુકાળે ૫૪૧૪ મૈલના વિસ્તારના મુલક ઉપર સંકટ મચાવ્યું હતું.

બીજાં વરસોમાં નાના નાના દુકાળ પડ્યા તે વખતે ૧૭૦૭ મૈલના વિસ્તારનો દેશ આપદામાં આવી પડયો હ-તો. ઇ. સ. ૧૮૬૧ થી તે ૧૮૬૫ સૂધી પડેલા દુકાળમાં અનાજ રૂપિઆ એકનું છથી તે આઠ શેર સૂધી વેચાતું, અને બીજા નાના દુકાળના વખતમાં ૧૪ શેરનું વેચાતું.

મહિકાંઠા પ્રાંતમાં પડેલા દુકાળ.

આ ભાગના દુકાળની ચોકસ નોંધ મળી શકતી નથી; તોપણ દુકાળનાં જેજે વર્ષો જણાયલાં છે, તે ઇ. સ. ૧૭૯૧–૧૮૧૩–૧૮૨૫ અને ૧૮૩૪ નાં છે. એ વર્ષોમાં ત્યાંના લોકોએ ઘણું સંકટ વેઠ્યું હતું, અને સંખ્યાબંધ માણસનાં મર્ણ નીપજ્યાં હતાં. ઘણાં માત પિતાને પોતાનાં પ્રિય બાળકો વેચવાં પડ્યાં હતાં, તથા કેટલાકને તેઓનું પેટ ન ભરાયાથી બીજાને આપી દેવાં પડ્યાં હતાં. એ પ્રાંતમાં લૂંટારાઓનો ત્રાસ ઘણો ચાલતો હતો. તેઓના જુલમમાંથી લોકોને બચાવવા સારૂ અંગ્રેજ સરકાર ઇ. સ. ૧૮૧૨માં વચમાં પડી, તોપણ તે પછી એટલું બધું અંઘેર ચાલ્યું કે, બીજાં કેટલાંક સંકટોની પેઠે ભૂખમરાનું સંકટ ત્યાં સાધારણ થઇ પડયું હતું. ઇ. સ. ૧૮૩૬માં અંગ્રેજ સરકારના ઉપરીપણાનો અમલ ત્યાં બરાબર જામ્યો અને ઇ. સ. ૧૮૫૪થી એ ભાગમાં પડતા વરસાદની નોંધ બરાબર રાખવામાં આવી. એ વરસની અગાઊના દુકાળ વિષેની કાંઇ પણ ભરોંસાદાર ખબર મેળવવાની તજવીજ ફોકટ છે. ભૂગોળવિદ્યાથી જણાયછે કે મહિકાંઠા ગૂજરાતમાં આવેલો એક ભાગ છે, માટે જે અસરો ગૂજરાતના બીજા ભાગો ઉપર દુકાળે કીધી તે એ ભાગમાં પણ થવી જોઈએ. જેમ ઇ. સ. ૧૮૬૩-૬૪ માં બહાર દેશાવરથી મોટા જથામાં અનાજ મગાવી ખરીદ ભાવે વેચવાની કાઠીઆવાડમાં તજવીજ થઇ હતી તેમ મહિકાંઠામાં થઈ હોય એવું કોઈ જગોએ જણાયલું નથી. એવું કામ અહિંઆં ન બને તેનાં બે કારણો છે. એક તો એ કે અહિંની જમીન પહાડ પત્થરવાળી હોવાથી જોઇતા ઘોરી રસ્તા મળે નહિ, તથા એને દરિઆનો કિનારો લાગ્યો નથી. વળી એ પ્રાંતમાં

એટલે એના મૂખ્ય પાંચ ઇયા છ ભાગોમાં ઉપર કહ્યું તે ઉપરાંત પૈસાની પણ ઘણી તંગી હોવાથી ધારેલું કામ પાર પડી શકે નહિ.

અમદાવાદમાં પડેલા દુકાળ.

અમદાવાદ અંગ્રેજ સરકારના તાબામાં આવ્યું તેની આગમજ મુસલમાન પાદશાહોની સત્તા હેઠળ હતું. એ પાદશાહોના વખતમાં ઇ. સ. ૧૬૩૧ (વિ. સંવત્ ૧૬૮૭) નું વર્ષ જે "સત્યાશીઓ કાળ" એવા નામથી ઓળખાય છે, તે વર્ષમાં લોકોને જબરૂં સંકટ પડયું હતું; તે એટલે સૂધી કે માણુસ માણુસને ખાવા લાગ્યાં હતાં. તે વખતે પાદશાહે અમદાવાદ, સુરત અને બરાનપોર મધ્યેના પોતાના સુબાઓને દિલ્હીથી હુકમ લખ્યા હતા કે, સરકારી લંગરખાનાં ઉઘાડી તેમાંનું અનાજ લોકોને વહેંચવું. એ ઉપરાંત અમદાવાદના લોકોને ત્યાંની (અમદાવાદની) સરકારી ત્રિજોરીમાંથી પચાસ હજાર રૂપિઆ વહેંચવાનો હુકમ આપ્યો હતો. આ દુકાળ વરસાદ ન આવવાથી પડયો હતો. પાદશાહે દયા કરીને એ વર્ષનું જમીનનું મહેસૂલ ખેડુતો પાસેથી લીધું નહોતું, એટલુંજ નહિ, પરંતુ બીજી પણ સારી મદદ કરી હતી. એ પછીનો દુકાળ ઈ. સ. ૧૬૫૦માં પડેલો જણાયલો છે. એ બૂરો દુકાળ સાત વરસ સૂધી ચાલુ રહ્યો હતો, અને લોકો મહા મહા દુઃખી થયાં હતાં. એ વિષેનો મન માનતો હેવાલ કોઈપણ રીતે મળી શકતો નથી

ઇ. સ. ૧૭૧૮ (વિ. સં. ૧૭૭૪)નું વરસ "ચુંઓતરા કાળ"નું ગણાય છે. એ વરસમાં જે દુકાળ પડયો તેથી સંખ્યાબંધ લોકો ભૂખમરાથી મરી ગયાં હતાં. ભૂખના દુઃખથી વ્યાકુળ થયેલાં માબાપે પોતનાં વહાલાં

છોકરાંને પૈસાની નજીવી રકમે એટલે સહેજ એક બે રૂપિએ વેચી નાખ્યાં હતાં. એ વખતે અનાજના ભાવ ઘણાજ તેજ હતા; બાજરી અને મગ બે આને શેર મળતાં. બહાર દેશાવરથી કેટલુંક અનાજ આવ્યું હતું, પણ તે અનાજ સરકારે મંગાવ્યું હતું કે વેપારીઓએ, તે ચોક્સ જણાતું નથી.

"તીલોતરો કાળ" એ નામે ઇ. સ. ૧૭૪૭ (વિ. સં. ૧૮૦૩)નું વરસ ઓળખાતું હતું. એ વરસમાં વરસાદનું એકપણ ટીંપું ન પડ્યું તથા ઘાસનું એક તૃણ સરખું પણ ન ઉગ્યું. લોકોએ ભેગાં મળી વરસાદને માટે ત્રણ દિવસ સૂધી ઇશ્વર પ્રાર્થના કીધી, પણ તેથી કાંઇ વળ્યું નહિ અને અનાજના ભાવ ઉલટા વધતા ગયા, તે એટલે સૂધી કે રૂપિઆ એકનું છથી તે આઠ શેર સૂધી મળવા લાગ્યું. આથી કરીને સંખ્યાબંધ માણસ અંનપાણી વિના તરફડી તરફડીને મરવા લાગ્યાં. કેટલાક કાયર થયેલા લોકો મુએલાં ઢોરનાં માંસ ખાઇ જીવવાને ફાંફાં મારતા હતા. †

મુસલમાન પાદશાહોના દીવાનની નોંધમાં છેલ્લો દુકાળ. ઇ. સ. ૧૭૬૧ (વિ. સં. ૧૮૧૭)નો જણાવેલો છે. એ દુકાળ હવામાં બિગાડ થવાથી તથા મારવાડીઓનાં તોફાનને લીધે પડયો હતો. હજારો લોકો મરકીથી બે ત્રણ દિવસમાં મરણ પામ્યાં, તેમને દાટવા બાળવાને પણ કોઈ

† નદી તથા તળાવ સૂકાઇ ગયાં. આસપાસના ગામડાનાં લોકો પાણીની શોધમાં પોતાનાં ઘરબાર છોડી જંગલે જંગલ ભટકવા લાગ્યાં. ઘણાંક માળવા તરફ નીકળી ગયાં. કેટલાં માણસ મુઆં હશે તેની ગણતરી જણાતી નથી. અનાજ ઘણું મોંઘું વેચાવા લાગ્યું. આવા વખતમાં જે ગામડાં ઉજ્જડ થયાં તે ફરીથી વસ્યાંજ નથી.

માણસ મળી શક્યાં નહિ. નવારસી માણસનાં મૂડદાં સરકાર તરફથી સાબરમતી નદીને કાંઠે કાઢી નાંખવામાં આવતાં. આસપાસના કસ્બા અને ગામડાંના ભૂખે મરતા લોકો પોતાનાં ટળવળી મરતાં છોકરાંને વેચવા સારૂ શહેરમાં આવી ભેગાં થયાં હતાં. એવી રીતે વેચાતાં છોકરાંનું મૂલ એક બે રૂપિઆ ઉપજતું. આ અરસામાં કેટલા વિસ્તારની જમીન ઉપર દુકાળ ચાલ્યો તથા લોકોને તેમાંથી છોડવવાને શા શા ઈલાજો લેવાયા, તે જણાયું નથી. ત્યાર પછી લાગલાગટ સાત વરસ સૂધી અનાજના ભાવ વધેલા રહ્યા હતા. સાધારણ જાતનું અનાજ રૂપિઆ એકનું વીસ શેર મળતું.

ઈ. સ. ૧૭૯૦–૯૧ (વિ. સં. ૧૮૪૭)માં પડેલા દુકાળમાં સંખ્યાબંધ ઢોર મરણ પામ્યાં, અને ભયંકર દરદો તથા માંદગી પેદા થઈ. વરસાદ ન વરસ્યો એ દુકાળનું તરતનું કારણ હતું. ઘણા લોકોનો આ વખતમાં નાશ થયો હતો. અનાજ ચાર આને મણ વેચાતું હતું તે છેક બે રૂપિએ મણ વેચાવા લાગ્યું. કેટલાક માણસોએ પોતાના લાડીલાં બાળ બચ્ચાંઓને જુજ રકમે વેચી નાખ્યાં હતાં. વળી કેટલાંક માણસો માળવામાં ઉતરી પડયાં હતાં. એ દુકાળ સાત વર્ષ સૂધી ચાલ્યો હતો. ગૂજરાતમાં એને "સુડતાળો કાળ" કહેવામાં આવે છે. એ દુકાળનો ત્રાસ લોકોમાં એટલો બધો ફેલાયલો હતો કે આજપણ કોઈ કૃપણ માણસને ધિકકારથી કહેવું હોય ત્યારે એમ કહેછે કે "એના ઘરમાં તો સુડતાળો ચાલે છે."

બીજો મોટો દુકાળ ઈ. સ. ૧૮૧૨-૧૩(વિ. સં. ૧૮૬૯)નો હતો. એ વર્ષમાં થોડોક વરસાદ વરસ્યો હતો, પણ માળવામાં દુકાળ ચાલવાથી ત્યાંના લોકો અત્રે ઘસડાઈ આવવા-

થી અનાજ પાણીની તંગી પડી, અને અહિં પણ જબરો દુકાળ ચાલુ થયો. વળી તે સાથે એક બે વખતે તીડનાં મોટાં મોટાં ટોળાંએ આવી જેવા તેવા પાકનો પણ નાશ કર્યો હતો. સખ્તાઇ અને વિપત્તિમાં એ દુકાળ ઇ. સ. ૧૭૯૦-૯૧ ના દુકાળથી સહેજ ઉતરતો ગણાવામાં આવ્યો હતો. એ વર્ષમાં જુવાર, બાજરી ઇત્યાદિ અનાજ અઢી રૂપિએ મણ વેચાયાં. ઘી વીસ રૂપિએ મણ મળતું અને ગોળ તથા તેલ એક રૂપિઆનાં ૮ શેર સૂધી વેચાતાં. આ વર્ષમાં બંગાળા તથા બીજા ભાગોમાંથી ઘોલેરાના બંદરમાં ઘણાંખરાં અનાજની આવદાનો થઇ હતી. વળી તે સિવાય કોઠારોમાં દાટેલું જથાબંધ અનાજ બહાર કાઢી વેચવામાં આવ્યું હતું. ઢોરોમાં જબરી મરકી ચાલવાથી સંખ્યાબંધ બળદોને બચાવવા સારૂ કાઠીઆવાડમાં હાંકી મૂક્યા હતા. બીજે વર્ષે પુષ્કળ વરસાદ પડ્યો, પણ બધા વર્ગના લોક નબળા થઈ જવાથી તાવ અને બીજા રોગોને આધીન થઇ મરવા લાગ્યા. આ દુકાળમાં અમદાવાદ શહેરની વસ્તીનો નજદીક ચોથો ભાગ મર્ણ પામેલો જણાય છે. મૂડદાંને બાળવાને જોઇતાં લાકડાં ન મળવાથી, બાંધેલાં ઘરોમાંથી કાટમાલ તોડી કાઢીને તે ઉપયોગમાં લેવો પડ્યો હતો. મરકીનું જોર એટલું બધું હતું કે મૂડદાંને સ્મશાનમાં લેઇ જનાર પુરૂષો પૂરા નહિ પડવાથી ઘણીવાર સ્ત્રીઓને તે ઊચકી જવાં પડતાં ! આ મરકીનું મુખ્ય કારણ વિપરીત ખોરાક હતો. એ વર્ષમાં મારવાડથી આવેલાં ભૂખે મરતાં માણસોને અનાજ મળ્યું નહિ, અને તેઓ માંસ પણ નહોતાં ખાતાં, તેથી તેઓ સઘળાં રવડી રવડીને મર્ણ પામ્યાં. ઈ. સ. ૧૮૧૯ (વિ. સં. ૧૮૭૫) અને ઇ. સ. ૧૮૨૫ (વિ. સં. ૧૮૮૧)નાં બે વર્ષો મહા તંગીમાં પસાર

થયાં. એ તંગી વરસાદ આવ્યા પછી શરૂ થયેલી ખરાબ ઋતુથી તથા વરસાદ નહિ પડવાથી થઈ હતી. એ વખતે એક મણ અનાજના એકથી અઢી રૂપિઆ બેસતા હતા. ઇ. સ. ૧૮૨૫ (વિ. સં. ૧૮૮૧) નો દુકાળ " એકાશીઓ કાળ" કહેવાય છે. એ વરસમાં બહાર દેશાવરોથી દરિઆને માર્ગે ધોલેરા બંદરમાં અનાજ આવ્યું હતું, તથા તે સાથે માળવામાંથી પણ કેટલુંક અનાજ આવી પહોંચ્યું હતું. ઇ. સ. ૧૮૩૪ (વિ. સંવત્ ૧૮૯૦) માં રેલ આવવાથી પાક થઇ શક્યો નહિ અને તેથી દુકાળ શરૂ થયો. વળી એ વ-વસમાં તીડનાં મોટાં ટોળાં આવ્યાં, જેથી અનાજ વધારેમાં વધારે બે રૂપિએ મણ મળવા લાગ્યું. તેમજ પડતા ઉપર પાટુની પેઠે જથાબંધ ‡કામળા પડયા તે ઉગેલા અનાજ-ના છોડને ખાઈ ગયા. વરસાદના પહેલા ઝાપટા સાથે એ જીવ પડયા હતા એમ કહેવાય છે. એ કામળા મહી નદીથી મીઆંગામ, ડભોઇ, અને પાવાધઢ સૂધી જઇ લાગ્યા હતા. આ વરસમાં માણસો તથા ઢોરોમાં જબરી મરકી ચાલી નહોતી.

ઇ. સ. ૧૮૩૮ માં વરસાદ ન આવવાથી દુકાળ પડયો, પણ એ ખરો દુકાળ કહી શકાય નહિ. એ સાલમાં અ-નાજ ચાલતા ભાવે વેચાયું હતું.

અમદાવાદ જીલ્લાના જૂદા જૂદા ભાગમાં પડેલા દુકાળ.

તાલુકાના અમલદારો, કસ્બાના મતાદારો, અને બીજા આબરૂદાર ગૃહસ્થોના કહેવા પ્રમાણે, આ જીલ્લામાં ઇ. સ.

---

‡ એ મોટી ઇયળો જેવા આશરે દોઢ ઇંચ લાંબા અને કાળા રંગના જીવડા થાયછે. તેમના આખા શરીરે પુષ્કળ રૂવાંટીના જેવા વાળ હોયછે તેથી તેમને કામળા કહેછે. ક-ચ્છમાં એ જીવડાને "કુત્તિ" કહે છે.

૧૭૬૧ માં દુકાળ પડ્યો હતો. એ વરસ "સત્તરોકાળ" નામે ઓળખાતું હતું. આ દુકાળ વરસાદ ન આવવાથી પડ્યો હતો. એ સાલમાં એક કાચા મણ અનાજનો ૩૧ાા પડતો હતો. એ દુકાળ પરાંતીજ પરગણામાં અને મહિકાંઠામાં ઘણો જણાયો હતો. એમાંથી છૂટવાના ઉપાયો લેવામાં આવ્યા નહોતા, તેમ ઉપાય લેવાની ઘણી ગરજ પણ નહોતી.

ઇ. સ. ૧૭૮૦–૮૧માં પડેલા દુકાળનો હેવાલ મળતો નથી. એ એકજ તાલુકામાં પડેલો હતો, અને એનું જોર એટલું નરમ હતું કે એને દુકાળ કરતાં તંગી કહીએ તો ચાલે. ઈ. સ. ૧૭૬૧ના દુકાળમાં અનાજ વગેરેના જે ભાવ હતા તે એ સાલમાં પણ હતા. છૂટકારાના કાંઈ પણ ઉપાય લેવામાં આવ્યા નહોતા.

ઇ.સ. ૧૭૮૬નું વર્ષ "ખેતાલા"નું કહેવાતું. ઇ.સ. ૧૭૬૧ ના દુકાળનો સઘળો હેવાલ આ સાલના દુકાળને લાગુ પડે છે.

ઇ. સ. ૧૮૧૨ ના દુકાળમાં પહેલો વરસાદ વરસ્યો હતો અને પાકના છોડ બે ત્રણ ફૂટ ઊંચા ઊગી નીકળ્યા હતા, પણ પાછળથી વરસાદની તંગીને લીધે તે કરમાઈને સૂકાઇ ગયા હતા. ધોળકાના લોકોની મદદને માટે ચરોતરમાંથી અનાજ આવ્યું હતું, અને તે લોકોને મફત વહેંચવામાં આવ્યું હતું નદીકાંઠાનાં તથા કુવા તળાવોની સોઇવાળાં ગામડાંના લોકો ઉપર સરકાર તરફથી હૂકમ ગયા કે નહેરનો મારફતે (કાંસ ખોદીને) પાકને માટે વાવણી કરવી. તેમજ ઘણાંક ગામના લોકોને નવા કુવા કરવાની ભલામણ કરવામાં આવી હતી.

સાણંદના લોકોએ ઘઊં અને જવની મોટી મોટી વખારો ભરી રાખી હતી તેથી એ વખતે તેમનો બચાવ થયો. વળી નવા કાંસ ખોદીને તેની મારફતે પણ તેમણે થોડો ઘણો પાક પકવ્યો હતો.

વીરમગામ તાલુકાની એવી હાલત આ વખતે સંભળાઇ નથી કે જેથી એ ભાગના લોકોને કોઇ તરફથી છૂટકારાની મદદ લેવી પડી હોય. ધોઘા તાલુકાના છૂટકારાને માટે એ વખતે મલબાર કાંઠાના મૂલકમાંથી જથાબંધ અનાજ મંગાવ્યું હતું. આ વેળા ખાનગી સખાવતથી લોકોને મદદ મળેલી લાગતી નથી. મોડાસાના નાણાવટીઓ અને શાહુકારોએ લોકોની હાલત તરફ દયા આણી પોતાના ખરચથી કેટલુંક અનાજ ખરીદ કરી ભૂખે મરતા લોકોને વહેંચ્યું હતું.

ઇ૦ સ૦ ૧૮૧૨–૧૩ નો દુકાળ "અગનોતરો" એ નામે ઓળખાય છે. એ વખતે ધંધુકા, ધોળકા, વીરમગામ, ધોઘા, દસક્રોઈ, પરાંતીજ અને મોડાસા એ પરગણાં અંગ્રેજ સરકારના તાબામાં હતાં. ધંધુકાના રહેવાસીઓ જીવવા પામ્યા તે બંગાળા તથા બીજાં ઠેકાણાંથી આવેલા અનાજ ઉપર ગુજરાન કરવાથી. એ અનાજ ધોલેરાના બંદર ઉપરની વખારોમાં ભરી રાખેલું હતું. વળી કેટલાક ભાગના લોકોએ થોડો ઘણો પાક પકવ્યો પણ હતો. દસક્રોઈ તાલુકાના લોકોના છૂટકારાને માટે બહાર ગામથી કાંઇ પણ મદદ આવી પહોંચેલી જણાઇ નથી.

ઇ૦ સ૦ ૧૮૧૮ માં ઘણી તંગી ચાલી હતી. એ વર્ષને "ચુંવોતરા"ના નામથી ઓળખવામાં આવેછે. ધોળકા તાલુકામાં ખરીફનો (ચોમાસુ) પાક વધારે વરસાદથી, અને રવીનો (શિયાળુ) પાક તોફાનથી (માવઠાં વગેરેથી) ખરાબ થઇ ગયો હતો. તેમજ પરાંતીજ અને વીરમગામ તાલુકાનો સઘળો પાક કોગળીઉં વગેરે મરકી અને તોફાનથી નાશ પામ્યો હતો. પરાંતીજમાં ઇ૦ સ૦ ૧૮૧૮ માં અંગ્રેજ સરકારનું રાજ્ય થયું, તે વેળા ત્યાં પહેલ વહેલું કોગળીઉં ચાલ્યું હતું. ઇ. સ. ૧૮૨૪–૨૫ નું વર્ષ પણ દુકાળનું ગયું. એ વર્ષમાં

મોસમના પહેલા ભાગમાં વરસાદ પડચો, પણ પાછળથી તે બંધ થઇ ગયો, તેથી ફક્ત આઠમા ભાગ જેટલુંજ અનાજ પાક્યું. એટલું છતાં અનાજના છોડનાં ડૂંડવાં ભરેલાં હતાં, અને તે ઢોરોને ચારા તરીકે કામમાં આવ્યાં હતાં. આ વર્ષે આખા જીલ્લામાં તંગી ચાલી હતી.

ધંધુકા તાલુકાના લોકોને કુવા, તળાવ તથા નદીના પાણીથી પાક કરવાને સરકારે ઉશ્કેર્યા હતા. આ વખતે ત્યાંના લોકોના ગુજરાનને માટે ધોલેરાથી અનાજ આવ્યું હતું.

વીરમગામ તાલુકામાં અનાજ ઉપર કર લેવાતો હતો તે સરકારના હુકમથી બંધ પાડવામાં આવ્યો, તેથી કરીને અનાજના વેપારીઓને ફાયદો થવાથી તેમણે ભાવમાં ઘટાડો કર્યો હતો.

સાણંદ તાલુકાના લોકોની ભૂખ ટાળવા સારૂ જથાબંધ અનાજ વહેંચવામાં આવ્યું હતું, તથા કુવા અને તળાવ વગેરેના પાણીથી ખેડુતોએ કેટલોક પાક પણ પકવ્યો હતો.

ઘોઘાના લોકોને વાવણી માટે પાણી પેદા કરવા સારૂ કુવાઓ બાંધવા સરકાર તરફથી ઉલટ અને ઉત્તેજન આપવામાં આવ્યાં હતાં. પરાંતીજમાં ખાનગી સખાવત એટલી ચાલી કે ગૃહસ્થ લોકો પોતાનું ભરી મૂકેલું અનાજ ગરીબ અને ભૂખે મરતા લોકોને છૂટથી આપતા હતા. મોડાસામાં તથા દસક્રોઈ તાલુકામાં લોકોના છૂટકારાને માટે કાંઈ પણ ઉપાય લેવામાં આવ્યા હોય એવું જણાયું નથી.

ઈ. સ. ૧૮૩૪ નું વર્ષ ઘણું તંગીનું ગયું. એ વર્ષે વરસાદ ઘણો થોડો વરસ્યો હતો, પણ ધંધુકામાં પુષ્કળ વરસાદ વરસવાથી ત્યાં બેઠી રેલ આવી હતી. ધોળકા અને પરાંતીજ તાલુકામાં તીડ પડચાં હતાં તેમણે આસપાસના ખેતરના પાકનો નાશ કીધો હતો. એ વર્ષમાં ઘોઘા સિવાય

આખા જીલ્લામાં તંગી ચાલી હતી.

એ તંગી ટાળવાને ધંધુકામાં અને ધોળકામાં શાશા ઉપાય લેવામાં આવ્યા તે જણાયલું નથી. સાણંદમાં ઇ. સ. ૧૮૨૪ ની સાલની તંગી વખતે જે ઉપાયો લેવામાં આવ્યા હતા તે આ વર્ષે પણ લેવાયા હતા. વીરમગામમાં કાંઇપણ હીલચાલ થઈ હોય એમ જણાયું નથી. પરાંતીજ તાલુકાના સરકારી કારકુનોના પગાર છ મહિના સૂધી વધાર્યા હતા. (એટલે મોંઘવારી બદલ કેટલીક રકમ વધારે આપી હતી) તેમજ કેટલાક મહેવાસી ગામના ઠાકોરો પાસેથી લેવાતી સરકાર ચોથ પાછી આપવામાં આવી હતી.

ઇ. સ. ૧૮૩૮–૩૯ નું વર્ષ તંગીનું ગયું, પણ તે આગલા વર્ષો જેવું સખ્ત નહોતું. વરસાદ થોડો વરસવાથી એ તંગી પડી હતી, અને પરાંતીજ તથા મોડાસાના ઉત્તર તરફના ભાગો સિવાય બધે તે પ્રસરી હતી. એ વખતે સર્વ ઠેકાણે છૂટકારા સારૂ ચાંપતા ઉપાયો લેવામાં આવ્યા હતા.

ઇ. સ. ૧૮૪૮–૪૯ નું વર્ષ પણ તંગીનું હતું. સાણંદ અને પરાંતીજમાં અનાજના ભાવ બીજા તાલુકા કરતાં ચઢતા હતા. પરાંતીજમાં વધારે તંગી હોવાથી સરકાર તરફથી લેવાતા મેહેસૂલમાંથી સાત હજારની રકમ ખેડુતોને પાછી આપવામાં આવી હતી.

અમદાવાદ જીલ્લાના જૂદા જૂદા તાલુકાઓમાં જૂદા જૂદા વરસે અનાજ †શા ભાવથી વેચાતું હતું તેનો વિગતવાર કોઠો.

† જે જાતના અનાજના ભાવની ખબર મળી નથી ત્યાં " આવી નિશાની મૂકેલી છે.

તાલુકો દસક્રોઈ.

વર્ષ (ઇ. સ.)	રૂપિઆ એકના કાચા (૪૦ રૂપિઆ ભારના) શેર પ્રમાણે.							
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦-૯૧	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૧૮૧૨-૧૩	૧૦	૭	૧૦	૧૦	૮	૧૦	૧૨	,,	૪
૧૮૧૯-૨૦	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૧૮૨૪-૨૫	૨૭	૨૪	૨૬	૨૮॥	૨૦॥	૨૮	૩૩	,,	૯
૧૮૩૪-૩૫	૨૯	૨૭	૨૪	૨૫	૩૦	૩૩	૨૭	,,	૮
૧૮૩૮-૩૯	૩૨	૨૮	૨૮	૩૩	૨૫	૩૬	૩૮	,,	૧૧

આણંદ તાલુકો.

વર્ષ. (ઇ. સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	૧–૯	૧–૧૪	૨–૦	૧–૧૨	૧–૧૪	૧–૪	૧–૧૨	”	૪–૪
૧૮૧૨–૧૩	૩–૪	૪–૪	૩–૧૨	૩–૨	૩–૧૨	૩–૮	૪–૮	”	૫–૫
૧૮૧૯–૨૦	”	”	”	”	”	”	”	”	”
૧૮૨૪–૨૫	૨–૪	૨–૧૨	૩–૪	૨–૧૪	૨–૪	૨–૧૨	૨–૧૨	”	૬–૧૨
૧૮૩૪–૩૫	૦–૧૩	૧–૦	૧–૧૪	૧–૪	૧–૦	૦–૧૪	૧–૦	”	૩–૮
૧૮૩૮–૩૯	૧–૪	૧–૮	૧–૮	૧–૨	૧–૧૨	૧–૪	૧–૨	”	૫–૦

ધોળકા તાલુકો.

વર્ષ (ઇ. સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦-૯૧	”	”	૫-૦	”	”	”	”	૩૨-૦	૧૦-૦
૧૮૧૨-૧૩	”	”	૨-૮	૨-૮	”	”	”	”	”
૧૮૧૯-૨૦	”	”	૩-૦	”	”	”	”	૧૬-૦	૭-૦
૧૮૨૪-૨૫	”	”	૨-૦	”	”	”	”	૧૫-૦	૫-૦
૧૮૩૪-૩૫	”	”	૨-૮	”	”	”	”	૧૬-૦	૮-૦
૧૮૩૮-૩૯	”	”	૨-૮	”	”	”	”	૧૬-૦	૮-૦

વીરમગામ તાલુકો.

વર્ષ. (ઇ. સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઊં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	,,	,,	,,	,,	,,	,,	,,	,,	,,
૧૮૧૨–૧૩	,,	,,	૮–૦	૩–૦	૧–૦	,,	,,	૪૦–૦	૨૦–૦
૧૮૧૯–૨૦	,,	,,	૨–૦	૧–૧૨	,,	,,	,,	૧૪–૦	૮–૦
૧૮૨૪–૨૫	,,	,,	,,	૩–૮	,,	,,	,,	૨૩–૦	૯–૦
૧૮૩૪–૩૫	,,	,,	,,	૧–૪	,,	,,	,,	૨૦–૦	૮–૦
૧૮૩૮–૩૯	,,	,,	,,	૧–૪	,,	,,	,,	૨૦–૦	૮–૦

ધંધુકા તાલુકો.

વર્ષ. (ઇ. સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	”	”	”	”	”	”	”	”	”
૧૮૧૨–૧૩	”	”	”	૫–૦	”	”	૫–૦	૪૦–૦	૧૦–૦
૧૮૧૯–૨૦	”	”	”	”	”	”	”	”	”
૧૮૨૪–૨૫	”	”	”	૨–૮	”	”	”	૨૦–૦	૭–૦
૧૮૩૪–૩૫	”	”	”	૪–૦	”	”	”	૨૫–૦	૬–૦
૧૮૩૮–૩૯	”	”	”	૩–૦	”	”	”	૨૦–૦	૬–૦

પરાંતીજ તાલુકો.

વર્ષ (ઈ. સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઊં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	”	”	”	૧–૮	૨–૦	”	”	”	”
૧૮૧૨–૧૩	”	”	”	૪–૦	”	”	”	૨૬–૦	૯–૭
૧૮૧૯–૨૦	”	”	”	૧–૮	૨–૦	”	”	૧૦–૦	૮–૦
૧૮૨૪–૨૫	”	”	”	૨–૮	૩–૦	”	”	૨૦–૦	૭–૦
૧૮૩૪–૩૫	”	”	”	૩–૪	”	”	”	”	”
૧૮૩૮–૩૯	”	”	”	”	”	”	”	”	”

મોડાસા મહાલ (પેટા તાલુકો.)

વર્ષ. (ઇ. સ.)	રૂપિઆ એકના શેર પ્રમાણે.								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઊં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦–૯૧	”	”	”	”	”	”	”	”	”
૧૮૧૨–૧૩	”	”	૧૦	૧૦	૭	૮	૧૦	૨	૫॥
૧૮૧૯–૨૦	”	”	૧૮	૧૨	૧૬	”	૨૦	૩।	૫
૧૮૨૪–૨૫	”	”	૨૦	૨૬	”	”	૨૬	૨॥	૮
૧૮૩૪–૩૫	”	”	૨૭	૨૮	”	”	૩૦	૨॥	૮
૧૮૩૮–૩૯	”	”	”	”	”	”	”	”	”

ઘોઘા તાલુકો.

વર્ષ. (ઈ.સ.)	કાચા એક મણનો ભાવ. (રૂપિઆ અને આનાથી.)								
	જાડા ચોખા.	ઝીણા ચોખા.	ઘઉં.	બાજરી.	મગ.	મઠ.	જુવાર.	ઘી.	ગોળ.
૧૭૯૦-૯૧	”	”	”	”	”	”	”	”	”
૧૮૧૨-૧૩	”	૩-૮	૩-૦ થી ૩-૮	૩-૦ થી ૩-૮	૩-૮થી ૪-૦	૨-૪	૨-૮	૨૦-૦ થી ૨૫-૦	૩-૦ થી ૪-૦
૧૮૧૯-૨૦	”	”	”	”	”	”	”	”	”
૧૮૨૪-૨૫	”	૩-૦	૨-૮	૨-૦ થી ૨-૮	”	”	૨-૦ થી ૨-૪	૧૮-૦થી ૨૦-૦	૩-૮ થી ૪-૦
૧૮૩૪-૩૫	”	”	”	”	”	”	”	”	”
૧૮૩૮-૩૯	”	૨-૮થી ૩-૦	૧-૧૨થી ૨-૦	૧-૧૨	૨-૦	”	”	૨૦-૦	૨-૮-૦

ખેડા જીલ્લામાં પડેલા દુકાળ.

(દંતકથા અને એ ભાગના બુઢ્ઢા રહેવાશીઓની યાદદાસ્ત ઉપરથી મેળવેલો હેવાલ.)

ઈ. સ. ૧૭૯૧–૯૨ નો દુકાળ ખેડા જીલ્લામાં અતિ ઘણો સંકટ ભરેલો હતો. વરસાદ જુલાઇ તથા આગષ્ટ માસમાં એકેકીવારજ વરસ્યો હતો. અહિનાં ઘણાં માણસો ભયથી નાશીને માળવામાં ગયાં, તથા કોગળીઉં અને બીજાં દરદોથી મરણ પામ્યાં. આ જીલ્લો આ વેળાએ ગાયકવાડ સરકારના અમલદાર બાપુ પાંઢરાની સત્તા હેઠળ હતો. એણે ઘાસ ઉપર નાંખેલી જકાતનો ભાગ લેઇ બાકીની સઘળી આવક દુકાળ ટાળવા માટે ખરચી. આ વખતે વેચાયલા ખોરાકના ભાવ વેપારીઓના જુના ચોપડા ઉપરથી માલમ પડ્યા પ્રમાણે આ હેવાલને છેડે દાખલ કર્યાછે.

ઈ. સ. ૧૮૧૩–૧૪ નું વર્ષ પણ દુકાળનુંજ હતું. એ વખતે પ્રથમ જુલાઈ મહિનામાં વરસાદ પડ્યો, તે પછી દોઢ મહિના સૂધી એક ટીપું સરખુંએ વરસ્યું નહિ. તે પછી પાછો થોડોક વરસ્યો પણ તે જોઇએ તેટલો નહોતો. એમ થવાથી પાકને મોટું નુકશાન થયું. વળી કાઠીઆવાડ અને પશ્ચિમના બીજા ભાગના ભૂખે મરતા લોકોની મોટી સંખ્યા આ જીલ્લામાં આવીને ભરાવાથી ઘણા ભિખારી માણસોનો ઘાણ નીકળી ગયો. ઈ. સ. ૧૮૨૫–૨૬ માં પહેલાં વરસાદ ઠીક પડ્યો અને પાક સારો વધવા લાગ્યો, પણ પાછળથી વરસાદ વરસવો બંધ પડી ગયો તેથી પાક ઓછો ઉતર્યો. આથી સરકારે ઉઘરાવેલા મહેસૂલમાંથી રૂ૧૬૧૯૮૭) ખેડુતોને પાછા આપ્યા. આ વરસ તંગીનું હતું, પણ ભૂખમરો ચાલ્યો નહતો. ઈ. સ. ૧૮૩૪–૩૫ માં ઘાસ અને

પાકનો નાશ થવાથી જથાબંધ ઢોર મરણ પામ્યાં. આ વરસ તદન દુકાળનું ન કહેવાયું, પણ સરકારને ૩૧૬૬૫૪૪) મહેસૂલમાંથી ખેડુતોને પાછા આપવા પડયા.

ખેડા જીલ્લામાં વેચાયલા ખોરાકના ભાવ.

ઇ. સ. ૧૭૯૧–૯૨.		શેર.	ઈ. સ. ૧૮૧૨–૧૩		શેર.
બાજરી.	૩૧) ની	૧૮	બાજરી.	૩૧)ની	૧૭
ઘઉં.	,,	૧૬	ઘઉં.	,,	૧૦
કોદરા.	,,	૨૭	ઘી.	,,	૩॥
જુવાર.	,,	૧૨॥	ગોળ.	,,	૯॥
ચણા.	,,	૨૦	જીરૂં.	,,	૬
તુવેર.	,,	૨૪	જુવાર.	,,	૧૭॥
બંટી.	,,	૨૬	તુવેર.	,,	૨૨॥
ઘી.	,,	૨॥	તલ.	,,	૧૬
બાવટો.	,,	૨૩॥	જવ.	,,	૧૯
ચોણા.	,,	૨૬	કોદરા.	,,	૩૨
ગવાર.	,,	૨૨	સાઠી ચોખા.	,,	૨૦
મીઠું તેલ.	,,	૨૬	ગવાર.	,,	૨૭
ગોળ.	,,	૭	તંબાકુ.	,,	૧૦
તલ.	,,	૧૬	બાવટો.	,,	૨૧
તંબાકુ.	,,	૧૨	ચણા.	,,	૨૦
જીરૂ.	,,	૧૮	બંટી.	,,	૩૫
જવ.	,,	૨૨॥	મીઠું તેલ.	,,	૫।
એરંડીઓ.	,,	૭	ખાંડ.	,,	૪
			મઠ.	,,	૧૮।
			તુવેરનીદાળ.	,,	૧૬
			મગ.	,,	૧૭
			એરંડીઓ.	,	૫॥।

વડોદરામાં પડેલા દુકાળ.

વડોદરામાં બે મોટા દુકાળ પડેલા જણાયછે, પણ તે સરકારી નોંધમાં છે એવું કંઇ માલમ પડતું નથી. વડોદરા મધ્યે ઇ. સ. ૧૭૯૧ અને ઇ. સ. ૧૮૧૩ એ વરસોમાં બે મોટા દુકાળ પડયા હતા. એ બંને વર્ષોમાં સરકારી ત્રિજોરીમાંથી ગરીબ લોકોને પૈસા વહેંચવામાં આવ્યા હતા. વળી ભૂખે મરતા લોકો પાસે સરકારે તળાવ કુવા વગેરે નવાણ ખોદાવી તથા બીજાં જાહેર બાંધકામો કરાવી તેના બદલામાં એ લોકોને પેટપૂર ખાવાનું આપી તેમનું દુઃખ દૂર કર્યું હતું. મારવાડમાં જબરી તંગી ચાલવાથી ત્યાંના લોક નાશીને ગૂજરાતના જૂદા જૂદા ભાગોમાં આવ્યા હતા, તેમનો મોટો ભાગ ઈ. સ. ૧૮૧૩ માં વડોદરામાં પણ આવી ભરાયો હતો. એ મારવાડીઓની સંખ્યા ત્યાં એટલી બધી વધી ગઇ હતી કે ધોરી રસ્તાઓ ઉપર તથા ઝાડની છાંયા તળે તેઓનાં ટોળે ટોળાં જણાતાં હતાં. એ વખતમાં મરદો, ઓરતો અને છોકરાંઓ જ્યાં ત્યાં વીખરાઇને પડતાં હતાં. તેમાંના કોઇના અંગપર ફાટાં તૂટાં કપડાં હોય તો કોઈ છેક ઉઘાડાં હોય એવી તેઓની સ્થિતિ થઇ હતી. વળી ભૂખમરાથી તથા મંદવાડથી તેઓના ચહેરા બિહામણા દેખાતા હતા. સ્ત્રી પુરૂષોના હાય અફસોસના પોકાર, અને મૂડદાં જેવી થઇ ગએલી માતાઓના થાનમાંથી દૂધ ધાવવાને ફાંફાં મારવા છતાં તે ન મળવાથી રડીરડીને મરી જતાં બચ્ચાંઓનો ટળવળાટ, એ ખેદ પમાડનાર દેખાવ હતો. ઘણા દુઃખથી ઘેરાયલાં લોક શૂન્યકાર જેવાં થઈ ગયાં હતાં. કપ્તાન જેમ્સ રીવેટ કરનાકે ઇ. સ. ૧૮૧૫ માં સર વુલિઅમ અર્સકીનને વડોદરાથી એક પત્ર લખ્યો હતો, તેમાં તે જણાવેછે કે, "એક વેળા થોડાએક મારવા-

ડીઓને ભૂખમરાથી બેઠેલા મેં જોયા હતા, અને તેઓની આગળ એક મરણને કાંઠે આવેલી સ્ત્રી પોતાની છાતી ઉપર મુએલા છોકરા સાથે પડી હતી. એ સ્ત્રી પોતાનો નીકળી જતો જીવ જરાવાર ટકાવી રાખવા થોડુંક પાણી માગતી હતી, પણ તેના ઉપર તેટલી દયા કરવાનું પણ તેના સાથીઓમાં કોઇને ભાન નહોતું. થોડા કલાકમાં તે મર્ણ પામી, અને સરકારી સિપાઈઓએ તેને ઉપાડી ત્યાંસૂધી તેની લાશ પડી રહી." વળી તે લખેછે કે "એક બીજી સ્ત્રી ભૂખના ભારે દુઃખથી એટલી તો બેદરકાર થઈ ગઈ હતી કે, તેનાં અધમુઆં છોકરાંઓને કૂતરાં તેની નજર આગળથી તાણી જતાં હતાં, પણ તેમને છોડવવાના ઉપાય તેની મંદ ગતિને લીધે તે કરી શકતી નહોતી. રસ્તે રસ્તે જે મૂડદાં પડતાં હતાં તેમને બીજાં ટાંપી રહેલાં કૂતરાં તથા માંસાહારી પક્ષીઓ ખાઇ જતાં. આ મોટા સંકટમાં લોકો જાત તથા ન્યાત તદન ભૂલી ગયાં હતાં. એક ધર્મચુસ્ત બ્રાહ્મણ કે જે પોતાના ધર્મને માટે મગરૂર રહેછે, તે પોતાની સ્ત્રી, છોકરી, અને બેનને બે ચાર રૂપિએ કોઈને વેચી નાંખવાને તૈયાર થયો હતો. ૨૪ કલાકમાં પાંચસેંથી વધારે મારવાડીઓ મર્ણ પામતાં હતાં. હિંદુઓ આવી વખતમાં પોતાનો સખાવત રૂપી હાથ લંબાવવા ઉદારતા સાથે પરોપકારાર્થે ખંતી રહેછે. આ તંગીના વખતમાં તેઓએ ગરીબનાં પેટ ભરવા હજારો રૂપિઆ ખરચી નાંખ્યા હતા. આવા વખતમાં જે કંઇ અનાજની વહેંચણી ચાલતી તે લેવાને થતી ગીરદીમાં ઘણાંખરાં નિર્બળ થયેલાં નાનાં મોટાં છોકરાંઓ કચરાઇ જતાં, એટલુંજ નહિ, પણ ઘણાં મોટાં માણસો પણ નાશ પામતાં. આવા વખતમાં ભૂખે મરતાં કેટલાંક પ્રાણીઓને ઉપર પ્રમાણે અનાજ વગેરે વહેંચીને જીવાડવાના

પ્રયત્ન કરવામાં આવતા હતા, પણ અંતે તો તેઓ મરવાનેજ સરજેલાં હતાં. અગણિત મારવાડીઓમાં ભૂખમરાથી મંદવાડ તથા બીજાં ઘણાં દરદો લાગુ થયાં હતાં, તે એટલે સુધી કે, તેઓ સંખ્યાબંધ વડોદરામાં ઉતરી પડવાથી ત્યાંના લોકોની ખરાબી થવા માંડી. આથી કરીને શીતળાનો રોગ ચાલુ થયો. ભૂખથી બેભાન થયેલી સ્ત્રીઓ પેટને અર્થે પોતાની લાજને પણ દૂર મૂકવા લાગી, અને તેથી કેટલાક દુષ્ટ વ્યાધિઓનો ભોગ તેઓ થઇ પડી. મારવાડીઓનાં મૂડદાં, વગર દરકારે ખુલ્લી જગાએ કોહી જતાં, તેથી હવામાં ઘણો બિગાડ થઇ અનેક જાતનાં દરદો પેદા થયાં. એટલું છતાં વડોદરામાં ગાયકવાડ સરકાર તરફથી મૂડદાં ડાટવાની પૂરતી સંભાળ લેવામાં આવતી હતી. વડોદરા શહેરે મોટામાં મોટો આ દુકાળ જોયો. એ પછી બીજો કોઇ મોટો દુકાળ એમાં પડેલો જણાયો નથી.

રેવાકાંઠામાં પડેલા દુકાળ.

આ ભાગમાં પડેલા દુકાળ વિષેની જે જે ખબરો મળીછે, તે ભાટ લોકોએ આપેલી છે, પણ તે મનમાનતી અને પૂરતી ગણાઈ નથી. રેવાકાંઠાના ઘણાક ભાગના રહેવાશીઓ અરધા જંગલી છે. એઓને દુકાળનું સંકટ વધારે વેઠવું પડતું નથી તેનું કારણ એ છે કે, પ્રથમ તો તેમની જાત ભીલની છે, અને તે સઘળી જાત એક અમુક જગોએ ઠરીને રહી શકતી નથી. એક ઠેકાણે તંગી અથવા દુકાળ પડવાની ખબર તેઓને મળેછે તેવાજ તે પોતાનાં કુટુંબ, ઢોર, તથા બીજો સરસામન સાથે લેઇ જ્યાં ખોરાક અને ચારો મળે ત્યાં ઉતરી પડેછે. એ જાતના લોકો ઝાડનાં મૂળિયાં તથા જંગલી ફળ અને પશુ પક્ષીઓનું માંસ ખાઈ જીવી શકેછે. વળી એ

લોક લુટારૂઓનો ધંધો કરેછે, તેથી પણ તેમને ભૂખે મરવાનો થોડો સંભવ રહે છે. ભેંશ અથવા તેવુંજ કોઇ ખાધાના કામમાં આવે તેવું જનાવર કોઇ દોરીજતું હોય, તો તેની પાસેથી તે પડાવી લેઇને, અથવા સુતું ચરતાં માલમ પડે તો લાગલું તેને પકડી લેઇને મારી ખાયછે. જ્યાંસુધી એક પાણીનું ખાબોચીઊં મળી શકે છે ત્યાંસુધી કોઇપણ ભીલ હરેક વસ્તુ ઉપર જીવી શકે છે. આટલી તો આપણને સર્વને ખબર છે કે નર્મદા અને મહિ નદીઓના વચલા અને આજુબાજુના પ્રદેશમાં જ્યાં ભીલની વસ્તી છે, ત્યાં તે નદીઓ કદી સૂકાઇ નથી, અને જ્યાં સુધી એ નદીઓમાંથી એ લોકોને પાણી મળ્યુંછે ત્યાંસુધી તે દુકાળમાં ભૂખે મરતા લોકોની પંક્તિમાં આવ્યા નથી.

રેવાકાંઠાના મૂલકને નર્મદા, મહિ, અને બીજી કેટલીક નાની નદીઓ તથા વહેળાઓ પાણી પૂરૂં પાડેછે. એ ભાગ નાના મોટા ડુંગરો અને જંગલોથી ભરેલો છે, તથા તેમાં ભીલ અને કોળીની વસ્તી મુખ્ય છે. એ ભાગમાં મોટાં શહેરો છે, પણ આવજાવ કરવાને સારા અને સલામત રસ્તા નથી. આ ભાગને બે મોટી નદીઓ ફરી વળવાથી તથા એમાં વસનારા લોકો જે કે આખરે કોઇપણ વસ્તુ ઉપર નિભાવ કરી શકે એવાછે તેથી, ત્યાં દુકાળનું મોટું સંકટ જણાયું નથી; તોપણ ત્યાં કેટલાંક તંગીનાં વરસ પસાર થઇ ગયાં છે.

ઇ. સ. ૧૭૪૬–૪૭ માં ત્યાં વરસાદ વરસ્યો નહિ તેથી પાક થયો નહિ અને ખોરાકની તંગીને લીધે ઘણાં લોક મર્ણ પામ્યાં; પણ ત્યાંના જંગલી રહેવાશીઓ પોતાનાં ઢોર, ઝાડનાં મૂળિયાં, તથા તે વખતે આવી પડેલાં તીડોને ખાઈ જીવતાં રહ્યાં હતાં.

ઇ. સ. ૧૭૯૦–૯૧ માં પણ વરસાદ પડ્યો નહિ અને તેથી એ વરસ દુકાળનું ગણાવા લાગ્યું. આ વેળા એ ગરીબ લોકે પોતાનાં છોકરાંઓને વેચવા માંડ્યાં હતાં, અને ભીલ લોકો મૂળિયાં અને જંગલી ફળફળાદિ ઉપર ગુજરાન કરતા હતા. લોકો તથા ઢોર મોટી સંખ્યાબંધ મર્ણ પામવા લાગ્યાં. આ પછી આખો દેશ લુટારૂઓથી ભરાઇ ગયો. ભૂખે ટળવળતા લોક રાજપીંપળા, બારૈયા, ઉદેપુર, સુંથ, લુણાવાડા, વાડાસિનોર વગેરેના દરબારો આગળ ગયા અને ત્યાંથી તેમને ખોરાક પૂરો પાડવામાં આવ્યો. ઈ. સ. ૧૮૭૨–૭૩ માં પાછી તંગી ચાલી, પણ એ વખતમાં લોકોને ઘણું સંકટ વેઠવું પડ્યું નહોતું. ઇ. સ. ૧૮૧૨ નું વર્ષ ઘણુંજ સંકટનું હતું, અને ઇ. સ. ૧૭૯૦–૯૧ માં જેવું દુઃખ લોકોને પડ્યું હતું તેવુંજ આ વર્ષમાં જણાયું હતું. એ વેળા અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.

૩૧) ની બાજરી શેર ૮, મઠ શેર ૧૩, તુવેરનીદાળ શેર ૬, મગ શેર ૬, ચોખા શેર ૬.

આ સંકટના વખતે પણ દરબારો તરફથી લોકોને ખોરાક વહેંચવામાં આવ્યો હતો.

ઇ. સ. ૧૮૨૪–૨૫ માં તંગી પડી, પણ તે કંઈ મોટી આફત નહોતી. એ વર્ષમાં ત્યાંના (રેવાકાંઠા એજન્સીના) દેશી રાજાઓ ઉપર અંગ્રેજ સરકાર તરફથી કેટલીક યોગ્ય સત્તા બેસાડવામાં આવી હતી.

ઇ. સ. ૧૮૩૩–૩૪ માં ત્યાં તંગી હતી, પણ એ વર્ષને દુકાળનું વર્ષ કહેવાય નહિ. ઇ. સ. ૧૭૯૦ અને ઇ. સ. ૧૮૧૨ નાં વર્ષો જેવાં સખ્ત દુઃખદાયક હતાં તેવું આ વર્ષ નહોતું. પાછલા વર્ષનું અનાજ બચેલું હતું તે કામમાં આવ્યું અને તે સાથે બીજી કેટલીક મદદ દરબારોએ કરી, તેથી

આ વખતે લોકો તથા જાનવરો ઘણાં મુઆં નહોતાં. સરકારે આ વર્ષે ૩૧૭૦૩૯૪–૦–૪ મહેસૂલ ભેગું કીધું હતું તેમાંથી ૩૫૨૯૫૨–૫–૩ ખેડુતોને પાછા આપ્યા હતા.

ઇ. સ. ૧૮૩૮–૩૯ માં વરસાદ થોડો પડવાથી તંગી ચાલી. આ વર્ષે અંગ્રેજ સરકારે પોતાને મળતી ખંડણીમાંથી ૩૨૭૯૦૩) લોકોને પાછા આપ્યા. તેમજ ઇ. સ. ૧૮૪૮–૪૯ માં પણ એવું સંકટ પડવાથી ૩૪૨૬૯) પાછા આપ્યા હતા.

ઇ. સ. ૧૮૬૪–૬૫ માં તંગી ચાલવાથી ખોરાક ઘણો મોઘો થયો હતો, એટલે રૂપિઆ એકનું આઠશેર અનાજ વેચાવા લાગ્યું હતું. આ વર્ષે વરસાદ તો પડ્યો હતો પણ અમેરિકામાં મોટી લઢાઇ ચાલવાથી ઇંગ્લાંડમાં રૂનો ભાવ ઘણો વધી ગયો, તેથી સઘળા ખેડુતો રૂનો પાક કરવા લાગ્યા તેને લીધે અનાજ થોડું પાક્યું અને તેની મોઘવારી થઇ.

ભરૂચ જીલ્લામાં પડેલા દુકાળ.

એ જીલ્લામાં મોટા દુકાળનાં વરસ ત્રણ ગણાયછે, અને તેઓને લગતો હેવાલ ઘરડાં માણસોના કહેવા ઉપરથી મેળવી શકાયો છે. ઈ. સ. ૧૭૯૦–૯૧ માં વરસાદ ન પડવાથી એ ભાગમાં લોકોને તંગી ચાલી હતી. આ વખતે અહિંઆંના લોકો કદાપિ પોતાનું દુઃખ ઓછું કરી શકત, પણ એજ વખતે કાઠીઆવાડમાં અને મારવાડમાં દુકાળ ચાલવાથી ત્યાંથી એટલાં બધાં ભૂખે મરતાં માણસો અહિં ઉતરી પડ્યાં કે ખોરાકની જબરી તંગી ચાલી, અને અનાજના ભાવ વધી નીચે પ્રમાણે થઇ ગયા.—

ઘઉં.	૧૬ મણની કળશી એકના	રૂ. ૬૦.
જુવાર.	,, ,,	રૂ. ૩૫.
બાજરી.	,, ,,	રૂ. ૪૫.
ઘી.	મણ એકના	રૂ. ૧૪.

આ વરસનો દુકાળ આખા ગૂજરાતમાં હતો, પણ સારા ભાગ્યે તે એકજ વરસ ચાલ્યો. એ વરસમાં ભરૂચના મજમુનદાર લલુભાઈએ અને આશારામે આગલા વર્ષમાં ભરી રાખેલી દાણાની વખારો ઉઘાડી ગરીબ લોકોને મફત અનાજ વહેંચ્યું હતું, અને જે પૈસાવાળા હતા તેમણે પૈસા આપીને ખરીદ કર્યું હતું. વળી તવંગરોએ ઘર બાંધવા માંડયાં તેથી તે ઉપર કામે લાગેલાં ગરીબોનાં પેટ ભરાયાં.

ઇ. સ. ૧૮૧૨ માં વરસાદ પડયો નહિ તે સાથે તીડોનાં ટોળાં પડયાં તે ઉગેલા અનાજના છોડ ખાઈ ગયાં. વળી મારવાડ અને કાઠીઆવાડથી સંખ્યાબંધ લોક ત્યાં આવી ભરાયાં તેથી અનાજના ભાવ વધી ગયા. સરકારથી કણીઆ (ફડિયા)ઓને હૂકમ થયો હતો કે લોકોને ખાવા જોઇએ તેટલુંજ અનાજ તેઓને આપવું, ભરી મૂકવાને વધારે આપવું નહિ. અને તે હૂકમનો અમલ બરાબર થાય માટે દેખરેખ રાખવાને કેટલાક અમલદારો ઠરાવ્યા હતા.

ઇ. સ. ૧૮૩૫ નો દુકાળ અતિઘણો વરસાદ પડવાથી નીપજ્યો હતો. પાણીના ઘણા જોશથી સઘળા ચોમાસુ પાકનો નાશ થયો, અને શિયાળુ પાક જે કંઇ થોડો ઘણો થયો હતો તે પણ કેટલીક દૈવી આફતોથી ધૂળધાણી થઇ ગયો. એ દુકાળ ગૂજરાતમાં બધે ફરી વળ્યો હતો. તે વખતે અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.

ઘઉં. ૧૬ મણની એક કળશીના			રૂ. ૬૮.
જુવાર.	,,	,,	રૂ. ૨૭.
બાજરી.	,,	,,	રૂ. ૨૭.
ઘી, એક મણના	—		રૂ. ૨૨.

આ સાલ લોકોને મદદ કરવા સારૂ સરકારે કેટલુંક મહેસૂલ પાછું આપ્યું હતું.

ઇ. સ. ૧૬૩૦ અને ઇ. સ. ૧૬૮૧ માં ભરૂચ જી-

લ્લામાં દુકાળ પડ્યા હતા. એ વરસોમાં ત્યાં અંગ્રેજ સરકારની સત્તા નહોતી, પણ મુસલમાન રાજાઓનો અમલ હતો, અને તેમણે ઉદારતાથી લોકોને ખાવા જોઇતું અનાજ આપવા સાથે મહેસૂલ માફ કર્યું હતું.

ભરૂચમાં ઈ. સ. ૧૮૧૦ થી ૧૮૨૦ સૂધી જૂદા જૂદા અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.

કળશી ૧ નો ભાવ. (રૂપિઆ અને આનાથી.)

વરસ.—	૧૮૧૦	૧૮૧૧	૧૮૧૨	૧૮૧૩	૧૮૧૪	૧૮૧૫	૧૮૧૬	૧૮૧૭	૧૮૧૮	૧૮૧૯	૧૮૨૦
જુવાર.	૯—૦	૧૩—૦	૧૮—૮	૩૨—૦	૨૬—૦	૧૫—૪	૧૩—૦	૧૬—૦	૧૫—૪	૧૮—૦	૨૮—૦
ઘઊં.	૧૦—૦	૧૩—૦	૨૧—૦	૩૮—૦	૩૭—૦	૧૮—૦	૧૮—૦	૧૭—૦	૧૫—૮	૧૮—૦	૩૯—૦
ડાંગર.	૧૧—૦	૧૧—૮	૧૩—૦	૩૦—૦	૨૪—૦	૧૪—૦	૧૫—૦	૧૩—૮	૧૩—૦	૧૪—૦	૧૯—૦
બાજરી.	૧૫—૦	૧૪—૦	૧૬—૮	૪૮—૦	૩૬—૦	૧૮—૪	૧૬—૦	૧૫—૮	૧૫—૮	૧૬—૦	૩૯—૦
કોદરા.	૮—૮	૯—૮	૧૦—૦	૨૪—૦	૧૭—૦	૯—૪	૧૨—૦	૧૧—૦	૧૧—૦	૧૩—૮	૧૮—૦
બાવટો.	”	”	૧૧—૦	૨૬—૦	૩૨—૦	૧૩—૪	૧૩—૦	૧૨—૦	૧૨—૦	૧૨—૦	૨૬—૦
મઠ.	૧૧-૧૨	૧૨—૦	૧૨—૦	૩૬—૦	૩૨—૦	૧૪—૮	૧૧-૧૨	૧૧—૦	૧૧—૦	૧૩—૦	૨૨—૦
તુવેર.	૧૦—૦	૧૨—૦	૧૨—૦	૩૧—૦	૨૪—૦	૧૪—૦	૧૨—૮	૧૨—૦	૧૨—૮	૧૪—૦	૧૮—૦

સુરત જીલ્લામાં પડેલા દુકાળ.

આખા જીલ્લાની સામાન્ય હકીકત.

આ જીલ્લામાં પડેલા પહેલવહેલા દુકાળની નોંધ ઇ. સ. ૧૭૪૬ ની સાલની થઇ છે.

ઇ. સ. ૧૭૯૦ માં ત્યાં બીજો દુકાળ પડયો. એ વરસમાં વરસાદ આવ્યો નહોતો, અને દક્ષિણ, કોકણ તથા બીજા પ્રાંતોમાંથી ભૂખે મરતાં લોક સૂરત જીલ્લામાં નાશી આવ્યાં તેથી ત્યાં ભારે તંગી ચાલી, અને સંખ્યાબંધ માણસોનાં મર્ણ નીપજ્યાં. એ વખતે આ જીલ્લાનો થોડો ભાગ પેશ્વાને તાબે અને થોડો ભાગ ગાયકવાડ સરકારને તાબે હતો. એ બંને સરકારોએ એ વરસમાં એકઠું કરેલું મહેસૂલ ખેડુતોને પાછું આપ્યું, અને ભૂખમરાનું સંકટ ઓછું કરવા સારૂ બજારમાં અનાજ શા ભાવે વેચવું તે નક્કી કર્યું હતું. વળી પેશ્વાએ તો પોતાના પ્રાંતમાંનું અનાજ બહાર ન જવા દેતાં મુંબાઇ અને બીજી જગોએથી કેટલુંક મંગાવ્યું હતું.

ઇ. સ. ૧૮૦૩ માં ત્યાં ત્રીજો દુકાળ પડયો. એ વખતે પણ આસપાસથી ભૂખેમરતાં લોકો ત્યાં આવ્યાં તેથી અનાજની તંગીની સાથે જબરી મરકી ચાલી. જો કે એ વરસે વરસાદ વરસ્યો નહોતો અને અનાજના ભાવ વધતા જતા હતા, તોપણ બહાર દેશાવરના લોકો અહિં આવી ભરાયા નહોત તો સંકટ જેવું કંઇ થાત નહિ. આ સાલ પણ સરકારે ઉઘરાવેલું મહેસૂલ લોકોને પાછું આપ્યું હતું. વળી બજાર ભાવ નક્કી કર્યા હતા, અને જાહેર બાંધકામ ઉપર લોકોને કામે લગાડી તેઓની મહેનતના બદલામાં તેમને અનાજ પૂરૂં પાડયું હતું. આ વરસમાં સરકારની મદદ સિ-

વાય બીજી ખાનગી સખાવત ઘણી થઇ હતી. ચીખલીના દેશાઇ રામભાઇ મોટાએ જથાબંધ અનાજ ભૂખે મરતા લોકોને વહેંચ્યું હતું, અને મામલતદાર સુપાનાએ પોતાના તાલુકામાં પુષ્કળ અનાજ મંગાવી વાજબી ભાવે વેચાવ્યું હતું.

ઇ. સ. ૧૮૨૪-૨૫ નું વરસ તંગીનું હતું. એ સાલમાં સરકારે મહેસૂલ પાછું આપ્યું હતું, અને તળાવ કુવા વગરે નવાણુ બાંધવાને એક લાખ રૂપિઆ ખજાનામાંથી આપ્યા હતા.

ઇ. સ. ૧૮૩૯માં પડેલી તંગી વેળાએ પણ સરકારે મહેસૂલ પાછું આપ્યું હતું, ગરીબોને જાહેર બાંધકામ ઉપર કામે લગાડ્યાં હતાં, તથા બીજી યોગ્ય મદદ કરી હતી. આ પછી બીજાં કેટલાંક વર્ષો સહેજ જુજ સંકટનાં જણાયાં હતાં,

જૂદાં જૂદાં પ્રગણાંઓની હકકીત.

માંડવી પ્રગણામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૯૦-૯૧ નુંવર્ષ એ તાલુકામાં મોટી તંગીનું હતું. એ સાલ વરસાદ પડ્યો નહિ તેથી પાક ન થયો, અને તેનું પરિણામ એ નીપજ્યું કે ઘણાં લોકો ભૂખમરાથી મરી ગયાં. એ વખતે લોકોની મોટી સંખ્યા ઝાડનાં મૂળિયાં ખાઇને જીવવા લાગી. બહાર ગામ ખાતેથી જથાબંધ અનાજ માંડવીમાં આવ્યું, અને રાજાએ તે સઘળું અનાજ ભૂખે મરતાંને વહેંચી દીધું. આ પ્રગણું અંગ્રેજ સરકારના હાથમાં ઇ. સ. ૧૮૪૮ માં આવ્યું.

વાલોડ પ્રગણામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૯૦-૯૧ નો દુકાળ એ તાલુકામાં પણ

પડ્યો, પરંતુ તેનો ત્રાસ ઘણો લાગ્યો નહોતો. વરસાદ થયો ખરો પણ છેકજ થોડો, તેથી અનાજ થોડું પાક્યું.

ઇ. સ. ૧૮૦૩–૪ માં વરસાદ થોડો પડ્યા છતાં પાક સારો નીપજ્યો હતો, પણ દક્ષિણમાં દુકાળ હોવાથી ત્યાંનાં લોકો અહિંઆં આવી ભરાયાં તેથી લોકોની વૃદ્ધિ થવાથી અનાજ મોઘું થયું અને તેના ભાવ વધી ગયા. દક્ષિણ તરફથી આવેલાં અધમુઆં માણસો મર્ણ પામ્યાં હતાં.

ઇ. સ. ૧૮૨૪–૨૫, તથા ઇ. સ. ૧૮૩૮–૩૯ માં વરસાદ થોડો વરસ્યો હતો. એ વર્ષોમાં મુખ્યત્વે કરીને ચોખા (ડાંગેર)ની વાવણી વધારે થઇ હતી, પણ ધારવા મુજબ સારો પાક થયો નહિ, તેથી સરકારે ખેડુતોને મહેસૂલ પાછું આપ્યું હતું. સારાં નશીબે અનાજની તંગી છતાં લોકોનાં ઝાઝાં મર્ણ થયાં નહોતાં. આ તાલુકાનો સઘળો વહિવટ અંગ્રેજ સરકારને ઈ. સ. ૧૮૦૨–૩ માં મળ્યો.

બારડોલી પ્રગણામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૪૬–૪૭ માં તથા ઇ. સ. ૧૭૯૦–૯૧ માં એ પ્રગણામાં મોટા દુકાળ પડ્યા હતા. એ વરસોમાં સારો વરસાદ ન પડવાથી પાક ઉતર્યો નહિ, તેથી અનાજ પાણી અને ઘાસની અછતને લીધે માણસની તથા ઢોરની ઘણી હાણી થઈ હતી. સરકારે ખેડુતો પાસેથી જમીનનો ઉઘરાવેલો કર પાછો આપ્યો હતો, તેમજ જરૂરીઆત વસ્તુઓના ભાવ ઘણા વધી ગયાથી, ખેડૂતોને આંગ ઉપર નાણાં ધીર્યા હતાં.

અંગ્રેજ સરકારનો અમલ એ પ્રગણામાં થયા પછી ઇ. સ. ૧૮૦૨–૩, ઇ. સ. ૧૮૧૨–૧૩, ઇ. સ. ૧૮૨૪–૨૫, ઇ. સ. ૧૮૩૮–૩૯, ઇ. સ. ૧૮૪૮–૪૯, અને ઇ. સ. ૧૮૫૩–૫૪ માં તંગીઓ પડી હતી, અને કેટલીક જગોએ પાક ન

થવાથી અનાજના ભાવ વધ્યા હતા. ઇ. સ. ૧૮૦૨–૩ માં દક્ષિણમાં દુકાળ હતો તેથી ત્યાંનાં ગરીબ લોકો અહિંઆં આવ્યાં હતાં અને જીંદગીની દરકાર કર્યા સિવાય મરણીયાં થઈ લૂટફાટ કરતાં હતાં, તેથી આ તાલુકાનાં તથા તેની આજુબાજુનાં અને રાહદારી માણસોને ઘણું દુઃખ પડયું હતું. એ વખતે સરકારે પોતાની રૈયતની જીંદગી અને માલમતાના બચાવના ઉપાયો લીધા હતા. બે વરસ સૂધી ખેડુતોને આંગપર નાણાં ધીર્યાં અને તેમને જે નુકશાન ગયું તેના પ્રમાણમાં બીજાં વરસોમાં તેઓનું મહેસૂલ પાછું આપ્યું હતું.

ચોરાશી પ્રગણામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૯૧ માં એ પ્રગણામાં દુકાળ પડયો હતો. એ વખતે સંવત્ ૧૮૪૭ નું વર્ષ ચાલતું હતું તેથી એ દુકાળનું નામ "સુડતાળો" કહેવાતું. આ વેળા અનાજ રૂપિઆ એકનું પચીસ સુરતી શેર વેચાયું હતું. અનાજની તંગીને લીધે લોકોએ ઘણું સંકટ વેઠયું હતું. બીજાં બંદરોમાંથી ખજૂર અને નાળિએર જથાબંધ અહિં આવ્યાં તેથી લોકોની તંગી ઓછી થઇ હતી. દંતકથાની મારફતે તથા દાજી રઘુનાથ દેશાઇના કહેવા ઉપરથી આટલી ખબર મેળવી શકાઈછે.

ઇ. સ. ૧૮૦૪ ના વરસમાં પાક તો સારો ઉતાર્યો હતો પણ દક્ષિણીઓ દુકાળને લીધે પોતાના દેશમાંથી નાશી અહિંઆં આવ્યા હતા તેથી મોંઘવારી ચાલી હતી. પ્રથમ રૂપિઆનું ૧૬ શેર અનાજ મળતું તે મોંઘવારીનું જોર વધવાથી ૧૩ શેરનું મળવા લાગ્યું. આ વરસ સંવત્ ૧૮૬૦ નું હતું, તેથી એને "સાઠું" કહેછે.

ઇ. સ. ૧૮૧૩ ના વરસમાં પિંઢારાઓ ચડી આવ્યા તેથી તંગી ચાલી. અનાજનો ભાવ પ્રથમ રૂપિઆ એકના

૨૫ શેરનો હતો તે ૨૨ શેરનો થયો હતો.

ઇ. સ. ૧૮૩૯ માં વરસાદ બરાબર પડ્યો નહિ તેથી અનાજ રૂપિઆ એકનું ૨૪ શેરથી ૨૨ શેર વેચાયું હતું.

ઇ. સ. ૧૮૬૪ નું વર્ષ સુડતાળાના જેવું હતું, અને એમાં રૂપિઆ એકનું ૧૫ શેરથી ૧૩ શેર સૂધી અનાજ મળતું હતું.

ઓરપાડ, અંકલેશ્વર, અને હાંસોટ પ્રગણાંમાં પડેલા દુકાળ.

(મહેસૂલ ઊઘરાવનારા બુઢ્ઢા માણસોએ આપેલી ખબર ઉપરથી.)

ઇ.સ. ૧૭૪૭. પ્રગણાં અંકલેશ્વર અને હાંસોટ. } આ વરસમાં મોટો દુકાળ પડ્યો અને તેના દુઃખ રૂપી ત્રાસથી ખેડુતો માળવામાં નાશી ગયા, પણ સરકારે તેઓને પાછા બોલાવી જમીનનું મહેસૂલ પાછું આપ્યું અને આંગ ઉપર નાણાં ધીર્યાં. વળી તેમને મફત અનાજ પણ વહેંચ્યું. આટલા સારા ઉપાયો લેવા છતાં એ પ્રગણાંઓના કેટલાક ભાગ વેરાન થઈ ગયા હતા. આ દુકાળની કાંઈપણ નોંધ મળી આવી નથી.

ઇ.સ. ૧૭૮૦–૮૧. અંકલેશ્વર પ્રગણું. } જો કે આ પ્રગણામાં આ વરસમાં દુકાળ જેવું નહોતું, તોપણ મોંઘવારી ચાલી હતી, અને તેનું કારણ એ હતું કે પિંઢારા જાતના લોકો આવી અનાજ લૂટી ગયા હતા.

ઈ. સ. ૧૭૮૨. અંકલેશ્વર પ્રગણું. } આ પ્રગણામાં પડેલા આ સાલના દુકાળનો હેવાલ ઇ. સ. ૧૭૪૭ની સાલનો એ પ્રગણાના દુકાળનો હેવાલ આપ્યો છે તેના જેવોજ છે.

ઈ.સ. ૧૭૮૨.
હાંસોટ પ્રગણું.
આ પ્રગણામાં આ સાલમાં મોટો દુકાળ પડેલો જણાયછે. એ દુકાળથી લોકોએ ઘણું સંકટ વેઠ્યું હતું.

ઈ. સ. ૧૭૯૧.
ઓરપાડ પ્રગણું.
આ ઠેકાણે મોટો દુકાળ પડવાથી અનાજ શોધવા માટે લોકો બીજા દેશોમાં નાશી ગયાં, અને ત્યાં જઈને કેટલાકે નોકરી ચાકરી કરી અને કેટલાકે ભીખ માગી અનાજ મેળવ્યું. વળી કેટલાંક સુરત નાશી ગયાં, ત્યાં વલંદા વેપારીઓએ તથા શાહુકારોએ તેમની સારી માઠી હાલત જોઇ વત્તે ઓછે ભાવે અનાજ આપ્યું. એ વેળા સુરતના નવાબે ઘણી મદદ કરી હતી, અને એવી ગોઠવણ કરી હતી કે કણીઆઓએ ચોકસ નીરખ પ્રમાણે દર માણસને આટલું અનાજ આપવું.

ઈ. સ. ૧૭૯૧.
અંકલેશ્વર પ્રગણું.
ઈ. સ. ૧૭૪૭ માં તથા ઈ. સ. ૧૭૮૨ માં જે દુકાળ આ પ્રગણામાં પડયા હતા તેના જેવોજ આ સાલનો દુકાળ પણ હતો.

ઈ.સ. ૧૭૯૧.
હાંસોટ પ્રગણું.
આ વરસમાં આ પ્રગણામાં મોટો દુકાળ પડયો હતો, અને માણસોને તથા જાનવરોને ખોરાક અને પાણીની બહુ તંગી ભોગવવી પડી હતી. સરકારે બહાર ગામથી અનાજ મંગાવી દુકાન ઉઘાડી દરેક કુટુંબને જોઈતું અનાજ પૂરૂં પાડવાની ગોઠવણ કરી હતી, પણ તેટલુ છતાં અનાજનો જથો ખૂટી જવાથી લોકો મરવા લાગ્યાં હતાં. કેટલાંક માળવે નાશી ગયાં હતાં અને તેમાંનાં ઘણાં ખરા ત્યાંજ મર્ણ પામ્યાં હતાં. પણ જે જીવતાં હતાં તે બીજા વરસની વરસાદની મોસમમાં પાછાં આવ્યાં હતાં.

ઈ. સ. ૧૮૦૪.
ઓરપાડ પ્રગણું.
ઈ. સ. ૧૭૯૧ માં એ પ્રગણામાં જેવો દુકાળ પડયો હતો તેવોજ આ સાલનો દુકાળ પણ હતો.

ઇ. સ. ૧૮૦૪.
અંકલેશ્વર પ્રગણું.
આ સાલમાં આ પ્રગણામાં તંગી ઘણી હતી પણ સારા ભાગ્યે ઘણું સંકટ પડયું નહોતું. સરકારે ખેડૂતોને મહેસૂલ પાછું આપ્યું હતું, એટલુંજ નહિ, પણ તેમને જોઇતાં નાણાં આંગ ઉપર ધીર્યાં હતાં તેથી ખેડૂતોને મોટી આશા મળી અને તેઓ અસલ પંક્તિમાં આવ્યા.

ઇ.સ. ૧૮૧૩.
ઓરપાડ પ્રગણું.
ઇ. સ. ૧૭૯૧ માં આ તાલુકામાં પડેલા દુકાળનો સઘળો હેવાલ આ સાલના દુકાળને લાગુ પડેછે.

ઇ.સ. ૧૮૧૩.
હાંસોટ પ્રગણું.
આ સાલમાં વરસાદ થોડો પડયો હતો પણ સંકટ એટલું નહોતું કે લોકોને બહુ દુઃખ પડે. આથી તેઓ પોતાનું વતન છોડી દૂરના ભાગોમાં નાશી ગયાં નહોતાં.

ઇ.સ. ૧૮૧૩.
અંકલેશ્વર પ્રગણું.
અંકલેશ્વરમાં ઈ.સ.૧૮૦૪ માં જે દુકાળ પડયો હતો તેના જેવોજ આ સાલનો દુકાળ પણ હતો.

ઇ.સ. ૧૮૨૫.
અંકલેશ્વર પ્રગણું.
ઇ. સ. ૧૮૦૪ અને ઇ. સ. ૧૮૧૩મા અંકલેશ્વરમાં પડેલા દુકાળનો હેવાલ બરાબર આ દુકાળને લાગુ પડેછે.

ઇ.સ. ૧૮૨૫.
હાંસોટ પ્રગણું.
ઇ.સ.૧૮૧૩ ના હાંસોટના દુકાળ જેવોજ આ દુકાળ હતો.

ઇ.સ. ૧૮૩૯.
અંકલેશ્વર પ્રગણું
એ પ્રગણામાં પડેલા ઇ.સ. ૧૮૦૪ ના દુકાળ જેવોજ આ દુકાળનો હેવાલ છે.

ઇ.સ. ૧૮૩૯.
હાંસોટ પ્રગણું.
આ વર્ષે આ પ્રગણામાં થોડો વરસાદ પડયો હતો પણ દરિઆના

કિનારા ઉપર આવેલાં આઠ દશ ગામડાંઓમાં તો મુદ્દલ નહોતો પડ્યો, તેથી એ ગામડાંનાં ઘણાંખરાં માણસો પોતાનું વતન છોડી બહારગામ જતાં રહ્યાં હતાં, અને જેઓ બાકી હતાં તેઓને સરકાર તરફથી આંગપર નાણાં મળ્યાં હતાં. જમાબંદીનું મહેસૂલ વાજબી રીતે પાછું આપવાથી લોકો તથા ખેડુતો પાછા ઠેકાણે આવ્યા હતા.

ઇ. સ. ૧૮૪૧. હાંસોટ પ્રગણું. — ઇ. સ. ૧૮૧૩ નો આ પ્રગણાના દુકાળનો હેવાલ આ સાલના દુકાળને લાગુ પડેછે.

ઇ. સ. ૧૮૪૧. ઓરપાડ પ્રગણું. — અહિંઆં અંગ્રેજ સરકારનું રાજ્ય સ્થાપન થયા પછી કોઇ મોટો દુકાળ પડ્યો નથી. ઇ. સ. ૧૮૧૮ માં થોડા વરસાદ તથા રેલથી પાકને નુકશાન પહોંચ્યું હતું. એ વખતે સરકારે જમીનનું ભાડુ માફ કીધું હતું અને ઘર બાંધવા સારૂ જોઈતાં નાણાં બક્ષિસ આપ્યાં હતાં. તેમજ લોકોને કામે લગાડી રોજી આપવા કુવા તળાવો ગળાવવાનું કામ ચલાવ્યું હતું, તેથી તેઓ અનાજ મેળવવા સારૂ બીજા પ્રાંતોમાં નાશી ગયાં નહોતાં.

ગૂજરાતમાં પડેલા દુકાળનો સામટો હેવાલ.

મીરાતી અહમદી નામના ફારસી ભાષામાં લખાયલા ઐતિહાસિક ગ્રંથમાં જે હેવાલ આપ્યો છે તે ઊપરથી જણાયછે કે, ગૂજરાતમાં ઇ. સ. ૧૬૨૮-૨૯ માં એક દુકાળ પડ્યો હતો જેને "સાત માસીઓ" કહેવામાં આવ્યો હતો. એ વખતે ખોરાકની તંગી એટલીબધી પડી હતી કે લોકો પોતાનાં છોકરાંઓને વેચવા લાગ્યાં, પણ તેઓને ખરીદનાર કોઇ મળ્યું નહિ. બીજાં પ્રાણીઓ પણ રસ્તે રસ્તે રખડવા લાગ્યાં. ઊંટ જેવું ઉપયોગી અને મોઘું ભારખ-

રદારી જાનવર એક રૂપિએ મળતું હતું. તંગીનું જોર એટલું બધું વધી ગયું કે અમીર ઉમરાવો પણ ગરીબોને પાળી શક્યા નહિ, એટલુંજ નહિ,પણ આડે દહાડે ગરીબો અને ભૂખ્યાંને પાળનારા ગણતા તેવાઓ પોતે ભીખ માગવાની હાલતમાં આવી પડ્યા. લોકોએ મેઢાં તથા બકરાંના માંસની પેઠે કૂતરાંનું માસ ખાવા માંડ્યું, અને કૂતરાંના હાડકાંનો ભૂકો કરી આટા સાથે ભેળીને વેચતા પકડાઈ આવવાથી સરકાર તરફથી તેઓને ભારે સજા થઇ. જ્યારે અતિ ઘણું સંકટ વધી ગયું ત્યારે માણસ માણસને મારીને ખાવા લાગ્યાં. લોકોની એવી હાલત થઇ પડી કે રસ્તામાં અથવા ગલી કુંચીએ એકલો માણસ ત્રણ ચાર શખ્સોને મળ્યો કે તે પોતે જીવવાની આશા છોડી દેતો. આવી રીતથી ભર ચકલા અને રસ્તા ઉજ્જડ થઇ ગયા, અને ટપો ટપ લોકોના જીવ જવા લાગ્યા. જેઓના અંગમાં બળ હતું તેઓ નાશીને બીજા દેશમાં જતા રહ્યા. અમદાવાદ જીલ્લો તો તદન વેરાન થઇ ગયો હતો. આ વખત દિલ્હીના મુસલમાન શેનશાહે અમદાવાદ, સુરત, અને બરાનપુરના હાકેમો તથા સરદારો ઉપર હૂકમ મોકલ્યા હતા કે દુઃખીઓને અનાજ પાણી પહોંચાડવા સારૂ જૂદાં જૂદાં ખાતાં સ્થાપવાં. અમદાવાદમાં એવાં ખાતાં ઉઘાડવા શાહે પચાસ હજાર રૂપિઆની મંજુરી આપી હતી. વળી પ્રાંતની ત્રિજોરીમાંથી મોટી રકમ ખરચવામાં આવી, અને અમીર ઉમરાવોએ છૂટથી મદદ કરી. બે વરસ સૂધી બધી જાતનો છાપો (કર વેરો) કાઢી નાખવામાં આવ્યો હતો. બીજે વરસે સારો વરસાદ પડ્યો. દુકાળ પૂરો થયા પછી અમદાવાદમાં એકપણ પાડો જડ્યો નહિ, તેથી તે રૂ ૮૫) ખરચીને ચાંપાનેરથી લાવવામાં આવ્યો હતો.

ઇ. સ. ૧૬૮૨-૮૩માં વરસાદ ન વરસ્યો તેથી અનાજ રૂપિઆ એકનું છથી આઠ શેર વેચાવા લાગ્યું. આ ઉપરથી અમદાવાદના લોકોએ ત્યાંના સૂબા આગળ ફરિઆદ કરી. સૂબેદાર મહંમદ અમીખાન ઇદના તહેવાર ઉપર સરઘસ સાથે રસ્તામાં ફરવા નીકળ્યો હતો, તે વખતે મરદો, ઓરતો અને છોકરાંઓ તેને ઘેરી લેઈ પોતાની હાલતની અસરકારક ફરિયાદ કરવા લાગ્યાં, તથા શેખ અબુબકરની ઉશ્કેરણીથી (સૂબેદારને) ગાળો દેઇ તેની તરફ પત્થરા ફેંકવા લાગ્યાં. આ જોઈને સૂબેદારના માણસો લોકો સાથે લડવાને નીકળી પડ્યા, પણ મોટું હુલડ થઇ જશે એવો હિંગામો જોઈ સૂબેદારે તેમને વારી રાખ્યા, અને ભેગાં મળેલાં લોકોને સમજાવી ઠંડાં પાડી મુકામે ગયો. આ વાત દિલ્હીના શાહના જાણવામાં આવી, તેથી તેણે સૂબેદાર ઉપર હુકમ મોકલ્યો કે જેઓ હુલડમાં સામેલ હોય તેઓને મારી નાંખવાં. પણ સૂબેદાર બુઢ્ઢો હતો તેથી આવી ક્રૂર સજા કરકરવાને તેનું દીલ ચાલ્યું નહિ, માટે તેણે એક જાફત આપી અને તેમાં ઘણાં માણસોને ખાવા બોલાવ્યાં તેમાં પેલો લોકોને ઉશ્કેરનાર અબુબકર પણ હતો તેનેજ માત્ર છૂપું ઝેર દઇ મારી નંખાવ્યો.

ઇ. સ. ૧૭૧૮-૧૯ માં દુકાળ પડ્યો, તેને "પંચોતરો કાળ " કહેવામાં આવ્યો. એ દુકાળમાં મઠ તથા બાજરી એ અનાજ એક રૂપિઆનાં છથી તે આઠ શેર સુધી વેચવામાં આવ્યાં હતાં. આ વખતે સૂબેદારની મહેરબાની સારી હતી તેથી લોકોને ઘણું સંકટ વેઠવું પડ્યું નહિ. રૂઘનાથદાસ દીવાનના ઘર આગળ ગરીબો તથા ભૂખ્યાંઓને મફત અનાજ આપવામાં આવ્યું હતું.વળી એ દીવાને પોતાનો કેટલોક પૈસો આ વખતે સખાવતમાં ખરચ્યો હતો. ભૂખે મરતા

લોક આ વરસમાં એક બે રૂપિઆની જુજ કીમતે પોતાનાં વહાલાં છોકરાંને વેચી દેતા હતા. આ સાલમાં કેટલોક વરસાદ પડચો હતો, પણ તે કવખતનો એટલે નકામો હતો. પાછળથી મરકી ચાલી તેથી ઘણાક લોકોનો ઘાણ નીકળી ગયો.

ઇ. સ. ૧૭૪૬–૪૭ ના દુકાળને "તીલોતરો" અથવા "ચાનકીઓ" કાળ કહેછે. આ વરસ વરસાદ ન પડવાથી સુદ્દલ ઘાસ ઉગ્યું નહિ. સૂબેદાર જુવાન મુરદાખાન પોતાનાં માણસો સાથે જંગલમાં ગયો અને ત્યાં દરબાર ભરી વરસાદને માટે ખુદાની બંદગી કરી, પણ કંઈ વળ્યું નહિ. એ વખતે પણ રૂપિઆ એકનું ત્રણથી ચાર શેર અનાજ વેચાવા લાગ્યું હતું, તેથી ગરીબ લોકો ઝાડનાં મૂળિયાં અને રોપાઓ ઉપર જીવવા લાગ્યાં. વળી તેઓ મુએલાં ઢોર અને પક્ષીઓને પણ ખાઇ જતાં. ઘણાખરા કુવા, તળાવ અને નદીઓનાં પાણી સૂકાઈ ગયાં હતાં. દુઃખનાં માર્યાં ઘણાં માણસો માળવે નાશી ગયાં હતાં, તે વરસ વળ્યે પાછાં ગૂજરાતમાં આવી વસ્યાં હતાં. પુષ્કળ માણસો મર્ણ પામ્યાં હતાં, અને સંખ્યાબંધ ગામડાંઓ ઉજ્જડ થઇ ગયાં હતાં.

ઇ. સ. ૧૭૫૯–૬૦ નો દુકાળ વરસાદ ન આવવાથી તથા લડાઈ થવાથી થયેલી ખરાબીને લીધે પડચો હતો. એ લડાઇ મુસલમાન અને મરાઠા વચ્ચે ચાલી હતી. શાહના લશ્કરમાં રૂપિઆનું બશેર અને મરાઠાના લશ્કરમાં રૂપિઆનું ત્રણશેર અનાજ વેચાતું હતું. બીજાં ફાલતુ લોકો તો જેમ તેમ કરીને એક રૂપિઆનું છથી આઠશેર અનાજ મેળવી શકતાં હતાં. ખોરાકની તંગીથી શાહના લશ્કરનાં સાઠ હજાર માણસ મરી ગયાં હતાં.

સુરતની તવારીખ આપતાં કવિ નર્મદાશંકર લાલશંકર જણાવે છે કે, ઇ. સ. ૧૭૯૦–૯૧ માં સુરતમાં જે

દુકાળ પડયો તેને "સૂડતાળો" કરીને કહેતા. વરસાદ ન પડવાથી પાક થયો નહિ તેથી સખ્ત દુકાળ પડી અનાજના ભાવ ઘણા વધી ગયા. જે કોઇ સો કે પચાસ રૂપિઆનું સામટું અનાજ ખરીદતું તેને તે રૂપિઆ એકનું સુરતી આઠશેર મળતું. જેઓએ વખારોમાં અનાજ ભરી રાખ્યું હતું તેઓ વખારો ઉઘાડી વેચવાની હિમ્મત ધરાવી શકતા નહોતા, કારણકે ગરીબો તથા ભૂખે મરતા લોકો એ અનાજ લૂટી જતા હતા. ચાર દિવસ ચાલે એટલું અનાજ તો કદાપિ મળી શકતું. બંગાળેથી ચોખાનાં વહાણો આવતાં પણ તે વરસમાં એક બે ખેપ કરતાં તેથી ત્યાંથી પૂરતું અનાજ મેળવી શકાયું નહિ. સુરતમાં જેઓ પૈસાવાળા હતા તેઓએ ગરીબોને ખજૂર તથા બાજરી અને જુવાર મફત આપ્યાં હતાં. કેટલાક કંગાલો તો "ભુંસુ" જે ઢોરને ખાવાનું કચરૂ, તે ખાઇને જીવતા હતા, અને કેટલાક રસ્તે રખડતા ભિખારીઓ ચોખાનું ધોવરામણ ક્યાંકથી મળે તો તે પીને દહાડા કાઢતા હતા. કેટલાક આબરૂદાર લોકો ભૂખે મરવાથી કુવા, તળાવ તથા નદીઓમાં પડી મરી ગયા, અને કેટલાકે બીજી રીતે આપઘાત કરી પ્રાણ કાઢ્યા. વળી કેટલાંક વ્યાકુળ થયેલાં માબાપો પોતાનાં છોકરાંઓને મારી નાંખી તેઓનું માંસ ખાવા લાગ્યાં હતાં. જેમની પાસે સોના રૂપાનાં ઘરેણાં હતાં તેમણે તે છેક જુજ કીમતે આપી દેવા માગ્યાં પણ તેના ખરીદદાર કોઇ મળ્યા નહિ. આ વખતે સૂરજ એવો તપતો હતો કે તેની ગરમી કોઈનાથી ખમી શકાતી નહોતી તેથી પુષ્કળ ઉકળાટને લીધે મરકી જાગી. એ મરકીથી સુરતમાં એટલાં મોત થવા લાગ્યાં કે સરા અને નવસારી દરવાજા આગળ મોટા ખાડા ખોદી તેમાં મૂડદાંઓને દાટવામાં આવ્યાં. ગરીબ લોકો-

નાં મૂડદાં તો રસ્તે રસ્તે પડેલાં જણાતાં હતાં. એ દુકાળ આશરે દોઢ વરસ ચાલ્યો હતો.

એજ દુકાળનો હેવાલ આપતાં, સૈયદ હુસેન વલદે સૈયદ શેરિફ શેખ એદ્રુસ સાહેબ જણાવે છે કે, બાજીરાવ પેસ્વાના કુટુંબનો રાઘોબા નામે સરદાર દુકાળમાં પીડાતાં ઘણાં માણસો સાથે પુનાથી સુરત આવ્યો હતો, અને વેપારીઓ અનાજ સંતાડવા લાગ્યા હતા, પણ તેણે તે લૂટી લીધું હતું. એ દુકાળને "રાઘોગુરદીકાળ" કહેવામાં આવ્યો હતો. એ વેળા સુરતનો હાકેમ નવાબ નિજામુદ્દિન હતો. સુરતમાં જ્યારે અનાજ ન મળ્યું ત્યારે ઢોરને મારીને તેમનું માંસ સસ્તે ભાવે વેચવામાં આવ્યું હતું. પણ જે ગરીબ લોકો પાસે એવું સસ્તું માંસ ખરીદવા જેટલા દામ પણ નહોતા તેઓ જ્યાં આગળ એવાં ઢોર કપાતાં ત્યાં એકઠાં થઈ તેઓનું લોહી પીતાં, તેથી અંતે દરદી થઈ મર્ણ પામતાં. આ વખતે કોઇને પણ પોતાના ધર્મનો વિચારજ આવતો નહોતો. પૈસાદાર લોકો પણ બંટી, કોદરા, અને ભાત ઘણી મુશ્કેલીથી મેળવી શકતા હતા. આવી રીતનો ખોરાક ખાવાથી તેમના પેટમાં ગરમી થતી અને તેઓ મોતને આધીન થતાં. એ રીતે પુષ્કળ લોકોના પ્રાણ ગયા. મૂડદાં બાળવાની કે દાટવાની કોઇ દરકાર કરતું નહિ. ગરીબ લોકો પોતાનાં બચ્ચાંને આઠ આનાની કીમતે વેચવાને આતુર થયાં હતાં, અને કેટલાંક તો પોતાનાં ટળવળી મરતાં ધાવણાં બાળકોના જીવ ઉગારવા સારૂ પૈસાદારને ત્યાં મફત આપી દેતાં હતાં.

આ વખતે સૈયદ એદ્રુસના ઘરમાં કાંઇ ધર્મસંબંધી ક્રિયા કરવાની હતી, પણ તેવા શખ્સનેએ ચાર પાંચ ખજૂરની પેશી સિવાય બીજું કશું ન મળતું. ભરૂચ, સુ-

રત, વડોદરા, અને મુંબાઇના હાકેમો જૂદા જૂદા રાજાઓના તાબાના હતા, માટે તેઓએ પોત પોતાના શહેરમાંથી બહાર જતું અનાજ અટકાવ્યું, તેથી લોકોને ઘણું સંકટ વેઠવું પડ્યું હતું.

ઇ. સ. ૧૮૦૩-૪ ના દુકાળને "સાઠો કાળ" એવું નામ આપવામાં આવ્યું હતું, પણ એ દુકાળ ૧૭૯૦-૯૧ જેટલો જબરો ન હોતો. વરસાદ ઘણો થવાથી આ દુકાળ પડ્યો હતો. આ સાલમાં ઘી ઘણું સસ્તું મળતું હતું, તેથી લોકો છાણુની સાથે ઘી ભેળીને ખાતાં હતાં. અંગ્રેજ સરરકારના હાથમાં સુરત આવ્યા પછી આ દુકાળ પડ્યો હતો. એ પછી બહારગામથી આવતા અનાજની જકાત લેવાનું સરકારે ત્રણ મહિના સૂધી બંધ કીધું હતું.

ગૂજરાતમાં કોઈવાર મોટો દુકાળ પડેછે, ત્યારે ત્યાંના લોકો તેને પોતાના પ્રાંતમાં (ગૂજરાતમાં) થતાં મહા પાપોનું પરિણામ ગણેછે.

ઇ. સ. ૧૮૧૦ માં બંગાળા પ્રાંતમાં તીડનાં ટોળાં જણાયાં અને તેઓ ઉત્તર તરફનો માર્ગ લેઇ પંદર મહિના સૂધી ફરી મારવાડમાં આવી લાગ્યાં. ઇ. સ. ૧૮૧૧ માં મારવાડમાં વરસના ધારા પ્રમાણે વરસાદ પડ્યો નહિ ને જ્યારે ત્યાં વનસ્પતિની કાંઈપણ નિશાની જણાઈ નહિ ત્યારે એ તીડો ગૂજરાતના ઉત્તર તથા પશ્ચિમ ભાગમાં ઉતરી પડ્યાં અને ત્યાંથી કાઠીઆવાડમાં ગયાં. આ પછી તેઓએ એકવાર ભરૂચમાં પણ દેખાવ દીધો હતો. ઇ. સ. ૧૮૧૨ ની સાલમાં વરસાદ શરૂ થતાંજ આ આફ્ત બંધ થઇ, પણ ગૂજરાતના પશ્ચિમ ભાગોમાં એ તીડોએ જે નાશ કીધો હતો તે અફસોસ કારક હતો. મારવાડીઓ પોતાના દેશમાં વરસાદ ન પડવાથી તથા તીડોએ અનાજનો સઘળો

નાશ કરવાના ત્રાસથી ગૂજરાતમાં આવ્યા અને તેઓનાં અ-જીઠાં પગલાં સાથે લેતા આવ્યા. ઇ. સ. ૧૮૧૨ માં ગૂજરાતમાં વરસાદ પડ્યો નહિ, અને અનાજના ભાવ વધી ગયા તેથી લોકો પોતાને અગત્ય પડે તેટલું અનાજ આગમજથી ભરી રાખતાં તે ખાવા લાગ્યાં. તવંગર લોકો અનાજની તંગી જોઇ વધારે પૈસા પેદા કરવા પાછળ મંડયા તેથી અધમુઆ મારવાડીઓ અનાજ વગર વધારે ભયમાં આવી પડયા. એ જાત ઘણી બેદરકાર અને સુસ્ત રહેછે માટે એમને મહેનત કરવા ઉશ્કેરી જીવ બચાવવાની તજવીજ કરવી તે વ્યર્થ થઇ પડેછે.

ઇ. સ. ૧૮૩૧–૩૨, અને ઇ. સ. ૧૮૩૮–૩૯ માં વરસાદ ન પડવાથી વધારે તંગી ચાલી તેથી પહેલા વરસમાં રૂપિઆ ૩૭૦૩૯૭ ની અને બીજા વરસમાં રૂ ૪૯૬૧૨૧ની મહેસૂલ સરકારે લોકોને પાછી આપી હતી. વરસાદ ન પડવાથી તથા માંહેલા ભાગોમાંથી સુકાળની સારી ખબર ન મળવાથી બધા અનાજ ઉપર સેંકડે ૪૦ ટકા ભાવ વધી ગયો હતો સુરતમાં ઘણું થોડું અનાજ હતું, અને ભરૂચમાં તો વાણીઆઓએ દુકાનો પણ બંધ કીધી હતી. વડોદરા અને અમદાવાદના હેવાલો દુઃખ ભરેલા હતા, તેમાં વળી દુઃખ ઉપર ડામની પેઠે બિચારા ગરીબ ખેડુતોને સરકાર તરફથી મહેસૂલ વસૂલ કરવાની બાબતમાં સખ્તાઇ બતાવવામાં આવતી હતી. ઇ. સ. ૧૮૩૧–૩૨ ની તંગી સાથે કામળાઓનો ઉપદ્રવ પુષ્કળ થવાથી પાકનો તદન નાશ થયો હતો.

ગૂજરાતમાં જૂદાં જૂદાં વરસોમાં ખોરાકની જણસો એક રૂપિઆની કેટલા શેર વેચાઇ હતી તે જાણવાનો કોઠો.

જણસનું નામ.	૧૭૫૫	૧૭૬૦	૧૭૬૧	૧૭૬૫	૧૭૭૦	૧૭૭૩	૧૭૮૪	૧૭૮૬	૧૭૮૭	૧૭૯૦	૧૭૯૧	૧૭૯૪	૧૭૯૫
બાજરી	કંઈ તોલ મળતો નથી.	૧૧	૮॥।	કંઈ તોલ મળતો નથી.	૯॥।	કંઈ તોલ મળતો નથી.	૧૩	૩૩	૨૭	૧૬	૧૭	૧૭	૨૩
ચોખા		૭	૪॥।		૦		૭	૧૨	૯	૪૧	૭	૯	૧૦।
જુવાર		૧૧	૧૩		૦		૦	૩૩	૪૦	૧૭	૧૭॥	૨૫	૩૩
તુવેર.		૭॥।	૧૦		૧૩		૯	૮	૬	૧૩।	૭	૧૧॥।	૯।
ઘઉં.		૧૦	૬		૮।		૧૧	૨૦	૧૭	૧૩।	૬॥।	૧૦॥।	૧૧
ઘી.		૧।	૧		૦		૧॥	૨॥	૧॥।	૨॥।	૧	૨॥	૨।
ગોળ.		૨।	૨॥।		૨।		૪॥	૪॥	૫॥।	૩॥।	૯।	૪	૪
ચણા		૦	૭॥		૦		૮	૧૨	૧૭	૭॥।	૮	૦	૮।
તેલ.		૦	૦		૩		૩॥	૯।	૯॥।	૩॥	૨॥	૭	૩।

પ્રકરણ ૨ જું.

સિંધમાં પડેલા દુકાળ.

જેને ખરેખરો દુકાળ કહેછે તેથી સિંધનું પ્રગણું વેગળું રહેલું છે. દુશ્મન ચઢી આવી પાકનો નાશ કરે અને વાવણી ન કરવા દે ત્યારેજ આ ઠેકાણે ખોરાકની તંગી પડતી હતી. સિંધમાં પાક થવાનું ઘણુંકરીને વરસાદ ઉપર આધાર રાખતું નથી, ત્યાં રેલના પાણીથી અનાજ વગેરે પકવવામાં આવેછે. એ ભાગની જમીન એટલી ઊંચી નીચી છે કે સર્વ ઠેકાણે પાક ન પાકે એમ બનેજ નહિ.

ઇ. સ. ૧૫૨૭ માં મીરજા શાહ બેદાઇઉને સિંધ ઉપર સ્વારી કરી તેને જીતી લીધું ત્યારે ત્યાં પહેલ વહેલી તંગી પડી હતી. આ વખતે સિંધના રાજા જામીનદાએ દુશ્મનના હાથમાં અનાજ ન જાય માટે તેનો સઘળો સંગ્રહ બાળી નાંખ્યો હતો. એથી જે તંગી પડી તે છ મહિના સૂધી ચાલુ રહી હતી.

ઇ.સ. ૧૫૪૦માં ત્યાં બીજો દુકાળ પડ્યો. સિંધના રાજ્કર્તા મિરઝા શાહહુનને ખબર પડી કે હુમાયું પાદશાહ લાહોર મધ્યે શિરખાંને હાથે હાર પામી બેઠો છે, તેથી તે સિંધ ઉપર હૂમલો લાવનાર છે. આ ખબર સાંભળતાંજ તેણે (મીરઝા શાહહુને) હૂકમ કીધો કે નદીને કિનારે પાક કરવો નહિ, અને બહારનું અનાજ દેશમાં આવવા દેવું નહિ. આમ થવાથી સખ્ત તંગી પડી અને તે ત્રણ વરસ સૂધી ચાલુ રહી.

ઇ. સ. ૧૭૫૯ માં લડાઇના કારણથી ત્રીજીવાર તંગી ચાલી. આ તંગી ઘણી સખ્ત હતી નહિ તેમ તે લાંબા વખત સૂધી ચાલુ રહી નહોતી.

ઇ. સ. ૧૭૮૨માં ત્યાં કાલેરા વંશની રાજ્યસત્તા બંધ

પડી અને તાલપુર વંશનો અમલ ચાલવા લાગ્યો, તે વખતે અઢી વરસ સૂધી તંગી ચાલી હતી. એનું એક કારણ એ હતું કે ઉપરના બંને વંશના સરદારો વચ્ચે લડાઈ ચાલી તે વખતે સઘળો પાક બાળી નાંખવામાં આવ્યો હતો, તથા નવો પાક ઉગાડવા દીધો નહોતો. વળી બે વરસ સૂધી વરસાદ પડ્યો નહિ ને અનાજનો દાણો શોધ્યો મળ્યો નહિ. આ સખ્ત તંગીને ટાળવાના નીચે પ્રમાણે કેટલાક ઉપાય લેવામાં આવ્યા હતા.—

૧.—જે ખેડુતો પાસે વીસ કરવાર‡ અનાજ હતું તેઓ પાસેથી જમીનનો કર લેવામાં ન આવ્યો.

૨.—સરકાર પોતાના ફાળાનું જે અનાજ લેતી હતી તે તેણે બીજા વરસની વાવણી કરવા સારૂ ખેડુતો પાસેજ રહેવા દીધું.

૩.—જે ખેડુતો પાસે વીસ કરવારથી વધારે અનાજ હતું, તેઓએ વીસ કરવારે એક કરવાર સરકારને આપ્યું.

૪.—જે ખેડુતો પાસે બે ચરખા †હતા તેઓનો કર પાછો આપવામાં આવ્યો.

૫.—જે ખેડુતો પાસે બેથી વધારે ચરખા હતા તેઓએ દર ચરખે બે રૂપિઆ સરકારને કર દાખલ આપ્યા, અને દર ‡હુરલે એક રૂપિઓ આપ્યો.

૬.—સરકારને જે કરવાર મળતી તે દરેક કરવારની કીમત રૂ૫૦) થતી, તેથી ખેડુતો કાંતો કરવાર અનાજ આપતા અથવા દર કરવારે રૂ૫૦) રોકડા આપતા.

‡ અનાજનું એક જાતનું માપ.

† બે જાનવરો (બળદો, પાડા વગેરે) થી ચાલતાં ઈરાની પૈડાં.

‡ એક જાનવરે ચાલતું ઈરાની પૈડું.

૭.—જ્યાંસૂધી તંગી ચાલી ત્યાંસૂધી જમીનદારો ઉપર દબાણ કરતાં તેઓના માગનારાઓને અટકાવવામાં આવ્યા હતા. આ વખતે સિંધના અમીરોએ ખેડુતો અને ધંધાદારાઓ સિવાય જે લોકો માઠી હાલતમાં હતાં, તેઓની એક ટીપ બનાવી તેમનું પોષણ કરવાનું નક્કી કર્યું હતું, અને પોતાની જમીનનું જે મહેસૂલ આવતું હતું તે તેઓએ ઘરમાં નહિ લેતાં સાડા ત્રણ ભાગમાં વહેંચી નાંખ્યું. એમાંના બે ભાગ ગરીબ સૈયદો અને મુસલમાનોમાં વહેંચી નાંખ્યા, જેથી તેઓનું પાંચ છ મહિના ગુજરાન ચાલે એટલો ખોરાક તેમને મળ્યો. ત્રીજો ભાગ બીજા દેશી પરદેશી મુસલમાનો માટે રાખ્યો, અને બાકીનો અર્ધો ભાગ દુઃખી હિંદુઓને આપ્યો.

દુકાળની વખતે જે માણસોને ગુલામગીરીમાં વેચવામાં આવ્યાં હતાં, તેમને તેઓનાં સગાં વહાલાંને આપી દીધાં, અને તેઓને ઘેર રવાના કીધાં. આ વખતે એક કરવાર અનાજના રૂ૫૦ પડતા હતા, જેનો ભાવ પાછળથી પંદરથી સોળ રૂપિઆ થઇ ગયો.

સિંધના ભાગમાં ઇ. સ. ૧૮૨૦ અથવા ઇ. સ. ૧૮૨૨ માં અતિ ઘણી રેલ આવવાથી સઘળો પાક ધોવાઇ ગયો, તેથી દુકાળ પડ્યો હતો. એ વખતે એક કરવાર અનાજ ૮૦ થી ૧૨૦ રૂપિએ વેચાવા લાગ્યું. એ ભાવ સાધારણ ભાવ કરતાં છથી આઠગણો વધારે હતો. આ મોંઘવારીનું સંકટ અટકાવવા સારૂ અમીરોએ સરકારી અનાજના કોઠાર ખુલ્લા મૂકાવ્યા, અને ઓછે ભાવે અનાજ વેચાવ્યું. વળી જમીનનું મહેસૂલ લીધું નહિ, અને ખેડુતોને સગવડ પડે એવી રીતે નાણાં ધીર્યાં.

સિંધનો ૨ જો ભાગ.

થર પારકરમાં પડેલા દુકાળ.

આ ઠેકાણે પડેલા દુકાળનાં વરસની ટીપ
નીચે પ્રમાણે મળી છે.

ઇ. સ. ૧૭૦૩.
" " ૧૭૪૫ થી ૧૭૫૨ સૂધી.
" " ૧૭૫૨ થી ૧૭૫૫ સૂધી.
" " ૧૭૮૩ થી ૧૭૯૦ સૂધી.
" " ૧૮૦૩ થી ૧૮૦૭ સૂધી.
" " ૧૮૦૭ થી ૧૮૧૩ સૂધી.
" " ૧૮૧૭ થી ૧૮૨૨ સૂધી.
" " ૧૮૨૫ થી ૧૮૩૪ સૂધી.
" " ૧૮૩૬ થી ૧૮૪૨ સૂધી.
" " ૧૮૬૦.

આ સઘળા દુકાળ પડવાનું કારણ અનાવૃષ્ટિ હતી. એ દર વખતનો ખરો દુકાળ હતો એમ કહેવાય નહિ; ઘણી વખત તો અનાજના ભાવજ વધી ગયા હતા, પણ બીજી પીડા પડી નહોતી. અમીરો, નગરના રાણાઓ, અને બીજા સરદારોએ એ સઘળા તંગીના વખતમાં લોકોને મદદ કીધી હતી. છૂટકારાના બીજા શા ઉપાય લેવામાં આવ્યા હતા તે વિષે કંઇ જણાયું નથી; પણ ઇ. સ. ૧૮૧૨ માં શાહજાદા મીરઅલ્લી મુરાદે દીપલા તાલુકાના દુઃખી લોકોનાં પેટ ભર્યાં હતાં, અને ખેડુતો પાસેથી ઉઘરાવેલો કર પાછો આપ્યો હતો. ઇ.સ. ૧૮૬૬ માં નગર તાલુકાનાં ભૂખે મરતાં લોકોએ નારાની નેરના કામ ઉપર મજુરી કરી રોજી મેળવી હતી. ઉપર જણાવેલા જૂદા જૂદા દુકાળોમાંથી ચાર સિવાયના બીજા બધામાં ચારથી ચૌદ મહિના સૂધી ખોરાકની

તંગી ચાલુ રહી હતી. બીજો દુકાળ જે ઇ. સ. ૧૭૪૫ થી ઇ. સ. ૧૭૫૨ સૂધી ચાલ્યો, તે નારા તાલુકામાં હતો. ત્રીજો જે ઇ. સ. ૧૭૫૨ થી ૧૭૫૫ સૂધી ચાલ્યો તે અમરકોટ તાલુકામાં પડયો હતો. ઇ. સ. ૧૮૦૭ થી ઇ. સ. ૧૮૧૩ સૂધીનો, અને ઇ. સ. ૧૮૩૬ થી ઇ. સ. ૧૮૪૨ સૂધીનો એ બે દુકાળ નારા તાલુકામાં પડયા હતા. લોકોએ મહા કષ્ટ વેઠયું હતું, પણ આસપાસના તાલુકામાં જતા રહેવાથી તેઓના જાન બચ્યા હતા. આ ઉપરાંત સિંધ અને તેની આસપાસના બીજા તાલુકામાં જૂદા જૂદા દુકાળ પડેલા હતા, તેઓનાં વરસ નીચે પ્રમાણે મળી આવ્યાં છે.

સિંધ.—ઇ. સ. ૧૫૨૧, ઇ. સ. ૧૫૪૦થી ૧૫૪૩ સૂધી, ઇ. સ. ૧૭૫૯, ઇ. સ. ૧૭૮૨થી ૧૭૮૪ સૂધી.

નારા તાલુકો.–ઇ. સ. ૧૭૪૫ થી, ૧૭૫૨ સૂધી, ઇ. સ. ૧૮૦૭ થી ૧૮૧૩ સૂધી, ઇ. સ. ૧૮૩૬થી ૧૮૪૨ સૂધી.

અમરકોટ તાલુકો.— ઇ. સ. ૧૭૫૨થી ૧૭૫૫ સૂધી, ઇ. સ. ૧૭૯૦, ઇ. સ. ૧૮૧૦.

નગર– ઇ. સ. ૧૮૦૩, ઇ. સ. ૧૮૨૫થી ૧૮૩૪ સૂધી, ઇ. સ. ૧૮૬૦.

મીટી–ઇ. સ. ૧૮૧૨.

ઉપલું સિંધ–ઇ. સ. ૧૮૨૦ થી ૧૮૨૨ સૂધી.

પ્રકરણ ૩ જું.

કચ્છમાં પડેલા દુકાળ.

આ જગોએ પડેલા દુકાળનો હેવાલ જેઓએ નજરે જોયો હતો તથા દંતકથાથી સાંભળેલો હતો તેઓથી મેળવેલો છે. જે નજરે જોનારાએ પોતાના મોઢેથી ખબર

આપીછે તે એજન્સીનો શીરસ્તેદાર મકનજી વ્હોરા હતો. તેની ઉમ્મર ૭૫ વરસની હતી. વળી એ ધણી સિવાય પહેલી રીજન્સીના સભાસદ મઉજી રતનજી મહેતાએ હેવાલ આપ્યો હતો. એ ધણીની ઉમ્મર ૮૧ વરસની હતી.

કચ્છમાં દુકાળ વરસાદ ન આવવાથી પડે છે, કારણ કે ગૂજરાત, અને વરસાદ વગરના સિંધ પ્રાંતની વચ્ચે એ આવેલું છે. અહિંઆં નહેરથી પાણી મેળવવાનાં સાધન નથી. કુવા ઘણા નથી તથા ઘણાખરા કુવાનું પાણી ખારૂં હોયછે. વળી દુકાળના વખતમાં મીઠા પાણીના કુવા પણ ખારા થઇ જાય છે. વળી તીડનાં ટોળાં ઉતરી પડવાથી પણ વારંવાર પાકનો નાશ થાય છે. ઇ. સ. ૧૮૧૪માં એટલા બધા ઊંદર નીકળ્યા હતા કે તેમણે પાકનો તદન નાશ કર્યો હતો. આ દેશની બધી જમીનમાં અનાજ પાકી શકે તેમ નથી. દરિઆ કિનારાનાં પ્રખ્યાત બંદર ન હોય તો અહિં વારંવાર તંગી પડે તેમાં કંઇ શક ભરેલું નથી. અહિઆં જયારે દુકાળ પડતા ત્યારે કચ્છના રાંવ છૂટે હાથે અનાજ વહેંચી સખાવત કરતા હતા, સસ્તા ભાવે અનાજ વેચવાની દુકાનો ઊઘડાવતા હતા, અને નવાં તળાવ ખોદાવવા તથા જૂનાં તળાવ કુવા વગેરે ગળાવવા સારૂ લોકોને કામે લગાડતા, અને તેઓની મહેનતને માટે ખાવાને જોઇતું અનાજ આપતા.

તંગીના વખતમાં ત્યાંની વસ્તીના લગભગ ત્રીજા ચોથા ભાગના લોકો તેઓનાં ઢોર સુદ્ધાં સિંધમાં જતા રહેતા અને ત્યાં થોડું રહી કચ્છમાં પાછા ફરતા હતા. સબબ કે પોતાનું ગુજરાન ચાલે ત્યાં સૂધી રહેતા.

દુકાળ વિષે બોલતાં વ્હોરા મકનજીએ જણાવ્યું હતું કે, "ઇ. સ. ૧૮૦૩ની સાલમાં હું ત્રણ વરસનો હતો અને તીડનાં ટોળાંએ પાકનો નાશ કરવાથી તંગી પડી હતી, એવું

મને યાદ છે. ઈ. સ. ૧૮૦૪ની સાલનું વર્ષ દુકાળનું હતું અને જીંદગીની જરૂરીઆતની ચીજો ઘણી મોંઘી મળતી હતી. ઈ. સ. ૧૮૬૦ના અષાડ અને શ્રાવણ માસમાં જમાદાર ફતેહમહમદે દરબારનો અનાજનો જથો ઉઘાડ્યો હતો અને પહેલાં દર કોરીએ એટલે ચાર આનાને બે પાઈએ ત્રણ પાલી એટલે ૬૬ તોલા અનાજ વેચ્યું હતું; પણ ત્યારપછી તેણે અઢીસો ઊંટ ભાડે કરી ચોખા લેવા સારૂ સિંધ મોકલ્યાં, તે આસો મહિનામાં કચ્છ આવી પહોંચવાથી લોકો ભૂખમરાથી બચ્યાં હતાં. ઈ. સ. ૧૮૧૩માં એક મોટો દુકાળ પડ્યો, ત્યારે હું વીસ વરસની ઊમ્મરનો હતો. એ વરસમાં કચ્છમાં કોઇ પણ માણસ ભૂખથી મરણ પામ્યું નહોતું. શ્રાવણ મહિનામાં જીંદગીની જરૂરીઆત વસ્તુઓ ઘણી મોંઘી થઇ અને એક કોરીનું પોણાબે પાલી અનાજ મળવા લાગ્યું. બરના દરવાજા આગળ થઇને ફતેહ મહમદ જમાદાર ગાડીમાં બેશીને જતો હતો, તેની આસપાસ ત્રણસો સ્ત્રીઓ ફરી વળી, અને ભૂખે મરવાની ફરિયાદ કરવા લાગી. આથી જમાદારે શા૦ ભુવનજી મોતીચંદ અને બીજા અનાજના વેપારીઓને બોલાવીને કહ્યું કે તમારે એક કોરીનું ત્રણ પાલી અનાજ વેચવું, નહિતો સરકાર પોતાની તરફથી દુકાનો ઉઘાડશે. પછી તરતજ કેટલુંક અનાજ મંગાવી માગવા આવેલી દરેક સ્ત્રીને ચાર ચાર પોસો આપ્યું અને જણાવ્યું કે આવતી કાલે શીરસ્તાના ભાવે સર્વે ધાન્ય વેચાવા માંડશે. એ જમાદારે પોતે દુકાનો ઉઘાડી દરેક માણસને બે કોરીનું છથી આઠ *પાટી અનાજ આપવા માંડ્યુ, તેથી બીજા બે વેપારીઓએ પણ તેજ ભાવે

*પાટી એ કચ્છમાં ચાલતું એક માપ છે. એમાં કચ્છના ૩ શેર માય છે, અને તે શેર ૨૧ રૂપિઆ ભારનો થાયછે.

પોતાનું અનાજ વેચવું શરૂ કર્યું. અંજાર પાઠકમાં કારભારી પ્રાગજી વેલજીએ સીબંધી ખાતાંઓને પૂરતું અનાજ પહોંચાડવાની સંભાળ લીધી હતી. આ સાલ જેઓ ભૂખથી મરી ગયાં તેઓ કાઠીઆવાડથી આવેલાં હતાં. તે લોકો કચ્છનું રણ ઓળંગી વાગડમાં આવ્યાં, પણ રસ્તામાં ખોરાક મેળવી શક્યાં નહિ તેથી મરવા લાગ્યાં. ભૂખના દુઃખથી તેઓ એવાં નઠોર થઇ ગયાં હતાં કે ધણી પોતાની સ્ત્રીનું લોહી પીએ અને સ્ત્રી પોતાના ધણીનું લોહી પીએ; મતલબ કે એકબીજાને મારી ખાય; એટલુંજ નહિ, પણ એવાં જ્ઞાનશૂન્ય થએલાં સ્ત્રી પુરૂષો પોતાનાં બાળકોને પણ મારી ખાવા લાગ્યાં. વળી જે દિવસે તેમને કૂતરો અથવા બિલાડી ખાવા મળે તે દિવસને તેઓ એક અચ્છી મિજબાનીનો ગણતાં હતાં. આ વખતે સિંધના અમિરોએ તથા કચ્છ અને કાઠીઆવાડના શ્રીમંત લોકોએ એવા કંગાલોને ઘણી મદદ કરી હતી. કડી, પાટણ અને ગૂજરાતના બીજા ભાગમાં વરસાદ પડયો હતો, પરંતુ ત્યાંથી મોટા જથાબંધ અનાજ બહાર ગામ જવાથી ત્યાં પણ તંગી પડી હતી. એ તંગી છેક સૂરત સૂધી જણાઇ હતી. આ વરસને અંતે વાગડના કેટલાક રહેવાશીઓ ખજૂરાં અને કરડાની છાલ ઉપર ગુજરાન કરવા લાગ્યા, તથા બોકના નામનો પાલો ખાવા લાગ્યા, તેથી તેમના પગ સૂજી આવ્યા અને છેવટે તેઓ મર્ણ પામ્યા. ઇ. સ. ૧૮૧૨માં તીડનાં ટોળાં આવ્યાં તે ઘાસનાં બી ખાઇ ગયાં, તેથી તેની પુષ્કળ તંગી પડવાથી ઘણાંખરાં ઢોર મર્ણ પામ્યાં અને એક કોરીનું અરધો શેર ઘી મળવા લાગ્યું. આ વરસે ખરાબ જાતનો તાવ ફેલાયો હતો, તેથી કેટલાક સરદારો, રાવ રાયસિંગજી તથા જમાદાર ફતેહમહમદ એવા મોટા મોટા માણસો મર્ણ પા-

મ્યા. ઇ. સ. ૧૮૧૩માં પણ ઘાસની તંગી ઘણી પડવાથી ઘણાં ઢોર મરણ પામ્યાં. જે વેપારીઓ અને લોકો એ દુ-કાળમાં ઈજા ન પામ્યા તેઓ પાછળથી ચાલેલા તાવથી મર્ણ પામ્યા, અને તે ઉપરથી કહેવત ચાલી કે, સંવત્ ૧૮૬૯માં (ઇ. સ. ૧૮૧૩માં) માણસો ભૂખે મુઆં, અને સંવત્ ૧૮૭૦ માં (ઇ. સ. ૧૮૧૪માં) માણસો દુઃખને આધિન થયાં."

"ઇ. સ. ૧૮૧૫ માં ઊંદરડાઓનો ઘણો ઉપદ્રવ થયો તેથી એ વરસ કચ્છ અને કાઠીઆવાડમાં "ઊંદરડાઓનું વ-રસ" ગણાવવા લાગ્યું. તે ઊંદરો અનાજનાં કણુસલાં કાપી ખાઇ બાકીનાને પોતાના દરમાં લેઈ જતા, તેથી ગરીબ લો-કો તે ઊંદરોનાં દર ખોદીને તેમાંથી દાણા ભર્યાં કણુસલાં ખોદી કાઢી ખાવા લાગ્યા હતા. પરંતુ આગલા વરસમાં અ-નાજ સારૂં પાકયું હતું તેથી તેના ભાવમાં કંઈ ફેરફાર થયો નહોતો."

"ઇ. સ. ૧૮૨૦ માં જે અનાજ વાવ્યું હતું તે અતિ ઘણા વરસાદથી કોહી ગયું, અને તે પછી જુવાર તથા ઘઊં વાવ્યા તે ઠાર (હીમ) પડવાથી બગડી ગયા. ઇ. સ. ૧૮૨૬ માં વળી પાછા ઊંદરો કાઠીઆવાડમાં અને બીજી જગોએ ઊભ-રાઈ આવ્યા, પણ તે વખતે વાગડ અને કચ્છમાં તેઓની સંખ્યા ઓછી હતી. એ વરસને "ઊંદરીઊં" વરસ કહેતા હતા."

"ઇ. સ. ૧૮૩૪ માં વરસાદ પુષ્કળ પડયો હતો, અને અ-નાજ તથા ઘાસના પાકની હાલત સારી હતી; પણ એકદમ ઘણાં તીડનાં ટોળાં આવી પડવાથી આખા પ્રાંતના અનાજ, ઘાસ અને વનસ્પતિ સુદ્ધાંનો નાશ કર્યો અને લોકોના ઘરમાં ભરાઈ રાંધવાની અડચણ પડે એવું કર્યું. ગરીબોને છો-ડવવાને આ વરસે દિવાન લક્ષ્મીદાસે ઉપાયો લીધા હતા."

આ નીચેનો હેવાલ રતનજી મનજી નામના ૮૧ વ-

રસની ઉમ્મરના શખ્સ તરફથી મળ્યો હતો.

ઇ. સ. ૧૭૯૧ નું વરસ કચ્છમાં દુકાળનું હતું. જેઠ મહિનામાં ગરમી ઘણી પડવાથી કાળી કીડીઓ દેશના તમામ ભાગપર પસરી ગઇ, અને ઘાસ વગર ઢોરને ઘણું દુઃખ ખમવું પડ્યું, તેથી તેઓ મુએલી કીડીઓ ખાવા લાગ્યાં. પાછળથી વરસાદ પડયો અને ઘાસ ઉગ્યું, પણ તે ઘાસ સાથે મુએલી કીડીઓ ઢોરના ખાધામાં આવવાથી, ગાયો, ભેંશો વગેરેના તરતના દોહેલા દૂધમાં કીડીઓના પગ આવતા હતા. ઇ. સ. ૧૮૧૫ માં વરસાદ ઘણો પડયો અને પાક સારો થયો હતો, પણ એ વરસમાં પણ ઘણા ઊંદર થયા, તે સઘળાં ખેતરોને વેરાન કરી બે મહિનામાં પાછા સમાઇ ગયા. એ વરસને લોકોએ ઊંદરીઊં વરસ કહ્યું હતું.

મહેતા માધવજી શીવરામ જેઓ દરબારના કારભારી હતા તેમણે આપેલો હેવાલ એવો છે કે, ઇ. સ. ૧૫૭૯ નું વરસ કચ્છમાં ઘણા દુકાળનું હતું. એ વખતે મહારાવ રાય ખેંગારજી જીવતા હતા, પણ રાવ બારમલજી કારભાર ચલાવતા હતા. એ વખતે શા શા ઉપાય લીધા હતા તે નીચેની કવિતા ઉપરથી જણાઇ આવે છે.

પાંત્રીસે પડતે, પાંત્રીસે સાધણ વેઆ
છોરૂ છવણ કેઆ, પતો ચડા આષે ગઉત. ૧
નવ સોરઠ નવ કોઠ, મીઠે આજ નવલખે તાહે
જો ચેલ હતો મન મોટ, તેષો ભેર આપ ગઉત. ૨
નાગણ પુછે નાગે ક, આવે તલ આપાર
એ કાય સ્હ ચડાયા, ભુજપતી ભાર. ૩

સંવત્ ૧૬૩૫ (ઇ. સ. ૧૫૭૯) ના મોટા દુકાળમાં આબરૂદાર કુટંબોના ભોગ થઇ પડ્યા હતા. તેઓ પોતાનાં બચ્ચાંઓનાં પેટ ભરવાને ઘણાં અશકત થઈ ગયાં હતાં. એ

લોકોને દુઃખમાંથી છોડાવનાર રાવ બારમલજી હતા. કેટલાક જાગીરદારો આ વખતે રાવ બારમલજી જોડે આવ્યા અને તેઓને રાવે સારો આવકાર આપ્યો. દુકાળ પૂરો થયા બાદ તેઓ પોત પોતાને ઘેર ગયા. જે જગોએ આ ગૃહસ્થોનું ખાવાનું રાંધવા માંડ્યું હતું ત્યાં એક સાપનું દર હતું, તે ઉપરથી નાગણે નાગને પૂછ્યું કે આટલી ગરમી આપણને કેમ લાગે છે? એ ઉપરથી નાગે જવાબ વાળ્યો કે દુઃખી લોકોને ખવરાવવા રાવ બારમલજીએ ખોરાક રાંધવા માંડ્યો છે. એ મતલબ ઉપલી કવિતાની છેલ્લી લીટીમાં જોવામાં આવેછે.

ઈ. સ. ૧૭૪૬ નું વરસ મોટા દુકાળનું હતું. મહારાવશ્રી દેસલજી જીવતા હતા, પણ રાવ લખપતજી કારભાર ચલાવતા હતા. આ વખતે બીદના દરવાજા આગળ ખોરાક રંધાવી લોકોને ખવરાવવામાં આવતો હતો. દરેક માણસને એક જણ ખાય તેટલું ઘેર લેઈ જવાની છૂટ આપી હતી. એ સાલમાં પાછળથી વરસાદ વરસ્યો હતો. જે ઠેકાણે ખાવાનું રંધાતું હતું તેને "તોટા વાળી વરંડી" કહેછે.

ઈ. સ. ૧૭૫૭ અને ઈ. સ. ૧૭૬૬ એ વર્ષો દુકાળનાં હતાં. પહેલા વરસમાં રાવ લખપતજી અને પાછલામાં રાવ ગોહોદજી રાજ કરતા હતા. આ વરસમાં લોકોને છોડવવાના શા ઉપાય લીધા હતા તે જણાયું નથી. ઈ.સ. ૧૭૭૪-૧૭૮૨–૧૭૮૪–૧૭૯૧ એ સઘળાં દુકાળનાં વરસો હતાં, પણ તેઓની કશી હકીકત જણાઈ નથી.

ઈ. સ. ૧૮૦૩ અને ઈ. સ. ૧૮૦૪ એ બે દુકાળનાં વરસ હતાં. કચ્છમાં રાવ રાયધનજી રાજ્ય કરતા હતા પણ સઘળો કરભાર જમાદાર ફતેહ મહમદ ચલાવતા હતા. બીદ દરવાજા આગળ અનાજની દુકાનો ઉઘાડી એક કોરીનું ચાર

પાટી અનાજ વેચાવ્યું હતું. કેટલાંક માણસો સિંધ તરફ જતાં રહ્યાં અને સુકાળ થયે પાછાં આવ્યાં હતાં. ઇ. સ. ૧૮૧૩ નું વરસ ઘણું સંકટનું હતું, અને તે આખા દેશમાં સઘળે ઠેકાણે ત્રાસદાયક નીવડયું હતું. દુકાળ શરૂ થતાંજ ઘણાં માણસો મરી ગયાં, અને ઘણાંએ પોતાનાં બાળ બચ્ચાં વેચી દીધાં. લોકો દુઃખથી એટલાં બધાં કંટાળી ગયાં હતાં કે તેઓના સ્વભાવ ઉપર માઠી અસર થઇ હતી, અને તેઓએ સભ્યતા અને માણસપણું તજી દીધાં હતાં. કાઠીઆવાડ અને બીજા પ્રગણાનાં લોક પોતાની મિલ્કતને તથા છોકરાંને છોડી કચ્છના રણમાં થઇ સિંધમાં જતાં રહ્યાં, અને ત્યાં પૈસા આપીને તથા બીજી રીતે અનાજ મેળવી શકયાં. પણ જેઓ છોકરાં છૈયાં સાથે નીકળ્યાં હતાં તેઓ ઘણાંખરાં (છોકરાં સુદ્ધાં) રસ્તામાંજ મર્ણ પામ્યાં. એ લોકની મોટી સંખ્યા કચ્છમાં રહેવાથી કચ્છમાં પણ તંગી ચાલી. આ વેળા અનાજની દુકાનો બંધ રાખવામાં આવી હતી, કારણ કે ભૂખ્યાં લોક જે હાથમાં આવ્યું તે લૂટી ખાવા લાગ્યાં હતાં. આ વરસે દોઢ કોરીનું બે પાટી અનાજ મળ્યું હતું. ચાર મહિના જબરૂ સંકટ ચાલ્યું, તે વખતમાં જમાદાર ફતેહમહમદે દેશલસરનું તળાવ બંધાવી મજુરી કરનારાઓને દરરોજનું અર્ધીપાટી અનાજ આપ્યું હતું. કારતક મહિનામાં બીજા દેશમાંથી અનાજ આવી પહોંચવાથી સુકાળ થયો, અને એક કોરીનું ૪ પાટી વેચાવા માંડયું. માંડવીમાં શા. શિવરામ સુંદરજીએ લોકોને ખાવાનું આપ્યું હતું, અને ખત્રી સુંદરજી, જે કોઇ તેને દરવાજે જતું તેને શેર ખજૂર અને થોડી ખાંડ તથા ઘી આપતો હતો. મુદ્રામાં મહમદ મીઆંએ અનાજની દુકાન ઉઘાડી હતી.

ઇ. સ. ૧૭૯૧ માં અંગ્રેજ સરકારના લશ્કરે કચ્છમાં

ફતેહ મેળવી, તે પછી ઇ. સ. ૧૮૨૫માં એક મોટો દુકાળ ત્યાં પડ્યો હતો. ત્યારબાદ અંગ્રેજી લશ્કરને ભૂજમાં છાવણી કરી રાખ્યું. આ વરસમાં બહારથી નાશી આવેલા લોકોની સંખ્યા થોડી હતી. કોઇ ભૂખથી મરી ગયું નહોતું અને રીજન્સી ખાતામાંથી સખાવત તરીકે ખોરાક વહેંચવામાં આવતો હતો. દરબારી અનાજના જથામાંથી દર માણસને એક શેર, ખત્રી રતનશીના ઘરમાંથી દર માણસને અર્ધો શેર, અને મહેતા લક્ષ્મીદાસના ઘરમાંથી અર્ધો શેર એ પ્રમાણે અનાજ વહેંચાતું હતું. હમીરસરનું તળાવ ખોદવા જેઓ કામે લાગ્યાં હતાં તેઓને રોજ અર્ધો શેર અનાજ આપવામાં આવતું હતું. જે જે ઠેકાણે પાણી જણાયાં ત્યાં કુવા ખોદી વાવણી કરવામાં આવી હતી.

ઇ. સ. ૧૮૩૪નું વરસ કચ્છમાં તંગીનું હતું, પણ કુવા ખોદેલા હતા તેથી તથા જમીન અને દરિઆને મારગે દેશાવરથી અનાજ આવી પહોંચવાથી તંગીમાં ઘટાડો થયો હતો.

આ વરસમાં દરકોરીનું ચાર પાટી અનાજ વેચાતું. ઇ. સ. ૧૮૩૯ અને ઇ. સ. ૧૮૪૧–૪૨ એ વરસો તંગીનાં હતાં. એ વખતમાં રાવ દેસલજીએ ગરીબોનાં પેટ ભરવા અંગ ઉપર નાણાં ધીરી કેટલીક વાડીઓ બંધાવી, તથા હમીરસર અને દેસલસર તળાવો પૂરાં કરાવ્યાં. એ તળાવ તૈયાર કરવામાં બેથી ત્રણ હજાર માણસો કામે લાગ્યાં હતાં. એ માણસોમાંથી મોટાને પાટી અને છોકરાને અર્ધી પાટી પ્રમાણે અનાજ મળતું હતું. એ તળાવોનું કામ ત્રણ વરસ સૂધી ચાલુ રહ્યું હતું.

ઇ. સ. ૧૮૪૬, ૧૮૪૯, અને ૧૮૫૪નાં વરસો પણ તંગીનાં હતાં. આ સાલોમાં વરસાદ થોડો થયો હતો, અને તેથી પાક પણ થોડોજ ઉતર્યો હતો. એ વરસોમાં દરબારે

ઘણી સખાવત કીધી હતી. દર કોરીનું ચારથી છ પાટી અનાજ વેચવામાં આવ્યું હતું.

ઇ. સ. ૧૮૬૧ નું વરસ દુકાળનું હતું. તે વેળા રાવ પ્રાગમલજીએ પોતાનો અનાજનો ભંડાર ઊઘડાવી દરકોરીનું પાંચથી છ પાટી અનાજ વેચ્યું હતું. દેસલસર અને હમીરસરનાં તળાવો ગળાવવાનું કામ પાછું શરૂ કર્યું, અને મજુરોમાંથી જે મોટી ઉમ્મરનાં હતાં તેમને એક પાટી અને છોકરાંને અરધી પાટી પ્રમાણે અનાજ આપ્યું હતું. ખેડુતો પાસેથી જે કર લેવામાં આવતો હતો તે આ વરસે પાછો આપવામાં આવ્યો, અને બીજા દેશોમાંથી જમીનને રસ્તે જે અનાજ આવતું તે ઉપર લેવાતી જકાત પણ માફ કરી.

ઇ. સ. ૧૮૬૨, અને ઇ. સ. ૧૮૬૭ નાં વરસો દુકાળનાં નહોતાં પણ કેટલાંક કારણોને લીધે અનાજ મોઘું થયું હતું. ખેડુતો, ગરાશીઆઓ વેપારીઓ, અને મજુરોનો વહિવટ ઘણો વધવાથી તેઓને એ મોઘવારીને લીધે થોડું ખમવું પડયું, પણ જેઓથી કામ ન થઈ શક્યું, અને જેઓ વેપાર ન ચલાવી શક્યા, તેઓને માટે દરબારના અનાજના ભંડાર ઉઘાડી દરકોરીએ ચાર પાટી પ્રમાણે વેચવામાં આવ્યું હતું. વળી દરબારી નોકરોના પગાર વધાર્યા, અને માંડવી, મુદ્રા તથા બીજાં બંદરોમાં લેવાતી પૂરતીની અને બીજી જકાતો કેટલાક વખત સૂધી બંધ કરી, અને ગરીબોને ઓછા ભાવે છૂટક અનાજ વેચવા સારૂ બહાર ગામથી અનાજ મંગાવવાને શાહુકારોને ઉત્તેજન આપ્યું.

ઇ. સ. ૧૭૪૬ થી ઇ. સ. ૧૮૬૭ સૂધી કચ્છમાં જે જે દુકાળ પડયા તથા તેની સાથે જે જે તંગીઓ પડી, તે વરસોમાં જૂદું જૂદું અનાજ એક રૂપિઆનું કેટલા તોલા વેચાતું તે નીચેના કોઠા ઉપરથી જણાશે.

વરસ.	૧૭૪૬	૧૭૫૬	૧૭૬૫	૧૭૭૩	૧૭૮૨	૧૭૯૦	૧૮૧૨	૧૮૧૪
ઘઉં.	૧૭૪૧	૧૬૬૮	૨૪૭૧	૨૫૫૫	૨૩૧૮	૧૨૫૨	૫૧૩	૯૬૮
બાજરી	૧૨૯૮	૧૯૨૨	૩૭૫૪	૩૦૮૨	૩૪૮૨	૧૪૧૩	૭૦૨	૯૨૪
કોરદ(?	”	૨૦૦૨	”	૩૭૫૪	૪૨૯૦	૨૧૪૫	૬૬૮	૧૧૧૨
મગ.	૧૦૯૨	૧૪૮૩	૩૭૫૪	૨૬૧૧	૨૪૦૨	૧૫૦૧	૫૫૬	૮૮૩
જુવાર.	૧૬૦૧	૩૩૩૭	”	૩૫૫૪	૪૦૩૮	૧૫૦૧	”	૯૧૦
કપાશીઆ	૩૯૨	૭૩૫	”	૧૧૪૪	૮૫૮	”	”	”
ઘી.	૧૭૪	૧૪૮	૨૫૦	૨૧૧	૨૨૨	૧૪૮	”	”
તેલ.	૩૩૩	૩૨૪	૭૫૨	૩૬૪	૫૯૦	૩૩૩	”	૨૨૯
સાઠી ચોખા	૧૬૦૧	૧૭૯૯	૨૧૪૬	૧૩૬૫	૧૭૬૫	૧૨૦૧	૮૧૧	૯૩૮
સફેદ ચોખા	”	”	”	”	”	”	૫૯૪	”
જેરા?	૧૭૬૬	૪૪૪૯	૧૦૦૧	”	”	૨૯૦૨	૭૫૦	૧૦૭૨
એળીઆ	”	”	”	”	”	”	૧૩૯૩	૧૧૫૫
ચણા.	”	”	”	”	”	”	”	૯૩૯
અડદ.	”	”	”	”	”	”	”	”
અરચીઆ(?)	”	”	”	”	”	”	”	”
તુઅેરની દાળ.	”	”	”	”	”	”	”	”

૧૮૩૩	૧૮૩૮	૧૮૪૦	૧૮૪૧	૧૮૪૫	૧૮૪૮	૧૮૫૩	૧૮૬૦	૧૮૬૭
૧૩૬૫	૧૩૯૬	૧૪૩૦	૧૩૬૫	૧૫૦૫	૧૮૧૬	૧૭૬૬	૮૧૧	૭૭૫
૧૩૦૫	૧૦૭૨	૧૫૦૧	૧૫૪૦	૧૫૦૧	૨૬૬૯	૧૭૬૬	૮૮૯	૮૫૯
૨૯૦૨	૧૫૦૧	૧૬૨૩	૧૧૫૫	૧૮૧૬	૨૪૦૨	૨૫૦૨	૧૧૧૨	૧૦૩૭
”	૧૫૦૧	૧૧૧૨	૧૯૦૧	૧૪૬૫	૧૮૧૬	૧૭૬૬	૯૩૮	૭૪૩
”	૧૮૧૬	૧૫૦૧	૧૨૭૮	૨૨૨૪	૨૪૦૨	૨૪૦૨	”	૯૭૪
”	”	”	”	”	”	”	”	”
”	૧૨૧	”	”	”	૧૮૨	૧૯૧	૧૧૯	૬૩
૩૪૮	”	૨૬૭	”	”	૩૪૮	૩૦૮	”	૧૬૮
૧૩૬૫	૯૩૯	૧૧૫૫	૧૦૩૫	૧૨૫૧	૧૫૦૧	૧૫૮૦	૯૧૦	૭૬૩
”	”	૮૦૦	”	૯૭૬	”	૧૧૫૫	”	૫૬૨
”	૧૫૦૧	૧૦૧૬	૧૫૦૧	૨૦૩૬	૩૩૩૭	૨૧૪૫	૧૫૪૦	૧૧૦૮
૨૭૩૦	૧૫૮૦	૧૫૪૦	૧૫૮૦	૧૮૨૦	”	”	”	૭૬૬
૧૫૦૧	૧૮૮૩	”	”	૧૫૪૦	૨૧૪૫	૧૪૩૦	૯૬૮	૬૯૦
”	”	”	૧૪૩૦	”	”	”	”	૫૬૭
૧૩૦૫	૯૩૮	૧૩૬૫	”	”	૧૩૬૪	”	”	૫૯૮
૧૩૦૫	”	”	૧૧૫૫	”	”	”	૬૮	૧૩

ઇ. સ. ૧૮૩૪ના એશિઆટિક જરનલમાં મુંબાઈ ગેઝેટની સત્તા ઉપરથી જણાવવામાં આવ્યું હતું કે, એ સાલના અરસામાં કચ્છમાં દુકાળ પડયો હતો. તે વખતે રાવનો પ્રધાન જે રેસિડેંટના હાથમાં એક રમકડાની માફક હતો તેણે બધું અનાજ અને જાનવોરોનો ચારો એક હાથે કરી લીધો હતો. એ પ્રધાનનું નામ લખમીદાસ હતું. એની આવી ક્રૂર ચાલને માટે સઘળી વરણના લોકો એને ધિક્કારતા. ગરીબોનાં લોહી ચૂસી ચૂસીને પોતાને માટે પૈસો એકઠો કરનાર એ માણસ હતો.

પ્રકરણ ૪ થું.

દક્ષિણ દેશમાં (મહારાષ્ટ્રમાં) પડેલા દુકાળ.

ખાન દેશમાં પડેલા દુકાળ.

આ ભાગ પહેલાં પેશ્વાના હાથમાં હતો, અને તેમાં સિંધીઆ તથા હોલ્કરની મિલ્કતો હતી. ઇસ્ટ ઈન્ડિઆ કંપની તેની આવકનો તે વખતનો કંઈક થોડો ભાગ લેતી હતી.

ઇ. સ. ૧૮૦૨–૩માં પાણી તથા અનાજ વગરેનું ઘણું સુખ હતું, પણ ફક્ત બેદાદી તથા અંધેરને લીધે તંગી પડી હતી. એનું કારણ એ હતું કે સિંધીઆ અને હોલ્કરનાં માણસોએ એ પ્રાંતમાં લૂંટ પાડી સઘળે ઠેકાણે નાશ વાળ્યો હતો, તેમજ પિંઢારાઓએ ગામડાં લૂંટી બાળીને ઉગેલા પાકનો નાશ કર્યો હતો. વળી આ જબરી લૂંટમાં ભીલ લોકોએ પણ ભાગ લીધો હતો. આવું એકદમ નુકસાન થવાથી એક રૂપિઆનું એક શેર અનાજ વેચાવા લાગ્યું. દક્ષિણ અને હિંદુસ્તાનના બીજા ભાગોની આ વખતે એટલી માઠી હાલત હતી કે, ત્યાંથી આ પ્રાંતમાં અનાજ લાવી

શકાય તેમ નહોતું. આ વરસે ઘણાં લોક તંગીથી તથા મરકીથી નાશ પામ્યાં અને ઘણાંક પોતાનાં ઉજડ થયેલાં ઘરબાર છોડીને દેશાવર ખાતે નાઠાં તે પાછાં ફર્યાંજ નહિ. આ સાલમાં પેશ્વા સરકારે લોકોના છૂટકારાના ઉપાયો લેવા સારૂ વિંચૂરકર સરદારને ખાસ અમલદાર ઠરાવ્યો હતો. તેણે સરકારના હૂકમથી દેશમાં આવતા માલ ઉપરની જકાત લેવાતી બંધ કરી અને લોકો પાસેથી લીધેલું મહેસૂલ પાછું આપ્યું. તેમજ ત્યાંથી બહાર ગામ ખાતે જતું અનાજ અટકાવ્યું અને લોકોની જરૂરીઆતને માટે બધે ઠેકાણે એક સરખા ભાવ રખાવ્યા. વળી આરબો, ભીલો, અને એવાજ બીજા ધાડપાડુઓ લૂંટ ચલાવતા હતા તેમને અટકાવ્યા. ઇ. સ. ૧૮૦૪માં એ પ્રાંત શાન્ત થયો, પણ દુકાળને લીધે ઉત્પંન થયેલું સંકટ પંદર મહિના સૂધી ચાલુ રહ્યું.

ઇ. સ. ૧૮૨૪–૨૫નું વરસ ઘણી તંગીનું હતું. એ વરસમાં વરસાદનાં થોડાંજ ઝાપટાં પડ્યાં હતાં, પણ ગયેલી તથા આવતી મોસમો ઠીક નિવડી તેથી લોકોને સંકટ થોડું પડ્યું હતું. જમીનનું મહેસૂલ પાછું આપવા ઉપરાંત આ સાલમાં બીજા ઉપાયો લેવાની સરકારને જરૂર પડી નહિ.

ઇ. સ. ૧૮૩૨ અને ઇ. સ. ૧૮૪૫નાં વરસો ઘણાં તંગીનાં હતાં. એ વરસોમાં વખતસર વરસાદ પડ્યો નહિ તેથી લોકો ઘણાં દુઃખી થવા લાગ્યાં. સરકારે ૩૬૧૭૬૭૭ અને ૬૪૭૮૪૫ રૂપિઆ એ બે સાલોમાં મહેસૂલનાં ઉઘરાવેલાં નાણાંમાંથી પાછા આપ્યા હતા. એ વરસોમાં બજારમાં અનાજના ભાવ શા પ્રમાણે હતા તે જણાયું નથી.

ઇ. સ. ૧૮૬૨ અને ઇ. સ. ૧૮૬૬માં વરસાદ બરાબર પડ્યો હતો, પણ અમેરિકામાં લડાઈ ચાલવાથી રૂ-

ના ભાવ વધી ગયા હતા, તેથી ઘણુંકરીને બધા ખેડુતો કપાસ વાવવા પાછળ મંડચા, માટે અનાજ ઘણું થોડું પાક્યું; પણ રેલવેના અને બીજાં હજારો કામ ઉપર લોકો ધંધે લાગેલાં હતાં તેથી તેઓને રોજ પેટિયું (ખાવાનું) મળતું એટલે અનાજની તંગી તેમને જણાઈ નહિ.

ખાનદેશમાં જૂદાંજૂદાં વરસોમાં ખોરાકની જણસો એક રૂપિઆની કેટલા શેર વેચાઈ હતી તેનો કોઠો.

	૧૭૬૫	૧૭૬૯	૧૭૭૩	૧૭૭૫	૧૭૭૯	૧૭૮૨	૧૭૮૩	૧૭૯૦	૧૭૯૧	૧૭૯૩	૧૮૦૫	૧૮૧૦
ઘઉં.	૨૪	૨૫	૧૫।।।	૧૯।	૨૬	૩૨	૩૨	૧૨।।।	૧૨।।।	૨૯।	૧૪	૧૬
બાજરી.	૨૫	૨૨	૧૫।।	૧૯।।।	૨૧।।	૩૨	૩૬	૧૩	૧૬	૪૦	૧૪	૧૬
ચણા.	૨૫	૦	૧૪।।।	૨૮	૩૨	૦	૦	૯।।	૦	૦	૦	૦
તુએર.	૨૧।।	૨૫	૧૩।	૨૦।।	૨૦	૦	૩૬	૬	૦	૧૯।।	૦	૮
નાગલી.	૪૫	૨૪	૨૪	૧૭	૪૮	૦	૦	૧૬	૦	૦	૦	૦
તેલ.	૮	૯	૭	૬।	૯	૯।।	૯	૪।	૫।।।	૯।	૫	૮
ઘી.	૨।।	૨।।	૨	૨।।	૨	૩	૩	૨।।	૨	૩।	૩।	૦
ગોળ.	૦	૧૩।	૭	૬।।	૧૬	૧૬	૧૬	૮	૭।।	૮	૩	૧૧
ચોખા.	૦	૧૬	૯	૧૩।	૧૫	૧૬	૧૬	૬	૯	૨૮	૫	૮
જુવાર.	૦	૦	૦	૦	૪૦	૦	૦	૦	૦	૦	૦	૦

અહમદનગરમાં પડેલા દુકાળ.

આ તાલુકો અંગ્રેજ સરકારના હાથમાં આવ્યા પછી ત્યાં કોઇ જબરો દુકાળ પડયો નથી. દંતકથા પરથી એટલું જણાયછે કે ૪૦૦ વરસની વાત ઉપર અહિંઆં બાર વરસ સૂધી દુકાળ પડયો હતો.

ઇ. સ. ૧૭૯૨માં અહમદનગર જીલ્લાના દક્ષિણ અને પશ્ચિમ ભાગો જેવા કે જામખેડ, પારનેર, આકોલા, સંગમનેર ઇત્યાદિ તાલુકામાં અનાજના ભાવ ઘણા વધી જવાથી લોકોએ ઘણું સંકટ વેઠયું હતું. આ વેળા અનાજ ૨૧)નું ૬ શેર હતું.

ઇ. સ. ૧૮૦૩–૪નો દુકાળ સર્વ ઠેકાણે પથરાઈ ગયો હતો. સાંભળવા પ્રમાણે એ દુકાળમાં ઘણાં મોત નિપજ્યાં હતાં. ઘરડાં માણસ એવું કહેછે કે ફકત અહમદનગર શહેરમાં છ હજાર માણસ મરણ પામ્યાં હતાં. કેટલાક તાલુકામાં દુકાળ હતો તેનું કારણ હોલ્કરના લશ્કરની અને પિંઢારાઓની લૂંટ કહેવાય છે. એ લુંટારૂઓ પોતાના ઘોડા તથા હાથીઓને ખવરાવવા ઉગતો લીલો પાક ખેંચી ગયા. વળી એઓએ વખારો પણ લૂંટી લીધી અને મોસમમાં વાવવા જેટલું પણ અનાજ રહેવા દીધું નહિ.

એજ જીલ્લાનો નીચલો હેવાલ લોકોને પૂછપરછ કરી કૃષ્ણરાવ વિઠ્ઠલ વિંચૂરકરે મેળવેલો છે.

કહેછે કે બીજા બાજીરાવ પેશ્વાના હૂકમથી વિઠોજી હોલ્કરને મારી નાખ્યો હતો, તેથી જશવંતરાવ હોલ્કર અતિ કોપાયમાન થયો અને એક મોટું લશ્કર તથા પિંઢારાઓની ટોળી સાથે ચઢી આવ્યો. તેણે નર્મદાથી કૃષ્ણાનદી સૂધી લૂંટ ચલાવી હતી. ગોદાવરીની બંને બાજુનાં ગામડાં હોલ્કરના હૂકમથી ફતેસિંગ માને અને શાહ અહમદખાન

પઠાણે તારાજ કરી નાખ્યાં, અને દરેક લોકો પાસેથી મારફાડ કરી વેરો લીધો. તેઓ ઠેકાણે ઠેકાણે અનાજ હતું તે સઘળું લૂંટી ખાતા, તેમજ પોતાના ઘોડાઓને ખવરાવી દેતા; એમ કરતાં જેટલું અનાજ વધતું તેમાંથી લેવાય તેટલું સાથે લેઈ બાકી રહે તેનો નાશ કરી ચાલ્યા જતા. આમ કરવાથી જબરો દુકાળ ચાલ્યો ને અનાજ બહુ મોઘું થયું; તે એટલે સૂધી કે રૂપિઆ એકના અરધો શેર ઘઊં મળવા લાગ્યા. લોકો અનાજ ખરીદ કરી ઘેર લઇ જતા તે વેળા ઘરમાં ભરાઇ રહેલા ભૂખ્યા લોક એકદમ નીકળી આવી તરાપ મારી તે લૂંટી લેતા, અથવા તો અનાજને માટે ખૂન પણ કરતા. લોકો એટલી માઠી હાલતમાં આવી પડ્યાં હતાં કે જમીનમાંથી જે કંઇ પાલો ઉગતો તે ખાતાં, અને જો કંઇથી સડેલા ઘઊં મળતા તો તેનો લોટ એવા પાલામાં ભેળતા કે જેથી તેની (પાલાની) વાસ ઝાઝી ના આવે. આંબલીનાં પાતરાંને સફેત માટી સાથે ભેળી લાહી જેવું કરી ખાતા અને એટલેથી પણ પૂરૂં થયું નહિ ત્યારે પોતાનાં વહાલાં છોકરાંને મારી ખાવા લાગ્યા હતા. માતાઓ પોતાની છોકરીઓને વેશ્યાને ઘેર વેચવા મંડી હતી! બ્રાહ્મણો જેવા ઊંચી વરણના લોક ગાયનું, તથા મુસલમાનો ડુક્કરનું માંસ ખાવાને ધિક્કારે છે, તે તેઓ આ વખતે ખાવા લાગ્યા હતા. લાખો માણસ ખોરાક નહિ મળવાથી તથા દરદી થવાથી મરણ પામ્યાં હતાં. મોટાં શેહેરોમાં રસ્તાઓ મૂડદાંથી ભરેલા દેખાતા. જેઓ જીવતાં રહ્યાં તેઓમાં એટલી તાકાદ ન હતી કે મૂડદાંને ઊચકી દાટી કે બાળી આવે. નાનાં ગામડાં તો તદનજ તારાજ થઈ ગયાં હતાં. આ દુષ્ટ કાળનું મહાસંકટ પૂર જોસમાં ત્રણ મહિના સૂધી ચાલુ રહ્યું હતું.

આ વખતે ઉત્તરે નર્મદા, દક્ષિણે કૃષ્ણા, પશ્ચિમે, સૈ-

હ્યાદ્રિ પહાડની હાર અને પૂર્વે નિજામના રાજ્યનો મૂલક એ સઘળા વિસ્તારની જમીનમાં ઠેકાણે ઠેકાણે દુકાળ પથરાઈ ગયો હતો. આ ભાગોમાં એક સરકારની સત્તા ચાલતી નહોતી તેથી છૂટકારાના ઉપાયો લેવાઇ શકાયા નહિ; તેથી ત્યાંથી ઘણાં લોકો નાશી ગૂજરાત ગયાં, અને ત્યાં પોતાનો જીવ બચાવવા લાગ્યાં હતાં. એટલું છતાં વરસાદની તંગી નહોતી. કુવા, તળાવ અને નદી નાળાં પાણીથી ભરેલાં હતાં, અને ઢોરને સારૂ ઘાસ પણ જોઇએ એટલું હતું, તેથી તેમનું દૂધ માણસને વધારે મદદગાર થઇ શક્યું હતું. વણજારાઓ પોઠીઓની મારફતે જથાબંધ અનાજ ગૂજરાતથી લાવ્યા હતા. કેટલીક અનાજની વખારો જે દુશ્મનની આગળ બચી ગઇ હતી તે આ વખતે ઉઘાડી તેમાંનું અનાજ લોકોના કામમાં આણ્યું હતું. થોડે દહાડે ગૂજરાત તરફ નાશી ગયેલાં લોકો પણ પાછાં ફર્યાં હતાં.

ઇ. સ. ૧૮૦૩ માં અહમદનગર ઇંગ્રેજ સરકારના હાથમાં આવ્યું તે વખતે ઘોડાઓને ખવરાવવાની ચંદી નહોતી; પણ અહમદનગરના કિલ્લામાંથી મેજર જનરલ વેલસ્લીને હાથ અનાજના મોટા જથાનો એક ભંડાર આવ્યો હતો.

આ વખતે દક્ષિણમાં તંગી ચાલી હતી. પેંઠના રાજ્યે આ વખતે ઘણું ખમ્યું હતું. ત્યાં બે વરસ સુધી દુકાળ ચાલ્યો તે વખતે બીજા પ્રાંતોમાંથી અનાજ મંગાવ્યું હતું, પણ રસ્તામાંથી ભીલ લોકોએ તેને લૂંટી લીધું હતું.

ઇ. સ. ૧૮૨૪ ની સાલમાં ચાર મહિના સુધી કેટલુંક સંકટ ચાલ્યું હતું. મેથી આગષ્ટ માસ સુધી વરસાદ પડચો ન'હ, તે વખતે એક રૂપિઆનું આઠ શેર અનાજ વેચાયું હતું. એ વખતે ત્યાં (પેંઠના રાજ્યમાં) બારસો માણસ મર્ણ પામ્યાં હતાં.

ઇ. સ. ૧૮૪૫–૪૬ માં વરસાદ થોડો પડચો, અને

અનાજ એક રૂપિઆનું ત્રણથી ૪ પાયલી મળવા લાગ્યું. એ સંકટ ૭ મહિનાથી વધારે ચાલ્યું નહોતું. એ વખતે પણ હજાર માણસો મર્ણ પામ્યાં હતાં. ઇ. સ. ૧૮૫૪ માં પેંઠમાં તંગી પડી ત્યારે અનાજ રૂપિઆ ૧) નું ત્રણ પાયલી વેચાયું હતું, અને ૫૦૦ માણસ મર્ણ પામ્યાં હતાં. અહમદનગર જીલ્લાના જામખેડ તાલુકાના ખરદા ગામમાં ઇ. સ. ૧૮૦૩ માં અને ઇ. સ. ૧૮૦૪ માં અનાજના ભાવ શા પ્રમાણે હતા, તે બાબાજી શીવલાલ મારવાડી, અને વિઠ્ઠલ બાપુજી તાકભાતના ચોપડામાંથી નીચે પ્રમાણે જણાયછે.–

ઈ. સ. ૧૮૦૩.

તુવેરવી દાળ.	એક રૂપિઆની	શેર	પાા
ઘઊં....	,,	,,	૨ાા થી ૫
ચણા.	,,	,,	૧૯ાા થી પાા
જુવાર.	,,	,,	૧૬ાા થી પાા
મગ.	,,	,,	૭ાા થી પાા
અડદ.	,,	,,	૧૧

ઈ. સ. ૧૮૦૪.

તુવેરની દાળ.	એક રૂપિઆની		શેર	૭ા થી ૪ા
ઘઊં.	,,	,,	,,	૪ થી ૧ા
ચણા.	,,	,,	,,	૩ાા થી ૨ાા
બાજરી.... ...	,,	,,	,,	૭ા થી ૪
જુવાર.	,,	,,	,,	૭ થી ૪ાા
અડદ.	,,	,,	,,	૫ થી ૪ા

† ચાંદોર પ્રગણામાં પડેલા દુકાળ.

(મહાદેવ સોનદેવ દેશપાંડેના કહેવા ઉપરથી)

આ પ્રગણામાં ઇ. સ. ૧૭૪૧ માં દુકાળ પડયો હતો. એ વખતે પાક તો સારો થયો હતો પણ હોલ્કરનાં લશ્કરે અને પિંઢારા લોકોએ લૂંટ ચલાવી હતી તેથી અનાજની તંગી ચાલી, અને રૂપિઆ એકનું પોણો શેર અનાજ મળવા લાગ્યું હતું. આ દુકાળ એક વરસ સૂધી ચાલ્યો હતો, અને લોકો અનાજને બદલે બટાટા, ભાજી પાલો, વનસ્પતિનાં બીઆં, છાશ અને દૂધ ઉપર રહેતાં હતાં.

ઇ. સ. ૧૮૦૪ માં ત્યાં દુકાળ પડયો તે વખતે અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.—

બાજરી.	રૂપિઆ એકની	શેર.	૩ાા
જુવાર.	... ...	”	૩ાા
ચણા.	... ...	”	૩
ચોખા.	... ...	”	૩

આ વરસમાં એટલે દુકાળની ઋતુમાં આઠથી નવ હજાર માણસ મર્ણ પામ્યાં હતાં. શાહુકારોએ આ વખતે દરેક માણસને પાશેર અનાજ આપ્યું હતું. આ સાલમાં પેશ્વાની સરકારે કાંઇ મદદ કીધી નહોતી, પણ અંગ્રેજ સરકારે જુવાર મંગાવી વેચી હતી.

ઇ. સ. ૧૮૨૪ માં લોકો મરી ન ગયાં પણ સંકટ ઘણું વેઠયું હતું. લોકોના છૂટકારાની કાંઈ મદદ થઇ નહોતી. વેપારીઓએ અનાજ મંગાવી વેચ્યું ખરૂં પણ તે સૌ સૌની મરજી મુજબ વેચ્યું હતું. સરકારે મહેસૂલ પાછું આપ્યું હતું. એ વરસમાં અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.

† ચાંદોર અથવા ચાંદવડ એ નાશક જીલ્લામાં છે.

બાજરી. રૂ૧) ની શેર ૧૦.		ચણા. રૂ૧) ના શેર ૯ાા	
ઘઉં.	" ના " ૧૦.	અડદ. "	" "૯ાા થી ૧૦

તુવેરની દાળ રૂ૧)ની શેર ૧૧.

‡ સીનર તાલુકામાં પડેલા દુકાળ.

(દાજી નારાયણ દેશપાંડેએ આપેલા હેવાલ ઉપરથી.)

ઇ. સ. ૧૭૯૩-૯૪માં આ પ્રગણામાં દુકાળ પડયો તેનું કારણ એ હતું કે વરસાદ જલદી ન પડયો. એ સાલમાં †ખરીફનો પાક થયો નહોતો, પણ પછવાડેથી વરસાદ પડવાથી *રવીનો પાક થયો હતો.

ઇ. સ. ૧૮૦૩-૪માં પડેલો દુકાળ હોલ્કરના લશ્કરે લૂંટ પાડી તેથી હતો. આ સાલમાં એક રૂપિઆનું ત્રણ શેર અનાજ વેચાયું હતું. મૂકા અને હીરૂ પિંઢારાઓએ લૂંટ પાડી અનાજનો નાશ કર્યો હતો. છ મહિના સૂધી દુકાળ જબરો ચાલ્યો હતો. ઘણાં લોકો જંગલી ઝાડપાલો અને તેવાંજ ફળ ઉપર ગુજરાન કરતાં હતાં.

ઇ. સ. ૧૭૯૩માં કેટલીક જાતના અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.—

ઘઉં, એક રૂપિઆના.		શેર.	૪.
બાજરી	"	"	૫.
ચણા	"	"	૪.
ચોખા	"	"	૩.
જુવાર	"	"	૬,
દાળ	"	"	૩.
નાગલી	"	"	૬.

‡ સીનર અથવા સિન્નર એ પણ નાશક જીલ્લામાં છે.

† ચોમાસાનો. * શિયાળાનો.

† શ્રીગોન્દાના મામલતદારે આપેલો હેવાલ.

ઇ. સ. ૧૩૯૬થી ૧૪૦૮ સૂધી એક મોટો દુકાળ કરનાટક દેશના દક્ષિણ ભાગમાં પડયો હતો. કીરતારામ રાજાએ દેવીને ભોગ આપ્યો અને તે ભોગ તેણે ખોરાકના આકારમાં માગ્યો. આ માગણીથી રાજા ધ્રુજ્યો અને જણાવ્યું કે આખું રાજ્ય તે દેવીનું છે. આ ઉપરથી બાર વરસ સૂધી વરસાદ ન પડયો અને જબરી તંગી ચાલી હતી. આ સાલમાં અનાજ એક રૂપિઆનું એક શેર વેચાયું હતું. એ દુકાળમાં ૮૦ માઇલ સૂધીનાં ગામડાં વેરાન થયાં હતાં.

ઇ. સ. ૧૭૯૧–૯૨–૯૪ માં લોકોએ બળવો કરીને સઘળી વસ્તુઓનો નાશ કર્યો તેથી દુકાળ ચાલ્યો હતો. આ દુકાળમાં લોકો કોગળિયાથી ઘણાં મુઆં હતાં.

ઇ. સ. ૧૮૦૪માં હોલ્કરના લશ્કરે લૂંટ ચલાવી હતી તેથી દુકાળ પડયો હતો. એ સાલમાં રૂપિઆ એકનું બશેર અનાજ વેચાયું. અને ત્યારબાદ દસ શેર વેચાયું હતું. એ સાલમાં લોકોનાં મરણ પણ થયેલાં જણાય છે. લોકોના છૂટકારાને વાસ્તે કશી ગોઠવણ કરવામાં આવી નહોતી.

ઇ. સ. ૧૮૪૫માં વરસાદની તંગીને લીધે દુકાળ પડયો હતો. એ વેળા અનાજ એક રૂપિઆનું દશ શેર વેચાતું હતું. આ વખતમાં લોકોનાં મર્ણ થયાં હોય એવું જણાયું નથી.

---

† શ્રીગોન્દા એ અહમદનગર તાલુકામાં છે, પણ ત્યાંના મામલતદારે આપેલી હકીકત કરનાટક પ્રાંતની એટલે મદ્રાસ ઇલાકાની જણાય છે. દેવીને ભોગ આપ્યો વગેરે હકીકત વહેમીઓએ કલ્પેલી હશે. જ્યારે કાંઈ અનિવાર્ય આપત્તિ આવી પડે ત્યારે તેને દેવ દેવીઓના કોપનું નામ આપવાનો રિવાજ આપણા દેશમાં સાધારણ થઇ ગયેલો હતો. હાલ પણ અજ્ઞાન માણસો એ જક પકડી રહ્યાછે અને ભોગ બળિદાન વગેરેની ક્રિયા કરે છે.

પૈઠના મામલતદારે આપેલો હેવાલ.

આ ઠેકાણે ઈ. સ. ૧૮૦૩ માં હોલ્કરના લશ્કરે લૂંટ પાડવાથી ત્રણ મહિના દુકાળ ચાલ્યો હતો. નાગલી (બંટી) પહેલાં દોઢ મહિના સૂધી રૂ ૧)ની ૦।। શેર અને પાછળથી એક શેર વેચાઈ હતી. તંગીનાં માર્યાં કેટલાંક માણસો ગૂજરાતમાં જતાં રહ્યાં હતાં, અને જેઓ બાકી રહ્યાં તેઓ બતકો, કૂકડાં, અને ગાયો, ભેંસો તથા બીજાં જાનવરો ઉપર જીવ્યાં હતાં. જેઓને એ ખોરાક ન મળ્યો તેઓએ માણસોને બાફીને ખાધાં હતાં. એ ત્રણ વરસે દુકાળ પછી સુકાળ થયો ત્યારે લોકો બહારગામ ખાતેથી પાછાં ફર્યાં હતાં. છૂટકારાના કશા ઉપાય લેવાયા નહોતા તેથી હજારો માણસ મરી ગયાં હતાં.

ઈ. સ. ૧૮૨૪માં વરસાદની તંગીથો દુકાળ ચાલ્યો અને તે પાંચ છ મહિના સૂધી ચાલુ રહ્યો, પણ પાછળથી સુકાળ થયો હતો. એ વેળા રૂપિઆ એકની ૮ શેર નાગલી વેચાઇ હતી. એ દુકાળમાં આશરે બારસો માણસો મરી ગયાની ગણતરી કરવામાં આવી છે. ઘણાં લોકો ઝાડનાં મૂળિયાં ઉપર જીવ્યાં હતાં. છૂટકારાના કાંઈ ઉપાય લેવાયા નહોતા.

ઈ. સ. ૧૮૪૫માં વરસાદ ન પડવાથી છ મહિના સૂધી દુકાળ ચાલ્યો તે વખતે અનાજ રૂપિઆ એકનું બાર શેર વેચાતું, અને એક હજાર માણસ મરણ પામ્યાં હતાં.

ઈ. સ. ૧૮૫૪માં પણ વરસાદ ન વરસવાથી દુકાળ પડ્યો હતો. આ સાલ ખોરાક વગર ૫૦૦ માણસો મરણ પામ્યાં હતાં.

સૈયદ મિરઅલ્લી જે અહમદનગરનો જાગીરદાર હતો તેણે જણાવ્યું છે કે, તેનો †ખડ દાદો એક પુસ્તકમાં લખી ગયો છે કે ઈ. સ. ૧૭૯૦માં એક રૂપિઆનું ૩ થી

† બાપનો દાદો.

૪ શેર સૂધી અનાજ વેચાયું હતું. ઇ. સ. ૧૮૦૩માં એક મોટો દુકાળ પડયો હતો, તે વેળા દરેક જાતનું અનાજ રૂ ૧)નું એક શેર વેચાયું હતું. જેઓ પાસે પૈસા ઘણા હતા તેઓએ ભૂખથી દુઃખ ખમ્યું, અને જેઓ ગરીબ હતાં તેઓ તો તદ્દન ભૂખથી મરણ પામ્યાં. કેટલાંકે તો પોતાનાં છોકરાં રાંધી ખાધાં હતાં! કિલ્લાની ખાઇની આસપાસ માટી નાંખવા સારૂ ગરીબોને કામે લગાડી દરરોજ ૦ાા શેર અનાજ આપવામાં આવ્યું હતું.

પુનામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૯૨–૯૩ માં વરસાદ ન પડવાથી ખરીફ પાક થયો નહિ, અને અનાજ રૂ૧)નું ૪ શેર વેચાયું હતું. અકટોબરમાં વરસાદ થવાથી રવીનો પાક થયો, પણ તે પૂરતો નહોતો. એ વખતે પેશ્વાએ નિજામના રાજ્યમાંથી અનાજ મંગાવ્યું હતું. સારા નસીબે પાણીની તંગી હતી નહિ, તોપણ લોકો દેશ છોડી જતાં રહ્યાં હતાં, અને ઘણાં તંગીથી મુઆં હતાં.

ઇ. સ. ૧૮૦૨ માં હોલ્કર ચઢાઈ કરી આવ્યો તેથી અનાજ મોંઘું થઇ ગયું અને બાર મહિના સૂધી એક રૂપિઆનું એક શેર વેચાયું હતું. આ વરસ પેશ્વાની સરકારે બહારથી અનાજ મંગાવી લોકોમાં વેચ્યું હતું અને ખેડુતોને જમીનનો કર માફ કીધો હતો. આટલું છતાં ઘણાં લોક તંગીથી મર્ણ પામ્યાં હતાં, તેમજ કેટલાંક કોગળિયાથી મુઆં હતાં. ઇ. સ. ૧૮૨૪–૨૫ માં વરસાદ પડ્યો નહિ અને ખરીફનો પાક નિષ્ફળ ગયો. એ વર્ષ પણ ઇ. સ. ૧૭૯૨ના જેવુંજ હતું, પણ અનાજ ૭ થી દશ શેર વેચાયું હતું. સરકારે આ વરસે મહેસૂલ પાછું આપ્યું હતું, અને તે ઉપરાંત કાંઈ વધારે ઉપાય લેવાની જરૂર રહી નહોતી.

ઇ. સ. ૧૮૨૪–૨૫ માં તંગી ચાલી, અને અનાજ ૧૦ થી ૧૨ શેર વેચાયું. ઇ. સ. ૧૮૪૫–૪૬ માં પણ તંગી હતી; એ વરસમાં ઇંદાપુર તાલુકામાં મહેસૂલના રૂપિઆ છ હજાર ખેડુતોને પાછા મળ્યા હતા.

ઇ. સ. ૧૮૬૨–૬૩ થી તંગી ચાલવા માંડી હતી, પણ અરસપરસ લોકોનો વહેવાર છૂટો હોવાથી તથા થોડાજ ભાગ ઉપર તંગી પથરાવાથી દુકાળ જેવું લાગ્યું નહોતું.

ઇ. સ. ૧૮૬૬–૬૭ માં ભીમથડી અને ઇંદાપુર તાલુકામાં મહેસૂલના એંશી હજારથી વધારે રૂપિઆ સરકારે પાછા આપ્યા હતા. વળી એ ઉપરાંત ગરીબોને કામે લગાડવા બીજા વીસ હજાર રૂપિઆની સરકારે બક્ષિસ કરી હતી.

સતારામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૯૨માં વરસાદ વરસ્યો નહિ તેથી દુકાળ પડયો હતો. એ વખતે રાજદરબારી ગૂચવાડો તથા બીજું સંકટ દુકાળને વધારનાર થઇ પડયાં હતાં. અનાજ રૂ ૧) નું એક શેર વેચાયું હતું. પેશ્વાએ મદદ કરી હતી, પણ જાહેર બાંધકામો બંધાવી લોકોના છૂટકારાના ઉપાય લીધા હોય એવું લાગતું નથી. ઇ. સ. ૧૮૦૩માં નિજામના રાજ્યમાંથી અને ગૂજરાતમાંથી દુકાળના દુઃખથી પીડાતાં લોક સતારામાં આવ્યાં તેથી ત્યાં તંગી પડી હતી. ખોરાકની એટલી તાણ ચાલી હતી કે માણસ માણસને ખાવા લાગ્યાં હતાં. અનાજ રૂપિઆ એકનું એક શેર વેચાયું હતું. પચીસ હજાર માણસો પંતપ્રતિનિધિ રાસ્તીની મદદ મેળવવાની આશાએ વાઇમાં આવ્યાં હતાં અને ત્યાં દશ હજાર માણસો મર્ણ પામ્યાં હતાં.

ઇ. સ. ૧૮૨૦માં અનાજ રૂ ૧)નું પાંચ શેર વેચા-

યું હતું. અને લોકો તંગીને લીધે નગર અને કોલાપુર જતાં રહ્યાં હતાં.

---

*બારસી તાલુકામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૩૯૬માં આ તાલુકામાં જે દુકાળ પડયો હતો તે દુર્ગાદેવીનો દુકાળ કહેવાય છે. એ દુકાળ આખા હિંદુસ્તાનમાં પસરી ગયો હતો. ઇ. સ. ૧૭૯૪માં પેશ્વા અને નિઝામ વચ્ચે લઢાઈ ચાલતી હતી, એ સાલમાં સહેજ સાજ વરસાદ પડયો હતો. આ વખતે ઘણું અનાજ લુંટાઈ ગયું અને જે પાક ઉગી નીકળેલો હતો તેનો પણ લશ્કરે નાશ કીધો, તેથી તે એક રૂપિઆનું દોઢ શેર વેચાતું હતું. પેશ્વા સરકારે લોકોના છૂટકારાના કાંઇ ઉપાય લીધા નહોતા.

ઇ. સ. ૧૮૦૩માં તંગી ચાલી તે વખતે અનાજ રૂપિઆ એકનું ૧૧ શેર મળતું હતું. આ વેળા પેશ્વાએ લોકોને ખોરાક આપ્યો હતો.

ઇ. સ. ૧૮૨૪-૨૫માં પડેલા દુકાળ વખતે કડબ (ઘાસ) ના પૂળા રૂ ૧)ના દસ વેચાતા હતા. અને ઘણી તંગી ચાલવાથી ઘણાં ઢોર મરણ પામ્યાં હતાં. આ સાલમાં સરકારે જમીનનું મહેસૂલ પાછું આપ્યું હતું.

---

†પંઢરપુર અને સાંગોલા તાલુકામાં પડેલા દુકાળ.

વૃદ્ધ માણસોના કહેવા પરથી જણાય છે કે અહિયાં પહેલવહેલો દુકાળ ઇ. સ. ૧૩૯૬ માં પડયો હતો. એ દુકાળ બાર વરસ સૂધી ચાલ્યો હતો અને એને દુર્ગાદેવીનો દુકાળ કહેતા હતા; એ દુકાળ નર્મદાની દક્ષિણે હિંદુસ્તા-

---

*એ તાલુકો સોલાપુર જીલ્લામાં છે.

†આ બે તાલુકા સોલાપુર જીલ્લામાં છે.

નનો જેટલો ભાગ આવ્યોછે તેટલા ભાગ ઉપર ફરી વળ્યો હતો. આ વરસે વરસાદ પડ્યોજ નહોતો. લોકોના છૂટકારાના શા ઉપાય લેવામાં આવ્યા હતા તે જણાયું નથી.

ઇ. સ. ૧૪૬૦ માં બીજો દુકાળ પડ્યો હતો; એ દુકાળનો ચિતાર દામાજીપંતઆખ્યાન એવા નામની કવિતા રૂપી એક વારતામાં નીચે પ્રમાણે આપવામાં આવ્યોછે.—

દામાજી એક બ્રાહ્મણ હતો અને પંઢરપુરથી ૧૨ મૈલને છેટેના મૂલકમાં મોગલ રાજ્ય તરફથી તેને મહેસૂલનો અમલદાર ઠરાવેલો હતો. ‡મંગળવેઢામાં તેણે અનાજનો મોટો જથો એકઠો કીધો હતો, તે ઠેકાણે દુકાળ ચાલવાથી સેંકડો બ્રાહ્મણો ત્યાં ગયા અને દામાજીએ સરકારી અનાજની વખારોમાંથી અનાજ આપી તેમનું પાલણ કર્યું; પણ તેથી મોગલ પાદશાહ ગુસ્સે થઇ ગયો, અને તેને સજા કરવા પોતાની આગળ પકડી લાવવાનો હૂકમ કર્યો. પંઢરપુરના દેવ વિઠોબાને દામાજીના આ સારા કામને માટે સજા પામતો જોતાં દયા આવી, તેથી તે દેવ દામાજીની ખાતર એક મહારના વેષે પાદશાહના દરબારમાં દિલ્હી ગયો અને જેટલું અનાજ દામાજીએ બ્રાહ્મણોને મફત આપ્યું હતું તેટલાના પૈસા ચૂકવી આપ્યા.† હજુસૂધી મંગળવેઢામાં ગામડાના બ્રાહ્મણો દામાજીનું ઘર અને અનાજ ભરી રાખવાના કોઠારોની જગા બતાવેછે. આ દુકાળ વરસાદ ન આવવાથી પડ્યો

‡ એ દક્ષિણ મરાઠા દેશના સાંગલી સંસ્થાનમાં એક કસ્બો છે.

†બહુચરાજીએ કૂલડીમાં માય તેટલી રસોઈથી મોટું સૈન્ય જમાડ્યું, અને શ્રીકૃષ્ણે નરસિંહ મહેતાની હુંડીના રૂપિઆ વેપારી વેષે ચૂકવી આપ્યા તથા મામેરૂં કર્યું, એવાં આખ્યાનના જેવુંજ આ પણ દેવના ચમત્કારનું અદ્ભૂત આખ્યાન છે.

હતો, અને તે એક વરસ સૂધી ચાલ્યો હતો. દક્ષિણ હિંદુસ્તાનના બીજા ઘણા ભાગમાં એ દુકાળ ફેલાયો હતો.

ઇ. સ. ૧૫૨૦ ની સાલમાં પણ એવોજ દુકાળ પડ્યો હતો. એ દુકાળ પડવાનું મુખ્ય કારણ એ હતું કે પરાયા રાજાના લશ્કરે ચઢી આવી અનાજ અને પાકનો નાશ કર્યો હતો. છૂટકારાના શા ઉપાય લીધા હતા તે, તથા અનાજના ભાવ શા પ્રમાણે હતા તેની વિગત મળતી નથી.

ઇ. સ. ૧૭૯૧માં પણ દુકાળ પડ્યો હતો. એ વર્ષે કરણાટકમાં જબરૂં સંકટ હતું. દક્ષિણમાં અરધો પાક નિપજ્યો હતો, પણ કરણાટકથી ભૂખે મરતાં લોકો આવી પડવાથી આહિં પણ તંગી ચાલી હતી. એ વખતે લોકો બેધડક ચોરી કરતા હતા, અને તેઓને સરકાર તરફથી સખત સજા કરવામાં આવતી. આ સંકટ ચાર મહિના ચાલ્યું હતું. છુટકારાના કાંઈ ઉપાય લેવાયા નહોતા. એ સાલમાં અનાજ રૂ ૧)નું ૩ શેર વેચાયું હતું.

ઇ. સ. ૧૮૦૨માં દેશમાં લૂંટફાટ ચાલુજ રહી, કારણકે સિંધીઆનું લશ્કર ચડી આવ્યું હતું. એ વરસમાં પાકનો નાશ થયો અને સંખ્યાબંધ લોકો મરણ પામ્યાં. આમ થવાથી જે દુકાળ પડ્યો તે ખાનદેશ, દક્ષિણ અને દક્ષિણ હિંદુસ્તાનમાં ફરી વળ્યો. ઘણાં લોકો ખોરાક વગર જીવ ખોઇ બેઠાં. પંઢરપુરના એક અમલદારે ઘણા દિવસ સૂધી ગરીબ લોકોને ખવડાવ્યું હતું. આ દુકાળ ત્રણ મહિના સૂધી સખત ચાલ્યો હતો, અને અનાજ રૂ ૧)નું ૩ શેર વેચાયું હતું.

ઇ. સ. ૧૮૧૮માં પંઢરપુર, બારસી, તુલજાપુર અને આસપાસના તાલુકાઓમાં થોડો ઘણો દુકાળ પડયો હતો. આ વખતે બાજીરાવના લશ્કરે ચડી આવી ઘણો નાશ કર્યો

હતો. વળી †બાલેઘાટ આગળ તદન પાક ન થયો તેથી ઘણી તંગી ચાલી હતી. બારસીના ગોનગદ નામે એક પૈસાદાર શાહુકારને ઘેર જે ગયું તેને તેણે ખોરાક આપ્યો હતો. આ સાલમાં હજારો માણસ મર્ણ પામ્યાં હતાં. આ તરફ આવું સંતાપજનક દુઃખ પહેલ વહેલુંજ જણાયું હતું. દુકાળનું જોર એટલું ચાલ્યું કે અનાજ રૂપિઆ એકનું ૩ થી ૪ શેર વેચાવા લાગ્યું હતું.

ઈ. સ. ૧૮૨૪માં ભીમા નદીથી ગોદાવરી નદી સૂધી પંઢરપુર અને આસપાસના તાલુકાઓમાં થોડો ઘણો દુકાળ પડયો હતો. આ વખતે સિંધીઆની સરકારે અને ઘોન્ડદેવ શાહુકારે ગરીબોને અનાજ આપ્યું હતું. આ દુકાળ એક વરસ ચાલ્યો અને અનાજ રૂપિઆ એકનું ૬થી ૮ શેર વેચાયું હતું. આ દુકાળ વરસાદ વખતસર ન આવવાથી પડયો હતો.

ઈ. સ. ૧૮૩૨માં વેળાસર વરસાદ ન આવવાથી દુકાળ પડયો હતો, અને તે ૧૫૦ ચોરસ મૈલના વિસ્તારના મૂલકમાં પ્રસર્યો હતો. ભૂખના દુઃખથી ત્રાસ પામીને ઘણાં લોક ઘરબાર છોડીને જતાં રહ્યાં હતાં. મદદ તરીકે સરકારે જમીનનું મહેસૂલ લોકોને પાછું આપ્યું હતું. સોલાપુરમાં એક બ્રાહ્મણે તથા શાહુકારે અને મારવાડીએ ઘણાં અઠવાડિઆં સૂધી ગરીબ લોકોને ખવરાવ્યું હતું. વિરાગના ગોંધેએ હમેશની માફક સખાવત કીધી હતી. સરકારે ગરીબ લોકોને રોજી આપવા સારૂ જાહેર બાંધકામ શરૂ કરી તેમાં તેમને કામે લગાડયાં હતાં. આ દુકાળ ૯--૧૦ મહિના સૂધી ચાલ્યો હતો અને અનાજ રૂ ૧)નું ૫થી ૬ શેર વેચાયું હતું.

† અહમદનગર જીલ્લાના જામખેડ તાલુકામાં આવેલી ડુંગરાની એક હારનું એ નામ છે.

દક્ષિણમાં પડેલા દુકાળ સંબંધી પરચૂરણ હકીકત.

રાજા રતનસિંગ જાદવરાવ માલીગાવકર જણાવે છે કે, ઇ. સ. ૧૭૮૭ માં દક્ષિણ દેશમાં જબરો દુકાળ પડયો, ત્યારે ઇંદ્રરાજાને આરાધવા પેશ્વાએ બ્રાહ્મણોને કામે લગાડયા હતા.‡ ગરીબોને ભિક્ષા આપી ને મોટી સખાવત કરી હતી, અને એ ઉપરાંત ખેડુતો પાસેથી ઉઘરાવેલું મહેસૂલ તેમને પાછું આપવા સાથે તેમને જોઈતાં - બીજાં કેટલાંક નાણાં ધીર્યં હતાં. વળી ગાંમડાંનાં લોકોને લશ્કરી નોકરીમાં દાખલ કરી તેના બદલામાં પૈસા આપ્યા હતા.

રઘનાથરાવ વિઠ્ઠલ વિંચૂરકર કહેછે કે ઇ. સ. ૧૮૦૨માં જ્યારે દુકાળ પડયો ત્યારે અનાજ રૂપિઆ એકનું ૦ાા શેર વેચાયું હતું. ગાયકવાડે જંગલમાં પહેરેગીરો મૂક્યા હતા તેઓને ત્યાંથી ખશેડી ભૂખે મરતા લોકોને જંગલી ફળ ફળાદિ ઉપર જીવવાની તક આપી હતી. મુંબાઇના શાહુકારોએ અને નાના ફડનવીસની બાઇએ લોકોને જમાડવાની ધર્મશાળાઓ ઉઘાડી હતી. આ સાલ નર્મદા નદીથી તે પંઢરપુર સૂધીના વિસ્તાર ઉપર દુકાળ પથરાઇ ગયો હતો. સરકારે છૂટકારાના ખાસ ઉપાયો લીધા નહોતા. આ વખતે તંગીને લીધે જોરાવર માણસ નબળાંને મારી લૂંટી લેતાં. આ દુકાળ લગભગ આખા દક્ષિણ દેશમાં લાગુ પડેલો હતો.

ઇ. સ. ૧૮૨૪ના દુકાળે ફકત પુના, નગર, ખાનદેશ અને સોલાપુર જીલ્લાઓમાં દેખાવ દીધો હતો. એ સાલમાં

‡પુરાણાદિ હિંદુગ્રન્થોમાં એવું કહેલુંછે કે ઇંદ્ર એ સ્વર્ગનો મહારાજાછે, અને અગ્નિ, વાયુ, મેઘ વગેરે તેની આજ્ઞા પ્રમાણે કામ કરેછે. ઇંદ્રને આરાધવાથી તે પ્રસંન થઇ મેઘને (વરસાદને) પૃથ્વીપર વરસાવેછે એમ આગળના લોક માનતા હતા.

પુનાની આસપાસ સો માઇલ સૂધી તંગી ફરી વળી હતી. એ વરસ ખરડિયાનું ગણાતું હતું. મોસમ શરૂ થતાં વરસાદ પડ્યો, પણ પછી બંધ થઇ ગયો હતો. વળી દસરાને દિવસે ઘણો પડ્યો તેથી અકળાઇ રહેલા લોકોએ ફરીથી અનાજ વાવ્યું પણ પાક નીપજ્યો નહિ. એ વરસમાં સરકારે લોકોની પાસેથી કર વેરા અને મહેસૂલ લીધું નહોતું.

ઇ. સ. ૧૮૬૩થી ઇ. સ. ૧૮૭૦ સૂધી અનાજના ભાવ ચઢતા હતા, અને લોકો ઘણી મહેનતથી રોજી મેળવી શકતા હતા. સરકારે પોતાના નોકરોને પગાર ઉપરાંત વધારે દરમાયો (મોંઘવારી) આપ્યો હતો તથા લોકોની રોજીને માટે નવાં ખાતાં કાઢી નવાં કામ શરૂ કર્યાં હતાં.

દક્ષિણ મરાઠા દેશ (દક્ષિણ માહારાષ્ટ્ર) માં પડેલા દુકાળ.

કોલાપુરમાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૮૧૭માં કોલાપુરમાં પડેલા દુકાળ વખતે લોકો કરદીના પાક ઉપર જીવવા લાગ્યાં હતાં તેથી તેને "કરદી દુકાળ" કહે છે.

ઇ. સ. ૧૮૦૪માં દુકાળ નહતો, પણ ભૂખે મરતાં લોકોની પુષ્કળ સંખ્યા બાહારથી આવવાથી અહિંઆં દુકાળ જેવું થઇ પડ્યું હતું.

ઇ. સ. ૧૮૩૧–૩૨ અને ઇ. સ. ૧૮૫૪-૫૫માં વરસાદની તંગીને લીધે દુકાળ પડ્યા હતા. એ વખતે સરકારે લોકોને મજુરીએ લગાડ્યાં હતાં, અને વેપારીઓએ ગરીબોને કાચું અનાજ અને રાંધેલો ખોરાક આપવા માંડ્યો હતો. આ ઠેકાણે અંગ્રેજ સરકારનો પગ પેસારો થયો તેની

આગમજ એક રૂપિઆનું સવાશેર અનાજ મળતું હતું. કોઇ કોઈવાર મરેઠા લશ્કરે એ તાલુકાનો મોટો ભાગ વેરાન કરી નાંખેલો જણાય છે. એ વખતે દરેક જાતનું અનાજ એક રૂપિઆનું દોઢ શેરથી બેશેર વેચાતું હતું, અને લોકો ભૂખમરાથી મરણ પામ્યાં હતાં. શિવાજી મહારાજાએ તથા હિમ્મત બહાદુર, ભીમ બહાદુર અને બીજા સરદારોએ રાંધેલો ખોરાક લોકોને ખવરાવ્યો હતો. બીજા તાલુકાઓ કરતાં દુકાળની બાબતમાં કોલાપુર ભાગ્યશાળી ગણાય છે.

બેલગામમાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૮૭–૮૮થી ઇ. સ. ૧૭૯૫–૯૬ સૂધી વરસાદ ન આવવાથી તથા તીડનાં ટોળાં ઉતરી પડવાથી આ ભાગમાં દુકાળ ચાલ્યો હતો; તેમાં તેનું જોર ઇ. સ. ૧૭૯૧–૯૨ માં જબરૂ હતું. ગોદાવરી નદીની આસપાસની જગાઓના લોકો દુકાળના સંકટથી અહિંઆં નાશી આવ્યાં હતાં. અનાજનો ભાવ એટલો વધી ગયો હતો કે તે મળવું મુશ્કેલ થઈ પડતું. ઊંચ વર્ણોના શ્રીમંત લોકો પૈસા મળવા છતાં અનાજ ન મળવાથી તથા માંસ વગરે ખપમાં ન લેવાથી ઝેર ખાઇ મર્ણ પામ્યા હતા. ગરીબ લોક ઝાડનાં મૂળિયાં, જંગલી પાલો, અને મુએલાં જાનવરોનું માંસ ખાઈ ગુજરાન ચલાવતા હતા. *ગોદકાના તાલુકા અને શહેરમાંજ ફક્ત ૧૫ હજાર લોક મર્ણ પામ્યાં હતાં. એક સ્ત્રીએ પોતાના બાળકનો ભક્ષ કરેલો જણાયો છે. એ સ્ત્રીને સરકારે એક જબરી ભેંસની સાથે બાંધી ઘસડાવી મારી નંખાવી હતી. આ વખતે સરકારે છૂટકારાના કાંઇ ઉપાયો લીધેલા

*ગોદકા શહેર અથવા તાલુકો બેલગામ જીલ્લામાં નથી, પણ ગોકાક છે.

જણાયા નથી. જાગીરદારોએ પોતાની શક્તિ માફક ખાનગી સખાવત કરી હતી, પણ બહાર દેશાવરથી અનાજ મંગાવવાનાં કંઇ સાધનો નહોતાં.

ઇ. સ. ૧૮૦૨–૩ અને ઇ. સ. ૧૮૦૪–૫માં દુકાળ ચાલ્યો, એ વખતે ગોદાવરી તરફથી લોકો દોડી આવ્યા હતા; કારણકે તે તરફ વરસાદ પડયો ન હતો. આથી અહિંઆં ઘણી તંગી ચાલી. વળી પેશ્વાના લશ્કરે ચઢાઇ કરી સઘળા અનાજનો નાશ કરી નાંખ્યો, તેથી સામટા સંકટને લીધે જેમ ૧૭૮૭-૮૮માં લોકોએ દુઃખ ખમ્યું હતું તેમજ હમણાં પણ તેમને વેઠવું પડયું. સરકારે દુઃખ ટાળવાના કશા ઉપાય લીધા ન હતા.

કલાદગી જીલ્લામાં પડેલા દુકાળ.

આ જીલ્લામાં ઇ. સ. ૧૭૯૧ માં દુકાળ પડયો હતો એવું લોકોના કહેવા ઉપરથી માલૂમ પડે છે. આ વરસમાં વરસાદ પડયો નહોતો તથા પાછલા વરસના અનાજનો જથો પણ નહતો. સરકારે છૂટકારાના ઉપાયો કંઈ લીધા હોય એવું જણાયું નથી. વળી લશ્કરના ચડી આવવાથી લોકોએ ઘણું સંકટ વેઠયું હતું, અને ઘણાં માણસ ખોરાક વગર મર્ણ પામ્યાં હતાં. એ દુકાળને “દોગી બુરા”† કહેવામાં આવ્યો હતો. “દોગી” નો અર્થ “માથાની ખોપરી” અને “બુરા” નો અર્થ “દુકાળ” થાયછે. એટલે એનો અર્થ એવો નીકળે છે કે “ મૂડદાં દાટી કે બાળી ન શકાય (ખોપરીઓ રખડતી રહે) એટલી જબરી મરકી ચલાવનાર દુકાળ.

ઇ. સ. ૧૮૦૩ માં વરસાદ ઠીક પડયો હતો, ને પાક પણ સારો થયો હતો, પણ પિંઢારા લોકોનાં ઘાડાં પડયાં હતાં

† એ શબ્દો કાનેડી ભાષાના છે.

તેથી દુકાળ પડ્યો હતો. આ વરસમાં રૂ૧) નું ૪ થી ૮ શેર અનાજ વેચાયું હતું, અને વિજાપુર તાલુકામાં તો રૂ૧) નું દોઢશેર અનાજ મળતું હતું. બાગલકોટ પ્રગણામાં કેટલાક વેપારીઓએ ભૂખે મરતાં લોકોનાં પેટ ભર્યા હતાં. આ વેળાનું દુઃખ ઘણુ મોટું હતું અને તંગીથી ઘણાં લોક મર્ણ પામ્યાં હતાં. એ દુકાળને "રાગી બુરા" કહેછે, કારણ કે એ વખતમાં લોકે રાગી ખાવા માંડી હતી.

ઇ. સ. ૧૮૧૯–૨૦ માં વરસાદની તંગીથી મુદ્દેબિહાલ, હીપરગી, ઇન્દિ, વિજાપુર અને માંગોલીમાં ૬ થી ૯ મહિના સૂધી દુકાળ ચાલ્યો હતો. નિજામના રાજ્યનાં ભૂખડુ લોક પણ અહિં ઉતરી પડયાં હતાં. એ વખતે જુવાર રૂ૧) ની ૧૨ થી ૧૬ શેર વેચાઈ હતી, અને તંગીને લીધે કેટલાંક જાનવરો તથા માણસો મુઆં હતાં. ભૂખે મરતાં લોકો આમલીના ચિચોડા ખાવા લાગ્યાં હતાં. સંકટ ટાળવાના કશા ઉપાયો લીધેલા જણાયા નથી.

ઇ. સ. ૧૮૨૪–૨૫ માં ઇન્દિ, મુદ્દેબિહાલ, માંગોલી, અને હીપરગી તાલુકાઓમાં વરસાદની તંગીવિના દુકાળ પડ્યો હતો, અને જુવાર રૂ ૧) ની બે શેર પ્રમાણે વેચાઇ હતી. સારા ભાગ્યે એ દુકાળમાં મોત થયાં નહોતાં. સંકટ દૂર કરવાનાં કશાં પગલાં ભરેલાં જણાયાં નથી.

ઇ. સ. ૧૮૩૨–૩૩ માં વરસાદની તંગીથી ઉપલા તાલુકાઓ ઉપરાંત બાગલકોટ, વિજાપુર, હુનગુન્દ, અને બાદામી એ તાલુકાઓમાં પાક ન થવાથી દુકાળ પડ્યો હતો. એ વખતે ત્યાં જુવાર રૂ૧) ની ૧૬ શેર મળતી હતી. સબ કલેકટર મિ. આરબઠનાથે લોકોને મફત અનાજ આપ્યું હતું, અને રસ્તા બાંધવાને લોકોને કામે લગાડયાં હતાં.

ઇ. સ. ૧૮૬૩–૬૪થી ઇ. સ. ૧૮૬૬–૬૭ સૂધી વ-

રસાદની તંગીથી પાક સારો નીપજ્યો નહિ, પણ સોલાપુરથી અનાજનો મોટો જથો આવવાથી લોકોને ઘણું સંકટ જણાયું નહોતું. એ વરસોમાં જાહેર બાંધકામ સારૂ સરકારે દસહજાર રૂપિઆ આપ્યા હતા.

ધારવાડ જીલ્લામાં પડેલા દુકાળ.

આ જીલ્લામાં ઈ. સ. ૧૭૯૧–૯૨માં જબરો દુકાળ પડયો હતો અને તે "દોગી બુરા"† એવા નામે ઓળખાતો હતો. એ દુકાળમાં લોકો ઝાડનાં પાંતરાં તથા ડીંડવાં ખાવા લાગ્યાં હતાં. પુરૂષો પોતાની સ્ત્રીઓ અને છોકરાંને વેચવા તૈયાર થયા હતા. દંબલ ગામથી જણાવવા પ્રમાણે ત્યાં બાર વરસ સૂધી વરસાદ નહોતો પડયો અને ત્રણ વરસ તો મુદ્દલ પાક થયોજ નહોતો. હુબલી, દંબલ, અને કલઘતજી એ તાલુકા તે વખતે મહીસૂરની સરકારના અમલ તળે હતા, અને તે સરકારે પોતાના અનાજના કોઠાર હુબલીમાંથી લેઇ લીધા હતા, પણ તવંગર લોકો ગરીબોને અનાજ પૂરૂં પાડવા લાગ્યા હતા. એ વખતે દસ આના ને ચાર પાઈએ ૧ શેર એટલે ૭૦ તોલા અનાજ વેચાયું હતું, અને ઘણાં લોકો રસ્તે રસ્તે ભીખ માગતાં હતાં.

ઈ. સ. ૧૮૦૪ માં બીજો દુકાળ પડયો. એ દુકાળ વિષે શિગામના દેશપાન્ડેને સવિસ્તર યાદ છે. પંઢરપુર અને વિજાપુર તરફના ભૂખડુ લોક એ ભાગમાં ઉતરી પડવાથી ત્યાં દુકાળ ચાલ્યો હતો. એને "બીઆન બુરા" એટલે ભયંકર દુકાળ કહેછે. એ વખતે અનાજ રૂપિઆ એકનું પાંચથી ૬ શેર વેચાયું હતું. ચિંતામન પતવરધનની સાથે તવંગરોએ મળી જઈ ગરીબોને ખવરાવ્યું હતું. આ વખતે

† એનો અર્થ પૃષ્ટ ૯૪ માં કલાદગીના દુકાળમાં જુઓ.

દેશી રાજ્યે છૂટકારાના કંઇપણ ઉપાય લીધા નહોતા.

ઇ. સ. ૧૮૩૨ માં કૃષ્ણા નદીની પેલી ગમના તાલુકાઓમાં વરસાદ ન પડવાથી ત્યાંનાં ભૂખેમરતાં સંખ્યાબંધ લોકો અહિંઆં આવી લાગ્યાં તેથી દુકાળ ચાલ્યો હતો. હુબલીમાં રૂપિઆ એકનું ૭ શેર, અને દંબલમાં રૂપિઆ એકનું નવ શેર અનાજ વેચાયું હતું. એ વખતે કેટલાંક ગરીબ લોક ઘાસ ખાઇ જીવવા લાગ્યાં હતાં. હુબલીના તવંગરોએ અને આપારાવ લોખદીએ ગરીબોને મદદ કીધી હતી. સરકારે જકાત માફ કરી હતી અને તળાવ ખોદવાનાં તથા બીજાં કામો શરૂ કર્યાં હતાં, તેમાંથી ગરીબોને રોજી મળતી હતી.

ઇ. સ. ૧૮૬૬ માં દુકાળ પડયો હતો, અને ધારવાડ તથા તેની પૂર્વે નવલગુન્દ, રોન, અને દંબલ તાલુકામાં ઘણું સંકટ ચાલ્યું હતું. એક પછી એક ખરાબ મોસમો આવતીજ ગઇ તેનું એ પરિણામ હતું. સરકારે ગરીબોને કામે લગાડવા સારૂ કેટલાંક જાહેર કામો ઊભાં કરી તે ઉપર ૪૦ હજાર રૂપિઆ ખર્ચ કરવાનો હૂકમ આપ્યો હતો, અને પાછળથી તે ઉપરાંત બીજા રૂ. ૩૫૦૦) વધારે આપ્યા હતા. વળી તેગુરથી ધારવાડને રસ્તે હરિહર સૂધીનો રસ્તો બાંધવા સરકારે પચાસ હજારની રકમ આપી હતી, અને અગત્ય પડે તો ધારવાડની અંદરનું એક મોટું તળાવ સુધારવા સારૂ ત્યાંની મ્યુનિસિપાલિટિને રૂપિઆ સોળ હજાર આપવા કબૂલ કર્યા હતા. દંબલ કસ્બામાંથી ઘણા રહેવાસી ઘરબાર છોડી જતા રહ્યા હતા. ત્યાંના તવંગરોએ અશક્ત લોકોને પાળ્યાં એટલુંજ નહિ, પણ ત્યાં ભારે વિપત્તિ ચાલી હતી તે છતાં ગરીબોને સારો આશરો આપ્યો હતો. ગદગમાં મુદ્દીવાલુપાબ્બુલીએ બે હજાર માણસોને બે મહિના સૂધી

ખાવાનું આપ્યું હતું. બેલારી, કલાદગી, અને બેલગામમાં અનાજ ઘણું મોઘું થવાથી તથા કોગળીઉં ચાલ્યું તેના ત્રાસથી લોકો ધારવાડ તાલુકામાં નાશી આવ્યાં હતાં. ખોરાક ખૂટવા સાથે લોકોને પાણીની પણ તંગી હતી અને કુવા તળાવ વગેરે અગત્યનાં નવાણ સૂકાઈ ગયાં હતાં. નવલગુન્દમાં બાજરા ચોખા રૂ૧)ના ૧૩ શેર અને જુવાર રૂ૧)ની ૩ા શેર મળવા લાગી હતી.

ધારવાડમાં જૂદા જૂદા અનાજના ભાવ.

જુવાર.	રૂ ૧)ની	શેર	૬
બાજરી.	” ”	”	૫ા
સારી જાતના ચોખા.	”	”	૪ા
હલકી જાતના ચોખા.	”	”	૬
દાળ.	”	”	૪ા
કુલથી.	”	”	૬ાા
ચણા.	” ”	”	૩ાા

આ કોળમાં ખાનગી સખાવત ઘણી થઇ હતી. છૂટકારાને માટે ત્રણ મહિનામાં એક લાખ રૂપિઆ ખરચાયાનો અડસટ્ટો કાઢવામાં આવ્યો હતો.

ઉત્તર કાનડામાં પડેલા દુકાળ.

આ તાલુકામાં વારંવાર તંગી પડતી હતી, પણ ઇ. સ. ૧૮૦૬માં જે દુકાળ પડ્યો હતો તે ઘણોજ સખ્ત હતો. એ વખતે ઘણાં લોકો જંગલી વનસ્પતિનાં મૂળીઆં અને ચોખાના ધોવરામણ ઉપર ગુજરાન કરતાં હતાં, અને ત્રણ હજાર માણસો ભૂખથી મર્ણ પામ્યાં હતાં. એ દુકાળ રત્નાગિરી, માટવાન અને પંઢરપુર સૂધી પ્રસર્યો હતો. અહિંઆં બીજા દુકાળવાળા ભાગોમાંથી જથાબંધ લોકો આવવાથી

તથા દેશાવરથી અનાજ આવી શક્યું નહિ તેથી બેહદ દુઃખ પડ્યું હતું. જે અનાજ લાવવામાં આવતું તે લુંટારૂઓ લૂંટી લેતા હતા, તેમજ બહારથી કોઇ અનાજ મોકલતું પણ નહોતું. છૂટકારાના આ વખતે જે ઉપાય લીધા તે એ હતા કે સરકારે અહિંનું અનાજ બહાર ગામ જવા દીધું નહિ પણ પોતેજ ખરીદ કરી મધ્યમ ભાવે વેચ્યું હતું. જમીનનું મહેસૂલ લીધું નહોતું, અને ખેડુતોને નાણાં ધીર્યાં હતાં.

ઇ. સ. ૧૮૭૬-૭૭નો દક્ષિણનો દુકાળ.

ઇ. સ. ૧૮૭૭નું વરસ પૂરૂં થતાંજ દક્ષિણનો દુકાળ જેણે સઘળી પ્રકારની શરૂઆત ઇ. સ. ૧૮૭૬માં કરી હતી તેનું ઘણું જોર વધ્યું. આ દુકાળને અટકાવવા તથા તેની સામે ચાંપતા ઉપાય લેવા મદ્રાસની સરકારે પોતાના ઇલાકામાં લીધેલી મહેનત અને બતાવેલી કાળજી કરતાં મુંબાઇના ગવરનર સર ફિલિપ વુડહાઉસની મહેનત અને કાળજી વધારે સરસ હતી, અને તેને માટે *વડી સરકારે તેનાં ઘણાં વખાણ કર્યાં હતાં. આ વરસમાં દુકાળના સંબંધમાં ધોંડ અને મનમાર સૂધીનો, અને અમદાવાદથી અજમેર સૂધીનો રેલવે બાંધવાની કાંઈક ગોઠવણ ચાલતી હતી. વડી સરકારે સર રીચર્ડ ટેમ્પલને એ બંન્ને ઇલાકાઓના દુકાળની બારીક ખબર મેળવવા અને તેમાં ફરી ઉપાયો કામે લગાડવા સારૂ નીમ્યો હતો. શરૂઆતમાંજ દક્ષિણના પીડાતા નવ જીલ્લાઓ ખાતે જૂદી જૂદી જગાએથી અનાજના જથા આ-

---

*હિંદની સરકારે—ગવરનર જનરલ ઈન કૌંસિલે. જૂદા જૂદા ઇલાકાના ગવરનરો અને લેફ્ટેનેન્ટ ગવરનરો પોતપોતાના ઈલાકાની સરકાર કહેવાયછે, અને ગવરનર જનરલ ઈન કૌંસિલ તે બધાની ઉપરી—વડી સરકાર કહેવાય છે.

વી લાગ્યાથી ત્યાં અનાજ જે રૂપિઆ એકનું ૨૨ાા શેર મળતું હતું તે ૨૩ાા શેર મળવા લાગ્યું. જાહેર બાંધકામ ઉપર આ વેળા અઢી લાખ માણસ કામે લાગ્યાં હતાં, તેમાં વધારો થઇ બે લાખ નેવુ હજારની સંખ્યા થઇ હતી. વળી કોલાપુર અને દક્ષિણદેશનાં બીજાં મરેઠી રાજ્યોમાં, સાવંતવાડીમાં, અકલકોટમાં, અને ફલટનમાં મળી સાડાતેર હજાર માણસો કામે લાગ્યાં હતાં, અને તેઓ પાછળ પચાસ હજાર રૂપિઆ ખરચ થયા હતા.

આ વખતે દિલ્હીના શેનશાહી મેળાવડાની ભારે ગરબડ ચાલતી હતી, અને આગગાડી ઉપર જબરી દોડધામ થઇ રહી હતી, તેથી વેપારીઓના અનાજના જથા દરેક સ્ટેશને પડી રહી બગડી જતા હતા. એવું માલમ પડ્યું હતું કે વરસાદથી અને બીજી રીતે એક કરોડ રૂપિઆનો માલ રેલવેવાળાઓની કસૂરથી ખરાબ થયો હતો.

આ વખતે ખરાબ ખોરાકને લીધે લોકોમાં ઘણાં દરદ પેદા થયાં હતાં, અને હજારો માણસ મરવા લાગ્યાં હતાં; તેમજ એટલાં સંખ્યાબંધ ઢોર મરણ પામ્યાં હતાં કે કાંઇ સુમાર નહિ. દક્ષિણમાંથી આ વેળા ૭ લાખ માણસો બીજા મૂલકમાં જતાં રહ્યાં હતાં. ફક્ત સોલાપુર તાલુકામાંથીજ બે લાખ માણસ જતાં રહ્યાં હતાં. એમાંનાં ઘણાંખરાં લોક નિજામના મૂલકમાં, મધ્યપ્રાંત તરફ, અને પશ્ચિમઘાટ તરફ જવા ઉપરાંત મુંબાઈમાં આવ્યાં હતાં. જાહેર બાંધકામ પાછળ દર મહિને નવ લાખ માણસો કામે લાગશે, અને તેઓ પાછળ દુકાળ ચાલતા સૂધી એક કરોડ સોળ લાખનો ખરચ થશે એવી ગણતરી કાઢવામાં આવી હતી. મે મહિનાની શરૂઆત થઈ તેટલામાં દક્ષિણ ખાતે બાંધકામ ઉપર લાગનારાં માણસોની સંખ્યા સવાત્રણ લાખની થઇ હતી.

દક્ષિણ મરેઠાદેશમાં આ વખતે કોગળિઆનું જોર ઓછું થયું હતું, પણ સતારામાં તે વધારે જણાયલું હતું, અને ખાનદેશ ખાતે શીતળાનો રોગ ચાલતો હતો. નાના બાળકોને જીવતાં રાખવા સારૂ જૂદાં જૂદાં ખાતાં ઉઘાડી તેમાં તેઓનું પોષણ કરવા પાછળ અત્યાર સૂધી પોણા બે લાખ રૂપિઆનો ખરચ થયો હતો. કોઈ, કોઈ ઠેકાણે આ વખતથી સહેજ સાજ વરસાદ પડવા માંડયો હતો. દુકાળના મૂલકોમાં બહારથી જથાબંધ અનાજ ઘસડાઇ આવતું હતું. નજદીક પોણાત્રણ લાખ ટન‡ અનાજ ઇ. સ. ૧૮૭૬ના અક્ટોબર મહિનાથી ઇ. સ. ૧૮૭૭ ના મે મહિના સૂધીમાં બહારથી આવ્યું હતું, તે છતાં કેટલાંક કારણોને લીધે અનાજ મોઘું મળતું હતું. અહમદનગર, પુના, સોલાપુર અને કલાદગી ખાતે ઢોરોની હાલત સારી નહોતી. બેલગામ અને ધારવાડ ખાતે વરસાદ પડવાથી અનાજ વાવવાનું કેટલુંક કામ ચાલુ થયું હતું. મે મહિનાની આખર સૂધીમાં જાહેર બાંધકામો ઉપર લાગનારાઓની સંખ્યા વધી સાડાત્રણ લાખ ઉપર આવી હતી, તેનું કારણ એ કે દેશની હાલત થોડીક સુધરેલી જાણી બહાર જતાં રહેલાં લોકો પાછાં આવ્યાં હતાં. એ કામ કરનારાઓમાં મોટો ભાગ ખેડુતો તથા ધંધાદારીઓનો હતો, અને તેમણે સરકારને એવી આશા આપી હતી કે સારો વરસાદ પડયે અમે બાંધકામ છોડી જઈશું.

આંધળાં અને શરીરે તદન અશકત લોકોનું પેટ ભરતાં એટલા વખત સૂધીમાં સરકારને નજદીક સવા લાખનો ખરચ થઈ ચૂકયો હતો. એ (મે) માસના છેલ્લા ભાગમાં નજદીક દસ હજાર ટન અનાજ મુંબાઇથી દક્ષિણ ખાતે મોકલવામાં આવ્યું હતું એવું જાણવામાં આવ્યું છે.

‡ એ અંગ્રેજી તોલ છે. એક ટનના આશરે ૬૧ મણ થાયછે.

વરસાદ પડવો શરૂ થયો એટલે ઘણાં લોક દક્ષિણમાં પાછાં ફરવા માંડ્યાં હતાં, અને તેઓ પોત પોતાના તાલુકાઓમાં જઈ પહોંચે તે માટે સરકારે તેઓના દરેક કુટુંબના વડાને અકેકી પાસ (રૂકો) આપી હતી કે રસ્તે જતાં ગરજ પડે તો સરકારી બાંધકામ ઉપર આખું કુટુંબ કામે લાગી રોજી મેળવી શકે. અગષ્ટ મહિનાની અધવચ સૂધીમાં બેલગામ ખાતે ખોરાકની જણસોના ભાવ નીચે પ્રમાણે હતા.—

ચોખા. રૂ. ૧)ના	શેર	૪
જુવાર. ”	”	૫ થી ૫ા.
ઘઉં. ”	”	૫.
મસૂર. ”	”	૫.
તુવેરનીદાળ”	”	૫ા
ચણા. ”	”	૪ાાથી ૫.
ગોળ. ”	”	૧૦.
કોપરેલ. ”	”	૬ા
તેલ. ”	”	૫ા

સોલાપુર ખાતે આ સાલમાં ઘણીજ તંગી ચાલી હતી, અને તેથી શહેરમાં લોકો લૂંટ પાડવા લાગ્યા હતા. લોકો ઉપર માર પડતો, તેઓને તુરંગમાં (બંધીખાને) નાખવામાં આવતાં, તથા એ સિવાય બીજી સખત સજા થતી, પણ તેઓ લૂંટ પાડવાને જરાએ આંચકો ખાતા નહિ, એટલાં તેઓ ભૂખથી હેરાન હેરાન થઈ ગયાં હતાં. દક્ષિણનાં કેટલાંક ઠેકાણાં ઉપર મરણ ઘણાં નિપજવાથી તેની તપાસ કરતાં એવું માલમ પડ્યું હતું કે, ભૂખ્યા લોકોને તથા મજુરી કરનારાંઓને ઘણી કંજુસાઇથી ખોરાક પૂરો પાડવામાં આવતો હતો. આ ભયંકર દુકાળના વખતમાં માર્ચ મહિના સૂધીમાંજ બહાર ગામથી નજદીક ચૌદ હજાર

માણસો મુંબાઇમાં આવી લાગ્યાં હતાં. એઓમાંનો લગભગ અરધો ભાગ સતારા તરફનો હતો, અને બાકીનાં સોલાપુર, પુના, અહમદનગર, અને બીજા તાલુકાનાં લોક હતાં. એ માણસોમાં લગભગ ૫૦૦૦ બાળકો હતાં. પાંચ છ હજાર માણસોને તો મીલોમાં (સૂતર કાતવા વણવા-નાં કારખાનાંમાં) તથા બીજાં કેટલાંક કામો માંરોજી મ-ળી ગઈ હતી, પણ બાકીનાં બીજાં આઠ નવ હજાર મા-ણસો દરદી હતાં અને તેઓનું દરદ શેહેરમાં ફેલાઇ જાય તેની સત્તાવાળાઓને બીક રહેતી હતી. આ લોકોના આવી પહોંચવાથી તથા દિન પરદિન વધારો થવાથી મુંબાઇમાં અનાજના ભાવ વધી ગયા હતા. ચોખા રૂ. ૧૦) નો એક ફરો તથા દાળ રૂ. ૧૨)નો ફરો મળતી હતી. પાંજરાપોળ-ના ધરમખાતાએ ગરીબ અને ભૂખે મરતાં લોકોને આ-શરો આપી દરરોજ પાંચ હજાર માણસોનું પેટ ભર્યું હતું. સરકારે છેક બાહારથી આવતાં લોકોને મુંબાઇ સૂધી આવી પહોંચવા ન દેતાં રસ્તામાંજ પનવેલ, થાણા, કુરલા વગેરે જગાઓમાં ધરમશાળાઓ સ્થાપી હતી ત્યાં રાખ્યાં હતાં. એ ઠેકાણે દરદીઓને તથા શરીરે અશક્ત લોકોને રાખી પાળવામાં આવતાં હતાં.

એ વરસના એપ્રિલ માસની અધવચ સૂધીમાં દક્ષિણના જૂદા જૂદા જીલ્લાઓમાં જૂદા જૂદા અનાજના ભાવ શા હતા, મજુરોની સંખ્યા કેટલી હતી, તથા તેઓ અને બીજાં લોકો પાછળ કેટલો ખરચ થયો હતો, તેનો કોઠો નીચે પ્રમાણે છે.

જીલ્લાઓ.	કામે લાગેલા મજુરો.	કુલ ખર્ચ.	અનાજના ભાવ.
ખાનદેશ.	૩૭૨૫	૧૪૬૦૪૮	જુવાર રૂ ૧) ની શેર ૩૨ાા બાજરી ” ૨૮ાા
નાશક.	૧૫૬૮૦	૧૮૮૮૨૯	જુવાર. ” ૩૧ બાજરી. ” ૨૫
અહમદનગર.	૨૨૨૬૦	૩૬૨૮૨૨	જુવાર. ” ૨૫ાા બાજરી. ” ૨૪
પુના.	૩૩૬૯૦	૫૯૨૫૬૨	જુવાર. ” ૨૪ બાજરી. ” ૨૩
સોલાપુર.	૪૭૧૪૩	૫૨૯૨૫૯	જુવાર. ” ૨૧
સતારા.	૩૦૨૧૨	૫૭૦૩૩૦	જુવાર. ” ૧૮ાા બાજરી. ” ૧૯
કલાદગી.	૩૧૮૪૯	૮૨૧૮૦૧	જુવાર. ” ૧૬ાા બાજરી. ” ૧૬
બેલગામ.	૨૭૫૮૬	૬૮૮૭૦૧	જુવાર. ” ૧૮ બાજરી. ” ૧૮
ધારવાડ.	૪૧૨૯૪	૯૬૧૨૪૧	જુવાર. ” ૧૬ાા

આ કોઠા ઉપરથી જણાશે કે બધા કરતાં કલાદગી જીલ્લામાં અનાજ મોઘું મળતું હતું. તેનું કારણ એ હતું કે તે ઠેકાણે છૂટકારાના ઉપાય લેવામાં આવ્યા નહોતા; લોકો ખાનગી સખાવત મેળવી શકતાં નહોતાં, ને બાળકો ઘણી માઠી હાલતમાં હતાં. ચોમાસુ શરૂ થતાં લોકોનું સંકટ ટળશે એવી આશા રાખવામાં આવી હતી, પણ તે આશા દક્ષિણના સંબંધમાં વ્યર્થ ગઈ હતી; કોઈ પણ જીલ્લામાં વીસથી વધારે ઇંચ પાણી પડ્યું નહોતું, તેથી પાક ઉગી નીકળવાની ને જ્યાં ઉગી નીકળ્યો હતો ત્યાં તેને વધવાની આશા રહી નહોતી. ગૂજરાતમાં દુકાળ પડવાનો ભય લાગ્યાથી, વડોદરા રેલવેની મારફતે ત્યાંનું અનાજ દક્ષિણ તરફ લેઇ જવામાં આવતું અટકાવવામાં આવ્યું હતું. દક્ષિણમાં પહેલાં લોકો વાંસનાં બીઆં, ઝાડનાં પાંદડાં, તથા આંબલીના ચિચોડા ખાતાં હતાં, પણ પાછળથી તે ન મળવાથી ગટરે ગટરે અને ઊકરડે ઊકરડે એઠાં અનાજની પતરાળીઓ શોધતાં ફરતાં હતાં. વળી માણસ માણસનું માંસ ખાવા લાગ્યાં હતાં; એટલુંજ નહિ, પણ કેટલાંક માબાપ પોતાનાં બાળકોને કાપી ખાતાં જણાયાં હતાં. આવી વખતે કણિઆઓની દુકાનો લુંટાવા માંડી હતી, તેથી દુકાનદારોને બચાવવા લશ્કરી પહેરા રાખવાની જરૂર પડી હતી. જી. આઇ. પી. રેલવેની ગાડીઓમાંથી દરરોજ એક હજાર રૂપિઆનું અનાજ ચોરાતું એવું જાણવામાં આવ્યું છે. ભૂખે મરતા લોકો આવી ચોરી કરવા ઉલટથી બહાર પડેછે, કારણ કે તેઓ પકડાયછે તો સરકાર તેઓને તુરંગમાં નાંખી તેમનું પેટ ભરેછે. આગષ્ટ મહિનામાં દક્ષિણમાં સરાસરી રૂ. ૧)નું બાર શેર અનાજ મળતું હતું, પણ કલાદગીમાં એટલું સંકટ હતું કે ત્યાં અનાજ રૂ૧) નું માત્ર આઠશેર મળી શકતું હતું. આ વખતે સર રીચર્ડ ટેમ્પલ જે દુકાળના

મૂલકમાં ફરતો હતો, તેને લોકો તરફથી એવી અરજ કરવામાં આવી કે વેપારીઓને દાણા વેચવાનો એક નિરખ કરી આપવો; પણ તેમ કરવા તેણે ના પાડી, કારણ કે એવી રીતે વેપારીઓની વચ્ચે પડવાથી તેઓ અનાજનો વેપાર કરવાનું તદ્દન છોડી દેછે, બહારથી અનાજ મંગાવતા નથી, અને તેથી મોઘા ભાવે પણ અનાજ મળી શકતું નથી; પણ ભાવ વધારે ખાવાની લાલચથી તેઓ જથાબંધ અનાજ બહારથી મંગાવે છે અને તેથી સોંઘુ મોંઘું પણ અનાજ ન મળવાનો ભય રહેતો નથી. આ વખતે મુંબાઇના એક પ્રખ્યાત ભાટીઆ વેપારી મોરારજી ગોકળદાસે ઘણી તારીફ લાયક મહેનત કીધી હતી. તેની દેખરેખ હેઠલ દુકાળનું એક મોટું ફંડ ઊભું થયું હતું, અને તે ફંડમાંથી ઘણાં ગરીબોને અન્ન વસ્ત્ર પૂરાં પાડવામાં આવ્યાં હતાં. એ ઉપરાંત થોડાં વરસ થયાં પુનામાં પોતાના દેશના ભલાને માટે ઊભી થયેલી સાર્વજનિક સભાની મહેનત, કાળજી અને દયાનો કાંઇ પાર ન હતો. તેણે પોતાની તરફથી જૂદા જૂદા આડતિઆઓ જૂદે જૂદે ઠેકાણે મોકલી દુકાળના સંબંધમાં બારીક ખબર રાખી હતી, અને તે સઘળી ખબર એ સભા સરકારને પહોંચતી કરી સરકારની મહેરબાની મેળવતી હતી. સરકારે પણ ચાંપતા ઉપાય લેવાનું કાંઇ બાકી રાખ્યું નહોતું. જાહેર બાંધકામ પાછળ લગાડેલાં મજુરોમાં દરેક પુરૂષને દરરોજ બે આના, દરેક સ્ત્રીને દોઢ આનો, અને દરેક છોકરાને એક આનો, એ પ્રમાણે દર ઠરાવ્યો હતો. આ દર ઇ. સ. ૧૭૭૬ની આખરે ઠરાવી આપ્યો હતો, પણ પછવાડેથી અનાજ સસ્તું થવાને લીધે મજુરોને દરરોજ એક આનો તથા એક શેર અનાજ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બે જાતનાં બાંધકામો માટે સરકારે ખાતાં ઊભાં કીધાં

હતાં.-એક મામલતદારી (લોકલ ફંડનું) ખાતું, અને બીજું ઈજનેરી ખાતું. પહેલા ખાતા ઉપર લાગેલાં માણસોમાં પુરૂષોને અરધો આનો અને એક શેર અનાજ, સ્ત્રીઓને પા આનો અને એક શેર અનાજ, અને છોકરાંઓને પા આનો તથા અરધો શેર અનાજ આપવામાં આવતું હતું. બીજા ખાતામાં કામે લાગેલાં માણસોમાં પુરૂષોને એક આનો ને એક શેર અનાજ, સ્ત્રીઓને અરધો આનો ને એક શેર અનાજ, અને છોકરાંઓને પા આનો ને અરધો શેર અનાજ આપવામાં આવતું હતું. સાત વરસની અંદરનાં છોકરાંને વગર મજુરીએ પા આનો આપવામાં આવતો હતો. આ વેળા એક તો ચાલુ દુકાળમાં લોકોનું સંકટ ટાળવાનાં, અને હવે પછી આવતા દુકાળમાં લોકોને મદદગાર થઇ પડે એવાં જે બાંધકામો સરકારે શરૂ કર્યાં હતાં, તે મુખ્યત્વે કરીને નહેરો, તળાવો, અને ધોરી રસ્તા હતા. એ સઘળાં પાછળ લગભગ સવા કરોડ રૂપિઆનો ખરચ થયો હતો. એ ઉપરાંત મહેસૂલના નજદીક પોણો કરોડ રૂપિઆ માફ કર્યા હતા, અને ઠેકાણે ઠેકાણે સદાવ્રત ઊભાં કરાવી ત્યાં આંધળાં, પાંગળાં, તથા નાનાં બાળકોનાં પેટ ભરવાનો ખરચ પૂરો પાડયો હતો. મુંબાઇની સરકાર આ વખતમાં એવું ધારતી હતી કે સેંકડે ૨૦ માણસો મદદ લેવા બાહાર પડશે, પણ ફક્ત સેંકડે ૩ાની સરાસરી જેટલાં માણસો મદદ માગવા લાગ્યાં, તેથી લોકોની સંકટ ખમવાની શક્તિ વિષે સરકારને ઘણો સારો વિચાર બેઠો, અને તે ઉપરથી બનતા સૂધી પોતાના તરફથી તેઓને મદદ આપવા તે ઉશ્કેરાઈ હતી. સઘળાં બાંધકામો ઉપર પુરૂષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે માલમ પડતી હતી. ચોમાસામાં એવી સ્ત્રીઓને ઘેર બેસાડી સૂતર કાંતવા વગેરેનું તથા બીજું ઘરગતુ કામ આ-

પવાના ઠરાવો કરવામાં આવ્યા હતા. જૂદાં જૂદાં બાંધકામો ઉપર શું શું કામ કરાવવું અને રોજી કેવી રીતે વહેંચવી, તથા સદાવ્રત ખાતાંમાં લોકોની કેવી સંભાળ લેવી, તે સર્વેના વિગતવાર ચોકસ કાયદાઓ સરકાર તરફથી બાંધવામાં આવ્યા હતા, અને તે પ્રમાણે ચાલવાને સરકારી અમલદારોને મજબૂત ભલામણ કરવામાં આવી હતી.

કોકણમાં પડેલા દુકાળ.

થાણા જીલ્લામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૮૦૨ માં થાણા જીલ્લામાં દુકાળ પડયો હતો, એવું ત્યાંના ઘરડા માણસો જણાવે છે. ગોદાવરી નદી ઉપરના ગુનગ તાલુકામાંથી ભૂખડુ લોકો અહિં આવવાથી અનાજનો ભાવ વધી ગયો હતો. સરકારે એ લોકોને મુંબાઈથી થાણા સૂધીનો રસ્તો બનાવવા કામે લગાડયાં હતાં, અને દરેક માણસને ૧ શેર ચોખા અને એક પૈસો રોજ આપવામાં આવતો. વળી ઉરૂનમાં દુકાન ઉઘાડી મુંબાઇથી અનાજ મંગાવી એક રૂપિઆનું એક પાલી પ્રમાણે વેચ્યું હતું.

ઇ. સ. ૧૮૨૪-૨૫ માં વરસાદ થોડો પડયો હતો, તેથી દહેણું, વસાઇ અને સાષ્ટી તાલુકાઓમાં હમેશ કરતાં ત્રીજા ભાગ જેટલો પાક ઉતર્યો હતો, અને બહુ તંગી હતી. ચોખા અને બીજું અનાજ ઘણાજ મોંઘા ભાવે વેચાવા લાગ્યું હતું. આ વર્ષે સરકારે લોકો પાસેથી મહેસૂલ લીધું નહોતું.

ઇ. સ. ૧૮૩૮-૩૯ માં સાષ્ટીમાં વરસાદ ન પડયો તેથી પાક ન ઉતર્યો, પણ સારા નશીબે મલબાર કાંઠાના મૂલકમાંથી વખતસર અનાજ આવવાથી લોકો સંકટમાંથી બચ્યાં હતાં.

કોલાબા જીલ્લામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૮૧૭-૧૮ માં અહિં દુકાળ પડ્યો હતો. એ વખતે સરકારે મહેસૂલનો ૬ થી દસમો ભાગ માફ કીધો હતો, અને ગૃહસ્થ લોકોએ સખાવત કરી ગરીબોને બચાવ્યા હતા.

ઇ. સ. ૧૮૦૨ થી ઇ. સ. ૧૮૦૪ સૂધી એક મોટો દુકાળ પડ્યો હતો એવું દંતકથા ઉપરથી માલમ પડેછે. એ મોટો દુકાળ મલબારથી ગૂજરાત સૂધી પ્રસર્યો હતો. એ વખતે દેશાવરના લોકો આવી ભરાયાથી આ જીલ્લામાં ભારે તંગી ચાલી હતી અને ઘણાં માણસો મરવા લાગ્યાં હતાં. ભૂખમરાને લીધે લોકો પોતાનાં છોકરાંને વેચી દેતાં હતાં. આ વરસમાં એક ખાંડી સાધારણ ચોખા ચારસો રૂપિએ વેચાતા, અને સારા ચોખા રૂપિએ શેર વેચાતા; પણ પછી બંગાળેથી ચોખા આવ્યા હતા અને ભાવ ઉતરી ગયો હતો.—એ વરસ સૂધી પેશ્વા સરકારે મહેસૂલ મુદ્દલ લીધું નહોતું, અને તવંગરોએ ગરીબોને ખવરાવ્યું હતું, તથા મુએલાંને દાટવાના પૈસા આપ્યા હતા. વળી સરકારી કોઠારોમાંથી અનાજ વહેંચવામાં આવ્યું હતું. તેમજ દરેક ગામમાંથી જેટલું અનાજ મળી શક્યું તેટલું તે તે ગામમાં વાપરી દીધું હતું. રસ્તાઓ ઉપર રખડતાં ગાયો વગેરે ઢોરને સૂકા ઘાસની એક પૂળી જે નાખે તેને અરધો શેર અનાજ આપવાનું રાઘો જીબાવા આંગરીઆએ કબૂલ કર્યું હતું. આ જીલ્લો અંગ્રેજ સરકારના હાથમાં આવવા પછી ત્યાં દુકાળ પડ્યો નથી.

રત્નાગિરી જીલ્લામાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૯૨ અને ઇ. સ. ૧૮૦૨ માં આ જીલ્લામાં દુકાળ પડ્યો હતો. તેમાં પહેલો આઠથી દસ મહિના અને બીજો બારથી ચઉદ મહિના સૂધી ચાલ્યો હતો. એ

વખતે અનાજ રૂ.૧)નું ૪ થી ૬ શેર સૂધી થયું હતું, તેમાં પણ પહેલા દુકાળમાં એથી વધારે મોંઘો ભાવ હતો. ખેડ ગામ જે ઉત્તર તાલુકામાં આવ્યું છે ત્યાં ફક્ત ચોથા ભાગના રહેવાસીઓ રહ્યા હતા. ગૃહસ્થ લોકોએ ગરીબોને પાળ્યાં હતાં. સરકારે ખેડુતો પાસેથી મહેસૂલને બદલે લીધેલું અનાજ ભરી રાખ્યું હતું તે આ વખતે ગરીબોને મદદ કરવામાં વાપરવામાં આવ્યું હતું. વળી ત્રણ વરસ સૂધી મહેસૂલ ઉઘરાવ્યું નહોતું અને શાહુકારોને ભલામણ કીધી હતી કે ખેડુતો સાથે નરમાશથી વર્તવું.

ઇ. સ. ૧૮૨૪–૨૫ માં દુકાળ પડ્યો, એ વખતે જે ભાગો ઊંચાણમાં હતા ત્યાં બિલકુલ પાક થયો નહોતો અને જે નીચા હતા ત્યાં થોડુંક પાક્યું હતું. કોકણમાં પાણીની તંગી અગાઊ કદી પડતી નહોતી પણ આ વખતે પડી હતી. સરકારે રૂ.૪૨૩૬૭૮) ઊઘરાવેલા મહેસૂલમાંથી પાછા આપ્યા હતા, અને જાહેર બાંધકામ શરૂ કરી દક્ષિણમાંથી નાશી આવેલાં લોકોને તેમાં કામે લગાડ્યાં હતાં. વળી માહાર અને પેનની પાડોશમાં આવેલાં કેટલાંક તળાવ ગળાવી ખોદાવીને ઊંડા કીધાં હતાં.

———oOo———

સાવંતવાડીમાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૭૮૭–૮૮ માં કોલાપુરના રાજાની ઘડીએ ઘડીએ ચઢાઈ થવાથી આ તાલુકામાં અનાજ પાણીની તંગી પડી હતી, અને ઘણાંક ગામડાં લુંટાઈ જવાથી ઉજડ થયાં હતાં.

ઇ. સ. ૧૭૯૧–૯૨માં વરસાદ નહિ વરસવાથી પાક ઉતર્યો નહિ તેથી થોડું ઘણું સંકટ પડયું હતું. સરકારે અનાજનાં વહાણો પકડી તેમાંનું અનાજ લેઇ દુકાળવાળા ભાગોમાં વાપર્યું હતું. એ વખતે ચોખા રૂ.૧)ના ૩થી પાંચ

શેર, નાગલી ૮ શેર, અને જુવાર તથા અડદ ૯ શેર વેચાયાં હતાં.

ઇ. સ. ૧૮૨૧-૨૨ માં પણ વરસાદ ન વરસવાથી પાક થયો નહિ, અને તોફાન થવાથી બગાયતની સઘળી પેદાસ નાશ પામી હતી. એ વખતે સરકારે જોઈએ ત્યાં અનાજ વહેંચ્યું હતું. એ વરસમાં ચોખા રૂ. ૧)ના ૬ શેર વેચાયા હતા.

મુંબાઈમાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૮૦૨માં મુંબાઈમાં દુકાળ પડવાની ધાસ્તી હતી, તેથી સરકારે દેશાવર જતું અનાજ અટકાવ્યું હતું, અને વળી બહારથી અનાજ આણવાની સગવડને માટે તે ઉપરની જકાત લીધી નહોતી. સરકારે પોતાના અનાજના જથામાંથી રોજ ૪૦ ગુણો પોલિસ સુપરીનટેંડેન્ટની મારફતે ચોકસ ઠરાવેલા ભાવે બજારમાં વેચવા મૂકી હતી. વળી માંગલોરથી કેટલુંક અનાજ મંગાવી બજારમાં વેચાવ્યું હતું. આ વખતે પુનામાં તંગી પડી હતી તેથી પેશ્વા સરકારની અરજથી અંગ્રેજ સરકારે વણઝારાની મારફતે તથા બીજી રીતે બહાર ગામથી આવતું અનાજ પુને મોકલાવી ત્યાંના લોકોને મદદ કરી હતી, તેમજ કેટલુંક અનાજ સુરત પણ પહોંચતું કીધું હતું.

ઇ. સ. ૧૮૧૨ના મોટા દુકાળની વખતે મુંબાઇથી બહારગામ અનાજનો મોટો જથો મોકલી આપવા મુંબાઇના વેપારીઓ લલચાયા હતા, તેથી ત્યાં અનાજના ભાવ વધી ગયા હતા. આ વખતે અંગ્રેજ સરકારે ઘણી મહેનત લીધી હતી. જેજે ઠેકાણે લશ્કર પડેલું હતું તે તે ઠેકાણે ખૂબ ચો-

કસી રાખી તમામ માણસોને જોઈતું અનાજ પૂરૂં પાડયું હતું; એવી મતલબથી કે રખેને તેઓ બળવો કરે અથવા બે-દિલ થઈ ફરી જાય કે લૂંટફાટ કરે. આ વખતે મુંબાઈનો ગવરનર મિ. દંકન હતો.

ઇ. સ. ૧૮૨૪માં દક્ષિણમાં અને પશ્ચિમ ગૂજરાતમાં દુકાળ પડયો, એ વખતે મિ. માઉંટ સ્ટુઅરટ એલ્ફિન્સ્તન મુંબાઈનો ગવરનર હતો. તેણે ગૂજરાતના અને દક્ષિણના કલેકટરો ઉપર હૂકમ મોકલ્યા હતા કે અનાજ ઉપર તથા વેપારીની વણ્જારો ઉપર જાકાત લેવી નહિ. એ વરસમાં મુંબાઈમાં પાણીનો ઘણો દુકાળ પડયો હતો. હમેશાં ૮૪ ઇંચ વરસાદ પડતો તે આ વખતે ફ્કત ૨૫ ઇંચ પડયો હતો. આથી સરકારે કુવા ખોદાવવાની ગોઠવણ કરી, તે સાથે મુંબાઈ અને માહીમનાં ઘણાં તળાવો ઊંડાં તથા પહોળાં કરાવ્યાં.

ઇ. સ. ૧૮૨૫માં એક હજાર લોક સવાઇ રાજાના આશરા નીચે મુંબાઇ આવ્યાં હતાં. એ લોકોને સરકારે જનરલ બેલાસીસના હાથ તળે જાહેર બાંધકામો ઉપર રોજીએ લગાડયાં હતાં, અને બીજે વરસે કચ્છમાં સુકાળ થવાથી તેઓને પોતાનેજ ખરચે પાછાં તેમને દેશ મોકલી દીધાં હતાં.

ઇ. સ. ૧૮૩૮માં મુંબાઈમાં પાણીની તંગી પડી હ-તી. કાઠીઆવાડથી આ વખતે ઘણાં લોક અહિ આવ્યાં હતાં. પાણીને માટે કુવા તથા તળાવો ખોદાવવા મુંબાઈની સરકારે એક કમિટી નીમી હતી, તેમાં પારસીઓમાંથી મિ. ફ્રામજી કાવસજી, મિ. ધાકજી દાદાજી, અને તે વખતના મિ. જમસેદજી જીજીભાઇ હતા. મુંબાઇની સરકારે આ વેળાએ એવો ઢંઢેરો પિટાવ્યો હતો કે કોઇએ સારા કુવા તથા ત-ળાવમાં નાહીને પાણી બગાડવું નહિ, અને તેનો તપાસ રા-ખવાનું કામ પોલીસને આપવામાં આવ્યું હતું. વળી કુવા

તથા તળાવોનું પાણી રસ્તાઓમાં છંટાતું બંધ કરવામાં આવ્યું હતું. ઢોરાંને પાણી પાવા સારૂ કોટ આગળની ખાઈનો ઉપયોગ કરાવ્યો હતો. અહિંનાં અને કાઠીઆવાડથી આવેલાં લોકોનું સંકટ ટાળી તેમને બચાવવા એક કમિટી થઇ હતી તેણે ઉઘરાણાં કરી નાણાં ભેગાં કર્યા હતાં. પનવેલ અને ઉરૂનની લાઇન ઉપર રસ્તા બાંધવા એ લોકોને રાખ્યાં હતાં. દર મહિને પંદરસોથી તે બે હજાર રૂપિઆનો ખરચ બહારથી આવેલાં લોકોની પાછળ થયો હતો. વળી પાંજરાપોળના કારભારીઓએ પણ તેમને મદદ કરી હતી. તેમને પાંજરા પોળમાં રાખ્યાં હતાં, અને તેઓનુ દુઃખ ટાળવાને ઊભી થયેલી કમિટી સાથે મળી યોગ્ય મદદ કરી હતી. એજ વખતે ભરૂચ જીલ્લાના હાંસોટ પ્રગણામાં જબરૂં સંકટ ચાલવાથી રૂ. ૧૩૦૦૦) ખેડુતોને ધીર્યા હતા.

પ્રકરણ ૯ મું.

મદ્રાસ ઈલાકામાં પડેલા દુકાળ.

ઈ. સ. ૧૭૩૩ માં જ્યારે આ ઈલાકામાં દુકાળ પડ્યો ત્યારે એ મુગલાઇ રાજ્યના તાબામાં હતો. તે પહેલાં ત્યાં દેશી રાજાઓનો અમલ હતો. એ રાજાઓની તે વખતે મુખ્ય આવક જમીન ઉપર હતી, તેથી જમીનમાં વાવણી કરવા સારૂ પાણી જોઇએ તેને માટે તળાવો અને બીજી પાણીથી ભરેલી જગાઓ તેઓ સાફ રખાવતા હતા; પણ આ દુકાળના વખતે મોગલ શેનશાહોએ તેવી કંઇ યાદ કે દરકાર રાખી નહોતી. આવા બેદરકારીપણાથી તળાવો પૂરાઈ ગયાં હતાં, અને પાણી વગર જમીનનો મોટો ભાગ ખેડ્યા વગર રહી ગયો હતો; તે સાથે મોગલ શેનશાહો લોકો ઉપર જૂલમ ગુજારી પૈસાની બાબતમાં તેઓને બહુ-

જ નીચોવતા હતા. ઇ. સ. ૧૭૨૯ માં અનાજ વેચવાનો સરકારે ચોકસ દર ઠરાવ્યો હતો તે પ્રમાણે લોકોને અનાજ ખરીદવાની ફરજ પડી હતી. ચોખા એક રૂપિઆના ૧૩ માપ અને રાગી રૂ.૧) ની ૧૬ માપ વેચવાનું ઠરાવ્યું હતું; એથી વધારે દામ આપીને જે ખરીદ કરે તેની પાસેથી અનાજ પાછું લેવામાં આવતું. વળી એક વરસના ખપ ઉપરાંત વધારે અનાજ જે ભરી રાખે તેને તે વેચી નાંખવું પડતું, નહિતો તે સરકાર લેઇ લેતી હતી. એ વખતે ૧ *ગાર્સ અનાજના ૪૦ † પેગોદા પડતા હતા. એક ગાર્સ અંગ્રેજી લગભગ ૪ા ટનના વજન બરાબર થતો હતો.

ઇ. સ. ૧૭૮૧–૮૨ માં દુકાળ પડ્યો હતો. આ વખતે કરનાટકનો મૂલક હૈદરઅલ્લીએ ઘણોખરો ઉજ્જડ કરી નાખ્યો હતો, અને મદ્રાસની આસપાસનો દેશ ઇ. સ. ૧૭૮૦ ની સાલથીજ તંગીમાં હતો. બહારગામથી જે અનાજ આવતું તે ઉપર લેવાતી જકાત સરકારે કાઢી નાખી હતી, અને બહારના પોતાના અમલદારો ઉપર અનાજના જથા મોકલાવી આપવાના હૂકમ મોકલ્યા હતા. રોજ બજારમાં કેટલું અનાજ વેચાયછે તેની દેખરેખ રાખવા સારૂ સરકારે એક કમિટી ઠરાવી હતી. વળી વેપારીઓ પાસેથી ગુનેગારી સાથેનાં એવાં લખત લખાવી લીધાં હતાં કે તેઓ પાસે કેટલું અનાજ છે તે સરકારથી છુપાવે નહિ. મે મહિનાથી ખપમાં આવતું અનાજ સપટેમ્બર સૂધી ચલાવવું જોઇએ, તેને બદલે ફક્ત જૂન સૂધીજ ચાલશે એવું માલમ પડી આવવાથી, રોજનો ચાલુ ખપ ઓછો કરવામાં આવ્યો હતો. આટલી બધી તપાસ છતાં તારીખ ૬ ઠ્ઠી જૂન-

* એક ગાર્સના લગભગ ૨૬૦ મણ થાય. † એક પેગોદાની કીમત લગભગ હાલના સાડા ત્રણ રૂપિઆ જેટલી થતી.

ને રોજ ફક્ત ૨ દિવસ ચાલે એટલુંજ અનાજ માલમ પડ્યું હતું. આ વેળાએ એવું જણાવવામાં આવ્યું કે વેપારીઓએ અનાજ ભરી રાખ્યુંછે પણ ઓછા ભાવથી વેચવા કાઢતા નથી, તેથી સરકારે ઢંઢેરો પિટાવ્યો કે વેપારીઓએ પોતાને ઠીક લાગે તે ભાવે પોતાનું અનાજ વેચવા માંડવું. સરકારી અનાજના કોઠારમાંથી રોજની ચારસો ગુણો સરકારે કમિટીને હવાલે કીધી હતી, જેમાંથી રોજ ૮૦૦૦ માણસોનું પોષણ થતું હતું.

ઈ. સ. ૧૭૮૨ માં દુકાળ પડ્યો તે વખતે રસ્તે રસ્તે મૂડદાં પડેલાં જણાયાંહતાં, પણ તરત લોકોના છૂટકારા સારૂ જાહેર ઊઘરાણાં કર્યા હતાં. ગરીબ લોકોને માટે યૂરોપિયનોએ દર મહિને રૂ.૮૦૦૦૦) આપ્યા હતા, અને થોડા રૂપિઆ દેશીઓએ ભર્યા હતા. વળી જે વખતે સરકારે મદદનાં નાણાં આપ્યાં ત્યારે "મોનીગા મુલમી" એવા નામનું ગરીબ દેશીઓને મદદ કરવાનું સખાવત ખાતું ઊઘાડવામાં આવ્યું હતું. એ ખાતાની મદદથી બે મહિનામાં ૪૦૦૦ માણસોને પાળવામાં આવ્યાં હતાં, પણ રહેતે રહેતે એવી મદદ લેનારા લોકોની સંખ્યામાં વધારો થયો હતો. બંગાળાના યૂરોપિયનોએ એવાં દુઃખી લોકોની મદદને માટે આગષ્ટ માસમાં રૂ.૩૦૦૦૦) મોકલાવ્યા હતા. આટલું છતાં જે રકમ ભેગી થઇ તે ભૂખે મરતાં લોકોનાં પેટ ભરવાને જોઈએ તે કરતાં અધડી માલમ પડી હતી. ઉત્તર તરફના તાલુકાઓમાં જ્યાં અનાજ સસ્તું હતું ત્યાં ગરીબોને મોકલી દેવા, છૂટકારો કરવાને ઊભી થયેલી કમિટીએ સરકારને ભલામણ કીધી હતી. આ ઉપરથી નવ હજાર લોકોને દર હજાર હજારની ટોળીમાં લશ્કરી પહેરેગિરો સાથે ઉત્તરસરકારમાં મોકલી દીધાં હતાં. રસ્તામાં જતાં સરકારે તેમને પાળ્યાં હતાં અને

ઠરાવેલી જગાએ પહોંચાડયા પછી પણ સરકારેજ તેઓને કામે લગાડી રોજી આપી હતી. ગંજામમાં ત્રણ હજાર અને વિજાગાપટ્ટનમાં બે હજાર માણસોને મોકલી દીધાં હતાં. આટલું છતાં અકટોબર મહિનામાં સરકારે બંગાળેથી એક ગાર્સના ૧૫૦) પેગોદા આપી, અને ઉત્તર તરફનાં પ્રગણાંઓમાંથી એક ગાર્સના ૧૩૦) પેગોદા આપી પોતાને ખરચે ચોખા મંગાવ્યા હતા. વેપારીઓને આ ગોઠવણ પસંદ ન આવી તોપણ જેટલું અનાજ વેચાતું તેમાં બે ભાગ જેટલું સરકાર તરફથી ને એક ભાગનું વેપારીઓ તરફથી હતું. જ્યાં સુધી ગરીબો અંગ મહેનતથી ખાવાનું મેળવી શકતાં ત્યાં સુધી સરકારે તેઓને તેમનાં ઘરમાંજ રહેવા દીધાં હતાં.

ઈ. સ. ૧૭૯૦થી ઈ. સ. ૧૭૯૨ સુધી દુકાળ ચાલ્યો તેનું જોર મદ્રાસ ઇલાકાના ઉત્તર તાલુકાઓમાં જબરૂં હતું. ઈ. ૧૭૯૧ના એપ્રિલ માસમાં વિજાગાપટ્ટનની પડોશનાં બારસો માણસો મરણ પામ્યાં હતાં. ગંજામ, એલોર, રાજમહેંદ્રિ અને કોન્દાપીલીમાં ભારે સંકટ ચાલ્યું હતું. વળી મછલીપટ્ટનની આસપાસ પણ એવુંજ દુઃખ હતું. દરરોજ દર માણસ દીઠ પાશેર અનાજ આપતાં પણ બૂમ પડી હતી. આ વેળા એક રૂપિઆના ૧૨ શેર ચોખા મળતા હતા. લોકોના છૂટકારાના ઉપાય લેવા માટે બહારથી આવતા અનાજ ઉપરની જકાત સરકારે કાઢી નાંખી હતી, અને વેપારીઓને બીજા કોઈ પ્રકારથી ઉત્તેજન આપીને અનાજના ભાવ વધારવા દીધા નહોતા. બંગાળાની સરકારે સરકારને હિસાબે કેટલુંક અનાજ મદ્રાસ મોકલાવ્યું હતું, વિજાગાપટ્ટનમાં દર મહિને ૫૦ ગુણ અનાજ ગરીબોને મફત આપવામાં આવતું. ગંજામમાં સરકારે દરરોજ રૂ. ૨૦૦થી ૩૦૦સુધીની સાફ કરેલી રાગીની કાંજી ઉપર લો-

કોને જીવાડ્યાં હતાં. વળી એજ ઠેકાણે બે હજાર માણસોને કામે લગાડી નાણાને બદલે અનાજના આકારમાં તેઓને મજુરી આપી હતી.

ઇ. ૧૭૯૯ની સાલમાં દીન્દીગલમાં દુકાળ પડયો હતો. એ વેળા સરકારે પોતાને હિસાબે જથાબંધ અનાજ ખરીદીને લોકોને છૂટક વેચ્યું હતું.

ઇ. સ. ૧૮૦૪માં તાંજોર અને દક્ષિણ આર્કોટના તાલુકાઓમાં દુકાળ પડયો હતો. છૂટક અનાજ વેચવા સારૂ તાંજોરના કલેકટરે દર ગાર્સના પંચાશી પેગોદાને હિસાબે શિત્તેર ગાર્સ અનાજ ખરીદ કર્યું હતું, અને એ રીતે છૂટક અનાજ વેચતાં થોડો નફો ઉપજાવી તે નફાની રકમ ગરીબોને સખાવત તરીકે આપી દીધી હતી.

ઇ. સ. ૧૮૦૫માં લગભગ આખા મદ્રાસ ઈલાકામાં સર્વ ઠેકાણે દુકાળ ચાલ્યો હતો. આ સાલમાં એટલું બધું સંકટ પડયું હતું કે, તાંજોરના કલેકટરે બહાર જતું અનાજ અટકાવ્યું હતું, બંગાળા અને ઉત્તર તરફનાં પ્રગણાંઓમાંથી અનાજ મંગાવવા સરકારે પોતાના અમલદારોને હૂકમ કર્યા હતા, અને વેપારીઓને નાણાં ધીરવાનું જણાવ્યું હતું. સરકારે વચ્ચે પડી વેપારીઓએ અનાજ વેચવાનો ચોકસ ભાવ ઠરાવ્યો હતો તથા પોતાને હિસાબે બહારથી અનાજ મંગાવ્યું હતું. પણ એ કામ "બોર્ડ આફ રેવન્યુ"ને ગમ્યું નહિ. વળી બહાર જતું અનાજ અટકાવવાની રીત પણ તે બોર્ડને ગમી નહિ. તેણે એવી ભલામણ કરી કે મજબૂત બાંધાનાં માણસોને છૂટકારો કરવાને ઊભાં કરેલાં જાહેર બાંધકામો ઉપર કામે લગાડવાં, પણ તેઓની મહેનતના બદલામાં પૈસા આપવાને બદલે અનાજ આપવું નહિ, કારણ કે એમ કરવાથી બજાર અસ્થિર થઈ જાયછે.

ઇ. સ. ૧૮૦૭માં જે દુકાળ પડ્યો તેનું સંકટ ઘણું ભયંકર લાગવાથી સરકારે એક ગાર્સ અનાજના ૧૧૦ પેગોદા આપી બહારથી આવતું અનાજ ખરીદ કર્યું હતું. વળી મદ્રાસના ગવરનર લાર્ડ બેન્ટિકે જણાવ્યું કે જેઓ બહારગામથી અનાજ મંગાવશે તેઓને બાઊંટી (Bounty) એટલે એક ચોક્કસ રકમ સખાવત તરીકે આપવામાં આવશે. માર્ચ મહિનામાં સરકારી બાંધકામો ઉપર બે હજાર માણસોને કામે લગાડી તેઓને રોજી આપી હતી. વળી નેલોર, ઉત્તરઆર્કાટ, અને મદ્રાસમાં જાહેર કામો કરવા સારૂ તથા કુવા ખોદાવવા માટે કેટલીક રકમ ઇલાયદી કાઢી હતી. જૂદા જૂદા ભાગો ઉપર મદ્રાસ શહેરથી કેટલુંક અનાજ પહોંચતું કરવામાં આવતું, તે છતાં પ્રગણાઓમાં માણસો મુઆં હતાં. મદ્રાસથી વધારે અનાજ એવે ઠેકાણે મોકલી શકાયું નહિ, કારણ કે જે ભારબરદારી પ્રાણિયો અનાજનો જથો લઇ જનાર હતાં તે ટપોટપ મરવા લાગ્યાં હતાં. વળી એ ઉપરાંત માંહેલા ભાગોની–દુરનાં પ્રગણાંઓની–ખબર મદ્રાસની સરકારને બરાબર મળી શકતી પણ નહોતી. તંગીનાં મારેલાં ઘણાં લોકો મદ્રાસ શહેરમાં જતાં રહ્યાં હતાં, ત્યાં તેઓમાંથી જેમનાં શરીર મજબૂત બાંધાવાળાં હતાં, તેઓને કામે લગાડ્યાં હતાં, અને નાતવાન, દરદી, અપંગ, અને એવાં બીજાં અનાથ માણસોની પચીસોની સંખ્યાને રોજ " મોનીગાર મુલમીસ " ખાતાંએ સાત મહિના સૂધી પાળ્યાં હતાં. આગષ્ટ મહિનામાં ૧૫૦૦૦ માણસોને છૂટકારાને માટે શરૂ કરેલાં બાંધકામો પર મજુરીએ લગાડી રોજી આપવામાં આવી હતી. ગામડાંમાંથી નાશીને મદ્રાસ આવવા નીકળેલાં માણસોમાંથી કેટલાંક તો ભૂખમરાથી તથા દરદથી રસ્તામાંજ મરણ

પામ્યાં હતાં. થોડા વખતમાં સરકારને એક લાખ રૂપિઆનો ખર્ચ થયો હતો. કલકત્તા અને મદ્રાસમાં મોટાં ઊઘરાણાં થયાં હતાં અને તેમાંથી વસૂલ થએલા પૈસા ગરીબોને મદદ કરવામાં ખરચાયા હતા. અકટોબર માસમાં દુકાળનું સંકટ પસાર થઈ ગયું ત્યારે ગરીબોને પાછાં તેઓને ઘેર વિદાય કીધાં હતાં. મદ્રાસમાં જૂદાં જૂદાં વરસોમાં નીચે પ્રમાણે મરણ નિપજ્યાં હતાં.--

ઇ. સ. ૧૮૦૫માં ૩૨૨૫ મોત થયાં.
ઇ. સ. ૧૮૦૬માં ૪૯૦૨ "
ઇ. સ. ૧૮૦૭માં ૧૭૦૨૭ "

બોર્ડ આફ રેવન્યુએ સરકારને ભલામણ કરી હતી કે અનાજના વેપારીઓની વચ્ચે પડવું નહિ, તો પણ સંકટ વધી પડવાથી તેને તેમ કર્યા સિવાય ચાલ્યું નહોતું. સરકારે બોર્ડને જણાવ્યું કે ઇ. સ. ૧૭૮૩માં બંગાળામાં સરકારે વચ્ચે પડી ચોકસ ભાવે અનાજ વેચ્યું હતું તથા મોટા જથાવાળા વેપારીઓ પાસે વેચાવ્યું હતું તેથી સારાં પરિણામ નિપજ્યાં હતાં.

ઇ. સ. ૧૮૧૧–૧૨માં જ્યારે દુકાળ પડયો ત્યારે પણ બોર્ડ આફ રેવન્યુએ સરકારને વેપારીઓની વચ્ચે પડવાની મના કીધી હતી. આ વરસે બાહારથી આવતા અનાજ ઉપર લેવાતી જકાત સરકારે બંધ કરી હતી. મધુરામાં ૪૨૦૦૦ માણસોને છૂટકારાનાં કામો ઉપર લગાડવાની તથા વેપારીઓ બાહારથી અનાજ મંગાવે તે માટે તેઓને ૨૦૦૦ પેગોદા ધીરવાની સરકારને જરૂર પડી હતી. લોકોને કામે લગાડવાથી તેઓ પાછળ છ મહિનામાં સવા ત્રણ લાખ રૂપિયા ખરચ થયો હતો.

ઇ. સ. ૧૮૨૪માં મછલીપટ્ટનની નજદીક દુકાળ પડયો હતો. એ વેળા વેપારને લગતી બાબતો ઉપર ધ્યાન

આપનાર સરકારી અમલદારે ચોકસ ભાવે અનાજ વેચવા સારૂ વેપારીઓને ફરજ પાડી હતી, અને સરકારને હિસાબે અનાજનો મોટો જથો મોકલી દેવા સારૂ બંગાલની સરકારને લખ્યું હતું, પણ તેના એ કામને માટે (મદ્રાસની) સરકારે તેને ઠપકો આપ્યો હતો. આ દુકાળમાં કેટલાંક માણસો ભૂખથી મરણ પામ્યાં હતાં, અને કેટલાંક માબાપો પોતાનાં છોકરાંઓને રઝળતાં મૂકી નાશી ગયાં હતાં. ભૂખે મરતા લોકોએ અનાજની લૂંટ પાડવા મદ્રાસમાં હૂલડ કીધું હતું તેને દાબી નાખવા સારૂ લશ્કર બોલાવવું પડયું હતું. એ વેળા હૂલડખોરો એટલા તોફાની બની ગયા હતા કે તેઓ ઉપર ગોળીઓ ફેંકવામાં આવી નહિ ત્યાં સૂધી તેઓ છૂટા પડી વેરાઇ ગયા નહિ. મદ્રાસના ગવરનર સર થામ્સ મનરોએ એક ઠરાવ બહાર પાડી જમીન તથા જળ માર્ગે મંગાવેલા અનાજ ઉપરની જકાત કાઢી નાંખી હતી; તેમજ તારીખ ૭ મી જૂન સૂધી જેટલો માલ બંગાળા, મલબાર, અને કાનડાથી મદ્રાસ આવે તેટલા માલ ઉપર દર ગાર્સે રૂ. ૩૦) નું ઈનામ આપવાનો ઠરાવ તેણે કર્યો હતો. વળી જે વહાણો કિનારા ઉપર અનાજ ભરી લાવે તેઓને તેના બદલામાં મીઠું આપતાં મીઠાના દર ગાર્સે રૂ. ૨૪) લેવાતા હતા તેને બદલે ફક્ત રૂ. ૧૮) જ લેવા એવો હૂકમ કર્યો હતો. કોઈ ઠેકાણે કામ મેળવી શકતાં નહિ હોય તેવાં લોકોને માટે સરકારે નવાં કામો ઊભાં કીધાં હતાં. ઉત્તર આરકાટમાં સંકટ જણાતાંજ સરકારે વેપારીઓને કોઇ પ્રકારે મદદ કીધી નહિ, પણ પોત પોતાની જમીન ઉપર કુવા ખોદવા ખેડુતોને પચીસો રૂપિઆ એવી સરતે આપ્યા કે ત્રણ વરસમાં તે રૂપિઆ વાળી આપવા. ગંતુર, સાલેમ, વીસાગાપટ્ટન, ઉત્તર અને દક્ષિણ

આર્કોટ, મદ્રાસ, અને નેલ્લોરમાં સરકારે ગરીબ લોકોને જાહેર બાંધકામો ઉપર લગાડી તેઓની મજુરીને માટે પૈસા આપ્યા હતા. વરસની અધવચમાં દુકાળનું સંકટ વધી પડવાથી મદ્રાસ શહેર અને તાલુકાઓમાં તેમજ ઉત્તર-આર્કોટમાં ગરીબોનાં પેટ ભરવાનું સરકારે માથે લીધું હતું. ઉત્તર આર્કોટમાં જુલાઈ માસમાં એક રૂપિઆનું સાડાચાર શેર અને વિજાગાપટ્ટનમાં એક રૂપિઆનુ ૯ શેર અનાજ વેચાયું હતુ. નેલ્લોરમાં ભાવ વધતા જતા હતા અને લોકો ઘણાં ભૂખે મરવા લાગ્યાં હતાં. જૂદે જૂદે ઠેકાણે લોકોના છુટકારાને માટે સરકારે ખાતાં ઉઘાડયાં હતાં, અને એવાં ખાતાંઓમાં દર મહિને દરેક માણસ દીઠ એક રૂપિઓ ખર્ચ થયાનો અડસટ્ટો કાઢવામાં આવ્યો હતો. જેઓ મહેનત કરવાને શક્તિવાન હતાં તેઓ પાસે મહેનત કરાવી પૈસા આપ્યા હતા, અને જેઓ અશક્ત હતાં તેઓને રાંધેલું અનાજ ખાવા આપ્યું હતું. મદ્રાસ તાલુકામાં રોજ ૭૦૦૦ અને નેલ્લોરમાં રોજ ૨૦૦૦ એવાં અશક્ત ભૂખે મરતાં માણસોને ખવરાવવામાં આવતું હતું. આખા ઇલ્લાકામાં એક ગાર્સ (અનાજ) નો ભાવ સરકારી (કંપની) રૂ.૨૬૦, નો હતો, તોપણ ઉત્તર આર્કોટમાં એક ગાર્સના રૂ.૪૫૦, નેલ્લોરમાં રૂ.૩૦૦, મદ્રાસ તાલુકામાં રૂ.૪૦૦, દક્ષિણ આર્કોટમાં રૂ.૩૦૦, અને કદપામાં રૂ.૩૭૦ પડતા હતા.

ઈ. સ. ૧૮૩૨માં દુકાળ પડયો તે ઘણો સખત હતો. આ વખતે નેલ્લોર અને મછલીપટ્ટન તાલુકાએ સંકટ વેઠયું હતું, પણ ગંતુરમાં ઘણા જીવની હાનિ થઈ હતી, તેથી તેને ગંતુરનો દુકાળ કહે છે. આ વેળા સરકારે બહારગામથી આવતા અનાજ ઉપરની જકાત કાઢી નાખી હતી, અને વેપારીઓ ઉપર દબાણ કરીને નહિ, પણ તે-

મને સમજાવી પટાવીને તેઓ પાસે સગવડ પડતા ભાવ મુકરર કરાવ્યા હતા. નવેમ્બર માસમાં ગંતુર. નેલોર, અને બેલારી તાલુકાઓમાં એટલી બધી તંગી ચાલી કે જેઓ વહાણો ભરીને અનાજ લાવે તેઓને રૂ.૨૫)ને બદલે રૂ.૨૨) ના ભાવથી સો મણ મીઠું વેચવાનો સરકારે ઠરાવ કર્યો હતો. અનાજ મોઘું થવાથી લૂંટફાટ વધી ગઈ હતી, અને લુંટારાઓને અટકાવવા માટે સરકારે પોલીસનાં માણસોમાં વધારો કર્યો હતો. જેમ ઇ. સ. ૧૭૨૪માં ગરીબો અને અપંગોને રાંધેલું અનાજ સરકાર તરફથી અપાતું હતું, તેમ આ વખતે પણ આપવામાં આવ્યું હતું. ફેબ્રુઆરી મહિનામાં મદ્રાસમાં એવાં ૧૫૦૦ માણસોનું પેટ ભરવામાં આવતું હતું, અને મે માસમાં ૧૨૦૦૦ માણસો બહારથી આવી પહોંચવાથી ખાવા લાગ્યાં હતાં. આ સાલમાં ચોખા રૂ. ૧) ના ૭ માપ વેચાયા હતા. સાલેમ, ત્રીચીનાપલી, કોઇમ્બતુર, કદપા, દક્ષિણ આર્કોટ, બેલારી, નેલોર, મછલીપટ્ટન, ગંતુર એ જગાઓમાં છૂટકારાનાં કામો સરકારે ઉભાં કીધાં હતાં. મદ્રાસમાં રોજ સંખ્યાબંધ માણસો રસ્તે તરફડી તરફડીને મરવા લાગ્યાં હતાં. આ વેળા "મોનીગાર ચોલતરી" જેવાં સખી ખાતાંથી પણ પહોંચી વળાયું નહોતું. શહેરમાં (મદ્રાસમાં) રોગ ફેલાવાની ધાસ્તી લાગવાથી સરકારે દરેક તાલુકાના અમલદારોને લખી જણાવ્યું હતું કે, પોતપોતાના તાલુકાના લોકોને નાશીને મદ્રાસમાં આવવા ન દેતાં તેઓને તેઓનાં ઘરબારની આસપાસ જાહેર બાંધકામો પાછળ મજુરીએ લગાડી તેમનાં પેટ ભરવાં. ગંતુર અને મછલીપટ્ટનમાં જબરૂં સંકટ ચાલવાથી ત્યાંનાં લોકો નાશીને નેલોરમાં આવ્યાં હતાં, પણ તેઓને પાછાં મોકલી દેવામાં આવ્યાં હતાં. દક્ષિણ આર્કોટમાં કુવા ખોદાવવા સારૂ બે વરસની મુદતમાં

વસૂલ કરવાનાં સરતે સરકારે ખેડુતોને નાણાં ધીર્યાં હતાં. એપ્રિલ માસના પહેલા પંદર દિવસમાં ગંતુરના અરધા તાલુકામાં ૧૬૬ મરણ નિપજ્યાં હતાં. મે મહિનામાં મછલીપટ્ટનમાં મોટી સંખ્યા મરણ પામ્યાનું જણાયું હતું. ભૂખે મરતાં અપંગ લોકોને સરકાર તરફથી રોજ પોણોશેર અને કામ પાછળ લાગેલાંને રોજ દોઢશેર અનાજ આપવામાં આવતું હતું. જુન માસમાં ૩૩૦૦૦ માણસોનાં પેટ સરકારે ભર્યાં હતાં. ગંતુરમાં ચોખા રૂ. ૪૨૧)ના એક ગાર્સ મળતા હતા. એ તાલુકાની ૫ લાખ માણસની વસ્તીમાંથી એક લાખ માણસનું પેટ ભરવાની જરૂર જણાઇ હતી. આગસ્ટ માસમાં સર્વ ઠેકાણે સંકટ હતું. મદ્રાસમાં તો અનાજ લૂંટવાનાં જબરાં હુલડ થયાં હતાં, પણ લશ્કરની મદદથી તે દાબી નાખવામાં આવ્યાં હતાં. વેલોરમાં રૂ. ૧)નું એક શેર અનાજ વેચાતું. એ શહેરમાં એક સ્ત્રી પોતાના મુએલા બાળકને ખાઇ જતી જણાઇ હતી, અને તેના કારણમાં એમ જણાવવામાં આવ્યું હતું કે તે ઘણા દિવસની ભૂખી હતી તેથી તે બાળક મુવા બાદ તેને ખાવાની ફરજ પડી હતી. ચોખા રૂ.૧)ના ૪।। માપ અને ચણા ૮ માપ વેચાતા હતા. નેલોરમાં ૧૦ હજાર માણસનાં પેટ ભરવા છતાં રસ્તે રસ્તે મુએલાંઓની લોથો જણાતી હતી. આ વેળા રાજમહેંદ્રી તાલુકો પણ સંકટમાં હતો. ત્યાં ખાનગી ઊધરાણાથી સરકારી અમલદારો રોજ ૫૦૦૦ માણસોને ખવરાવતા હતા. આ ઠેકાણે અનાજનાં વહાણ લાવનારાઓને રૂ.૧૫)ના સસ્તા ભાવે સો મણ મીઠું આપવા સરકારે કબૂલ કીધું હતું.

મલબાર, બંગાળા, અને કાનેડાથી મદ્રાસ ઈલાકાના પૂર્વ કાંઠાના કોઈપણ બંદરમાં જે કોઇ માણસ અનાજ

લાવે તેને એક ગાર્સે રૂ. ૨૦)નું ઇનામ આપવાનું સરકારે જાહેર કર્યું હતું. આથી મદ્રાસમાં ૧૪૦૨ ગાર્સ, રાજમહેંદ્રીમાં ૫૫૧ ગાર્સ, મછલીપટ્ટન અને ગંતુરમાંનાં બંદરોમાં ૯૦૫ ગાર્સ, મદ્રાસ તાલુકાનાં બંદરોમાં ૫ ગાર્સ, અને તીનવેલીનાં બંદોરોમાં ૯ ગાર્સ અનાજ આવ્યું હતું. બધું મળીને ૨૭૮૨ ગાર્સ અનાજ બહાર દેશાવરોથી આવી લાગવાથી સરકારે તેના કબુલેલા ઇનામના રૂ. ૫૭૪૪૦) બક્ષિસ તરીકે આપ્યા હતા. લોકોનાં સંકટ ટાળવાની સરકારની આટલી બધી યુક્તિ, કાળજી, અને મહેનત છતાં બહારથી સંખ્યાબંધ લોકો મદ્રાસમાં ઘસડાઈ આવતાં હતાં. સપ્ટેંબર માસમાં "મોનીગાલ મુલમી"એ ૭૦૦૦૦થી વધારે માણસોને ખવરાવ્યું હતું, અને ૧૦૦૦૦ માણસોને કામે લગાડયાં હતાં.

મદ્રાસમાં અતિઘણો ખરચ કરવા છતાં, અનાજ વહેંચવાની જૂદી જૂદી દુકાનો ખાતે ૩ લાખ રૂપિઆ ખરચાયા હતા. ઇ. સ. ૧૮૩૪ની સાલના અધવચમાં ગંતુરમાં સંકટ ચાલુજ હોવાથી રૂ.૨૨૦૦૦ના ખરચે દરમહિને દશ હજાર માણસોને કામે લગાડયાં હતાં, અને રૂ. ૫૫૫૦ના ખરચે દર મહિને ગરીબોને ખવરાવવામાં આવ્યું હતું ઇ.સ. ૧૭૩૪ થી ઇ. સ. ૧૮૫૪ સૂધી નાની નાની તંગીઓ ચાલી હતી, અને તેથી થોડાં થોડાં સંકટો વેઠવાં પડયાં હતાં. ઇ. સ. ૧૮૫૪માં દુકાળ પડયો હતો ખરો, પણ તેનું વિશેષ જોર બેલારી તાલુકામાં હતું. એ દુકાળ વરસાદ નહિ વરસવાથી પડયો હતો. મદ્રાસ ઈલાકાના કેટલાક ભાગોમાં છૂટકારાના ઉપાય કરવાની ગરજ આ વખતે જણાઈ હતી. અનાજના ભાવ ચઢીને બેવડા થયા હતા. ઢોરોનો ચારો ખૂટવાથી બેલારીમાં ત્રીજા ભાગનાં ઢોર મરણ પામ્યાં હતાં. જાનેવારી માસમાં છૂટકારાના ઉપાય કરવામાં આવ્યા હતા. એ વખતે

જાહેર બાંધકામો પાછળ ૯ હજાર માણસો કામે લાગ્યાં હતાં, પણ જુલાઇ માસ આવ્યો તેટલામાં તેઓની સંખ્યા વધીને સત્તાણું હજારની થઇ હતી. સરકારને એકંદર ખરચ રૂપિઆ સોળ લાખનો થયો હતો, તેમાંથી બે ભાગ સખાવતમાં અશક્ત માણસોને મજુરી કર્યા સિવાય ખવરાવવામાં વપરાયા હતા અને એક ભાગમાંથો જાહેર બાંધકામ તૈયાર થયાં હતાં.

મદ્રાસ ઇલાકામાં જૂદાં જૂદાં વરસોમાં વેચાયલા ચોખાનો ભાવ નીચે પ્રમાણે હતો.

ઇ. સ. ૧૭૯૨માં	રૂ૧)ના	૩થી	૬ માપ.
" ૧૮૦૨માં	"	"	"
" ૧૮૦૭માં	"	૭થી	"
" ૧૮૩૩માં	"	૩ાથી ૭	"

" ૧૮૫૪માં સાધારણ ખોરાક હમેશ કરતાં ચોગણા ભાવે વેચાયો હતો.

મદ્રાસ ઇલાકાના ગંજામ તાલુકામાં પડેલા દુકાળ.

ગંજામમાં પડેલો પહેલો દુકાળ જે તવારીખમાં નોધાયલો છે તે ઇ.સ. ૧૭૮૯થી ૧૭૯૨ સૂધી ચાલ્યો હતો. બીજો મોટો દુકાળ ઇ. સ. ૧૭૯૯થી ઇ. સ. ૧૮૦૧સૂધી પડયો હતો, અને ત્રીજો ઇ. સ. ૧૮૩૫માં પડયો હતો.

ઇ. સ. ૧૮૬૬માં એક ભયંકર દુકાળ પડયો હતો, તથાપિ તેના કરતાં પણ વધારે ભયંકર ૧૭૮૯થી ૧૭૯૨ સૂધીનો દુકાળ હતો, પરંતુ તેનો હેવાલ મન માનતો મળ્યો નથી. એ દુકાળ કેટલા વિસ્તારના મૂલકમાં પ્રસર્યો હતો તે જણાતું નથી, પણ ઉત્તર તરફ કૃષ્ણા નદી સૂધી એ જઈ પહોંચ્યો

હતો એવું કંઇક માલમ પડે છે. એ દુકાળ, તથા ઇ. સ. ૧૮૦૦નો દુકાળ ગંજામ પ્રગણાની ઉત્તરેથી શરૂ થઈ છેક દક્ષિણ તરફ જોરમાં વધ્યો હતો. ઇ. સ. ૧૭૮૯ના દુકાળન વખતે સરકારે અનાજની આયાત અને નિકાસ ઉપર લેવાતી જકાત બંધ કરી હતી, અને પહેરેગીરો મૂકી દરિઅ સાથેનાં લાગેલાં બંદરોમાંથી દેશાવર જતું અનાજ અટકાવ્યું હતું. વિજયાનગ્રામના રાજાએ ધર્મના કામ સારૂ પુરીમાં (જગન્નાથ–જગન્નાથપુરીમાં) અનાજ મોકલાવવા માગ્યું હતું, પણ તેમ કરતાં સરકારે અટકાવ કીધો હતો. લોકોને રસ્તા બાંધવાના અને તલાવ ખોદવા તથા સાફ કરવાના કામ ઉપર લગાડી તેઓનો મજુરીના બદલામાં અનાજ આપ્યું હતું. "મોનીગાલ મુલમી"ના સખી ખાતાએ ઘણાં માણસોને ખવડાવ્યું હતું. સરકારે બહેરામપુરમાં સસ્તા ભાવે ચોખા રાખ્યા હતા, અને જમીનનું મહેસૂલ પાછું આપ્યું હતું. ચારપાણી વિના તવાઈ ગયેલાં ઢોર ત્રીજે વરસે મરવા લાગ્યા હતાં, પણ મરકી ચાલી નહોતી.

ઇ. સ. ૧૭૯૯નો દુકાળ. ઇ. સ. ૧૭૮૯ના દુકાળની માઠી અસર ચાલુ રહેવાથી પડયો હતો. એ વરસમાં થોડો વરસાદ વરસ્યો હતો, પણ ખેડુતો નબળી અને ભિખારી હાલતમાં હતા તેથી તેનો લાભ લઇ શકયા નહિ. આ વખતે લોકોની હાલત ઘણી દયા ઉપજાવવા જોગ થઇ પડી હતી. હલકી જાતનાં અનાજનો ભાવ એક ગાર્સના રૂપિઆ ૭૧ હતા, અને હલકી જાતના ચોખાનો ભાવ એક ગાર્સના રૂપિઆ ૧૬૮ હતા. રાગીનો ભાવ એક ગાર્સે રૂ. ૭૫)હતા.

જાહેર બાંધકામો ઉપર કામે લગાડેલાં સ્ત્રી પુરૂષોની મજુરીનો જે ખરચ કરવામાં આવતો તેમાં દર મહિને દરેક પુરૂષની પાછળ રૂ. ૧ાા અને સ્ત્રીની પાછળ રૂ. ૧)નો ખરચ થતો હતો.

ઇ. સ ૧૮૩૬માં દુકાળ પડયો. તે વખતે કોગળિયાનું દરદ ફાટી નીકળ્યું હતું અને ઘણાં માણસો મરણ પામ્યાં હતાં. તે સિવાય ઘણાંક ઢોર પણ મરી ગયાં હતાં. ચોખા જે રૂ. ૧)ના ૮૦થી ૬૦ શેર વેચાતા હતા તે ૩૦થી ૨૦ શેર થઇ ગયા હતા. રાગી રૂ. ૧)ની ૧૦૦થી ૪૦ શેર થઇ ગઇ હતી, અને દાળનો ભાવ ૨૪ શેરથી ૧૬ શેર ઉપર આવી ગયો હતો. ઇ. સ. ૧૮૬૫-૬૬માં ઘણો જબરો દુકાળ પડયો હતો. આ સાલમાં ઉત્તર તરફના ખેડુતો હમેશના કરતાં અરધાથી પણ ઓછો પાક ઉતારી શકયા હતા. વળી આગલાં બે વરસોમાં થોડો પાક નિપજ્યો હતો, તેથી આ વરસની તંગી સહન કરવાને લોકો અશક્ત હતાં. ખેડુત લોકોને નાણાં ધીરવાની જરૂર જણાઇ હતી. ઘણા ખેડુતો પોતાનાં ઘરબાર છોડી જતા રહ્યા હતા, અને ઘણાક મજુર અને વઇતરા બની કામ કરવા લાગ્યા હતા. આ ઠેકાણે હમેશાં ૬૦ ઇંચ વરસાદ પડે છે. પણ આ વખતે તે ૧૮થી ૨૦ ઇંચ પડયો હતો. આથી કરીને ઇ. સ. ૧૮૬૫માં અનાજ વગેરેના ભાવ વધવા લાગ્યા હતા. કટકથી આવતું અનાજ બંધ થયું હતું. તેથી બજારમાં લોકોએ લૂંટ પાડી હતી અને તેમાં સરકારી સિપાઇઓ પણ સામેલ થયા હતા. મજુરો વગેરે રોજીપર જીવનારા માણસો પોતાનું ગુજરાન કરી શકયા નહિ, તેથી ઘણાક દેશ છોડી જતા રહ્યા અને બીજા ગરીબ લોકો રોપા તથા ઝાડનાં મૂળિયાં ઉપર જીવવા લાગ્યા. છૂટકારાને વાસ્તે જૂદાં જૂદાં ખાતાં ઊભાં થયાં હતાં, અને તેમાં સરકારે પણ થોડી મદદ કીધી હતી. લોકો ખોરાકને માટે ઘણાં ટળવળતાં હતાં. તેર વરસની અંદરનાં સાડીપાંચસો છોકરાં તેમનાં માબાપથી છૂટાં પડયાં હતાં, અને કેટલાંક કંગાલ માબાપોએ

પોતાનાં છોકરાં જીવતાં રાખવાની આશાએ ખ્રિસ્તિ પાદરિયોને આપી દીધાં હતાં. આ દુકાળમાં બધો મળી સરકારને ૭ લાખ રૂપિઆનો ખરચ થયો હતો. ઇ. સ. ૧૮૬૫ ના અક્ટોબરથી ૧૮૬૬ના સપ્ટેમ્બર સૂધીમાં ૫૬૨૬૨ મોત થયાં હતાં, તેમાં દરદથી ઘણાં મુઆં હતાં; ભૂખમરાથી દર હજારે પચાસ મરણ થવા લાગ્યાં હતાં.

——oOo——

ઈ. સ. ૧૮૭૭માં મદ્રાસમાં પડેલો દુકાળ.

આ સાલનો દુકાળ એવો ભયંકર હતો કે તેણે બીજા બધા દુકાળોને વિસરાવી નાંખ્યા હતા. એ શરૂ થતાંજ એક બે મહિનામાં ૯ લાખ માણસોને જૂદે જૂદે ઠેકાણે રોજીએ લગાડયાં હતાં અને સહેજ વારમાં તેઓ પાછળ ચોવીસ લાખ રૂપિઆનો ખરચ થઈ ચૂકયો હતો. જાનેવારી મહિનામાં એવી અટકળ કરવામાં આવી હતી કે આમને આમ જૂન મહિના સૂધી ચાલશે તો લગભગ સાડા ત્રણ કરોડ રૂપિઆનું ખરચ લાગશે. ભૂખે મરતાં ગરીબ લોકો પોતાનાં છોકરાંઓને વેચવા લાગ્યાં હતાં, અને કોગળિઊં ચાલવાથી ઘણાં લોક મરવા લાગ્યાં હતાં. દુકાળ વધી જવાનું કારણ એ હતું કે મદ્રાસના ગવરનર ડયુક આવ બકિંગહામે દાણાના વેપારીઓને દુકાળવાળા સઘળા મૂલકમાં દાણા લેઇ જવાની છૂટ આપી નહિ, પણ છેક બેંગલોર સૂધી સરકાર તરફથીજ અનાજ ખરીદ કરાવી સરકાર તરફથીજ વેચી વેપારીઓ સાથે હરીફાઇ ચલાવી હતી. આથી કેટલેક ઠેકાણે ભાવ ઘણો વધી ગયો હતો. બેલારી ખાતે સાધારણ અનાજ રૂ. ૧)નું સાડાછથી ૭ શેર મળવા લાગ્યું હતું, તેમજ કદપા અને કરનુલ ખાતે પણ ૬થી સાડાછશેર અનાજ વેચાતું હતું.

આ દુકાળનું જોર ઘણું વધી પડયું હતું, અને તેથી ભયંકર પરિણામો નિપજવા માંડયાં હતાં, તે ડયુક આવ બકિંગહામે (મદ્રાસના તે વખતના ગવરનરે) પહેલેથીજ કરેલી કેટલીક ભૂલોનાં ફળ ગણવામાં આવે છે. તેણે એક મોટી ભૂલ તો એ કરી હતી કે દુકાળને લગતી સઘળી વિગત છૂપી રાખી હતી; બીજી ભૂલ એ કે વેપારીઓને અનાજનો વેપાર કરવા દીધો નહિ; અને ત્રીજી ભૂલ એ કરી કે ૩૭ હજાર ટન અનાજ પૂરૂં પાડવાનું કંત્રાક્ટ એક ખાનગી યૂરોપિઅન પહેડીને આપ્યું હતું. આ વેળા મદ્રાસમાં એટલું બધું સંકટ ચાલવા લાગ્યું હતું કે લગભગ એક લાખ મદ્રાસીઓ સિલોન (સિંહલદ્વીપ–લંકાં) ખાતે જતાં રહ્યાં હતાં, અને ત્યાં પણ તંગી પાડી હતી. ભૂખે મરતાં લોક એટલાં જીવપર આવી ગયાં હતાં કે રસ્તે દોડતી આગગાડીઓ અટકાવી તેમાંનું અનાજ લૂંટી લેઈ ચોરી જતાં હતાં.

મદ્રાસ જેવા ઓહોળા ઇલાકામાં ત્યાંની સરકારની કસૂરથી દુકાળ જેવું જબરૂં સંકટ વધી પડયું હતું, તેની તપાસ તથા અટકાવ કરવા સારૂ વડી સરકાર તરફથી સર રીચર્ડ ટેમ્પલ જેવા ધુંધી અમલદારને નીમવામાં આવ્યો હતો. એ અમલદાર શરીરે લઠ્ઠ અને ઉદ્યોગી હતો તેથી તેણે ઘણી ઘણી હરકતો વેઠીને હિમ્મત ભરેલી નોકરી બજાવી હતી. આ દુકાળમાં મદ્રાસમાં ઘણાં મોત થતાં અને તેમાંનાં ઘણાં કોગળિઆથી નીપજતાં. એ મરકી વિશેષે કરીને મજુરોમાં ચાલતી હતી, અને એનું કારણ શોધતાં એવું માલમ પડયું હતું કે એ લોકોને ઘણો ખરાબ અથવા ઘણો ઓછો ખોરાક મળતો હતો. સર રિચર્ડ ટેમ્પલે પોતાની કેટલીક તપાસ ઉપરથી વડી સરકારને એવું

લખી વાળ્યું હતું કે આવતી સાલે પાક ઘણો ઉતરશે, માટે સરકારે મહેસૂલ માફ કરવું નહિ, અને તેની એ સૂચના ઘણાઓને કઠણ દિલની લાગી હતી. માર્ચ મહિનામાં મદ્રાસના પૂર્વ કિનારા તરફની મોટી નેહેર ખોદવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતુ. મદ્રાસ ઇલાકામાં એ સર્વથી મોટું બાંધકામ હતું. અને તે ઉપર સર રિચર્ડ ટેમ્પલની ગણતરી પ્રમાણે ૯૦૦૦ માણસોને કામે લગાડવાની અગત્ય હતી. આ મહિનામાં મદ્રાસની સરકાર પાસે નજદીક ૨૬૦૦૦ ટન પોતાના હિસાબનું અનાજ હતું, તે વેચી નાખવાનો વડી સરકારે તેને હૂકમ કર્યો હતો, પણ આ વખતે તે કોઇનું સાંભળતી જણાતી નહોતી. જૂન મહિના સૂધીમાં થોડો ઘણો વરસાદ વરસ્યો હતો, પણ તેથી કાંઇ ફાયદો થયેલો જણાયો નહિ. શહેરમાં ભૂખે મરતાં લોકોનાં ટોળે ટોળાં રખડવા લાગ્યાં હતાં, અને તેમાં છોકરાં અને સ્ત્રીની સંખ્યા ઘણી હતી. ઘણી માતાઓ પોતાનાં વહાલાં બાળકોને વેચવા નીકળી હતી. લોકોના સંકટના કારણમાં દુકાળની તપાસ માટે નિમાયલા સર રિચર્ડ ટેમ્પલે મદ્રાસની સરકારને મજુરો માટે ઠરાવી આપેલો ઓછો દર ગણાતો હતો, અને એ ઓછા દર વિષેની ડાકટર કારનીસે ફરિયાદ પણ ઉઠાવી હતી. એ દર પ્રમાણે મજુરોને એક શેર અનાજ અને ૬ પાઈ રોકડી મળતી હતી, તેમાં સર રિચર્ડ ટેમ્પલના મદ્રાસ ઇલાકામાંથી પાછા ફરતાંજ ત્યાંની સરકારે ફેરફાર કરી મજુરોને રોજના બે, અઢી અને તેથી પણ વધારે આનાનો દર આપવા માંડ્યો હતો. જુલાઇ મહિના પછી દુકાળનો અંત ન આવતાં બીજે વરસે પણ તે ચાલ્યો હતો, એટલે ઇ. સ. ૧૮૭૭ ના આગષ્ટ, સપટેમ્બર મહિનામાં લોકોની હાલત અતિશય

સંતાપ ભરેલી થઇ ગઈ હતી. રસ્તે રસ્તે ટપો ટપ માણસો મરવા લાગ્યાં હતાં. બે કરોડ આદમી આ ઈલાકામાં વસતા ગણાય છે પણ તેઓમાંના લાખો આદમીઓ ઘરબાર અને કપડાં વગરના થઈ ગયા હતા. બાળકોને માટે ઠામ ઠામ દૂધખાનાં ઉઘાડવામાં આવ્યાં હતાં, અને ત્યાં ભલા દિલની યૂરોપિઅન બાનુઓ નિરાધાર બાળકોને દૂધ પાઈ તેમની માવજત કરતી હતી. વળી "મોનીગાલ મુલમી" નામનાં ધરમ ખાતાં ઠેકાણે ઠેકાણે ઉઘાડવામાં આવ્યાંહતાં, તેમાં હજારો લોકોનો નિભાવ થતો હતો. મદ્રાસ શહેરમાં લગભગ એક લાખ માણસ બહારથી આવી ભરાચું હતું તેથી ત્યાં ભારે તંગી ચાલી હતી. પંદર હજાર ગરીબોને ખોરાક આપવાની ગોઠવણ થઇ હતી. દુકાળની શરૂઆતથી અત્યાર સુધીમાં ફક્ત ગરીબોને પાળવાનાં ધર્માદા ખાતાં પાછળ સરકારને દશલાખ રૂપિઆનો ખરચ થઇ ચૂક્યો હતો. બંગાળેથી જથાબંધ અનાજ આવતું હતું તોપણ તે લોકોને પૂરૂં પડી શકતું નહોતું.

અકટોબર માસમાં દુકાળનું સંકટ ઓછું થવાના સમાચાર સર્વ ઠેકાણેથી મળતા હતા, એટલે સઘળે ઠેકાણે વરસાદ વરસી લીલા લહેર થઇછે એવું જણાવવામાં આવતું હતું. સપ્ટેમ્બરની આખરે ગણતરી કાઢતાં માલમ પડ્યું કે આખા મદ્રાસ ઈલાકામાં સવાછ લાખ માણસો બાંધકામ ઉપર મજુરી કરતાં હતાં. એ પરિણામ વરસાદ પડવાથી મજુરોની મોટી સંખ્યા બાંધકામ છોડી ખેતીને ધંધે લાગી ગઈ તેથી, અથવા તો હવે વધારે મહેનત કરવાની તેમનામાં શક્તિ નહોય તેથી નિપજ્યું હશે; નહિતો ગરીબોને આશરો આપનારી જગામાં રહેનારા નાચારોની સંખ્યામાં અત્યારસૂધી વધારો થતો જતો હતો, અને તેમની એકંદર સંખ્યા લગભગ સાડાસોળ લાખ માણસોની હતી. જૂન

અને જુલાઈ માસમાં મોત ઘણાં થયાં હતાં. રસ્તે રસ્તે લોકોનાં મૂડદાં રઝળતાં હતાં તેથી દરેક મૂડદે ૩૦॥) લેઇ તેને બાળી આપવાનો ઇજારદારને ઇજારો આપ્યો હતો. દુકાળની વખતે સારા શીખેલા દાકતરો તથા દેશીવૈદ્યો પૂરતા મળી શકતા નહોતા, તેથી ઊંટવૈદ્યોને કામે લગાડવાની ફરજ પડી હતી. કહેછે કે એટલું બધું દુઃખ ચાલ્યું હતું કે ગર્ભવંતી સ્ત્રીઓમાંથી બાળક પ્રસવવાની શકિત ઘણી ઓછી થઈ ગઈ હતી. આ દુકાળની વખતે મજુરોને એક શેર અનાજ આપવાનું સર રિચર્ડ ટેમ્પલે ઠરાવ્યું હતું, તેની સામે ડાકટર કારનીસે વૈદક–શાસ્ત્રની મદદથી એક મિનિટ (અભિપ્રાય દર્શક શેરો–નોંધ) લખી બતાવ્યું હતું કે એક શેર અનાજ માણસને સહી સલામત ટકાવવાને પૂરતું નથી. એ મિનિટના જવાબમાં સરરિચર્ડ ટેમ્પલે જણાવ્યું હતું કે મેં નીમી આપેલો દર, મજુર લોકોને હમેશાં જેટલું અનાજ મળે છે તેથી ઓછો નથી. વળી તેણે ખુલાસો કર્યો હતો કે જૂદા જૂદા દેશોમાં ઋતુ અને હવા પ્રમાણે લોકોને થોડો વધતો ખોરાક ખાવાની જરૂર પડેછે. આના જવાબમાં એક લાંબો ઊત્તર લખી ડાકટર કારનીસે જણાવ્યું કે ઇ. સ. ૧૮૭૪ના બંગાળાના દુકાળમાં સર રિચર્ડે જે દરથી મજુરોને ખોરાક આપ્યો હતો તે આ સાલમાં મદ્રાસમાં ઠરાવેલા દર કરતાં વધારે હતો તેનો ખુલાસો શું હોવો જોઇએ? કંઈજ નહિ, પણ આમ ઓછો ખોરાક આપવાનો ઠરાવ કર્યો તે સર રિચર્ડે એક પ્રયોગ અજમાવી જોયો છે. પણ એવા પ્રયોગ અજમાવવાનો વખત દુકાળનો નથી. પાછળથી મુંબાઇના રસાયણી દાકતરે અને સરકારી મૂળતત્વ વિવેચક ડાકટર લાયને દાખલા દલીલોથી અને ખોરાકની રસાયણી તપાસ કરી તેનાં જૂદાં જૂદાં તત્વો છૂટાં પાડી બ-

તાવ્યું હતું કે, દરેક મજુરને એક શેર અનાજ આપવાનું સર રિચર્ડે ઠરાવ્યું હતું તેટલું અનાજ તેમના રક્ષણને માટે પૂરતું હતું.

જુલાઇ મહિનામાં મદ્રાસના લોકોને એવું લાગ્યું હતું કે હજુ બીજા છ મહિના દુકાળ ચાલુ રહે એવું છે, અને તેની સામા થવાને (નિવારણ કરવાને) સરકારની તાકાત રહી નથી. અત્યાર સૂધીમાં ત્રણ કરોડ રૂપિઆનો ખરચ સરકારને થઇ ચૂક્યો હતો, અને હજુ બીજા છ મહિના દુકાળ ચાલે તો બીજા ત્રણ કરોડ ખરચાવાની ગણતરી કરવામાં આવી હતી. વળી સરકારે મહેસૂલ માફ કીધું હતું તેના બીજા ત્રણ કરોડ રૂપિઆ સરકારની ત્રિજોરીમાંથી ઓછા થવાના હતા, એ ઉપરથી જોતાં સરકારને કુલ ખ-રચ રૂપિઆ નવ કરોડનો થવાનો હતો. એ ખરચમાં પરમારથી લોકોએ, મોટાં શહેરોએ, અને ઇંગ્લાંડે પ-ણ ભાગ લેવાની આ વેળા જરૂર જણાઇ હતી. આ બા-બત મદ્રાસમાં ડયુક આવ બકિંગહામના ઉપરીપણા હેઠળ એક જાહેર સભા ભરવાની અને તેમાં ઇંગ્લાંડ, કલકત્તા અને મુંબાઇ વગેરે ઠેકાણાંથી નાણાં મેળવવાના ઠરાવો ક-રવાની ઘણીજ અગત્ય માલમ પડી હતી, અને એ અગત્ય મુજબ અગષ્ટ મહિનામાં એક મોટી સભા ભરાઇ પણ હ-તી. દુકાળના આ મોટા સંકટની વાત ઇંગ્લાંડ સૂધી જઇ પહોંચવાથી ત્યાંના સઘળા શાહુકારો અને અમીરો વગેરે-એ ટપોટપ નાણાં ભરવા માંડયાં હતાં, અને દરરોજ ધા-ર્યાં કરતાં વધારે રકમ વધતી જતી હતી. એક મહિનો પૂરો થયા પહેલાં ૨૫ લાખ રૂપિઆની ગંજાવર રકમ ઉત્પન થઇ હતી. એ નાણું ઇંગ્લાંડનો લાર્ડ મેઅર (મુખ્ય કોટવાળ) મદ્રાસના ગવરનર ઉપર મોકલતો હતો. મુંબાઈની રીલીફ

કમિટીના માગવાથી મદ્રાસની કમિટીએ ઉપલાં નાણુંમાંથી દક્ષિણના દુકાળ માટે પચાસ હજારની રકમ આપી હતી, અને બીજી વધારે રકમ આપવાની કબુલાત જણાવી હતી. નામદાર લાર્ડ લીટને મદ્રાસના દુકાળના ફંડમાં એકદમ દસહજાર રૂપિઆની રકમ ભરી હિંદુસ્તાનમાં વસતા પોતાના જાતભાઇ અંગ્રેજોમાં સારો દાખલો બેસાડચો હતો. ઇંગ્લાંડના લોકો એટલા ઉદાર અને અપક્ષપાતી હતા કે તેઓ હિંદુસ્તાનના લોકોનું ખરૂં દુઃખ હૈડે ધરીને પોતાનો સખાવતનો હાથ લંબાવતા જતા અને બધા મળીને લગભગ અરધો કરોડ રૂપિઆ એ દુકાળના ફંડમાં તેમણે ભર્યા હતા. આ દુકાળ એટલો ભયંકર હતો કે મહારાણીજીએ પણ તે વિષે મોટી કાળજી બતાવી હતી, અને હિંદુસ્તાન ખાતાના વજીર લોર્ડ સાલ્સબરીએ તો હિંદુસ્તાનની સરકાર ઉપર લખી પણ વાળ્યું હતું કે ગરજ પડે તો સંકટ ટાળવા આખા હિંદુસ્તાનનું મહેસૂલ વાપરી નાંખવું. ધન્ય છે અંગ્રેજ સરકારને અને ઇંગ્લાંડના લોકોને કે હિંદુસ્તાનને માટે આ મોટી પીડા નસાડવા આવા આવા કીર્તીવંત ઉપાયો તુરત કામે લગાડચા. મદ્રાસની સરકાર પાછળથી દુકાળની બાબતમાં અતિ ઘણી ખંતી થઇ ગઇ હતી, અને પહેલી બેદરકારી પાછલી ઉલટથી વીસારી દીધી હતી. જતા દુકાળની વખતે તે સરકારે જોઇએ તે કરતાં વધારે સંભાળ લીધી હતી. કામ ઉપર લાગેલાં મજુરોને ખરચી આપીને તેઓને પોત પોતાને ગામ રવાના કીધાં હતાં, અને એમાંથી જેઓ પોતાને ગામ જવા અશક્ત હતાં તેઓને હજુ પણ જાહેર બાંધકામ ઉપર રોજીએ લગાડી રાખ્યાં હતાં. વળી ગરીબ ખેડુતોને તેઓને ગામ મોકલી દેવા અને પાછા ધંધે ล-

ગાડવા સરકારે નાણાની મદદ આપી હતી, અને એ કારણસર છત્રીસ લાખ રૂપિઆ ઈલાયદા રાખ્યા હતા. તુરત વેળા તો આ ભયંકર દુકાળ દૂર થયો હતો, પણ તેની માઠી અસરો લાંબા વખત સૂધી ચાલુ રહી હતી.

મદ્રાસ ઈલાકામાં હવે પછી દુકાળ પડે તો કેવા કેવા ઉપાયો કામે લગાડવા, તથા હવે પછી એ ઇલાકામાં દુકાળના હુમલા અટકાવવા સારૂ આગમચથી કેવી કેવી સાવચેતી રાખવી તે વિષે.

મદ્રાસ એ એક એવો ઇલાકો છે કે તેની વસ્તીનો $\frac{2}{3}$ ભાગ પોતાને મળેલી જમીનમાંથી પોતાનો ખોરાક મેળવી શકે છે. ત્યાંના ખેડુતો પોતે જમીનના માલિક નથી પણ બીજા માણસોની જમીનના ભાડૂત છે (જમીનના માલિકો પાસેથી સાંથે જમીન રાખી ખેતી કરનારા છે), અને તેથી તેઓ તંગીની વેળાએ પોતાને માટે પૂરતી જોગવાઇ કરી રાખવા ઉપરાંત બીજાઓને માટે ખોરાક પૂરો પાડે એ બને એમ નથી; કારણકે તેઓ ઘણી મહેનતે પોતાનું પેટ ભરી શકે છે. તેઓ જમીનના માલિકોને જમીન ભાડાની થોડી રકમ આપે છે, એટલે તેમની પાસે કાંઈ વધતું નથી. એટલું સંતોષ ભરેલું છે કે તવંગર ગરીબને, શેઠ ચાકરને, તથા પૈસાવાળા લોકો પોતાનાં ગરીબ સગાં વહાલાં અને સ્નેહીઓને મદદ કરવાની ફરજ સમજે છે, અને ધર્મથી તથા ન્યાત જાતના વિચારથી તુરતજ ઉશ્કેરાઈ સહાય કરવાને અધીરાં થાય છે.

દુકાળની વખતે જાહેર બાંધકામો ઉપર ઘણી વેળા નકામા પૈસા વાપરી નાખવામાં આવેછે. સરકાર ઉતાવળ અને ગભરાટમાં બાંધકામો પસંદ કરી દેછે, પણ તે ઉપરની દે-

ખરેખ બેદરકારીથી ચલાવવામાં આવે છે, અને તે કામ ચલાવવાની રચના (નકશા, નિયમ વગેરે) પહેલેથી બરાબર કરવામાં આવતી નથી; પરંતુ તેમ નહિ કરતાં દુકાળની શરૂઆત થતાંજ અથવા તે પહેલાં નહેરો ખોદવાનાં અને જાહેર રસ્તા બાંધવાનાં કામો પસંદ કરી રાખવાં જોઇએ, અને જરૂર પડતાંજ તેનો ખરચ તે જગાએ ઊભાં થયેલાં ફંડોમાંથી કરવો અને તેથી વધારે નાણું જોઇએ તો સરકારી ફંડનો ઉપયોગ તેમાં કરવો.

ધોરી રસ્તા બાંધવા, રેલવેનાં બાંધકામ ચલાવવાં, તારનાં દોરડાં નાંખવાં, અને ચલણી પૈસામાં સુધારો કરવો, એ, દુકાળની વખતે જેટલું ઉપયોગી થઇ પડેછે તેટલું બીજું થોડુંજ હશે. સરકાર નહેર ખોદવાનું કામ માથે લેવાને કેટલીક વખતે અચકાય છે તેનું કારણ એ છે કે નહેરમાંનું પાણી ખેડુતો પોતાની ખેતીના કામમાં લેછે, અને તેના પૈસા સરકારને આપતા નથી. પણ નહેરનો ઉપયોગ અને ફાયદા સર્વ ઠેકાણે પહેલા ગણવામાં આવ્યા છે. ધોરી રસ્તા બાંધવાથી ફક્ત માલ લઇ જવા લાવવાનુંજ સહેલું થાય છે, પણ નહેરો તો અનાજ પકવવા તથા માલ લઇ જવાનો વહેવાર ચલાવવા એ બંનેને માટે કામમાં આવે છે.

દુકાળની વખતે જ્યાંસૂધી સાધારણ તંગી ચાલતી હોય ત્યાંસૂધી તેના ઉપાય કરવા ખાનગી સખાવતનો આધાર લેવો જોઇએ.

જો તંગી અસાધારણ થઇ પડે તો ગરીબોને પાળવાનો અને તેઓના જીવ બચાવવાનો બોજો જમીન ખેડનારાઓ ઉપર પડવો જોઇએ, કારણકે ખેડુતો કોઈપણ સાધારણ તંગીની વખતે ઘણુંકરીને પોતાનું ગુજરાન ચલાવવાને શક્તિમાન થાય છે.

જો દુકાળનું સંકટ ઘણુંજ હોય, અને તેવા સંકટમાં દેશની વસ્તીનો મોટો ભાગ સપડાઇ ગયો હોય, તો તેઓને બચાવી લેવાનો બોજો દેશના મહેસૂલ ઉપર પડવો જોઇએ, તથા સખાવત કરવા સારૂ આખા દેશના લોકોને ઊશ્કેરવાં જોઈએ. તંગીની વખતે સ્થળે સ્થળના બજાર ભાવ મેળવી સરકારી ગેઝીટમાં છપાવી બધે પ્રસિદ્ધ કરવા જોઇએ, અથવા તો એ ભાવનાં હેન્ડબીલો (જાહેર ખબરો) કહાડવાં જોઇએ કે બધા ઠેકાણાના લોકોને તેની ખબર પડે અને યોગ્ય ભાવ રાખવાનું તેમને સૂઝે.

અનાજની જેટલી માગણી થતી હોય તેટલું જો વેપારીઓ પૂરૂં પાડી ન શકે તો તે કામ કરવાની ફરજ સરકારની છે. એવી વખતે મોટાં શહેરોમાં ખાનગી સખાવતોથી લોકોને આશરો મળવો જોઇએ. જેઓના શરીરનો બાંધો મજબૂત દેખાય તેઓને જાહેર બાંધકામો ઉપર મજુરીએ લગાડી મહેનતાણામાં પૈસાને બદલે અનાજ આપવું, અને જેઓ આંધળાં, લુલાં, અને કામ કરવાને અશક્ત હોય તેઓને સખાવતનાં ખાતાંઓ ઊભાં થયેલાં હોય ત્યાં રાખવાં. જે આબરૂદાર ભીખ માગતા નથી, અથવા સખાવતનાં ધર્મખાતાંઓની મદદ લેતા નથી, તેમને જીવાડવાને નાણાં ધીરવાં અને પછી નાના નાના હફ્તાથી તે વસૂલ કરી લેવાં જોઈએ. દુકાળ શરૂ થતાંજ સરકારે બધી બાબતોની યોજના કરવી જોઇએ, નહિતો પાછળથી દુકાળની વખતે ઘણું કષ્ટ સોસવું પડે છે.

જેઓ ગરીબ પણ શરીરે મજબૂત હોય તેઓને જ્યાં ઘણું અનાજ મળતું હોય ત્યાં મોકલી દેવાં. તંગીનો વખત તપાશી જમીનના માલિકો અને બીજા તવંગર લોકો ઉપર કર નાંખવો અને જણાવવું કે એવો કર થોડાજ વખત

સૂધી ચાલુ રહેશે. એવે વખતે જેજે ફંડો ઊભાં થાય, તેઓને જેમ બને તેમ અનાજનો જથો વધારવા તથા ભિખારી લોકોની સંખ્યા ઓછી કરવાના ઉપાય પાછળ વાપરવાં. મદ્રાસ ઇલાકાનાં દક્ષિણ પ્રગણાંઓમાં દર સાત વરસે દુકાળ પડતા જણાયલા છે. આના ઉપાય કરવા સારૂ દુકાળનું જોર થોડું માલમ પડે ત્યારે ખેડુતો પાસેથી લેવાતા કરમાં સરકારે ઘટાડો કરી નાંખવો અને જ્યારે ખરેખરો દુકાળ પડ્યો હોય ત્યારે તદન તે કર લેવો નહિ. આથી કરીને થોડી ઘણી તંગીના વખતમાં મહેસૂલ માફ થવાથી બચેલાં નાણાં પોતાના જીવારા માટે ખરચવા તેમને કામ આવે. વળી દુકાળનું સંકટ ટળી જતાંજ ખેડુતોને નાણાં ધીરવાં કે તેઓ વખતસર ખેતીનું કામ કરવા શક્તિમાન થાય.

જબરી તંગી પડતી હોય તેમાં વધારો થવા ન દેતાં ઘટાડો કરવો હોય, તો જે અનાજ રહ્યું હોય તે મોઘા ભાવે વેચવું, કારણકે તેથી કરીને સર્વ લોકો જેમ બને તેમ થોડું અને પોતાને ગરજ પડતું અનાજ વાપરશે, અને એ પ્રમાણે પૂરતી કરકસરે અનાજ વપરાયાથી તેનો જથો વધારે વખત સૂધી ચાલશે, અને તેથી ઘણાં કુટુંબોનું લાંબા વખત સૂધી પોષણ થશે. વળી આ ઈલાકાના લાંબા સંબંધમાં જે તપાસવાનું છે તે એ કે એમાં એવી જૂદી જૂદી જાતની જમીન અને હવાપાણી નથી કે જે વરસાદ ન પડે તો તેની ગરજ પૂરી પાડે.

દુકાળના વખતમાં નાચાર લોકોને સરકારે કામે લગાડી તેઓનાં પેટ ભરવાં એટલુંજ નહિ, પણ બહાર ગામ ખાતેથી જથાબંધ અનાજ મંગાવી દુકાળીઆં લોકોમાં તે છૂટક વેચવાની ગોઠવણ કરવી. આવા વખતોમાં કણિયા અને બીજા વેપારીઓ અનાજનો વેપાર કરવાને બદલે તેનો સ-

ટ્રો કરવા જેવી વલાણ બતાવે છે, પણ તેમનાં એ કૃત્યમાં સરકાર વચ્ચે પડી અડચણ કરે છે તેથી વેપારીઓ પાછા પડી બિલકુલ વેપાર કરતાજ નથી, અને તેથી સહેજસાજ તંગી ઉપરથી એકદમ મોટા દુકાળનું રૂપ દેખાતાં વાર લાગતી નથી.

કહેછે કે આગલા દેશી રાજાઓએ કણિઆઓ અને વેપારીઓના કામની વચ્ચે પડવાથી અને તેઓને ચોક્સ ભાવે અનાજ વેચવાની ફરજ પડવાથી ઘણાં ખરાબ પરિણામો નિપજ્યાં હતાં. એ ઉપરથી હાલની સરકારને ધડો લેવાનો છે કે, જેઓ મોટા જથામાં અનાજ મંગાવી છૂટક વેચવા માગે તેઓને સગવડ કરી આપવી અને તે સિવાય દેશ માંહેલા બીજી રીતના અનાજના વેપારમાં માથું ઘાલવાની જરૂર નથી. સરકારે દેશી વેપારીઓને અથવા જેઓ પોતાના ખરચથી બહાર દેશાવર અનાજ મોકલવા માગે તેઓને નાણાની રકમો ધીરવી, એટલુંજ નહિ, પણ બહારથી અનાજ લાવનારાઓને ઇનામ આપવાં. જેઓ દુકાળના મૂલકમાં અનાજ લેઇ જવા માગતા હોય તેઓને જળ અથવા ખુશકી (જમીન) ને માર્ગે વહાણો અથવા ગાડાંઓની સગવડ કરી આપવી, તથા રસ્તે જતાં ભૂખડુ લોકો તેમનું અનાજ લૂંટી ન જાય માટે તેની સંભાળની મજબૂત ચોકશી રાખવી.

આમાં જો નિષ્ફળતા મળે, દેશી વેપારીઓ પૂરા ન પડે અને તેઓની હાલત એટલી બારીક જણાય કે નાણાં ધીરવાનું સલામતી ભરેલું ન લાગે, તોજ સરકારે પોતાને જોખમે જથાબંધ અનાજ મંગાવવું. જો સરકાર જથાવાળા વેપારીઓ પાસેથી સઘળું અનાજ ખરીદી લે અને છૂટક અનાજ વેપારીઓને જ્યાંથી મળે ત્યાંથી ખરીદવાની

વિકટ હાલત ઉપર મૂકી દે, તો તે સરકારને છાજતું ન ગણાય. સરકારે એટલી સંભાળ રાખવી કે દુકાળવાળા ભાગોમાંથી મળતું અનાજ ફૂટક વેચનારાઓ મેળવી વેચી શકે. જ્યારે આ ફૂટક માલ પૂરો થઇ રહે ત્યારે સરકારે પોતાને હિસાબે બહારથી મંગાવી ભરી રાખેલા અનાજની વખાર ઉઘાડવી, અને તે મુદ્દલ (પડતર) ભાવે વેચવું. આથી દુકાળને દૂર તો કરી શકાશે નહિ, પણ ઘણુંકરીને તેનો વધારો અટકાવી શકાશે.

આપણે આગળ કહી ગયા કે મદ્રાસ ઈલાકાની વસ્તીનો ઘણોખરો ભાગ ખેડુતોનો છે. તેઓને પોતાની મહેનતના બદલામાં પૈસા નહિ પણ અનાજ મળે છે, તેથી કરીને તંગીની વખતે તેઓની પાસે અનાજ ખરીદવાના ઉપાય રહેતા નથી. પાક ઊગે તોજ તેઓનું ગુજરાન ચાલે, અને પાકે જો દગો દીધો તો તેઓ ભૂખે મરે છે. વળી નાના વેપારીઓ એટલું અનાજ ભરી રાખતા નથી કે તે તેઓને દુકાળની વખતે કામ આવે. તવંગર ખેડુતો ભરી રાખેલું અનાજ કોઇને આપતા નથી, કારણકે તે તેઓને બીજે વરસે વાવવા જોઈએ છીએ આવી વખતે સરકારની ફરજ એ છે કે બહારથી જથાબંધ અનાજ મંગાવવું. એમ કરવાની મતલબ વેપારીઓ સાથે હરીફાઇ કરવાની નહિ હોવી જોઇએ, પણ ગરીબોને કામે લગાડી મજુરીના બદલામાં તેમને તે અનાજ વહેંચવું જોઇએ. મજુરોને તેમના કામના બદલામાં જે પૈસા મળે તેમાંથી મોંઘા ભાવનું જોઈતું અનાજ તેઓ ખરીદી શકતા નથી, એટલા માટે સરકારે વેપારીઓને મદદ કરવા ઉપરાંત આ રીતે અનાજ મંગાવવામાં વચ્ચે આવવું જરૂરનું જણાય છે.

પ્રકરણ ૯ હું.

નિજામના રાજ્યમાં તથા મહિસૂરમાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૮૩૩ની સાલમાં બિરારમાં જે દુકાળ પડ્યો હતો તેમાં ખેડુતોએ સઘળી માલ મિલ્કત વેચવા બાદ પોતાનાં છોકરાંને ભૂખે મરતાં અટકાવવા તવંગરોને ત્યાં વેચી નાંખ્યાં હતાં, અને તેઓ પોતે દેશ છોડી જતા રહ્યા હતા. એ વખતે નિજામ સરકાર તરફનું પણ ઘણુંક અંધેર ચાલ્યું હતું. સૂબેદારો, મહાજનો, તથા શાહુકારોને પકડી તેઓ ઉપર જૂલમ પાડી તરેહવાર બહાને તેમની પાસેથી પૈસા કઢાવવામાં આવતા હતા. ઇનસાફ મેળવવાની સખત ફરિયાદ કરવામાં આવતી પણ કોઈ કોઈનું સાંભળતું નહોતું. આગળ કોઇ વરસમાં સંકટ આવી પડયું હતું તે વખતે રેસિડેન્ટની ફરમાશથી અંગ્રેજી અમલદારોને રાજકાજમાં નીમવામાં આવ્યા હતા. એ અમલદારોએ લોકોને ઘણો સારો ઇનસાફ આપ્યો હતો ને ખેડુતોને કેટલેક દરજ્જે સુખી રાખ્યા હતા. પણ તેઓને બદલે હાલ સૂબેદારો કામ કરતા હતા એટલે તેઓએ પાછો જૂલમ ચલાવવા માંડયો હતો. દુકાળના દુઃખને લીધે સંખ્યાબંધ માણસો મરણ પામતાં હતાં. એલમપોરની નાની છાવણીમાં વીસ દિવસમાં ૧૧૨ મર્ણ થયાં હતાં, તે સઘળાં ભૂખમરાથી થયાં હતાં. આ વખતે શહેરમાં કેટલાં મુઆં તે જણાયું નથી. બાતુલનો જીલ્લો જે અંગ્રેજ સરકારના હાથમાં હતો અને જે બીરારની હદે આવેલો છે ત્યાં બીરારનાં ભૂખે મરતાં લોકો જતાં રહ્યાં હતાં. આથી કરીને બાતુલમાં મોંઘવારી ચાલી હતી અને અનાજ રૂ.૧)નું ૧૪ થી ૧૬ શેર વેચાવા લાગ્યું હતું. આ વેળા અંગ્રેજોએ ગરીબોને મદદ કરવા પોતાથી બની આવતી કોશિસ કીધી

હતી. ભોપાળમાં ખોરાક સસ્તો મળતો હતો તેથી ગરીબોને પૈસા આપી ત્યાં મોકલી દેવામાં આવ્યાં હતાં. આ સંકટ પડવા આગમચ બે દિવસ સૂધી બરાબર વરસાદ પડ્યો નહતો. આ વખતે નિઝામનો પ્રધાન ચંદુલાલ હતો અને તે લોકોને વેતરી ખાવાનીજ કાર્કીર્દી લેઇ બેઠો હતો. વળી તેની સાથે કીશનભીશન જે તરકટ તથા કાવાદાવાથી ઊંચી પદવીએ ચઢયો હતો તેના જૂલમનો પાર ન હતો. ખેડુતોને તેઓનાં ગામડાંમાંથી હાંકી કાઢ્યા હતા, તેથી ભૂખના દુઃખથી પીડાઇને તેઓમાંના કેટલાકને લુંટારાની જીંદગી લેવી પડી હતી, અને ઘણાક ખાનદેશ તથા નાગપુરમાં જઈ રહ્યા હતા. પૈસાવાળાઓ લૂંટાવા લાગ્યા, અને માબાપોએ પોતાનાં છોકરાંને મફત આપી દીધાં. આ વખતે હૈદ્રાબાદ શહેરનો દેખાવ અજબ થઈ રહ્યો હતો. માંહેલા ભાગ અને ગામડાંનાં ભૂખે મરતાં તથા જૂલમથી ત્રાસ પામેલાં લોકો રાજ્યધાનીના શહેરમાં નાશી આવ્યાં હતાં, તેથી ત્યાં જાણે એક મોટો લશ્કરી ઘેરો ઘાલ્યો હોય તેવું થઈ રહ્યું હતું. દરેક માણસ હથિઆરબંધ હતું; છોકરાંઓ પણ ખંજર લેઇને ફરતાં હતાં. દરરોજ જૂદા જૂદા અમીરો અને આરબ સરદારોના માણસો વચ્ચે ટંટા ઊઠતા હતા. નિઝામના સિપાઇઓનો દેખાવ કંગાલ થઇ ગયો હતો. દુકાળના સંકટથી તેઓનાં શરીર તવાઇને છેક હાડપિંજર સમાન થઈ ગયાં હતાં. મહેસૂલ ઊઘરાવનાર જૂલમી અમલદારો લૂંટથી પૈસા મેળવી માંહોમાંહે વહેંચી લેતા હતા, અને ખૂન તો રોજ સાધારણ બનાવની પેઠે થઇ રહ્યાં હતાં. હૈદ્રાબાદથી પંઢરપુર આગળ ભીમા નદીના કિનારા સૂધી નજદીક ત્રણસો ગામડાં આ દુકાળને લીધે વેરાન થઈ ગયાં હતાં. રસ્તે રસ્તે ઘણાંક ઘર

તથા દેવળો નાશ થએલાં તેના તથા મરણ પામેલાં ઢોરોના ઢગલા દેખાતા હતા. લોકો એટલાં બધાં ભૂખ્યાં થઈ ગયાં હતાં કે મુએલાં જાનવરોનું માંસ ખાઈ જવા લાગ્યાં હતાં.

અલવારમાં આ દિવસે કોઈ દહાડો ન જણાયલી ગરમી પડવા લાગી હતી. એક બે વાર વાદળાં ઘેરાઈ આવ્યાં હતાં પણ એક ટીંપું વરસાદનું પડયું નહોતું. સઘળો પાક લગભગ નાશ પામ્યો હતો, અને સૂકો પવન ફૂંકાઇ તેનો પૂરેપૂરો દાટ વાળવાનાં ચિન્હ બતાવવા લાગ્યો હતો. બે ત્રણ નાનાં ગામડાંમાં વરસાદ ન પડવાથી સહેજવારમાં ૫૦૦ ઢોર મરણ પામ્યાં હતાં. કેટલેક ઠેકાણે કોહેલાં મૂડદાં અને હાડકાં સિવાય કંઇ જણાતું નહોતું. અકલકોટમાં તો ખોરાકને માટે માણસો એક બીજાનો જીવ લેવા લાગ્યા હતા. એક સ્ત્રી ૫ શેર જુવાર લેઇને રસ્તે જતી હતી તેને તેના એક ઓળખીતા માણસે ગુંગળાવી મારી નાંખી હતી. એક છોકરૂં પોતાના કુટુંબ સારૂ ખેતરમાં રોટલા લેઇને જતું હતું, તેને કોઇએ રસ્તામાંજ મારી નાંખી તેની પાસેના રોટલા લેઇ લીધા હતા.

હૈદ્રાબાદમાં દુકાળને લીધે ઘણાં માણસ મરણ પામવા લાગ્યાં હતાં. સરકારે ત્રેસટ હજાર રૂપિઆ બક્ષિસ ખાતે આપ્યા હતા, અને પાંત્રીસ હજાર રૂપિઆનું અનાજ જે બળદોની પીઠ ઉપર લાદીને વણજારાઓ લાવ્યા હતા, તે ખરીદ કર્યું હતું, તથા બીજું અનાજ લાવે તેને માટે કાંઇક ઈનામ કાઢી તેઓને લલચાવ્યા હતા. લોકો ભૂખથી એટલાં ઉશ્કેરાઈ ગયાં હતાં કે પોકાર કરતાં ગયાં અને અનાજની વખારો લૂંટવા લાગ્યાં. એ લોકોને અટકાવવા લશ્કરી ઘોડેસ્વારો શહેરમાં ફરતા રાખવામાં આવ્યા હતા. વળી કાગળિયું ચાલવાથી રોજ ત્રણસો માણસો મરણ પામતાં હતાં.

ઇ. સ. ૧૮૭૭માં હૈદ્રાબાદમાં દુકાળ ચાલતો હતો, તે વખતે જાહેર બાંધકામો ઉપર લગભગ સાડાચાર લાખ માણસોને કામે લગાડયાં હતાં, અને લગભગ એક લાખ માણસો મફત પળતાં હતાં. આ દુકાળથી બાંધકામો પાછળ તથા ગરીબોને ખવરાવવા પાછળ નિજામની સરકારને લગભગ આઠ લાખનો ખરચ થયો હતો. આ વખતે એ દેશી રાજ્યનાં ગુલબરગા, પૂર્વરાયચોર, પશ્ચિમરાયચોર, શોહોરાપોર, નલદરંગ, નળગંદા અને બીર પ્રગણાંઓમાં દુકાળ ફેલાયો હતો. એ સઘળાં પ્રગણાંમાં અઢાર લાખ માણસોની વસ્તી હતી અને તેઓએ મુંબાઇ ઇલાકાના જેવુંજ સંકટ વેઠયું હતું.

મહિસૂરમાં પડેલો દુકાળ.

ઇ. સ. ૧૮૭૭–૭૮ માં મહિસૂરમાં જબરો દુકાળ પડયો હતો. આ પ્રાંત એક દેશી મહારાજાના અમલ તળે છે, તે છતાં દુકાળને લગતા જેજે ઉપાયો ત્યાં લેવામાં આવ્યા હતા તે અંગ્રેજી રાજ્યમાં લેવાય તેવાજ હતા. અંગ્રેજ સરકાર તરફથી એ રાજ્યને ઘણી મનમાનતી મદદ અને સલાહ આપવામાં આવી હતી. એ દુકાળ પાછળ ત્યાંની સરકારને લગભગ દોઢ કરોડ રૂપિઆનો ખરચ થયો હતો. સને ૧૮૭૬માં એ રાજ્યની ત્રિજોરીમાં પાંસેઠ લાખ રૂપિઆ હતા તે ખરચાઈ જતાં બીજું પોણા કરોડ રૂપિઆનું દેવુંથયું હતું.

પ્રકરણ ૭ મું.

બંગાળામાં પડેલા દુકાળ.

બંગાળામાં વારેઘડીએ દુકાળ પડતા નથી. જ્યારે પડે છે ત્યારે લાંબી મુદ્દતે પડે છે, પણ તેનું સંકટ જબરૂં

હોય છે. લાંબે વખતે દુકાળ પડવાનું કારણ એ કે અહિંઆંની જમીન ફળદ્રૂપ છે અને તે સાથે વરસાદ મોસમસર બરાબર પડતો રહે છે; અને જ્યારે પડે છે ત્યારે સખત પડે છે તેનું કારણ એ કે ઘણો વખત વચ્ચે નીકળી જવાથી લોકો બેદરકાર રહે છે અને તેઓને અસાવધપણે કામ કરવાની ટેવ પડી જવાથી જ્યારે પણ કોઈ વખતે દુકાળ દેખાવ દેછે ત્યારે તેની સામે થવાની તૈયારી ન હોવાથી તેનું જોર ઘણું વધી પડે છે.

ઇ. સ. ૧૬૪૦ થી ઇ. સ. ૧૬૫૫ સૂધી બંગાળામાં એક જબરો દુકાળ પડયો હતો એવું જણાયલું છે. આ દુકાળની નિશાનીઓ આખા હિંદુસ્તાનમાં જણાઇ હતી પણ તેનું ઘણું જોર બંગાળા તથા દક્ષિણમાં હતું.

ઇ. સ. ૧૬૬૧માં આ ભાગમાં દુકાળ પડયો તે વખતે ઔરંગજેબ બાદશાહ રાજ્ય કરતો હતો, અને તેને ગાદી ઉપર બેસવાને ત્રણ વરસ થયાં હતાં. એ બાદશાહે આ દુ:ખદાયક વખતે પોતાની આવકમાંથી અર્ધોઅર્ધ ભાગ સંકટ ટાળવામાં આપી દીધો હતો.

ઇ. સ. ૧૭૭૦માં બંગાળામાં જે દુકાળ પડયો હતો તે એટલો ભયંકર હતો કે તેના સપાટામાં એ ઈલાકાની અર્ધોઅર્ધ વસ્તી તારાજ થઇ ગઇ હતી. આ વખતે એક કરોડ માણસ ફક્ત ભૂખથી મરણ પામ્યાં હતાં. આ દુકાળનો ઘણો ભયંકર ચિતાર મિ. મીલે પોતાના હિંદુસ્તાનના ઇતિહાસના ત્રીજા પુસ્તકને પાને ૪૮૬મે આપ્યો છે. આ દુકાળમાં બંગાળા ઈલાકાના દક્ષિણ ભાગ (Lower Bengal) માં અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.—

ચોખા સરસ જાતના.	રૂ. ૧)ના	શેર	૩
,, જાજરા.	,,	,,	૩।

હલકું અનાજ.	„	„	૪॥
દાળ.	„	„	૪
ઘઊં.	„	„	૪।
ઘી.	૨૦ રૂપિએ એક મણ.		

કોઇપણ ઠેકાણે ખોરાકની જણસો વેચાતી હોય તો તેના સાધારણ ભાવ કરતાં આ ભાવ બારગણો વધારે હતો.

છેલ્લો જબરો દુકાળ બંગાળામાં ઇ. સ. ૧૮૭૪ માં પડ્યો હતો. તેની આગમજ કેટલાક દુકાળો પડયા હતા પણ તે તંગીનાં વરસો ગણવામાં આવ્યાં હતાં. ઇ. સ. ૧૭૭૦ નો અને ઇ. સ. ૧૮૭૪નો દુકાળ સરખાવતાં તેઓ એક બીજાને ભૂલાવે એવા હતા.

ઇ. સ. ૧૮૭૪ના દુકાળમાં લગભગ છ કરોડની વસ્તીની સંખ્યા ઉપર સંકટ આવી પડવાની ધાસ્તી હતી. લગભગ પોણા છ કરોડ માણસો એ ઇલાકામાં ચોખા ઉપર જીવનારાં છે, માટે તેઓનું પેટ ભરવા લગભગ એકત્રીસ કરોડ રૂપિઆનો માલ કણિયાઓ પાસે ભરી રાખેલો જોઈએ. સરકાર આ વખતે એવું ધારતી હતી કે પૂરતું અનાજ ભરેલું હશે, પણ બાહોશ દેશીઓ એની સચ્ચાઈ સાફ ના પાડતા હતા; કારણ કે આગલાં એક બે વરસોમાં અનાજ સસ્તું થવાથી તે ઘણું ખપ્યું હતું, તેમજ ઘણું બહારગામ ખાતે નિકાસ થયું હતું. આ દુકાળ શરૂ થતાંજ કલકત્તામાં એક જાહેર સભા ભરી ઉઘરાણું કરવામાં આવ્યું હતું. એ ઉઘરાણામાં મહારાણીએ પોતાની તરફથી રૂપિઆ દસ હજાર, ઢાકાના નામિચા જમીનદાર આનરેબલ ખોજા અબ્દુલગની, સી. એસ. આઈ. ના છોકરાએ રૂપિઆ પાંચ હજાર, ને રામપોરના નવાબે બે હજાર રૂપિઆ ભર્યા હતા. નામદાર ગવરનર જનરલે સરરી-

ચર્ડ ટેમ્પલ જેવા મહેનતુ અમલદારને દુકાળના મૂલક ઉપર તપાસ રાખવાને નીમ્યો હતો, તેણે એક જગાએથી બીજી જગાએ અનાજ લઈ જવા માટે એકદમ ટ્રામવેના રસ્તાઓ બાંધવાના હૂકમ આપ્યા હતા. મોંગીરથી દરભંગા સૂધીનો ૨૪ માઇલનો લાંબો રસ્તો ટ્રામવેનો બંધાવ્યો હતો. આ વખતે બંગાળાના લેફ્ટેનેન્ટ ગવરનર સર જાર્જ કેમ્બાલ અને ગવરનર જનરલ લોર્ડ નાર્થબ્રુક વચ્ચે મત ફેર પડયો હતો. સરજાર્જનું એવું કહેવું હતું કે અનાજનો મોટો જથો બંગાળેથી નેપાળ જાય છે તે અટકાવવો જોઈએ, અને લોર્ડ નાર્થબ્રુકનું એવું કહેવું હતું કે એ પ્રમાણે વ્યવહાર અટકાવવો તે વેપારમાં મોટી ખલેલ કરી વેપારીઓનાં મન ઊંચાં કરાવવા બરાબર છે. આ વખતે ધણા અવિવેકી સત્તાવાળાઓએ ગવરનર જનરલને તરેહવાર સલાહ આપી હતી. કોઇ કહેવા લાગ્યું કે બિહારના સઘળા ભાગોમાંથી અફીણનાં ઝાડ કાપી નાંખી, તેને બદલે અનાજ વાવવું; કોઇની સલાહ એવી હતી કે બંગાળાનો સઘળો પાક ભેગો કરી ખેડુતોને વહેંચી આપવો; અને કેટલાક દોઢડાહ્યાઓ એવું મત આપતા હતા કે ખેડુતોને નાણાં ધીરવાને સરકારે જમીનદારોને ફરજ પાડવી, અને જમીનદારો ન સમજે તો સરકારી ત્રિજોરીમાંથી નાણાં ધીરી જમીનદારોને તેના જોખમદાર ગણવા. આવી ભિન્ન ભિન્ન જાતની સલાહ પ્રમાણે ન ચાલતાં દૂરઅંદેશી વાઇસરાએ પોતાના એક સુવિચારથી ચાલી બંગાળા જેવા એક જબરા મૂલકને સંકટમાંથી ટાળવા લાગુ ઉપાય લીધા હતા. વળી હિંદુસ્તાનના જૂદા જૂદા રાજવંશીઓએ આ દુકાળનું સંકટ ટાળવા બધી મળી ૪૦ હજાર રૂપિઆની મોટી રકમ ભરી હતી. અને ફેબ્રુવારી માસની અધવચ સૂધીમાં ફક્ત રાજાઓ અને

અમીર ઉમરાવોના ઉઘરાણાથીજ ચાર લાખ રૂપિઆ થઇ ગયા હતા. માઠા ભાગ્યે નેપાળમાં પણ આ વર્ષે સંકટ આવી લાગ્યું હતું તેથી ત્યાંનાં હજારો લોકો નાશી આવીને બંગાળામાં ભરાયાથી બંગાળાનું સંકટ વધતું ગયું હતું. એનો અટકાવ કરવાને સર રીચર્ડ ટેમ્પલે નેપાળમાં મદદ મોકલવાની ગોઠવણો કરી હતી. આ વાત ઇંગ્લંડ જતાંજ ફેબ્રુવારી માસની આખર સુધીમાં ત્યાં બે લાખ રૂપિઆની રકમ ભરાઇ હતી, જેમાં મહારાણીના કુંવરે રૂ.૫૦૦૦ની રકમ ભરી હતી. આ દુકાળનું સંકટ ટાળવા માટે હિંદુસ્તાનના જૂદા જૂદા ભાગોમાં ઉઘરાણાં થયાં હતાં. કલકત્તામાં દોઢ લાખ, વાયવ્યખૂણાના પ્રાંતોમાં પચાસ હજાર, મદ્રાસમાં પોણો લાખ, અને મુંબાઇમાં ફક્ત ૨૫ હજારની રકમ ભરાઈ હતી. આ દુકાળની વેળાએ ગવરનર જનરલ લાર્ડ નાર્થબ્રુકે તારીફ લાયક સેવા બજાવી હતી. જેથી તે હિંદુસ્તાનના લોકોની તેમજ ઇંગ્લાંડની સરકારની પ્રશંસાને પાત્ર થયો હતો. હવે પછી પડતા દુકાળો સામે ચાંપતા ઉપાય લેવા સારૂ (તે વખતના) હિંદુસ્તાન ખાતાના વજીર (Secretary of State for India) લાર્ડ સાલ્સબરીએ પાર્લામેંટ સભામ એક ધારો પસાર કરાવ્યો હતો, અને તેના આધારે હિંદુસ્તાનની સરકારની કૌન્સિલના એક સભાસદને જાહેર બાંધકામ ઉપર જાયુકનો અમલદાર નીમ્યો હતો. આ અમલદારનું કામ કરકસરથી અને લાયક જગાએ નહેરો બાંધવાનું મુખ્ય ગણાતું હતું.

પ્રકરણ ૮ મું.

વાયવ્ય દિશાના પ્રાંતોમાં પડેલા દુકાળ.

હિંદુસ્તાનના વાયવ્ય ખૂણાના પ્રાંતોમાં દુકાળ પોતાનું

બળ ચલાવવા વિના રહેતો નથી. તેણે ઘણી મુદ્દતથી જૂદા જૂદા વરસોમાં ત્યાં હાજરી આપી છે અને એ વરસોમાંનાં કેટલાંક ઘણી તંગી, સંકટ, અને નાશનાં વરસ તરીકે નોધાઈ ચૂક્યાં છે. નીચલાં વરસોમાં આ ભાગોમાં દુકાળે દેખાવ દીધો હતો.—

ઇ. સ.	૧૭૩૩	ઇ. સ.	૧૮૧૩.
,,	૧૭૪૪	,,	૧૮૧૯.
,,	૧૭૫૨	,,	૧૮૨૬.
,,	૧૭૭૦	,,	૧૮૩૩.
,,	૧૭૮૩	,,	૧૮૩૭.
,,	૧૭૯૦	,,	૧૮૬૧.
,,	૧૮૦૩	,,	૧૮૭૭-૭૮

એ સઘળાં વરસોમાં નીચલાં વરસોમાં દુકાળે અતિ ઘણો ત્રાસ પમાડયો હતો. અને તે વરસો હજુ યાદ રહી ગયાં છે.

ઇ. સ. ૧૭૭૦નો દુકાળ ઘણો ભયંકર હતો. એ દુકાળનું ઘણું ત્રાસદાયક વર્ણન મિ. મિલ પોતાના હિંદુસ્તાનના ઇતિહાસના ત્રીજા પુસ્તકના પાને ૪૮૬મે આપે છે, તે ઉપરથી માલમ પડે છે કે હિંદુસ્તાનના બીજા ભાગોમાં પડેલા સખ્તમાં સખ્ત દુકાળોને વીસરાવે એવો એ દુકાળ હતો.

ઇ. સ. ૧૭૮૩માં જે દુકાળ પડયો હતો તે મોટા વિસ્તારની જગા ઉપર પથરાઇ ગયો હતો. એટલે એક બાજુએ બંગાળા અને ઓરિસાની ઉત્તર દિશા તરફ અને બીજી બાજુએ લાહોર સૂધી જઇ પહોંચ્યો હતો. એ વખતે અનાજ રૂપિઆ એકનું ૧૦થી ૧૨ શેર મળતું હતું. કાનપોરમાં રહેનારો ૯૦ વરસની ઉમરનો એક માણસ જણાવી ગયો છે કે, આ દુકાળ સખ્તમાં સખ્ત હતો. પણ ઇ. સ. ૧૮૬૧ના દુકાળ વિષે તે વધારે અજાયબી સાથે બોલતો

હતો કે તે વખતનો અનાજનો ભાવ આગલા વખતના દુકાળના ભાવ કરતાં પણ વધારે હતો. ઇ. સ. ૧૮૦૩નો દુકાળ વાયવ્ય દિશાના પ્રાંતોમાંજ પથરાઈ અટકી રહ્યો હતો. એ વર્ષે વરસાદની તંગી ઉપરાંત લઢાઈ ને લીધે પણ વધારે તંગી ચાલતી હતી, અને લોકોએ ઘણું દુઃખ વેઠયું હતું. એ દુકાળ પછી તરતજ અંગ્રેજ સરકારે લોકોનું દુઃખ મટાડવા સારૂ મહેસૂલની મોટી રકમ પાછી આપી હતી. ફતેહગઢના તાલુકામાંથી એ દુકાળ વિષે હાથનો લખેલો હેવાલ મળી આવ્યો હતો, તેમાં જણાવ્યું હતું કે સરકારે દોઢલાખ સૂધીની મહેસૂલની રકમ પાછી આપી દીધી હતી. તેમાં વધારે એ જણાવ્યું હતું કે એ વખતે કરાનો વરસાદ પડવાથી રવીનો પાક નાશ પામ્યો હતો. બંગાળામાંથી સરકારે અનાજ મંગાવ્યું હતું અને દરેક જાતનું અનાજ વેપારીઓ લાવતા તે માટે સરકાર તરફથી તેઓને ઇનામ તરીકે કંઇ રોકડ રકમ આપવામાં આવતી હતી. એ વખતે અનાજ રૂ.૧)નું ચાળીસ (?) શેર વેચાયું હતું. એ વરસમાં ગવરનર જનરલે ઢંઢેરાની મારફતે નીચે પ્રમાણે રકમોનું ઈનામ આપવાને જાહેર કર્યું હતું.—

બનારસમાં જે સો મણ	અનાજ લાવે તેને		રૂ.૧૫)	આપવા.
અલાહાબાદમાં.	”	”	રૂ.૧૯)	”
કાનપોરમાં.	”	”	રૂ.૨૩)	”
ફતેહગઢમાં.	”	”	રૂ.૨૭)	”
બનારસમાં ઘઉં	અને જવ લાવનારને	સોમણે	રૂ.૨૭)	આપવા.
અલાહાબાદમાં.	”	”	રૂ.૨૨)	”
કાનપોરમાં.	”	”	રૂ.૨૪)	”
ફતેહગઢમાં.	”	”	રૂ.૩૧)	”

આ વખતે જશવંતરાવ હોલ્કર અને ફીતુરી સરદાર

નાજીરઅલીખાન લશ્કર લેઇને ચઢાઇ કરી આવ્યા હતા તેથી અનાજના પાકનો નાશ થયો હતો.

ઇ. સ. ૧૮૧૮-૧૯ના દુકાળનો વિગતવાર હેવાલ મળતો નથી. એ વરસમાં આગ્રામાં એક રૂપિઆનું ૧૭ શેર અને અલિગઢમાં એક રૂપિઆનું ૧૯ શેર અનાજ વેચાયું હતું. વળી એ સાલમાં કરાનો વરસાદ અતિ ઘણો પડવાથો પાકનો નાશ થયો હતો. જુવાનપોરમાં એક રૂપિઆનું ૧૬ શેરથી સાડા દસશેર અને કાશીમાં એક રૂપિઆનું ૨૧ શેર અનાજ વેચાયું હતું. ઇ.સ. ૧૮૧૯ અને ઇ.સ. ૧૮૩૭ની સાલમાં વરસાદની મોસમજ બદલાઇ ગઇ હતી. ઇ. સ. ૧૮૩૩-૩૪માં દુકાળનું સંકટ ઘણું સખત તો હતું, પણ સારા નસીબે તે થોડા ભાગ ઉપર હતું. એ પછી ૪-૫ વર્ષ સૂધી બરાબર મોસમ ચાલી નહિ, તેથી ઇ. સ. ૧૮૬૧ની આગમજનાં ત્રણ વરસો એવી નિશાનીઓ બતાવવા લાગ્યાં હતાં કે ઇ. સ. ૧૮૬૧માં દુકાળ પડચા વિના રહેજ નહિ. ઇ. સ. ૧૮૩૭-૩૮માં લોકોને અને ખેડુતોને જમીનના માલિકો તરફથી ઘણું સંકટ વેઠવું પડતું, તેથી તેઓ પાસે દુકાળની વખતે એક જગાએથી બીજી જગાએ વહેવાર ચલાવવાનાં સાધનો પૂરતાં હતાં નહિ, તેમ તેઓ ઉપર પડેલી આફતો પણ તેઓ ખમી શકતા નહોતા. એ વરસમાં આગ્રા, મથુરા, ઇતાવા, મીનપુરી, ફતેહગઢ, અને કાનપોરમાં અતિ ઘણું સંકટ ચાલ્યું હતું અને સંખ્યાબંધ મોત થયાં હતાં. લોકોનું દુઃખ ટાળવા મહેસૂલના નજદીક દોઢ લાખ રૂપિઆ સરકારે પાછા આપ્યા હતા. વળી મીરત, રોહિલખંડ, દિલ્હી અલાહાબાદ, અને આગ્રા એ ભાગોમાંના દુકાળે વીસથી પચીસ હજાર ચોરસ મૈલની જગા રોકી હતી. એટલા વિસ્તારમાં એંશીથી નેવુ લાખ માણસની વસ્તી હતી, અને તે-

માંથી લગભગ ૫૦ લાખ માણસ મરણ પામ્યાં હતાં. એ વરસમાં અનાજના ભાવ નીચે પ્રમાણે હતા.–

અલ્લાહાબાદમાં	એક રૂપિઆનું	૧૭ા	શેર.
કાનપોરમાં	”	૧૩ા	”
અલીગઢમાં	”	૧૮	”
ફતેહગઢમાં	”	૧૧ાા	”
આગ્રામાં	”	૧૧ાાથી૧૩ા	”
મથુરામાં	”	૧૨	”
કરનલમાં	”	૧૨થી ૧૪ા	”

ઇ. સ. ૧૮૧૫માં એક રૂપિઆના ઘઊં ૪૧ શેર, જવ ૬૨ શેર, બાજરી ૫૩ શેર, ચણા ૪૭ શેર, દાળ ૩૬ શેર, ચોખા ૨૦ થી ૨૩ શેર, અને ઢોરોનો ચારો ૧૨૮ શેર મળતો હતો.

ઇ. સ. ૧૮૩૮માં ઘઊં રૂપિઆ એકના ૧૩ શેર, જવ ૧૬ શેર, બાજરી ૧૮ શેર, ચણા ૧૩ શેર, દાળ ૧૧ શેર, ચોખા ૯થી ૧૧ શેર, અને ઢોરોનો ચારો ૭૮ શેર મળતો હતો.

આ સાલના દુકાળમાં લોકો રોહીલખંડમાં લૂંટફાટ કરતાં હતાં, અને ભૂખડુ લોકોએ અનાજના જથા ઉપર ધાડ પાડી હતી. બરેલીથી અલાહાબાદ સૂધી સઘળે ગભરાટ મચી રહ્યો હતો, તે નરમ પાડવા સરકારને પોલીસનું જોર વધારે વાપરવું પડયું હતું.

ઇ. સ. ૧૮૬૧માં સખ્તમાં સખ્ત દુકાળ ચાલ્યો હતો. એ વરસમાં રોજ એક લાખ ત્રીસ હજારથી એક લાખ ચાળીસ હજાર માણસોને છૂટકારા માટે ઊભાં કરેલાં જાહેર બાંધકામો પાછળ કામે લગાડવામાં આવ્યાં હતાં. પંજાબના ભાગમાં એ રીતે ૯૦ હજાર માણસોનું પેટ ભરવામાં

આવતું હતું. હિમાલય પર્વતની તળેટી પાસેના મોહન નામના ભાગમાં રોજ અઢાર હજાર માણસોને કામે લગાડ્યાં હતાં, અને હરદ્વાર આગળ ગંગા નદીની નેહેરનું મહાભારત કામ ચાલતું કર્યું હતું. ફક્ત સાહાનપુરના તાલુકામાંથીજ એ મોટા કામ ઉપર મજુરી કરવાને ૧૮૧૮૩ માણસની વસ્તીમાંથી ૧૫૬૫૩ માણસ આવ્યાં હતાં. દેવબંધના ભાગમાં જ્યાં ૧૦૯૦૦૦ રજપૂતો રહેછે તેઓએ ફક્ત ૯૨૭ માણસોને એ કામ ઉપર મોકલ્યાં હતાં, અને સાહારાનપોરની ૧૦૩૦૦૦ વસ્તીમાંથી ૫૪૫૮ માણસોજ આવ્યાં હતાં. આટલું છતાં તે તરફ દુકાળનું જોર જબરૂં હતું કારણકે ન્યાત જાતના વહેમથી લોકો એટલાં બધાં તરેહવાર બનેલાં હતાં કે છૂટકારાનાં બાંધકામો ઉપર મજુરો તરીકે કામ કરવાને તેઓ હલકું સમજતાં હતાં. ગોનગોના પેટા વિભાગ ગુજરની ૬૩૦૦૦ માણસની વસ્તીમાંથી ફક્ત ૪૫ માણસો, બીહત અને ફૈજાબાદની એટલીજ મોટી વસ્તીમાંથી ફક્ત ૯૯૭ માણસો, મીરતના છ તાલુકાઓમાંથી ૧૭૩૮૫ માણસો, અને બાઈજનોર અને અમ્બાલા જે સાહારનપોરની નજદીક આવેલાં છે ત્યાંથી ૪૩૦ માણસો મજુરી કરવાને આવ્યાં હતાં. કેટલાંક કુટુંબો પૈસાની બાબતમાં જરા શકિતમાન હતાં, તે બે ભાગમાં વહેંચાઇ જતાં હતાં; એમાંના એક ભાગનાં માણસો કામ ઉપર જતાં અને બીજા ભાગનાં ઘેર રહેતાં હતાં. ભૂખના દુઃખથી લોકો એટલાં નાતવાન અને ખંધાં થઇ ગયાં હતાં કે તેઓ પાસેથી દબાવીને કામ લેવાતું નહોતું, તેથી એક હજાર ઘન ફીટનું કામ કરાવવા પાછળ ચાર રૂપિઆ લાગતા હતા. જેટલો પૈસો જાહેર બાંધકામ પાછળ ખરચાતો તેમાંનો ખરૂં જોતાં પા ભાગજ કારગત લાગતો, બાકીનો ત્રણ ભાગ જેટલો

સખાવતમાં જતો હતો. આ દુકાળમાં માત્ર બોલંદસુહર-માં ૯૯૭૭૧ ઢોર અને ૨૪૭૦૮ ગાણુસો મરણુ પામ્યાં હ-તાં, અને ૪૮૬૦૪ માણુસો બાહારગામ જતાં રહ્યાં હતાં. બુલંમગરમાં ૫૦ હજાર માણુસોમાંથી ૪૨૯૬ મરી ગયાં હ-તાં, ૫૨૬૩ દેશ છોડી જતાં રહ્યાં હતાં, અને ૭૬૬૭ મા-ણુસોને બાંધકામો ઉપર કામે લગાડી તથા સખાવત કરી સંકટમાંથી બચાવવામાં આવ્યાં હતાં. આ ઠેકાણે બાંધકામો ઉપર લાગેલાં માણુસોનું પેટ ભરવાનો ખરચ દર મહિને દસ હજાર રૂપિઆનો થયો હતો.

ઇ. સ. ૧૮૬૧માં મોરાદાબાદમાં દુકાળ ચાલ્યો હતો. એ તાલુકો ખોરાકની પેદાશને માટે પોતાના ઉપરજ આ-ધાર રાખે છે. આ વખતે ત્યાંનાં પચાસ હજાર માણુસો દેશાવર ખાતે જતાં રહ્યાં હતાં. વિશેષે કરીને ચુમાર અને જુલ્લા વર્ગના લોકોએ ઘણું સંકટ વેઠયું હતું. એઓ ગામ-ડાંના ખેડુતો, નોકરો અને ધંધાદારીઓ હતા. મોરાદાબાદ-માં લોકોના છૂટકારાના ઉપાયો લેવા જે મંડળી ઊભી થઇ હતી, તેણે પોતાના હાથ તળે બીજી ઘણીક મંડળીઓ ઊ-ભી કરી લોકોનાં દુઃખ ટાળવાને તેમને દુકાળ વિનાના મૂ-લકમાં મોકલી દેવાનો સઘળો ખરચ પૂરો પાડયો હતો. જે લોકો ચાલવાને શક્તિમાન ન હતાં તેઓને ગાડીઓમાં બે-સાડી છૂટકારાની જગા ઉપર મોકલી દેવામાં આવ્યાં હતાં. મોરાદાબાદમાં ગરીબોનું પોષણ કરવાના સ્થળને માટે અ-ર્ધો માઇલ વિસ્તારની જગા રોકવી પડી હતી. કામ કરનારાં માણુસોની મજબૂતી સંબંધી તપાસ કરી જે લાયક હોય તેમને કામે લગાડવામાં આવતાં, અને અશક્ત માણુસોને બેસારી મૂકીને તેમનું પોષણુ કરવામાં આવતું. કામ કરનારાં મા-ણુસોને રોજ આટાના દસ અને દાળના બે ચટક, તથા

અશક્ત માણસોને આટાના આઠ અને દાળનો ૧। ચટક આપવામાં આવતો. રૂ કાંતવા, કપડાં વણવા, દોરડાં બનાવવા, અનાજ દળવા, રસ્તા બાંધવા, અને ઝુંપડાં ઊભાં કરવાના કામ પાછળ પુરૂષો, સ્ત્રીઓ અને છોકરાંઓને લગાડવામાં આવ્યાં હતાં. એ કામ પાછળ રૂ. ૯૯૦ નું ખરચ અને રૂ. ૧૭૦૨ની આવક થઇ હતી. ગરીબોનું પાલણ કરવાનાં મકાનો ઘણાં સ્વચ્છ રાખવામાં આવતાં હતાં. અને દરદ પેદા ના થાય તેટલા માટે તેમની પાસેનાં ગંધાતાં ચીંથરાં બાળી નાંખ્યાં હતાં. મે મહિનામાં ૪૨૧૭ માણસોમાંથી ૬૧ માણસ મરણ પામ્યાં હતાં. પડદામાં રહેનારી જે સ્ત્રીઓ બહાર આવી શકતી નહોતી તેઓ પાસે રૂ તથા ઉન એક ચટક ભાર કતાવી તેના બદલામાં એક આનો આપવામાં આવતો. ચાર મહિનામાં સઘળાં મળી ૩૩૦૨૦૩ લોકોને દુઃખથી છોડવવામાં આવ્યાં હતાં, અને તેઓ પાછળ રૂ. ૧૭૧૮૫-૩-૯નો ખરચ થયો હતો. આ કામને માટે જે ઉઘરાણું કર્યું હતું તેમાં રૂ. ૧૦૭૦૪-૧૪-૦ ભરાયા હતા અને તેટલીજ રકમ સરકારે આપી હતી. વળી એ ઉપરાંત આગ્રામાં છૂટકારા માટે ઊભી થએલી મંડળીએ પાંચ હજાર રૂપિઆ મોકલાવ્યા હતા.

ઇ. સ. ૧૮૩૩માં દુકાળ પડયો ત્યારે અયોધ્યા, કાનપોર અને બાન્દામાં વરસાદની તંગી પડવા સાથે કોગળીઆનો રોગ ફાટી નીકળ્યો હતો. આ વખતે ફક્ત લખનોર શહેરમાંજ છ અઠવાડીઆંમાં પચાસ હજાર માણસ મરણ પામ્યાં હતાં. અયોધ્યાના મુસલમાન શાહે આ સંકટની વખતે ૧ લાખ રૂપિઆ બક્ષિસ તરીકે આપ્યા હતા. અને ૫૦૦ બંદીવાનોને છોડી મૂક્યા હતા. કોગળીઆના દરદ ઉપર ઔષધ તરીકે આ વખતે બરફનું પાણી આપવામાં

આવતું હતું, અને તે બરફ રાખવાના મકાન ઉપર ઘણી સારી ચોકશી રાખી દરદીને માટે લેવા આવનારને ના પાડવામાં આવતી નહોતી. એક જોષીએ આ બધી વિપત્તિઓ વિષે આગળથી કહ્યું હતું, તેને અયોધ્યાના શાહે પાંચ હજાર રૂપિઆનું ઇનામ આપ્યું હતું. આ સાલમાં દિલ્હી તરફ પણ ભારે તંગી ચાલવા લાગી હતી. જ્હાંસી અને વિકાનેરથી લોકો દિલ્હીમાં નાશી આવ્યાં હતાં, તેમજ દિલ્હીમાં અનાજ સસ્તું મળે છે એવું સાંભળીને ઉત્તર પશ્ચિમ તરફના વેપારી વગેરે લોકો અનાજ ખરીદવાને ત્યાં આવ્યા હતા તેથી રૂ. ૧ નું ૪૦ શેર અનાજ મળતું હતું તે એક અઠવાડીઆમાં ત્રીસ શેર થઇ ગયું હતું. આવું જોઇને લોકો બૂમ પાડવા લાગ્યાં હતાં કે બહાર જતું અનાજ સરકારે અટકાવવું જોઈએ, નહિ તો અહિંઆંજ મોટો દુકાળ ચાલશે.

બુંદેલખંડમાં તંગી ચાલવાથી ગરીબોને કોઇ રીતનું કામ કાજ મળતું નહોતું. અનાજ પણ એટલું મોઘું થઇ ગયું હતું કે તે તેઓથી ખરીદ થઇ શકયું નહિ. બાઈસસ નામનાં ખાટાં જીંડવાં ઉપર તેઓ થોડો વખત પોતાનો નિભાવ કરી શકયાં, પણ પાછળથી તે પણ મળ્યાં નહિ. કેટલીક ભૂખે મરતી માતાઓ પોતાનાં છોકરાંઓને ખાવા લાગી હતી, અને હજારો બાળકો બે આનાથી એક રૂપિઆની કીમતે વેચાઇ ગયાં હતાં. કાલપીમાં જેઓ ગરીબ લોકોનો દેખાવ જોતા તેઓને તેમનાં જીવતાં હાડપિંજર માલમ પડતાં હતાં. સેંકડો લોકો મરતાં હતાં અને તેમનાં મૂડદાંને શિઆળિયાં, કૂતરાં અને ગરધણો વગેરે પશુ પક્ષિઓ ફોલી ખાતાં હતાં. વળી કેટલાંક મૂડદાંને જમના નદીમાં નાખવામાં આવતાં હતાં. ગંગા અને જમના વચ્ચેના મૂલકમાંથી અને અયોધ્યાના ભાગમાંથી ખોરાક મેળવવાની

આશાએ સેંકડો જણ જમના નદી પસાર કરી જતાં હતાં. ચાર વરસથી (બુંદેલખંડમાં) તંગી ચાલતી હતી તેથી આ વખતે તે ઘણી જબરી જણાઈ હતી. ઘણાં માણસો જ્યાં ત્યાં રખડતાં તથા ખરાબ ખોરાક ખાતાં તેથી તરેહવાર દરદો પેદા થતાં હતાં. કાનપોરમાં દરરોજ ત્રણ હજાર માણસોનું પેટ ભરવામાં આવતું હતું ત્યાં લોકો નાશી જતાં હતાં, અને તેઓને માટે જાહેર ઉઘરાણું થતાંજ તેમાં રૂપિઆ બે હજાર ભરાયા હતા. આ વખતે આગ્રામાં એક ફંડ ઊભું કરી તેનાં નાણાં અહિઆં મોકલી દીધાં હતાં. તે સિવાય કાનપોરની છૂટકારો કરનારી મંડળી તરફથી ગરીબોનાં પેટ ભરવાના અને રોજી વગરનાઓને રોજી આપવાના સંબંધમાં ઘણી મહેનત થઇ હતી. તેઓએ પચાસ કુટુંબોના વડાઓને ચાકરી અપાવવા લખનોર મોકલી આપ્યાં હતાં. વળી સરકારી જાહેર-બાગમાં લોકોને માટે કામ શરૂ કર્યું હતું. આ વખતે ઘણાં માણસો ભૂખમરાથી અને કેટલાંક તાવ તથા શીતળાથી મરણ પામ્યાં હતાં. મહોરમના તહેવાર ઉપર મુસલમાનોએ અવિચારીપણે ગરીબોને બહોળે હાથે ખોરાક આપ્યો, તે તેઓએ હદથી જ્યાદે ખાધો તેથી દરદી થઈ મરણ પામ્યાં હતાં. લોકો એટલાં ભુખ્યાં હતાં કે રોટલીનો આંટો ગુંદતાં તેમાંથી જરા બહાર પડતો તો તે લૂંટાલૂંટ કરી ખાઇ જતાં.

ઇ. સ. ૧૮૩૭-૩૮માં વાયવ્ય ખૂણાના કેટલાક ભાગો તરફ તંગી ચાલી હતી. કાનપોરમાં લોકોના છૂટકારાની એક મંડળી ઊભી થઇ હતી, તે દરરોજ તેરસો માણસનું ગુજરાન કરતી હતી. પાંચ મહિનામાં બારસો માણસો મરણ પામેલાં જણાયાં હતાં; એક પોળ તો મૂડદાંથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી.

આગ્રામાં એટલી બધી તંગી ચાલતી હતી કે ધર્માદા અનાજ આપનારાં ખાનગી સદાવ્રતોમાં તે લેનારાં પુરૂષો, સ્ત્રીઓ, અને છોકરાંઓની એટલી ભીડ થતી કે તેમાંનાં ઘણાંક કચરાઈ મરતાં હતાં. ત્યાંના રહેવાશીઓ ફરવા હરવા સારૂ પણ બહાર નીકળી શકતા નહોતા, કારણ કે રસ્તે રસ્તે પડેલાં મૂડદાંનો ઘણો ખરાબ વાસ આવતો હતો. આગ્રા અને કાલપી વચ્ચેના રસ્તા ઉપર પચાસ મૂડદાં વાસ મારતાં પડેલાં જણાયાં હતાં, અને જમના નદી તો મૂડદાંથી ગંધાઇ ઊઠી હતી. સરકારે મુખ્ય મથકો ઉપર છૂટકારાનાં મકાનો ઉઘાડેલાં હતાં, ત્યાં એ લાખ માણસોને અનાજ મળતું હતું, અને તેઓની સંખ્યામાં દરરોજ વધારો થતો હતો. વળી મહેસૂલ અને બીજા કર લેવાનું બંધ કર્યું હતું, તે છતાં આ સંકટનો મન માનતો અટકાવ થયો નહોતો. તંગીમાંથી જે બાળકો બચ્યાં હતાં તેમનો કોગળીઆએ ભોગ લીધો હતો. સરકાર તરફથી એક મોટી સભા કલકત્તાના ટાઉન હાંલમાં મળી હતી, અને તે વખતે ઉઘરાણાની ટીપ કરી તેમાં તરતજ ચાળીસ હજાર રૂપિઆ વાયવ્ય ખૂણાના પ્રાંતોમાં પડતા દુકાળને માટે ભરાઈ ગયા હતા. વળી બંગાળા, બાહાર, અને ઓરીસાના લોકોને ઉપલી ટીપમાં નાણાં ભરવાની સરકાર તરફથી અરજ કરવામાં આવી હતી. આગ્રાનો માજીસ્ટ્રેટ આ વખતે દરરોજ સાઠ સાઠ હજાર માણસોને કામે લગાડવાના અને ચાર હજાર માણસોને જમાડવાના કામમાં રોકાયલો હતો. લોકો કૂતરાની પેઠે મરતાં પણ કોઇ કોઇની કશી દરકાર કરતું નહોતું. કેટલીક માતાઓથી પોતાનાં ટળવળતાં બાળકોનું દુઃખ નહિ જોઇ શકાયાથી તેઓ તક જોઈને રાતની વખતે તેમને જમના નદીમાં નાંખી દેતી

હતી. માણસોનાં રઝળતાં મૂડદાંઓને કૂતરાં તથા શિયાળીઆં ચુંથી ખાતાં હતાં. ગરીબોને આગ્રાથી થોડેક દૂર કામે લગાડી ત્યાં (આગ્રામાં) આવતાં અટકાવવામાં આવ્યાં હતાં.

ફતેહગઢ અને કાનપોરમાંથી મળી આવેલાં પચીસ હજાર માણસોને સરકારે કામે લગાડયાં હતાં, અને અગત્ય પડે તો લોકોનું સંકટ ટાળવા સારૂ એક કરોડ રૂપિઆ ખરચી નાખવાને તે તૈયાર થઇ હતી. વળી ખેડુતો પાસેથી લેવાતું મહેસૂલ તેમને પાછું આપવા ઉપરાંત આંગ ઉપર નાણાં ધીરવાનો ઠરાવ કર્યો હતો. કલકત્તાના ‡ રીલીફ ફંડમાંથી બધા મળીને ૮૭૫૭૦ રૂપિઆ મળ્યા હતા.

એથુર અને રૂપલાબાદમાં વરસાદ પડયોજ નહોતો તેથી તે આખો ભાગ વેરાન થઈ ગયલો લાગતો હતો. જુન, જુલાઈ અને સપ્ટેમ્બર મહિનામાં ઘાસનું એક તરખલું પણ પાક્યું નહોતું. ઢોરો ઝાડનાં પાંદડાં ખાવા લાગ્યાં હતાં અને અંતે સેંકડો ભૂખથી મરણ પામ્યાં હતાં. ગામડાંઓ વેરાન થઇ ગયાં હતાં, કારણ કે ત્યાંનાં રહેવાસી તે છોડી જતાં રહ્યાં હતાં. વળી હળથી ખેડાણ કરવા લાયક જમીનના ભાગો એમના એમ પડી રહ્યા હતા, કારણ કે તે કામ કરવાને જોઈતાં માણસો અને ઢોર મળી શકતાં નહોતાં. આ વર્ષે સરકારે મહેસૂલ લીધું નહોતું. ફરૂકાબાદમાં રસ્તા બાંધવા ઉપર લોકોને કામે લગાડયાં હતાં. માલગુજરોએ ખેડુતોનાં પેટ ભર્યાં હતાં, અને ઘણાં લોક સાગર પ્રગણામાં જતાં રહ્યાં હતાં. કલકત્તામાં લગભગ એક લાખનું ઉઘરાણું થયું હતું. તેમાં બરદવાનના રાજાએ રૂા. ૨૦૦૦) અને દરભંગાના મહારાજાએ રૂ. ૬૦૦૦) ભર્યા હતા.

---

‡ Relief Fund. લોકોને દુઃખમાંથી છોડવવાને—લોકોનું દુઃખ કમી કરવાને જે ઉઘરાણું કરવામાં આવેછે તે.

વાયવ્ય ખૂણાના પ્રાંતોમાં પડેલા દુકાળનું દુઃખ ટાળવા જે ઉઘરાણું થયું હતું તેની એકંદર રકમ રૂ. ૧૨૬૬૪૪) ની થઇ હતી અને તેમાંથી નીચલા ભાગો ઉપર થોડા થોડા રૂપિઆ મોકલી આપવામાં આવ્યા હતા.—

આગ્રાખાતે......રૂ.૨૦૦૦૦. દીલ્હી ખાતે.........રૂ.૪૦૦૦
કાનપોરખાતે.....રૂ.૧૨૦૦૦. ફતેહપોર ખાતે.....રૂ.૩૦૦૦
ફતેહગઢખાતે......રૂ.૮૦૦૦. બોલંદશાહર ખાતે..રૂ.૨૦૦૦
મીનપુરી ખાતે.રૂ.૧૧૦૦૦. હમીરપુર અને }
ઇતાવા ખાતે....રૂ.૧૦૦૦૦. કાલપી ખાતે... } ..રૂ.૯૦૦૦.
અલીગઢ ખાતે...રૂ.૬૦૦૦. ખાનદા ખાતે.....રૂ.૫૦૦૦.
પુતરા ખાતે.....રૂ.૯૦૦૦. કરનાલ ખાતે.....રૂ.૨૦૦૦

મનીપુરમાં એક આંબાવાડીઆ ફરતી વાડ ભરી લેઇ ત્યાં ગરીબોને જમાડવામાં આવ્યાં હતાં. નબળામાં નબળા જુવાનને ત્રણ ચવાટી એટલે એક રતલ જેટલી રોટલી આપવામાં આવતી, તેથી વધારે નાતવાન અને નબળાં છોકરાંને બે રોટલી, અને બાકીનાઓને એક રોટલી આપવામાં આવતી હતી, અને એજ વેળા ભીસ્તીઓ તેઓને પાણી પાતા હતા. એ પ્રમાણે રોજ ૧૪૫૦ માણસોનાં પેટ ભરવામાં આવ્યાં હતાં.

આગ્રામાં સરકારને દરમહિને એક લાખનો ખરચ થતો હતો, અને મહેસૂલ ન લેવામાંજ બીજા દસ લાખની ખોટ આગ્રાના સંબંધમાં ગણવામાં આવી હતી.

વાયવ્ય ખૂણાના પ્રાંતોના રહેવાસી ઘણાખરા એવા છે કે તેઓ અનાજ ઉપર જીવે છે. વળી તેઓ એવા બેદરકાર છે કે આવતી કાલે શું થશે તેનો વિચાર ન કરે. જેઓ સંકટના વખતને માટે અનાજ ભરી ના રાખે, જેઓની પાસે એટલો પણ સામાન ના હોય કે તે દુકાળની વખતે

વેચી નાખી પૈસા મેળવે, જેઓમાં એક બીજાને મદદ કરવાની કાળજી અને જાહેર હિમ્મત નહોય, જેઓમાં જાહેર તથા ખાનગી સખાવત થતી ન હોય, અને જેઓના વેપારીઓ મોઘામાં મોઘા ભાવે અનાજ ભરી રાખે, તેઓમાં અને તેવા મૂલકોમાં ગરીબોની હાલત ખરેખરીજ કંગાલ હોવી જોઇએ, અને ગરીબો કંગાલ હોવાથી દુકાળનું સંકટ ઘણુંજ પડવું જોઇએ.

આ ભાગોમાં દુકાળના હુમલા અટકાવવા નેહેરના બાંધકામોની ઘણી જરૂર છે. નેહેરથી કરીને કોઇ પણ પ્રગણાનો ઓછામાં ઓછો ત્રીજો ભાગ પાક કરવા લાયક થઈ શકશે, અને તેથી દુકાળની વખતે ઘણું સોસવું પડેશે નહિ. વળી એ સિવાય એ આખા મૂલકમાં આગગાડીના રસ્તાની ઘણીજ જરૂરછે, કારણ કે સુકાળના વખતમાંજ એ ભાગના લોકોનાં પેટ ભરવા ચારથી પાંચ કરોડ મણ અનાજ બહારથી લાવવાની ગરજ પડે છે, તો તંગીની વેળાએ એથી ઘણુંજ વધારે લાવવું પડે, અને નેહેર તથા રેલવેની સોઇ હોય તો તેમની મારફતે તુરતજ બહારથી જેટલુ જોઇએ તેટલું અનાજ મંગાવી શકાય. નેહેર પાક કરવામાં ઘણી ઉપયોગી થઇ પડે, પણ પાકને માટે પાણી લેવાની નેહેર માલ લેઇ જવા લાવવાની નહેર કરતાં જૂદી હોવી જોઈએ, કે જેથી બન્ને કામો સારી રીતે અને ઝડપથી પાર પાડી શકાય. એ સઘળા ઉપરાંત એક ગામથી બીજા ગામમાં અનાજ વગેરે લેઈ જવા સારૂ ગાડાં જવાનો રસ્તો બનાવવો જોઇએ. એમ જ્યાં નથી ત્યાં થોડા વખતમાંજ અનાજ વગેરેના ભાવમાં મોટો ફરક પડી જાય છે, અને વળી જ્યાં અનાજ વધારે હોયછે ત્યાંથી ઓછા જથાવાળી જગા ઉપર લેઈ જવાતું નથી.

પ્રકરણ ૯ મું.

કાશ્મિરમાં પડેલા દુકાળ.

ઇ. સ. ૧૮૩૩માં કાશ્મિરમાં દુકાળ પડ્યો હતો તે વખતે ત્યાં ઘણુંજ સંકટ ચાલ્યું હતું. આ વખતે મહારાજા સેરસિંગ રાજ કરતો હતો અને દીવાન બાઈસાખાસિંગ હતો. એ દીવાન ઘણો જૂલમી હતો તેથી કાશ્મિરના લાખો વેપારીઓ, ધંધાદારીઓ, અને નાણાવટીઓ, જ્યાં પોતાના જીવનો અને ઝવેરનો બચાવ થાય ત્યાં જતા રહ્યા હતા. એઓની માફક ખેડુતો તથા તવંગર લોકો પણ બહાર જતા રહ્યા હતા. આથી કરીને કાશ્મિરનો મોટો ભાગ વેરાન થઇ પડયો હતો, અને મોટા વિસ્તારની જમીન વગર ખેડે પડી રહી હતી. એ દુકાળ ઘણા જોસમાં ચાલ્યો હતો. જે લોકો કાશ્મિરમાં બાકી રહ્યાં હતાં તેઓ ઝાડનાં મૂળીઆં તથા જમીનમાં ઉગતી વનસ્પતિ ખાઈ જીવવા લાગ્યાં હતાં અને પોતાના બચાવ માટે ઝાડોમાં ભરાઇ રહેતાં હતાં. આ વખતે બેદાદી તથા તંગી ચાલવાથી પચીસ હજાર માણસો મરણ પામ્યાં હતાં. ઘણાં માબાપોએ ફક્ત એક ખોરાકને માટે પોતાનાં બાળકોને વેચી નાખ્યાં હતાં અને કેટલાંકે તો તેમને મારી ખાધાં પણ હતાં.

આ વરસે મહારાજાએ પૈસા અને અનાજ વગેરેની બક્ષિસ કરવા ઉપરાંત બે વરસનું મહેસૂલ માફ કીધું હતું, તથા પોતાના દેશની આસપાસ આવેલી પહાડી ખીણોમાં ચોકી રાખવા છતાં હજારો લોકો કાશ્મિરમાંથી બહાર ગયાં હતાં. ૩૦ હજાર માણસો લાહોરના દરબાર આગળ આવ્યાં હતાં, એ લોકોને પેશાવર ઉપર હૂમલો લઇ જનાર લશ્કરની છાવણીમાં ખોરાક લઈ જવા અને તેની સંભાળ

લેવા ત્યાંના મહરાજાએ કામે લગાડયાં હતાં, અને રોજ એકથી દોઢ આનાની કીમતનું અનાજ તેઓને આપવામાં આવતું હતું.

ઇ. સ. ૧૮૭૮માં કાસ્મિરમાં દુકાળ પડયો હતો. એ વરસમાં ત્યાં ઘણી તંગી ચાલી હતી અને લોકોનાં મરણ પણ બહુ નીપજ્યાં હતાં; રફતે રફતે સેંકડે પચીસથી પચાસ ટકા સુધી લોકોનાં મરણ થવા માંડયાં હતાં. ત્યાંનો મહારાજા ઘણો ચંચળ અને લાયક માણસ હોવાથી એણે પ્રજાનું દુઃખ ટાળવા બનતા ઉપાયો લેવા માંડયા હતા. તેણે ધંધાદારીઓ પાસેથી કર વેરા લેવાનું માંડી વાળ્યું હતું અને ગરીબ તથા નાચારોને આશરો આપવા માંડયો હતો, તે છતાં સંકટ ઘણું અને ઉપાય તથા મદદ પૂરતી નહિ હોવાથી તે ગભરાટમાં પડી ગયો હતો. એ મહારાજાની અંગ્રેજ સરકારના ભલાં તરફ ઘણી સારી લાગણીથી તથા એણે હિંદુસ્તાનના રાજાઓ તથા લોકો તરફ સારી વરતણુંક ચલાવ્યાથી તેના બદલામાં અંગ્રેજ સરકાર તથા હિંદુસ્તાનના લોકોએ એ દુઃખી દેશને પોતાથી બનતી મદદ કરી હતી. કાસ્મિરમાં સાલોનો વેપાર સારો ચાલતો હતો અને તેથી લોકો રોજી મેળવી સારી હાલતમાં રહેતા હતા, પણ ઇ. સ. ૧૮૭૦ થી એ રોજગાર ઘણોખરો ભાગી પડવાથી ત્યાંની પ્રજા ઘણી ગરીબ થઈ ગઈછે અને તે ગરીબાઇમાં આવા દુકાળનું સંકટ નહિ ખમાઇ શકાય એવું થઇ પડે છે.

પ્રકરણ ૧૦ મું.

દુકાળથી મળતા ધડા.

હિંદુસ્તાનમાં વારંવાર દુકાળ પડે છે પણ તેઓમાંથી ઉપજતા ધડા લોકોને પૂરતી રીતે માહિતગાર અને સાવધ કરતા હોય એવું જણાતું નથી. ગયા દુકાળોએ કેટલીક અ-

જમાયસ આવતા જમાનાને માટે આપીછે, પણ તે અજ-માયસ હજુ પૂરેપૂરી નથી; કારણ કે જેમ નવા વરસે નવા દુકાળ પડેછે તેમ લોકો નવી થપડ ખાઈ બેસેછે. પાછળ થઈ ગએલા કેટલાક જબરા દુકાળોએ આપણને શીખવાડયું છે કે ભૂખમરો અને તેનાથી નીપજતાં ભયંકર પરિણામ અ-ટકાવવાં હોય તો સાધારણ ઉપાયો કંઈ કામે લાગી શકતા નથી. જ્યારે સંકટ ઘણું મોટું હોય છે ત્યારે જે નિયમો પ્ર-માણે અનાજનો જથો બહારથી મેળવવામાં અને દુકાળના મૂલકોમાં વાપરવામાં આવેછે તે નિયમો પૂરેપૂરા લાગુ પડી શકાતા નથી. તેમજ અરસ્પરસ વહેવાર ચલાવવાને દેશનાં સાધારણ સાધનો પૂરાં પડી શકતાં નથી. જમીન તથા જ-ળના માર્ગો જેઓનો દુકાળની વખતે ઘણો ખપ પડેછે તે-ઓ ભાગી તૂટી જાયછે અને વહેવારમાં મોટી અડચણો આવી પડે છે. તાલુકાઓના વગર અજમાયસ પામેલા અમલદારો દુકાળનું સંકટ ટાળવા અને તેની સામે થવા (અટકાવવા) શક્તિમાન થતા નથી. છૂટકારાનાં બાંધ-કામો પાછળ શું શું ઉપાયો લગાડવા તે વિષે જૂદા જૂદા અમલદારો જૂદા જૂદા વિચાર આપે છે, અને એ પ્રમાણે એક મળતા વિચાર ન થવાથી જે કામો તે વિચારોના પરિણામ તરીકે ઊભાં થાયછે તે બરાબર ચાલ-તાં નથી, અને તેથી લોકોના છૂટકારાની જે આશા રાખ-વામાં આવેછે તે પાર પડતી તથી. એ સઘળા દુકાળના ધડા છે. વળી એ ધડા આપણને એવું શીખવે છે કે દુકાળની વખતે પૈસા કરતાં ખોરાક વધારે અગત્યનો છે. વળી એ ધડા એવું પણ શીખવેછે કે એ વખતે ખોરાક માણસની જીંદગી બચાવી શકે છે, પણ કામ કરવાને તે માણસોને શક્તિ આપતો નથી. ખાનગી સખાવતથી થોડું ઘણું દુઃખ

દૂર થાય છે, પણ વિપત્તિ સર્વ ઠેકાણે ફેલાઇ ગઇ હોય છે ત્યારે ખાનગી સખાવતનું કાંઈ ચાલતું નથી. જૂદા જૂદા ઠેકાણાના અનાજના ભાવ જૂદા જૂદા અમલદારો સરકારના વડા મથક ઉપર મોકલી આપેછે તે ઉપર પૂરતો ભરોંસો રાખી શકાતો નથી, કારણ કે અમલદારોને એ વિષેનો પૂરતો અનુભવ નહિ હોવાથી બરાબર ભાવ મેળવી શકતા નથી, અને તેથી બીજાઓને ભૂલાવામાં નાંખેછે. આ સઘળા કીમતી ધડાઓ આગળ થઇ ગયેલા દુકાળ આપણને શીખવેછે, તે છતાં માણસનું મન એવું ભૂલાવો ખાય છે અથવા એવા ગુંચવાડામાં આવી પડેછે કે જ્યારે ખરેખરો દુકાળ આવી પડે છે ત્યારે એ સઘળા ધડા ભૂલી જવાયછે, અને તે પાછા નવેસરથી શીખવા પડેછે.

પ્રકરણ ૧૧ મું.

હિંદુસ્તાનના દુકાળોનું અર્થશાસ્ત્ર.

દુકાળનું અર્થશાસ્ત્ર જાણવું એ તેની ઉત્પત્તિ, તેનો વધારો અને તેના ફેલાવાનાં મૂળ કારણોનું જ્ઞાન મેળવવા બરાબર છે. હિંદુસ્તાનના દુકાળોનું અર્થશાસ્ત્ર આ દેશમાં વારે ઘડીએ પડતા દુકાળનાં દુઃખોનાં મુખ્ય કારણો દર્શાવેછે. 'હિંદુસ્તાનના દુકાળોનું અર્થશાસ્ત્ર' એવા નામનું એક ચોપાનિયું મિ૰ બ્રાઉન નામના એક અંગ્રેજે ઇ. સ. ૧૮૭૭ ની શરૂઆતમાં આ દેશમાંજ છપાવી પ્રગટ કર્યું છે. મિ૰ બ્રાઉને પોતાના આ અગત્યના વિશયને જૂદા જૂદા અગીઆર ભાગોમાં વહેંચી નાંખ્યો છે, જેમાં દુકાળ વારંવાર કેમ પડે છે તથા અટકાવવા સારૂ કેવા ઉપાયો લેવા પડે છે, અને કેવા ઉપાય લેવા જોઈએ, તે વિષે ટુંકામાં પણ ઘણી સારી રીતે સમજાવેલું છે. એ પુસ્તકના પહેલા એકાદ બે

ભાગનો સાર અહિં દાખલ કરવો જરૂરનો જણાયછે.

મિ. બ્રાઉન કહેછે કે હિંદુસ્તાનના આગલા ઇતિહાસો તરફ જોતાં માલમ પડે છે કે તે દુકાળને જન્મ આપનારો એક મુખ્ય દેશ છે. એ આફત એ દેશ ઉપર અસલથી ઉતરતી આવી છે, અને અગાઉના વખતમાં જે ખરાબી થઇ હશે તે ઘણીજ ભયંકર અને મોટી હશે એમાં શક નથી; પણ સારા ભાગ્યે હાલના સુધારાના વખતમાં એ જાતની આફતો વખતે થતી ખરાબીનો ઘણો અટકાવ થતો જાય છે, તોપણ એવી જાતના બનાવો તદ્દન અટકાવવા માટે સરકારે અને સત્તાવાળાઓએ વધારે મજબૂત ઉપાયો લેવાની જરૂર છે, અને તેમ કરવા આગમજ દુકાળને કેવે પ્રકારે અને કયા મૂળોથી શરૂ થવાને બની શકે છે, તે બારીકીથી તપાશી જવું જોઈએ છીએ.

પહેલો વિચાર એ કરવાનો છે કે, આ દેશમાં પાક નિષ્ફળ જવાથી ઘણુંકરીને તુરત કેવી પ્રકારનું પરિણામ નિપજે છે? આ વિચાર કર્યા પછી બીજો વિચાર એ કરવાનો છે કે, લોકોની સંસારી તથા બીજી બાબતોથી દુકાળની બાબતને વધવા તથા ઘટવાનો કેટલો અને કેવો સંબંધ રહે છે? આ બાબતોનો ખુલાસો કર્યા પછી ત્રીજો અને અગત્યનો વિચાર એ કરવાનો છે કે, દુકાળ તથા તંગી પૂરતા જોરથી શા પ્રકારે દાબી શકાય? આ ત્રીજા વિચારનો ફડચો કરતાં બે મુખ્ય બાબતોને ધ્યાનમાં રાખવાની જરૂર છે· તે એ કે દુકાળની શરૂઆતમાં તેની સામે તૈયાર થતાં લોકોના લાભની બિના કેવા પ્રકારે ધ્યાનમાં રાખવી, તથા આશરો આપવાના ઉપાયો કેવા ધોરણથી ચાલુ કરવા.

હિંદુસ્તાનમાં દુકાળ પડવાનાં બે મુખ્ય કારણો ગણા-

ય છે; એક કારણ એ છે કે ખેતરોને બરાબર જોઇતું પાણી ન મળવાથી એટલે જોઇતો વરસાદ ન વરસવાથી દુકાળ પડે છે, અને બીજું વરસાદ આવે યા ના આવે પણ વરસાદની અથવા બીજી ઋતુમાં કુવાનું કે તલાવ અથવા નદી વહેળા, અને નેહેરનું પાણી ન પહોચાડવાથી વાવેલું અનાજ સૂકાઈને તેનો નાશ થાય છે, તેથી દુકાળ પડેછે. આ પ્રમાણે ઉપર બતાવેલાં બે કારણોથી અનાજનો તદન નાશ થાય છે તેથી ઘણુંકરીને સઘળા પ્રકારના લોકોની ખરાબી થવાનું મૂળ શરૂ થાય છે. મજુરો વગેરે મહેનતુ લોકો અને કણબીઓ દુકાળની વખતે અગત્ય કરીને નાચારીની બાબતમાં પહેલા ઉતરે છે, તેનું કારણ એ છે કે ફક્ત ખેતીવાડી ઉપરજ તેઓનો આધાર હોય છે. દેશના અંદરના ભાગ તરફ નજર કરતાં જણાશે કે ત્યાં જમીનનો ઘણોખરો ભાગ ખેતીવાડીના કામમાં રોકાયલો હોય છે અને ત્યાં રહેનારા લોકોનો સઘળો આધાર તેઓનાં ખેતરોમાં થતા પાક ઉપર હોય છે. બીજા દેશોના ખેડુતો અને બીજા લોકો ઘણુંકરીને પાકની સારી માઠી હાલત ઉપરજ તદન આધાર રાખી બેસતા નથી, અને તેથી એકાદ વરસનો પાક નિષ્ફળ જાય તો તેથી તેઓ એકદમ નાચારીમાં યા ભૂખે મરવા જેવી હાલતમાં આવી જતા નથી. પણ હિંદુસ્તાનમાં તેમ નથી. આ દેશના સઘળા ખેડુતો પોતાનો આધાર વરસ દહાડાના પાક ઉપર રાખી બેસે છે, એટલે "આજની કમાઇ આજેજ ખાઇ જઈ કાલના ખોરાક માટે પરમેશ્વર ઉપર આધાર રાખવો" એ કહેવત પ્રમાણે કરે છે. ખરૂં પૂછતાં તેઓની હાલત એવી બાબતમાં ઘણી જોખમભરેલી હોય છે, પણ તેમાં તેઓ કશો ફેરફાર કરી શકતા નથી. ખેડુતોના આવા અશક્તપણાનું ખરૂં કારણ

મિ૦ બ્રાઉન તેમની સંસાર વ્યવહારી અણઘડ હાલત જ-ણાવે છે, અને તેમાં બ્રાહ્મણોને માથે તે મોટી બદનામી મૂકે છે. વળી તે તેમને ખાઉધરા, ઠગ અને મતલબીઆ લોક ગણે છે અને કહે છે કે, તેઓ ધરમને બહાને ગરીબ રૈયત તથા ખેડુતોને તદ્દન નીચોવી નાખી પૈસાથી ખુવાર કરી નાખે છે. એ લોકોની (ખેડુતો વગેરેની) ખરાબીનું વ-ળી બીજું સાધન મારવાડી અને વાણિઆઓને મિ૦ બ્રા-ઉન ગણે છે. એ લોકો ખેડુતોને નાણાં ધીરી તે ઉપર મો-ટી રકમનું વ્યાજ ખાય છે, અને જે તેઓના હાથમાં આ-વ્યો તેને છેક નીચોવી નાખી તેની ખરાબી કર્યા સિવાય રહેતા નથી. વળી એમનામાં બીજી ખરાબ રીત એ હોય છે કે, પાકનો નાશ થયા પછી તેઓ ખેડુતોને કોઇ પણ જાતનો આશરો આપી ટેકવી રાખતા નથી, પણ તેમની નરમ દ-શા થએલી જુવે કે તરત પોતાનો સઘળો વહિવટ નક્કી કરી અલગા થઇ બેસે છે, અને તેમ થવાથી ખેડુતો બિ-ચારા છેક ખરાબ હાલતમાં આવી જઈ ભીખ માગવાની અણી ઉપર આવી બેસે છે.

દુકાળની શરૂઆત થતાં કણબી અને સાધારણ ધંધા-દારીઓની એ પ્રમાણે ખરાબી થવા માંડી કે પછી તેના છાંટા ઝડપથી આસપાસના બીજા લાગતા વળગતા લોકો ઉપર ઉડવા માંડે છે. એ બીજા લોકોમાં ઘણુંકરીને ચમાર, માહાર, રામોસી તથા બીજી હલકી જાતના લોકો જેઓ ગામ ગામડાંમાં મુખ્યત્વે કરીને કણબી અને રૈયતનેજ આ-ધારે પડેલા હોય છે તેઓ સપડાય છે. એમના પછી ગામ-ના તમામ નાના મોટા રહેવાશીઓ તથા આજુબાજુ-ના લોકોનો વારો આવે છે. તેઓ ઉપર એકદમ એ આફત આવતી નથી પણ ધીમે ધીમે આવે છે, અને તે-

ને આવવાનો રસ્તો મોંઘવારીનો હોય છે. જેમ જેમ અનાજની સીલીક ઘટે છે તેમ તેમ ભાવ વધે છે, અને તેમાં આખરે એટલો તો વધારો થાય છે કે અનાજ મળવું મુશ્કેલ થઇ પડેછે અને દુકાળના પોકાર જારી થાય છે. એ પ્રમાણે માણસોમાં દુકાળે દેખાવ દીધા પછી થોડા વખતમાં ઢોરાં ઉપર દુકાળનો મારો ચાલુ થાય છે, અને તેમ થયું કે ખેડુતોની પૂરી કમબખ્તી બેસે છે, કારણ કે એ તેઓની છેવટની માયા પુંજી હોય છે તે પણ ખોઈ બેસવાની કુદરતજ જાણે તેઓ ઉપર ફરજ પાડે છે.

દુકાળ વિષે આદમ સ્મિથના નિયમો અને તે ઉપરથી ઉપજતા વિચાર.

આ નામાંકિત અંગ્રેજ અર્થશાસ્ત્રીના એવા વિચાર છે કે જ્યારે દુકાળ પડે ત્યારે સરકારે અનાજના વેપારીઓની વચ્ચે પડવું ના જોઇએ, કારણ કે જ્યારે સરકાર હરીફાઈ કરવા નીકળે છે ત્યારે વેપારીઓ ચેતી જાય છે અને નિરાશ થઇ અનાજના જથા સંતાડી રાખી વેપાર બંધ કરી મોઢું જોતા બેસે છે. અનાજના વેચાણના સંબંધમાં વેપારીઓ એક સંપ થઈ બેસે તેથી દુકાળ પડતો નથી, પણ દુકાળ પડવાનું મુખ્ય કારણ તો વરસાદની તંગી અને કોઈ કોઈ વાર લઢાઈથી તથા તીડોથી થતી ખરાબી છે; તથાપિ ખરેખરૂં દુકાળનું જોર વધે છે તેનું કારણ એ છે કે તે સંકટ ઓછું કરવાના વિચારથી સરકાર નાલાયક વિચારોના ઉપાય કામે લગાડવા મંડી જાય છે. દરેક દેશની જમીનમાંથી કેટલીક ઊંચી અને કેટલીક નીચી હોય છે, અને તેથી કેટલેક ઠેકાણે તે સૂકી અને કેટલેક ઠેકાણે ભીનાશ પર હોય છે. આ સર્વ ઠેકાણે અનાજ ઉગી શકે છે. જો કોઈ

દેશના એક ભાગ ઉપર પાકની ખરાબી જણાય છે તો પણ તે દેશના બીજા ભાગ ઉપર તે ઉગી નીકળે છે. એટલા માટે સંભાળથી અનાજ વાપરવામાં આવે તો દુકાળનો ભય ઘણા પ્રકારે ઓછો થઇ જાય; પણ જે ખરૂં સંકટ આવે છે તેતો વેપારીઓ જે છૂટથી વેપાર કરે છે તેમની વચ્ચે સરકાર આવે છે તેથીજ. ચોકસ ભાવને વાજબી ભાવ ગણી તે ભાવે અનાજ વેચવા સરકાર વેપારીઓને હૂકમ કરે છે અથવા ફરજ પાડે છે. આ ચોકસ ભાવ સર્વ ઠેકાણે લોકોને અનાજ ખરીદવામાં સગવડ પડતો થઇ પડે છે, અને તેથી લોકો જથાબંધ અનાજ ખપાવવા માંડે છે; અને જ્યારે એવી રીતે બોહોળેપણે અનાજ ખપાવવા લાગે છે ત્યારે પાછળથી દુકાળ પડે છે, માટે સરકારે અનાજના ભાવની વચ્ચે આવવું નહિ. આદમ સ્મિથના આવા વિચારો યૂરોપના વેપારીઓના સંબંધમાં કદાપિ લાગુ પડે, પણ હિંદુસ્તાનના વેપારીઓ ઉપર તે લાગુ પાડવા જતાં દુકાળનું ચક્કર ઉલટું ફરી ગયા સિવાય રહે નહિ. એ વિચાર અને નિયમો જો હિંદુસ્તાનની સરકાર હિંદુસ્તાનના દુકાળના સંબંધમાં લાગુ પાડે તો તેણે મોટી ભૂલ કરેલી ગણાય. યૂરોપના વેપારીઓમાં જે ઉલટ, ઉત્સાહ અને સાહસીકપણાના ગુણો હોય છે તે હિંદુસ્તાનના વેપારીઓમાં નથી. યૂરોપનો દરેક વેપારી દુકાળની વેળા જેમ બને તેમ અનાજનો મોટો જથો ભેગો કરવા પોતાનું સઘળું નાણું વગર અચકાયે રોકી નાંખે છે, પણ હિંદુસ્તાનમાં તેમ થતું નથી. અહિંના વેપારીઓ એટલા હિંમતવાન, વગર અદેખાઇના અને સ્વતંત્ર હોતા નથી. તેઓની નાત જાતની કઢંગી રીતિઓ તેઓના સ્વતંત્રપણામાં એક મોટો અટકાવ થઇ પડે છે. વળી તે ઉપરાંત તેમની પાસે પૈસા-

ની સારી થાપણ હોતી નથી અને વળી તેઓની સાખ પ-ણ જબરી હોતી નથી. આમ હોવાથી દુકાળના વખતમાં સરકારે વેપારીઓને નાણાની મદદ કરવાની જરૂર છે. દરિ-આની મારફતે દેશાવરથી અનાજ લાવવામાં પણ હિંદુ-સ્તાનના લોકોના કેટલાક વહેમી વિચારો નડે છે. વળી દુ-કાળની જગા ઉપર જેટલા અનાજનો ખપ હોય છે તેટલું અનાજ બહારથી આવી શકતું નથી. આદમ સ્મિથના નિ-યમો યૂરોપને કદાચ લાગુ પડે તેનું કારણ એ કે યૂરોપના લોકોની ચઢતી હાલત છે, તેઓમાં સુધારો વધારે ફેલા-યલો છે, નાત જાતના કશા અટકાવ નથી, તથા લોક-સ-મુદાયની સ્થિતિ ઘણી ઊંચી અને સંપ ભરેલી છે. વળી ત્યાં હિંદુસ્તાન જેવા જબરા દુકાળ મોટા વિસ્તારે ફરી વળતા નથી, પણ તંગી પડે છે, અને તે તંગીના વખતમાં ઉપલા નિયમો બરાબર લાગુ પાડી શકાય. આટલું છતાં ઇ. સ. ૧૮૪૬માં જ્યારે આયરલાંડમાં મોટો દુકાળ પડ્યો હતો ત્યારે અર્થશાસ્ત્રના નિયમો તોડી સર રાબર્ટ પીલે આયરલાંડને માટે હિંદુસ્તાનથી અનાજનો મોટો જથો મંગા-વ્યો હતો. વળી લાર્ડ રસલે પણ ઇ. સ. ૧૮૪૭માં સર-કાર તરફથી અનાજના કોઠારો ઉઘાડ્યા હતા.

જાન સ્ટુઅર્ટ મીલના વિચાર.

જાન સ્ટુઅર્ટ મીલ જેવા વખણાયલા પંડિતનું એવું મત છે કે, દુકાળની વખતે ઘણી સંભાળ રાખી અનાજ ખપાવવું જોઇએ. તવંગરો પોતાના પૈસાના જોરે વધારે અનાજ ખરીદવા શક્તિવાન થાય છે, માટે તેઓ અના-જનો જથો વધારે ખરીદી તે ખપાવી નાખે છે તેનો સામે ઉપાય લેવા જોઇએ છીએ. એ સઘળાની સરકારે તપાસ

રાખવાની અગત્ય છે. બનતા સૂધી અનાજનો વેપાર સરકારે વેપારીઓને છૂટથી કરવા દેવો. જો ખાનગી વેપારનાં સાધનો તૂટે તોજ સરકારે વચ્ચે પડવું. સરકાર જેટલું કરે તેટલું એક વેપારી કરી શકે નહિ, પણ વળી સઘળા વેપારીઓ જેટલું બજાવે તેટલું સરકાર બજાવી શકે નહિ. દુરથી ખોરાક મંગાવવો હોય તો સરકારની મદદની ઘણી જરૂર પડેછે, માટે તેવી વખતે સરકારે બહાર પડવું. વળી કેટલાકોનું કહેવું એવું છે કે દુકાળની વખતે બનતા સૂધી અનાજનો ભાવ મોઘો રાખવો, કારણ કે મોઘા ભાવને લીધે લોકો મરજી પ્રમાણે તે ખરીદ કરી તેને બહોળી રીતે ખપાવીદે નહિ. પણ ગરીબ લોકો મોઘા ભાવને લીધે તે ખરીદી ન શકવાથી મરણ પામે માટે એ મોઘા ભાવનો નિયમ ફાયદાકારક જણાતો નથી. અર્થશાસ્ત્રના નિયમો પ્રમાણે આ મોઘા ભાવની રીત કદાચ દુકાળની શરૂઆતમાં ઠીક જણાય, પણ ધમધોકાર દુકાળ ચાલતાં તેવા નિયમો વાપરવા જતાં ઘણા જીવની હાનિ થયા વિના રહે નહિ, માટે એ નિયમો નકામા છે. વળી હિંદુસ્તાનના વેપારીઓ યૂરોપના વેપારીઓ જેવા સાહસીક ન હોવાથી આ જાતના નિયમો હિંદુસ્તાનમાં લાગુ પડી શકતા નથી.

મિ. ડાલઝેલના વિચાર.

મદ્રાસ સિવિલ સરવીસ વાળા મી. ડાલઝેલનું કહેવું તો વળી એવું છે કે, અર્થશાસ્ત્રના કાયદાઓને મજબૂત વળગી રહેવાથી તંગીનો વખત સામો દુકાળના રૂપમાં બદલાઈ જાયછે, અને તેમાં અટકાવ થઇ શકતો નથી. તંગીના વખતમાં જેટલા લોક મરણ પામેછે તેના કરતાં વધારે લોક ઉપલા નિયમો લાગુ પાડી તેજ પ્રમાણે ચાલતાં મરણ

પામેછે. વળી તે કહે છે કે સરકારે વેપારીઓની વચ્ચે ન આવવું એ નિયમ નુકસાનકારક છે, કારણ કે અનાજનો ભાવ મોંઘો હોવા છતાં વેપારીઓ પૂરતું અનાજ પૂરૂં પાડી શકતા નથી, અને તેથી કરીને સંખ્યાબંધ લોક મરણ પામે છે. લોકોના આવી રીતે ભોગ થતા અટકાવવા સારૂ વેપારીઓ પાસે નાણાની મોટી રકમ જોઇએ, અને બજારમાં તરત ને તરત જે ફેરફારો થાય તેને અનુસરીને કામ કરવું જોઇએ. ગયા સઘળા દુકાળોની અજમાયસ ઉપરથી નક્કી થયુંછે કે હિંદુસ્તાનમાં દુકાળ પડે તો તે વખતે સરકારે વચ્ચે પડી તેથી પડતાં દુઃખ અટકાવવાં જોઇએ, નહિ તો ભયંકર આફતો આવી પડયા વિના રહે નહિ. .

प्रकरण १२ मुं.

હિંદુસ્તાનના લોકોને દુકાળની વખતે વધારે સોસવું કેમ પડે છે?

હિંદુસ્તાનમાં વરસનો મોટો ભાગ સૂર્યનો પ્રકાશ એવી રીતે પડેછે કે તેનાં કીરણ નીચે જમીન ઉપર ઊભાં પડી લીલોતરી ભરેલાં મેદાનોને સૂકવી નાખેછે અને તે ઉપરાંત બીજી જે વનસ્પતિ છૂટી છવાઇ ઉગે છે તેનો પણ નાશ કરે છે. જો જમીનમાં બીઆં રોપવામાં આવેછે તો તે વરસાદ ન પડવાથી પાણીવિના સૂકાઇ જાયછે અને ઉગતાં નથી. કોઈ કોઈવાર જમીનમાં ભીનાશ હોવા છતાં પણ પાક થઇ શકતો નથી. તંગીની વખતે પેદાસ કરવા સારૂ કેટલેક ઠેકાણે નેહેરો બાંધી હોય છે પણ વરસાદ ન પડવાથી નેહેરોનું પાણી પણ સૂકાઇ જાયછે. તાપ એટલો સખત પડે છે કે, મોટામાં મોટી નદીઓ પણ

સૂકાઈ જઈ વહેતા ઝરાની માફક થઈ જાયછે. એ સઘળી અડચણો ટાળવા પૂરેપૂરા ઉપાયો આગમચથી લેવાતા નથી. હિંદુસ્તાનના લોકોનો મુખ્ય ખોરાક ચોખા, ઘઊં અને બીજા અનાજનો હોવાથી તંગીની વેળાએ ઘણું સોસવું પડે છે. દક્ષિણમાં ચોખાનો મુખ્ય ખપ છે, અને મધ્ય હિંદુસ્તાનના ઉપલા ભાગમાં ઘઊં અને દાળ બહુ ખપે છે. વળી દુકાળનું દુઃખ વારંવાર તેમને સોસવું પડે છે તોપણ અનાજનો કેટલોક જથો સંઘરી રાખવા વગેરેની સાવચેતી લોકો રાખતા નથી, અને જ્યાંસૂધી તેમની નજદીક દુકાળ આવી પહોંચે છે ત્યાંસૂધી તેઓ તેને ગણકારતા નથી. વળી એમ પણ બનેછે કે કોઈ માંણસે સાવચેતીથી અનાજ ભરી રાખેલું હોયછે તો તેની ખબર પડતાંજ બીજાઓ તે લૂંટી લેછે અને તેમની સામે થતાં સદરહુ અનાજનો ધણી વખતે જીવ ખોઇ બેસેછે. આવા દાખલા બનવાથી લોકો નિરાશ થઈ કાંઈપણ ઉપાય લીધા વિના છાનામાના બેશી રહે છે અને ભૂખે જીવ ખુવે છે. વળી આખા દેશમાં અરસ્પરસ વહેવાર ચલાવવાનાં સાધનો થોડાં છે; રસ્તા ખરાબ હોય છે અને એક ઠેકાણેથી બીજે ઠેકાણે માલ લેઇ જવા લાવવાના ઉપાય ઘણા અધુરા હોય છે. વળી લોકો એવા ઉત્સાહી નથી કે તેઓના જીવ ઉપર વાત આવે ત્યારે સઘળી ઉલટ કામે લગાડી કામ કરવા મંડી જાય. દુકાળની વખતે બરાબર ઉપરીપણું ન હોવાથી હલકા મનના અમલદારો તરકટો કરી ફાવી જાયછે, અને ગરીબો તથા દુકાળીઆંમાં વહેંચવા સારૂ તેઓને સોંપેલા અનાજના જથા ઉચાપત કરી વેપારીઓની મારફતે સરકારને ફરીથી વેચે છે. વળી એવા નિર્દય અમલદારો ગરીબોને આપવાના અનાજમાંથી દરરોજ કેટલુંક કાઢી લેછે અને ગરીબ બિચારા અપંગોને ભૂખે મારે છે.

કોઇ તો એવા કઠોર હૃદયના હોયછે કે ગરીબોને માટે રોટલી બનાવવાના આટામાં ચાક ભેળીને તેમને ખવરાવે છે, તેથી ખાનારાને મરડો થઇ તેમાંનાં ઘણાંક માણસો મરી જાય છે. આવા દાખલા ઇ. સ. ૧૮૩૮ ના અને ઇ. સ. ૧૮૫૯–૬૦ના દુકાળની વખતે જણાયા હતા.

પ્રકરણ ૧૨ મું.

હિંદુસ્તાનમાં પડતા દુકાળ વિષે સર બારતલ ફ્રીયરના વિચાર.

સર બારતલ ફ્રીયરે હિંદુસ્તાનમાં ઘણાં વરસ ગુજાર્યાં છે અને તેણે હિંદુસ્તાનને લગતી ઘણી સારી બારીકાઇથી માહીતગારી મેળવી છે. એ સઘળી બાબતોમાં તે દુકાળ વિષે અજાણ્યો રહ્યો નથી. તે જણાવે છે કે અનાજની તંગી ઉપર દુકાળ ઘણે દરજ્જે આધાર રાખેછે. અનાજ મેળવવાને માટે જમીન ખેડવાની અને સારો પાક કરવાની ઘણી જરૂર હોય છે, પણ હિંદુસ્તાનની ખેતીવાડીની હાલત કમનસીબે સારી નથી તથા તે કરવાની રીત સુધર્યા વગરની છે; તે સાથે તે કામમાં વપરાતાં ઓજાર ઊંચાં અને સારી બનાવટનાં નથી, અને મજબૂત અને ઓહોળા પાયા ઉપર ખેતી કરવાને માટે ખેડુતો પાસે પૂરતી થાપણ પણ હોતી નથી. હિંદુસ્તાનમાં જમીન અથવા પાણીને માર્ગે દુકાળની જગા ઉપર બહારથી ઝડપથી અને જથાબંધ અનાજ લેઇ જવાય એવાં સાધનો નથી. તેમજ રાજકર્ત્તા અને રૈયત વચ્ચેનો અરસપરસનો વહેવાર સારી રીતે ચાલી એક બીજાને ફાયદો કરે એવો નથી. વળી દુકાળની વખતે તવંગરો ગરીબોને મદદ કરી શકે એવી પૂરતી ગોઠવણો

થતી નથી, અને વચલા વર્ગના લોક એટલા માહિતગાર અને ખબડદાર નથી કે તે ગરીબોને ખવરાવવા તવંગરોના નાણાનો સારી રીતે ઉપયોગ કરાવી શકે. વળી દુકાળની વેળાએ હિંદુસ્તાનમાં નાત જાતનો તફાવત અને અરસ્પરસનો વહેમ જેટલી અડચણ કરી શકેછે તેટલી બીજું કોઇ કરી શકતું નથી. હિંદુસ્તાનમાં ઘણી જૂદી જૂદી જાતો છે અને ઘણીખરી જાતવાળા એકબીજાનું ખાવા પીવામાં હરકત લેછે. હિંદુઓમાં સૌથી ઊંચી જ્ઞાતિ જે બ્રાહ્મણની છે તેની ૮૪ જાત કહેવાય છે, અને વાણિઆ પણ ૫૬ થી ૮૪ જાતના કહેવાય છે. તેમજ રજપૂત ૧૨થી ૧૪ જાતના છે; એમનામાં અસલ બે જાત હતી, પણ કેટલાંક કારણોને લીધે ઉપર પ્રમાણે ઘણી જાતો થઇછે. વળી શૂદ્ર જાતિમાં તો ઘણીક ઊંચી નીચી જાતોના જૂદા જૂદા જથા બંધાયલાછે. જેમ એક જાતના બીજી જાતનાનું ખાતાપીતા નથી તેમ કન્યા પણ લેતા દેતા નથી. ઉત્તર હિંદુસ્તાનના બ્રાહ્મણો જેવા કે કનોજીઆ, સરવરીયા ઇત્યાદિમાં તો કહેવત છે કે “બાર ભૈયા ને તેર ચોકા” એટલે બાપ દીકરાને એક બીજાનું રાંધેલું ખપે, પણ કાકા, ફોઇ, કે મામા માસીનાને ના ખપે. વળી એ લોકો કોઈ અજાણી નવી ચીજ દેખે તો તેની ખરી તપાસ કર્યા સિવાય તે ખાતા નથી, અને કેટલીક ઊંચી જાતના વૈષ્ય તથા બ્રાહ્મણ, પુષ્ટિકારક પણ દેખાવમાં કે વાસમાં માંસરૂપી ગણાતા ખોરાકના સામું પણ નિહાળતા નથી. જેઓ હિંદુ થઇ માંસ ખપમાં લેછે તે જ્ઞાત નીચી ગણાયછે, છતાં કોઇ સુધરેલી જાતના કહેવાતા હશે ને તે એને વપરાસમાં લેતા હશે, તો એ બધું લંબાણથી આ જગોએ કહી શકાતું નથી; પણ ટુંકામાં એટલુંજ કહેવાનું કે એ સઘળું ઇ. સ.

૯૪૦ ના વર્ષ પછીથી વધારે થયેલું છે. હિંદુમાં કેટલીક જાત એવી પણ હોયછે કે તેના બાપદદાથી જે ધંધો ઉતરતો આવ્યો હોયછે તેજ ધંધો કર્યા કરેછે; તેઓ બીજો ધંધો કરવા જવું અને મરવું એ બરાબર સમજે છે. એટલા માટે દુકાળની વખતે ઘણા લોકો પોતાના ધંધાથી જૂદા ધંધા કરી ગુજરાન કરવા સારૂ ના પાડે છે, અને વગર મોતનું મોત લાવેછે. દુકાળની વેળા સરકાર દરેક માણસને તેની મરજીનું કામ કરાવી રોજી આપી શકતી નથી, પણ જાહેર બાંધકામો પાછળ લગાડી સાધારણ રીતે સર્વને મજુરી આપે છે. પરંતુ ઘણા લોક એવાં કામ કરવા સારૂ ના પાડે છે અને ભૂખે મરેછે.

હિંદુસ્તાનના લોકો અવિવેકી થઇ પૈસા કમાવાની વધારે લાલચ રાખે છે, તેથી અનાજનો પાક પડતો મૂકી અફીણ, રૂ, ગળી વગેરેનો પાક કરવા પાછળ તેઓ વધારે ધ્યાન આપે છે. આવી વસ્તુઓ દુકાળની વખતે જીવ બચાવવા કામ આવતી નથી અને અનાજ જોઈએ તે કરતાં થોડું પાકવાથી નહિ દુકાળનો દુકાળ થાય છે. સરકાર સઘળું અનાજ વણિઆઓ પાસેથો ખરીદ કરી લોકોને વેચવા માંડે છે તેથી એવું બને છે કે જેઓ વધારે પૈસા આપી અનાજ ખરીદવા શક્તિવાન હોય છે તેઓને ફાવતું થાય છે, અને ઓછા ભાવનું જેટલું લેવાય તેટલું સરકાર પાસેથી ખરીદી તેના ઉપર લાભ લેઈ જાય છે.

આ સઘળી ખામીઓને લીધે હિંદુસ્તાનમાં દુકાળ પડેછે એવું સર બારતલ ફ્રીયર જણાવે છે. હવે દુકાળ અટકાવવા તથા તેનું જોર નરમ પાડવા શું શું ઉપાય લેવા તે વિષે તેનું કેહેવું એવું છે કે દુકાળના મૂલકમાંથી બાહાર જતું અનાજ સરકારે અટકાવવું નહિં, કારણ કે અનાજ

બહાર જવા દેવાથી દુકાળના મૂલકમાં તેનો ભાવ વધી જ-શે, તેમજ બહાર ગામથી બીજું જથાબંધ અનાજ દુ-કાળના મૂલકમાં વેચાવા આવશે તેથી લોકોને ભૂખે મરવા-નો ભય રહેશે નહિ. પણ જો અનાજને બહાર જતું અ-ટકાવવામાં આવે તો આસપાસના મૂલકના દેશી રાજાઓ પણ પોતાના રાજ્ય માંહેલું અનાજ ખૂટી પડયાના ભયથી બહાર જવા દેશે નહિ, ને એવું બનવાથી સર્વે ઠેકાણે તંગી ચાલશે.

દુકાળના વખતમાં ભૂખે મરતાં માણસો એવો વિ-ચાર કરે કે તેઓને બહારગામ જવાથી કોઇ પણ ધંધો મળશે અને તેવા વિચારથી તેઓ એકદમ બાહાર નીકળી પડવા માગે તો તેઓને જવા દેવાં નહિ, કારણ કે બ-હાર જવા દીધા પછી કોઇ પણ જાતની રોજી ન મળી તો તેઓ છેક ભૂખે મરે છે. જેઓ નબળા તથા બધી રી-તે તદન નાચાર હોય તેઓને બનતા સૂધી તેમના ઘર આ-ગળજ રાખી તેમનું પેટ ભરવું કેમકે બાહાર જતાં લાંબી મુસાફરીના થાકથી નીપજતાં નવાં નવાં દરદોથી તેઓ મ-રણ પામે છે. જેઓ બરોબર તન્દુરસ્ત હોય અને કોઈ પણ જાતનું કામ કરીને પોતાનું તથા પોતાના કુટુંબનું ગુ-જરાન કરવા માટે પૈસા પેદા કરવા રાજી હોય તેઓનેજ બહાર જવા દેવા.

કોઇ પણ ઠેકાણે દુકાળની નિશાની જણાતાં તુરતજ છૂટકારાને માટે જાહેર બાંધકામો ઊભાં કરવાં, કેમકે જે લોકો મહેનત કરવા શકિતવાન હોય છે તેઓ એવાં કામો ઉપર તુરત લાગી જઇ રોજી પેદા કરવા મંડી જાય છે. પણ એ પ્રમાણે કામે લગાડતા પહેલાં સરકારે એટલી સં-ભાળ રાખવી કે એક ઠેકાણે ઘણાં માણસો ભેગાં થવાં ના

જોઇએ કે જેથી તેઓમાં દરદ અને મરકી પેદા થવાની દહેશત રહે.

બનતા સૂધી સર્વ લોકોએ પોતાના મૂલકમાંજ કુવા તળાવ ખોદવા અને રસ્તા બનાવવા પાછળ કામે મંડી જવું કે જેથી ભૂખે મરતાં બચાય અને ભવિષ્યમાં આવતા દુકાળની વખતે એવાં બાંધકામો કામમાં આવે.

કામ કરનારા લોકોને જેમ તે જગાની સરકારને ઠીક લાગે તેમ કામના બદલામાં પૈસા તથા અનાજ આપવું. પણ વગર મહેનત કરે કોઇને આળસુ બેસવા દેઈ રોજી વિના મરવા દેવું નહિ.

દરદો પેદા થતાંજ ખુલ્લી જગાએ દવાખાનાં ઊભાં કરવાં અને તાવ, મરડો તથા કોગળિયું વગેરે વ્યાધિઓ જેઓને લાગુ પડ્યા હોય તેઓને દવા પૂરી પાડવી. જે નાનાં બાળકોને તેમનાં માબાપ વેચી નાંખે અથવા રઝળતાં છોડી જાય તેઓને ભેગાં કરી તેમનું ગુજરાન કરવાનાં મકાનો અથવા દૂધખાનાં ઉઘાડવાં.

હવે પછી આવતા દુકાળને અટકાવવા વિષે કેટલાક વિચારો આપતાં સર બારતલ ફ્રીયર જણાવે છે કે સરકારે પોતાના વડામાં વડાથી નાનામાં નાના અમલદાર સાથે પાધરો અને પૂરે પૂરો વહેવાર રાખવો જોઇએ, અને તેઓના અમલની સઘળી બાબતો વિષે ઘણી સારી રીતથી માહીતગાર રહેવું જોઇએ. વળી સરકારે તેમજ તેના-સઘળા અમદારોએ લોકોની ખરેખરી હાલત વિષે એક સરખી રીતે વાકેફગાર થઈ રહેવું જોઈએ. મુખ્ય ત્રણ બાબતો ઉપર વધારે ધ્યાન આપવું. તે ત્રણ બાબતો એ કે ઠેકાણે ઠેકાણે ધોરી રસ્તા, રેલવે અને નેહેરો બાંધી અરસ પરસનો વહેવાર સફળ થાય તેનો બંદોબસ્ત કરી રાખવો.

સરકાર લોકો પાસેથી નાણાં લેઇ જે વ્યાજ લોકોને આપે છે, તેથી સહેજ વધારે વ્યાજ આવે તો સરકારે ખેડુતોને અને બીજાં તંગીમાં આવેલાં લોકોને નાણાં ધીરવાં. ખેડુતો પાસેથી મારફાડ કરીને અથવા જોર જુલમ ગુજારીને કર લેવો નહિ, કારણ કે હિંદુસ્તાનના ખેડુતોની હાલત ઘણી માઠી છે.

प्रकरण १४ मुं.

હિંદુસ્તાનના દુકાળના સંબંધમાં જણાતા તરેહવાર ઉપાયો અને તેઓનો ઊપયોગ.

૧. ખેડુતોની હાલત સુધારવી.

કરનલ દેવીડસનનો એવો વિચાર છે કે હિંદુસ્તાનમાં ઘણી સારી રીતે ખેતી કરવી હોય, અને ખેતીની કસરથી ઉપજતી દુકાળના વખતની વિપત્તિઓ ટાળવી હોય તો ખેડુતોને સુધરેલા તથા કેળવણી પામેલા બનાવવા. તેઓ સુધરેલાં ઓજારોનો ઉપયોગ કરી શકે એટલુંજ નહિ, પણ તે જાતે બનાવી શકે એટલા માટે ઉદ્યોગશાળાઓ ઉઘાડવી અને કારખાનાં સ્થાપવાં કે જ્યાં ગાડાં તથા ખેતીના કામમાં વપરાતાં ઓજાર બનાવવાનું તેઓને શીખવવામાં આવે. વળી ખેડુતોને હોંશિઆર તથા સુધરેલા કરવા. તેમનાં છોકરાંઓને નાનપણથી કેળવણી આપવી અને તે કેળવણીને માટે દરેક ખેડુતનો છોકરો જઇ શકે એટલા તફાવતે અંગ્રેજી તથા દેશી ભાષા શીખવવાની નિશાળો ઉઘાડવી. ખેડુતો પાસેથી જે કર ઉઘરાવવામાં આવે તેમાંનો થોડો ભાગ સારા રસ્તા બનાવવા પાછળ ખરચવો અને થોડો તેઓનાં છોકરાંની કેળવણીને વાસ્તે ઇલાયદો રા-

ખવો. ખેડુતો સારો પાક પેદા કરે તથા તેઓ પોતાનાં ઢોર સારી હાલતમાં રાખી શકે એટલા માટે તેઓમાંના જે સાહસીક ખેડુતો એવી બાબતની હોંશિયારી બતાવે તેમને સારાં ઇનામોની લાલચ આપવી.

૨. જાહેર બાંધકામો ઊભાં કરવાં.

મદ્રાસના ઈજનેર ખાતામાંના સર આરથર કાટનનું એવું કહેવું છે કે જે મૂલકોમાં દુકાળ પડવાનો ઘણો ભય રહેતો હોય તે મૂલકમાં અગત્યનાં અને લોકોને ફાયદાકારક જાહેર બાંધકામો ઊભાં કરવાની ગોઠવણો કરવા, આગમચથી હોંશિયાર અમલદારોને તે તરફ મોકલી દેવા. જે કર ચલાવવો હોય અથવા દુકાળને માટે જે પણ સાધનો એકઠાં કરવાં હોય તે તેજ જગાઓ ઉપર કરવાં. તુરત જેટલો બની આવે તેટલો ખોરાક એકઠો કરતા જવું અને લોકોને ભયમાંથી બચાવવાના જે કાંઇ ઘટતા ઉપાય દીસતા હોય તે આગમચથી તૈયાર કરી રાખવા. દુકાળના મૂલકમાં મજબૂત અને અપક્ષપાત દેખરેખ રાખવા સારૂ ઘણા ઇમાનદાર અને હોંશિયાર અમલદારો તૈયાર કરી રાખવા જોઇએ.

૩. ચોખા, ઘઊં, વગેરે મુખ્ય ખોરાક આગમચથી ભરી રાખવો.

હિંદુસ્તાનના લોકોનો મુખ્ય ખોરાક ચોખા અને ઘઊંનો હોય છે. આ જાતનું અનાજ પ્રથમથીજ મોટા જથામાં રાખવાની સાવચેતી જરૂરની છે. સળી જઇને અથવા બીજી હરકોઇ રીતે બિગાડ ન થતાં એ અનાજ ચોખ્ખું રહી શકે તેટલા માટે દસ દસ મણ માય એવા કામડાંના ટોપલા બનાવવા અને એ ટોપલાને છાણથી લીંપી સૂકવી રાખવા. પછી એ ટોપલાઓમાં અનાજ ભરી તેઓ-

ને જમીનમાં દાટવા. આવા ઉપાયથી મોટા જથાબંધ અનાજ રાખી શકાય છે. એ પ્રમાણે જથાબંધ અનાજ ભરી રાખવા સરકારે અથવા નાણાવટીઓએ મોટી થાપણ રોકવી જોઇએ. ખરેખરૂં જોતાં એમ ભરી રાખેલા અનાજનાં નાણાં થોડાં વરસ સૂધી વગર વ્યાજે એક ખૂણે પડ્યાં રહે, પણ દુકાળ પડતાં એ અનાજનો એટલો ભાવ આવે કે વ્યાજ મુદ્દલ વસૂલ થઈ જતાં બીજાં વધારે નાણાં તેમાંથી પેદા કરી શકાય.

૪. પુરૂષો, સ્ત્રીઓ અને છોકરાંઓ કામે લાગે એવાં બાંધકામો ઊભાં કરવાં.

દુકાળની વખતે લોકોના છૂટકારા માટે જે જાહેર બાંધકામો ઊભાં કરવામાં આવે છે તે એવા પ્રકારનાં કરવાં જોઈએ કે જ્યાં પુરૂષો, સ્ત્રીઓ અને છોકરાંઓ એક સરખી સગવડથી કામે લાગી શકે. એ કામોમાં ધંધાદારી તરીકેની હોંશિયારીની અથવા ચતુરાઇની અગત્ય ન હોય પણ ફક્ત અંગબળનીજ જરૂર હોય. વળી એ કામો એવાં જોઈએ કે જેમાં વેપાર ધંધો વધારવાનાં તથા દુકાળની વખતે પૂરતા જથામાં પાણી પૂરૂં પાડવાનાં સાધનો સમાયલાં હોય. એ કામોમાં મોટાં તળાવો ઊંડાં કરાવવાના, નવા કુવા અને તળાવો ખોદવાના, નવા રસ્તા બાંધવાના તથા જૂના સમારવાના, અને રસ્તાઓની બાજુઓએ ઝાડો રોપવા સારૂ ખાડા ખોદવાના વગેરે કામોનો સમાવેશ થાયછે. આવાં બાંધકામ પાછળ હજારો લોક ધંધે લાગતાંજ તપાસવું કે જે ઠેકાણે કામ ચાલે છે તે ઠેકાણે જગા સાફ છે કે નહિ, તથા પાણી અને ખોરાક બરાબર મળી આવે છે કે નહિ. એવે ઠેકાણે દરદ ઉત્પન્ન ન થાય તેની મુખ્ય સંભાળ રાખવી. એવાં કામ પાછળ લાગેલા પુરૂષોને રો-

જ ત્રણ આના, સ્ત્રીઓને અઢી આના, અને છોકરાંઓને બે આના પ્રમાણે રોજી આપવી, એ દર પૂરતો ગણાયછે. કામે લાગેલાં લોકોને તેમની મજુરી અનાજના રૂપમાં આપવા કરતાં તેજ ઠેકાણે કણિઆઓની દુકાનો ઉઘડાવવી, અને તે કણિઆઓ પાસેથી મજુરો પોતાને જોઈતું અનાજ પોતાને મળતા રોજીના પૈસામાંથી ખરીદ કરે એવી ગોઠવણ કરવી જોઈએ, કે જેથી કણિઆઓને પણ ઉત્તેજન મળે.

૫. અરસ્પરસ વહેવાર ચાલુ રાખવાનાં સાધનો સાચવવાં.

દુકાળનું આવતું જોર ઓછું કરી નાખવા સારૂ જે ઉપાયો મુખ્ય લેવાના છે તે એ કે લોકોના અરસ્પરસના વહેવારમાં જે ખામિયો હોય તે સુધારવી, તથા એક જગાએથી બીજી જગાએ વહેવાર ચલાવવાનાં સાધનો નબળાં હોય તે મજબૂત કરવાં.

૬. વરસાદનું પાણી કુવા તળાવ વગેરેમાં ભરી રાખવું.

ખેતીવાડી માટે પાણી પૂરૂં પાડવા સારૂ કુવા અને તળાવો પાણીથી ભરપૂર ભરી રાખવાં. વરસાદનું પાણી મોટા જથામાં દરિઆમાં જતું રહે છે તેને ઘેરી લેઇ નદી નાળાં કે એવાં બીજાં ખાડકોતરમાં તેનો જમાવ કરી રાખવો. જમીન ઉપર ઘણો થોડો કર નાખી સરકારે ખેતીવાડીને ઉત્તેજન આપવું. જ્યાં અનાજ સસ્તું હોય ત્યાંથી મોઘવારીની જગા ઉપર તે લેઇ જવાનો સરકારે બંદોબસ્ત કરવો. દુઃખના ત્રાસની વેળાએ લોકો માંહોમાંહે લૂંટફાટ કરવા મંડી ન જાય તથા એક બીજાના જીવ ન લે તેને માટે પોલીસનાં માણસોની મારફતે મજબૂત ચોકસી રખાવવી અને સલાહ શાંતિ જાળવવી.

૭. જમીનમાં બંબા મૂકી પાણી ઉપર ખેંચવું.

દુકાળના વખતમાં કોઇ કોઇ વાર એવું બને છે કે પેટપૂર ખોરાક મળે છે, પણ પીવાના પાણીની ઘણી તાણ પડે છે. એવા વખતે કુવા, તળાવ વગેરે નવાણ સૂકાઈ ગયાં હોય તો અંગ્રેજી બંબાઓ જમીનમાં ઉતારી તેમની મારફતે તપાશી જોવું કે તે નવાણોના તળીએ પાણી છે કે નહિ. જો એમ માલમ પડે કે પાણી છે, તો તરતજ "પાતાળકુવા" (Artician Well) એવા નામે ઓળખાતા કુવા ખોદાવવા અને તે કુવાની જાળવણી કરવા સારૂ પોલીસનાં માણસો રાખવાં.

૮. કંદમૂળ અને ફળો માંહેલું તથા ઘાસ ઉપર દવના આકારમાં રહેતું પાણી ઉપયોગમાં લેવાની તજવીજ કરવી.

બ્રહ્મદેશનાં જંગલોમાં જે વાંસ ઉગે છે તે વાંસનાં મૂળીઆંના નીચલા ભાગમાં સ્વચ્છ પાણી ભરાઇ રહે છે. એ પાણીમાં ચોખા મૂકવાથી તે પાણી સાથે મળીને ગરમીથી રંધાઈ રહેછે, અને તે રસ્તે જતા મુસાફરોને પેટ ભરવા કામ લાગે છે. કોઈ કોઈવાર મેદાનમાં ઉગતા ઘાસની ઉપર મોટા જથામાં દવ (ઝાકળ) પડેછે. એ દવના પાણીનો દુકાળના વખતમાં ઉપયોગ થઇ શકે. "મારશલ બુગીયાદ" નામનો ફ્રેન્ચ સરદાર પોતાના લશ્કર સાથે આફ્રિકામાં હતો તે વખતે તેણે ઘાસ ઉપરના દવનું પાણી ભેગું કરી તેથી પોતાની તરસ છિપાવી હતી. નાળીએરમાં રહેતા પાણીથી પણ દુકાળની વખતે તરસ છિપાવાયછે. આ સઘળી બાબતો દુકાળીઆ લોકોને સારી પેઠે સમજાવવી જોઇએ કે જેથી તેઓને ગરજની વખતે તેવા ઉપાયો લેવાનું સૂઝે. જો દુકાળના મૂલકની પાસે દરિઓ આવેલો હોય તો તેના ખારા પાણીને

મીઠું બનાવવાનો ઇંગ્લંડથી સંચો મંગાવી તેનો ઉપયોગ કરવો. ખારા પાણીને ઉકાળવાથી વરાળ થાય તે મીઠી હોયછે અને તેથી તે પીવાને જોઇતા પાણીની ગરજ પૂરી પાડી શકેછે.

૯. જંગલો કાપી નાખતાં અટકાવવાં.

કેટલાક માણસો હાલ એવી તકરાર ચલાવવા લાગ્યા છે કે વરસાદનું જમીન ઉપર પડવું જંગલો ઉપર ઘણો આધાર રાખેછે. જ્યાં જંગલો હોયછે ત્યાં વરસાદનું તાણ (આકર્ષણ) થાયછે અને જ્યાં જંગલો કાપી નાખેલાં હોયછે ત્યાં વરસાદ મનમાનતો પડતો નથી. આ અનુમાન ખોટું છે, તેમ કેટલુંક ખરૂં પણ છે. કેટલેક ઠેકાણે જંગલો કાપી નાખ્યાં હોય છે ત્યાં વરસાદ પડે છે, ત્યારે એ અનુમાન ખોટું પડેછે; પરંતુ કેટલેક ઠેકાણે જંગલો હયાત હોવાથી વરસાદ પડે છે અને તે કાપી નાખવાથી પડતો નથી ત્યાં એ અનુમાન ખરૂં પડેછે. ઇ. સ. ૧૮૭૮ ની સાલમાં એ તકરાર જોશથી ચાલી હતી, તેવામાં કેટલેક ઠેકાણે જ્યાં જંગલો કાપી નાખી સપાટ મેદાન કરી નાખ્યાં હતાં ત્યાં એટલો બધો વરસાદ તૂટી પડ્યો હતો કે ઉપલી તકરાર એક કોરે રહી ગઈ હતી. તો પણ આ બાબત કંઇ નક્કી થયું નથી અને ખરૂં શું છે તે વિષે સંદેહ રહેલો છે. પણ બીજી એક બાબત દાખલા દલીલોથી નક્કી થઇ ચૂકી છે, તે એ છે કે જે જે નદી નાળાંઓની પાસે જંગલો હોય છે ત કાપી નાખવાથી નદી નાળાં સૂકાઇ જાયછે અને જ્યાં જંગલો હયાત રહેછે ત્યાં નદીનું પાણી ભરપૂર રહે છે. એમ થવાનું કારણ એવું જાણવામાં આવેછે કે નદી પાસેનાં ધીચ જંગલોની ડાળીઓ અને પાંદડાં ઉપર, તેમજ જે પાંદડાં પાકી જઈ નીચે ઢગલાબંધ પડે છે તે ઢગલાઓમાં વરસા-

દનું પાણી ઝીલાઈ રહે છે અને તે પાણી વરસાદ બંધ થયા પછી જમીન ઉપરથી ખેંચાઇ નદીમાં દાખલ થાય છે. એવી રીતે કેટલાંક ઠેકાણાંઓ ઉપર નજદીક ત્રણ ભાગ જેટલું વરસાદનું પાણી ઝીલાઇ રહેલું અને એકજ ભાગનું વ્યર્થ ગયેલું એમ જાણવામાં આવ્યુંછે. પણ જ્યાં નદી નાળાં પાસે જંગલ હોતાં નથી ત્યાંનું બધું પાણી દરિઆમાં જઈ ખાલી થઇ જાયછે અને તેથી પાછળથી એવાં નદી નાળાં અને વહેળીઆ જલદીથી સૂકાઈ જાયછે. આ બાબત ઉપર મુંબાઇના નામદાર માજી ગવરનર સર રિચર્ડ ટેમ્પલે ખૂબ ધ્યાન આપ્યું હતું. તે નામદાર જ્યારે પોતાની મુસાફરીએ નીકળ્યો હતો, ત્યારે તેણે દુકાળના મૂલકોની ઘણી બારીકીથી તપાસ કરી હતી, અને તે ઉપરથી તે જંગલો કાયમ રાખવાની મજબૂત ભલામણ કરતો હતો, અને જંગલને લીધે નદી નાળાં પાણીથી ભરેલાં રહેછે એ વિષેનો તે જબરો હિમાયતી થઇ પડયો હતો. જે જે ઠેકાણે જંગલો કાપી નાખ્યાં છે તે તે ઠેકાણે તે પાછાં ઉગાડવાની તે મજબૂત ભલામણ કરતો હતો.

૧૦. તંદુરસ્તી સુધારવાનાં ખાતાં ઉઘાડવાં.

એજ સર રિચર્ડ ટેમ્પલ દુકાળ વિષે લખાણ કરતાં કેટલાક ઉપાયોની અગત્ય જણાવે છે. તે કહે છે કે લોકોની તન્દુરસ્તી જાળવવા માટે જે જે ખાતાંઓ સ્થાપેલાં છે તેઓને મજબૂત કરવાં, અને બરાબર સારી હાલતમાં આણવાં. એ ખાતાના ઉપરી અમલદારોએ લોકોનાં શરીરની હાલત ઉપર મોઘવારીથી અથવા દુકાળ પડવાના ભયથી થતી અસરો તપાસવી, અને તે અસરોનાં ખરાબ પરિણામ અટકાવવાના ઉપાય લેવા.

૧૧. દુકાળમાં પિડાતાં લોકોને અહિંથી તહિં રઝ- ળવા ન દેવાં.

વળી તે જણાવેછે કે દુકાળની ધાસ્તીમાં આવી પડે- લાં લોકોને જેમ બને તેમ એક જગાએ અટકાવી રાખવાં; ગભરાટમાં અને નિરાશામાં તેઓને ખોરાકની શોધને માટે અહિંથી તહિં રઝળવા ન દેવાં. જેઓ દુકાળનો મૂલક છો- ડી બીજે દેશ જવા માગતાં હોય તેઓને સંભાળથી જવા દેવાં, પણ પછીથી અર્ધે રસ્તે જઇ ભૂખમરાથી દુબળાં થઇ પાછાં ન આવે તેની સંભાળ રાખવી. ઇ. સ ૧૮૭૪ માં બહાર અને બંગાળામાં પડેલા દુકાળની વખતે લોકોને આ- વી રીતે મરજી મુજબ રઝળતાં અટકાવવાથી પાછળથી નિ- પજતી ઘણી ખરાબીઓ અટકી હતી, અને એવોજ અટ- કાવ ઇ. સ. ૧૮૭૭ માં મદ્રાસ અને મુંબઇના દુકાળની વેળાએ કરવામાં આવ્યો નહોતો તેથી લોકો ઘણી પી- ડા પામ્યાં હતાં.

૧૨. તંદુરસ્ત તથા નબળાં માણસો સારૂ બાંધકા- મો ઊભાં કરવાં.

લોકોના છૂટકારાને માટે સરકાર તરફથી જે જાહેર બાંધકામો ઊભાં કરવામાં આવે તે પાછળ મજબૂત બાંધા- નાં માણસોને તેઓના ઘરથી થોડેક છેટે કામે લગાડવાં, અને જેઓ શરીરે અશકત હોય તેઓને માટે તેઓના ઘ- રની નજદીક કામો ઊભાં કરવાં; પરંતુ કોઇને જરા પણ કામ કરાવ્યા વિના ખોરાક આપવો નહિ.

૧૨. દુકાળથી પિડાતાં લોકોને ખોરાક વગેરે મળી શકે તેવી જગાએ લેઈ જવાની તજવીજ કરવી.

વળી સરકારે ઠેકાણે ઠેકાણે ચોકસી રાખવા સારૂ હોંશિયાર દેશી તેમજ યૂરોપિયન અમલદારો રાખવા. એઓનું કામ એ કે જૂદાં જૂદાં ગામડાં પોતપોતાની દેખરેખમાં લઈ તે ઉપર મજબૂત તપાસ રાખવી, અને જેઓ દુકાળથી પિડાતાં માલમ પડે તેઓનાં તન તથા મનની હાલત સુધારવા તરત ઉપાય કરવા. ઘણાં લોક બેદરકારપણાથી તથા નિરાશાથી પોતાના ઘરમાં પડી રહે છે અને પીડા પામી મરણ પામે છે. એવાં લોકોને શોધી કહાડવાં, અને તેઓની હાલત સુધારવા તાત્કાળિક ઉપાયો કામે લગાડવા. છેક થોડા થોડા અંતરે દવાખાનાં અને ખોરાક આપવાનાં મકાન ઉઘાડવાં અને દરદીઓને ત્યાં મોકલી દેવાં. જેઓ ત્યાં સૂધી ચાલીને જવા અશકત હોય તેઓને ગાડીમાં બેસાડી મોકલી દેવાં. એવાં ઠેકાણાંઓમાં રાખેલા નોકરોએ આવાં દુઃખી લોકોની સાથે ઘણી માયાથી અને નરમાશથી વર્તવું, નહિતો તેઓ ત્યાં જતાં બિહેછે અને એવાં ધરમખાતાંનો આશરો લેવાને બદલે ઘરમાંજ છુપાઈ રહે છે. વળી કેટલાંક લોક એવાં હઠીલાં હોયછે કે આવાં છૂટકારાનાં ખાતાંઓમાં જવું પડે તેને માટે ઘરમાંજ મરવા તૈયાર થાય છે. એ લોકોને સમજાવવાનું અને ઘરમાંજ રાખી તેઓની બંદોબસ્ત કરવાનું ગામના પટેલોનું કામ છે. એ પટેલો મહેનતુ અને ઇમાનદાર હોવા જોઈએ, અને તેઓ ઉપર સરકારી અમલદારોએ દેખરેખ રાખવી જોઇએ.

गूजरात वर्नाक्युलर सोसाइटीनां वेचवाना पुस्तकोनी यादी, तथा तेओने वेचवाना नियमो.

નીચે લખેલાં પુસ્તકોમાંથી પચાસ રૂપિઆનાં અથવા તેથી વધારે કીમતનાં રોકડી કીમતે સામટાં લેનારને સૈકડે વીશ ટકા પ્રમાણે કમિશન તથા બુકપોસ્ટનું ટપાલખર્ચ આપવામાં આવશે. અને ઓછામાં ઓછાં દશથી પચીશ રૂપિઆનાં રોકડથી સામટાં લેનારને દશાંશ કમિશન તથા બુકપોસ્ટનું ટપાલખર્ચ આપવામાં આવશે. પણ ટપાલમાં મોકલતાં ગેરવલ્લે પડે અથવા કંઈ જોખમ થાય તે મગાવનારને શીર છે. દરેક પાકીટ પોસ્ટઓફિસમાં પહોંચાડ્યાની પહોંચ દાખલ અરધાઆનાની ટીકીટ ઉપર પોસ્ટઓફિસની છાપ લેવામાં આવેછે. માટે મગાવનારે તે બાબતનો અરધો આનો વધારે મોકલવો. પૂરેપૂરાં નાણાં પ્રથમથી આવ્યા સિવાય પુસ્તકો મોકલવામાં આવશે નહિ. પોસ્ટની ટીકીટો વગેરે અવેજ મોકલનારે અમને પહોંચતા સૂધી પોતાને જોખમે મોકલવો. પોસ્ટની ટીકીટોમાંથી રૂપિએ અરધોઆનો વટાવનો કાપી લેવામાં આવશે. નાટપેડ પત્ર લેવામાં નહિ આવે.

મનીઓરડરો, પોસ્ટલ નોટો, અને આ સંબંધી ક[illegible] કાજના સઘળા કાગળ પત્રો નીચે સહી કરનારના [illegible] મોકલવાં.

ગૂ. વ. સોસાઈટીની ઓફિસ.
અમદાવાદ, તા૦ ૫ મી માહે
જુલાઈ સને ૧૮૮૪.

કૃપાશંકર દ[illegible]
આસિ. સે[illegible]

	કીમત.	પોસ્ટેજ.
૧. ઉત્સર્ગમાળા. (ગૂજરાતી ભાષાના શબ્દો કેવી રીતે થયા.)...	૦-૮-૦	૦-૧-૬
૨. અંગઉધારનો ઝઘડો. (કવિતા)......	૦-૦-૪	૦-૦-૬
૩. કથનાવળી એટલે કેહેવતો. (૧૮૦૦ કેહેવતો છે.)	૦-૪-૦	૦-૧-૦
૪. કવિતાવિલાસ અથવા ફારબસ વિલાસ	૦-૧૨-૦	૦-૧-૬
૫. કીમિયાગર ચરિત્ર	૦-૪-૦	૦-૧-૦
૬. કેફી વસ્તુનું વર્ણન	૦-૫-૦	૦-૧-૦
૭. ગરબાવળી	૦-૧-૦	૦-૦-૬
૮. ગૂજરાતી ભાષાનો ઇતિહાસ ...	૦-૫-૦	૦-૧-૦
૯. ગૂજરાતના ભીખારી વિષે નિબંધ...	૦-૫-૦	૦-૧-૦
૧૦. ગૂજરાતનો ઉત્કર્ષ થવાનાં સાધન ...	૦-૮-૦	૦-૧-૦
૧૧. જમણવાર વિષે નિબંધ	૦-૮-૦	૦-૧-૬
૧૨. જાદવાસ્થળી. (કવિતા)	૦-૦-૬	૦-૦-૬
૧૩. તાર્કિકબોધ	૦-૪-૦	૦-૧-૦
૧૪. દૈવજ્ઞદર્પણ, એટલે જોષીઓનું સાચ-જૂઠ દેખાડી આપનારી આરશી ...	૦-૫-૦	૦-૧-૦
૧૫. પુનર્વિવાહ પ્રબંધ	૦-૫-૦	૦-૧-૦
૧૬. ફારબસ વિરહ. (કવિતા)	૦-૧-૦	૦-૦-૬
૧૭. બાળવિવાહ નિબંધ	૦-૪-૦	૦-૧-૦
૧૮. બુદ્ધિપ્રકાશ પુસ્તક ૨જું, ૩જું, ૪થું, ણ...રેક પુસ્તકનો	૧-૦-૦	૦-૧-૬
હાલત ,, ૧૧મું અને ૧૨મું દરેકના.	૧-૨-૦	૦-૨-૦
થતી અસર વિષે નિબંધ...	૦-૮-૦	૦-૧-૬
અટકાવવાના ઉ...	૦-૬-૦	૦-૧-૦
...તિ...	૦-૦-૪	૦-૦-૬

૨૩. મિથ્યાભિમાન નાટક	૦– ૭–૦	૦–૧–૬
૨૪. રાજ્યવિદ્યાભ્યાસ	૦– ૧–૦	૦–૦–૬
૨૫. રાણીજીના છંદ (કવિતા).. ..	૦– ૦–૩	૦–૦–૬
૨૬. લક્ષ્મી નાટક	૦– ૩–૦	૦–૧–૦
૨૭. વચન વિવેકબાવની (કવિતા) ...	૦– ૦–૬	૦–૦–૬
૨૮. વિદ્યાબોધ	૦– ૪–૦	૦–૧–૦
૨૯. શામળ શતશાહી (કવિતા શામળ ભટની)	૦– ૫–૦	૦–૧–૦
૩૦. સંપ લક્ષ્મી સંવાદ	૦– ૧–૬	૦–૦–૬
૩૧. સ્ત્રીસંભાષણ એટલે ગુજરાતી બાઇડીઓની વાતચીતનું વર્ણન ...	૦– ૨–૦	૦–૦–૬
૩૨. સ્ત્રીનીતિધર્મ	૦– ૮–૦	૦–૧–૬
૩૩. હુન્નરખાનની ચઢાઈ (કવિતા)	૦– ૧–૦	૦–૦–૬
૩૪. જ્ઞાતિ નિબંધ	૦– ૬–૦	૦–૧–૦
૩૫. કચ્છ ગરબાવળી.(કવિ દલપતરામકૃત)	૦–૬–૦	૦–૧–૦
૩૬. ફ્રાન્સદેશ માંહેલી રાજ્યની ઉથલ પાથલનો ઇતિહાસ	૦–૧૨–૦	૦–૨–૦
૩૭. ખેતીવાડીના સુધારા વિષે નિબંધ...	૦–૧૨–૦	૦–૨–૦
૩૮. ખેડુત, કારીગરો, અને મજુર વગેરે મહેનતુ લોકોને પૈસા સંગ્રહ કરવાની જરૂર, અને તે રાખવાને સેવિંગ બેંકની અગત્ય વિષે નિબંધ	૦–૬–૦	૦–૧–૦
૩૯. કયી કયી ન્યાતો કન્યાની અછતથી નાની થતી જાય છે, તેનાં કારણો તથા સુધારો કરવાના ઉપાય વિષે નિબંધ.	૦–૭–૦	૦
૪૦. દુકાળ વિષે નિબંધ. (છપાયછે.)		
૪૧. અકબરચરિત્ર. (છપાયછે.)		

(ઉપરનાં બધાં પુસ્તકોના ગ્રંથસ્વામીત્વ
વ. સોસાઇટીએ સ્વાધીન રાખેલાછે.)

બુદ્ધિપ્રકાશ.

ઉપલા નામનું મોટાં ૨૪ પૃષ્ઠનું માસિક ચોપાનિયું ગૂ. વ. સોસાઈટીની તરફથી દરમાસે પ્રગટ થાયછે. એમાં વિદ્યા, હુન્નર, સુનીતિ, સંસારસુધારો, અને બીજા ઉપયોગી અને મનોરંજક ગદ્યપદ્યના વિષયો દાખલ કરવામાં આવેછે. એનું વાર્ષિક મૂલ્ય રૂ૧-૮-૦ તથા ટપાલ ખર્ચના રૂ૦-૩-૦ મળી રૂ૧-૧૧-૦ છે. ગ્રાહક થવા ઇચ્છનારે "બુદ્ધિપ્રકાશના મેનેજર"ના નામથી લવાજમ પોસ્ટેજના પૈસા મોકલી લખવું. લવાજમ પ્રથમથીજ લેવાનો રિવાજ છે. દશ અને તેથી વધારે ચોપાનિયાં સામટાં મંગાવનારને સેંકડે દશ ટકા પ્રમાણે કમિશન તથા ટપાલ ખર્ચ સોસાઇટી તરફથી આપવામાં આવશે.

બીજા માણસોએ વેચવા મૂકેલાં પુસ્તકોનીયાદી.

નીચે લખેલાં પુસ્તકોનું ટપાલ ખર્ચ કે કમિશન કાંઈ પણ આપવામાં આવશે નહિ. એ સિવાયના સોસાઇટીનાં પુસ્તકો વેચવાના બીજા બધા નિયમો પ્રમાણે આ પુસ્તકો વેચવામાં આવેછે.

૧. અર્થશાસ્ત્ર ૧-૦-૦ ૦-૩-૦
૨. આર્યસદુપદેશ,... ... ... ૦-૪-૦ ૦-૦-૬
૩. આર્યોત્કર્ષ તથા વિક્રમોદય નાટક. ૦-૯-૦ ૦-૧-૦
છે. કવિતા સંગ્રહના અર્થ... ... ...૦-૮-૦ ૦-૧-૦
ની ...સી પ્રકાશ ભાગ ૧થી ૫ સૂધી દરેક
મહેનતુ ૧-૦-૦ ૦-૨-૦
રકારી અમલ...દોદય નાટક... ... ...૧-૪-૦ ૦-૨-૦
...ગૂટન અને વિલિયમ
... ...૧-૦-૦ ૦-૨-૦

૮. કમળાકુમારી (વાર્તા).... ...	...૧-૦-૦	૦-૨-૦
૯. ભાનુમતિ. ,, ...	...૦-૬-૦	૦-૧-૦
૧૦. ઉત્તર રામચરિત્ર નાટક (મ. ન.)	...૧-૮-૦	૦-૩-૦
૧૧. કાન્તા. (નાટક.) .. (,,)	...૦-૧૨-૦	૦-૧-૬
૧૨. માલતી માધવ નાટક (,,)	...૨-૮-૦	૦-૨-૬
૧૩. પ્રતાપ નાટક ... (ગ. શા.)	...૧-૮-૦	૦-૩-૦
૧૪. સુખ સાધક	...૦-૩-૦	૦-૦-૬
૧૫. એકેશ્વરી અનુષ્ઠાન પદ્ધતિ (પ્રા. સ.)	૦-૫-૦	૦-૧-૦
૧૬. ભડળી વાક્ય...	...૦-૪-૦	૦-૦-૬
૧૭. સંપ વિજય (કવિતા.) ...	...૦-૬-૦	૦-૧-૦
૧૮. ખાંડ બનાવવા વિષે નિબંધ	...૦-૪-૦	૦-૦-૬
૧૯. એડાવાળ દોષદર્શક	...૦-૪-૦	૦-૦-૬
૨૦. સ્વપરાક્રમ	...૦-૮-૦	૦-૧-૦
૨૧. દ્રવ્ય તથા રૂપાના મૂલ્યની ન્યૂનતા વિષે ભાષણો	...૩-૦-૦	૦-૩-૬
૨૨. પ્રેમરાય નાટક....	...૦-૮-૦	૦-૧-૦
૨૩. રાસમાળા ભાગ૧લો (ર. ઉ.)	...૭-૮-૦	૦-૫-૦
૨૪. ,, ,,૨જો (,,)...	...૭-૮-૦	૦-૫-૦
૨૫. દેશીરાજ્ય અને મનુસ્મૃતિમાંહેનો રાજનીતિસાર (મનઃસૂખરામ સૂર્યરામ.)	૦-૮-૦	૦-૧-૦
૨૬. કરસનદાસઅનેતત્સંબંધમાં વિચાર ,,	૦-૬-૦	૦-૧
૨૭. ફારબસજીવનચરિત્ર ...(,,)	...૦-૧૨-૦	
૨૮. અસ્તોદય,-નળદમયંતિ (,,)	...૦-૧૨-૦	
૨૯. સુત્તગોકુળજીઝાલા અને વેદાંત (,,)	૧-૦	
૩૦. સેલ્ફઈન્સ્ટ્રક્ટર....	...	
૩૧. કોષ્ટકાવળી		
૩૨. બ્રહ્મઆરાધના... ...		

૩૩. વિવેકવિલાસ ૦-૪-૦ ૦-૧-૦

૩૪. કાવ્યકલાપ સંસ્કૃત ૧-૦-૦ ૦-૧-૦

૩૫. વ્યભિચાર નિષેધ બાવની ૦-૫-૦ ૦-૧-૦

૩૬. માલવિકાગ્નિમિત્રનાટક (રણ. ઉદ.) ૧-૪-૦ ૦-૧-૬

૩૭. વિક્રમોર્વશી ત્રોટક (,,)... ...૧-૮-૦ ૦-૨-૬

૩૮. નળ દમયંતિ નાટક (,,)... ...૦-૮-૦ ૦-૧-૬

૩૯. લઘુસિદ્ધાંત કૌમુદી ગૂ. ટીકાસાથે.(,,) ૫-૦-૦ ૦-૫-૦

૪૦. હરિશ્ચંદ્ર નાટક... ...(,,) ...૧-૮-૦ ૦-૨-૬

૪૧. ,, સાર (,,).. ..૦-૧-૦ ૦-૦-૬

૪૨. લલીતાદુઃખદર્શક નાટક (,,) ...૦-૮-૦ ૦-૧-૬

૪૩. સંગીત લલીતા દુઃખદર્શક નાટક(,,)૦-૮-૦ ૦-૧-૦

૪૪. પ્રેમરાય ને ચારૂમતિ નાટક.(,,) ૦-૧૨-૦ ૦-૧-૬

૪૫. મૃદાલસા અને ત્રતુધ્વજ. (,,) ૦-૮-૦ ૦-૧-૬

૪૬. અથૅલ્લો... ... (,,)... ...૦-૮-૦ ૦-૧-૬

૪૭. બાણાસુર મદમર્દન (ઓખાહરણ
નાટક)... ... ... (,,) ...૦-૧૨-૦ ૦-૧-૬

૪૮. પંચદશી ૧૫ પ્રકરણપૂરાં, બેભાગ.
હિંદુસ્તાની ટીકાસાથે (શા. સા.) ૧૫-૦-૦ ૦-૧૨-૦

૪૯. ,, પ્રથમ પ્રકરણ—(,,)...૦-૧૨-૦ ૦-૨-૦

૫૦. ,, પ્રથમ તથા પાંચમું (,,) ૧-૦-૦ ૦-૨-૦

૫૧. પંચદશી મૂળમાત્ર સંસ્કૃત. (,,) ૦-૧૨-૦ ૦-૨-૦

છે. ઈશાદ્યષ્ટોપનિષદ્ ...(,,) ...૬-૦-૦ ૦-૬-૦

ની બ[illegible]રવિલાસ, જ્ઞાનસમુદ્ર, અને

મહેનતુ [illegible]વ્ય ... (,,) ...૨-૦-૦ ૦-૩-૦

રકારી અમલો[illegible], બે પ્રકરણ (,,) ...૦-૧૪-૦ ૦-૨-૦

[illegible]દય ...(,,) ...૦-૧૦-૦ ૦-૨-૦

[illegible]ંચાંશ- (,,) ...૦-૪-૦ ૦-૦-૬

૫૭. શ્રીસટીકબાળબોધ વેદાંતી (,,)	૧-૦-૦	૦-૨-૦
૫૮. રસીક રૂપકાવ્ય ભાગ ૨ જો... ...	૦-૨-૦	૦-૦-૬
૫૯. વનિતાવિયોગ	૦-૪-૦	૦-૧-૦
૬૦. આર્યદેશજનતા	૦-૧૨-૦	૦-૧-૦
૬૧. મલ્હારવિરહશતક (ફ. દ. ડા.) ...	૦-૨-૦	૦-૦-૬
૬૨. દરજીની અરજી (,,)... ...	૦-૧-૦	૦-૦-૬
૬૩. વેદાંતસારસંગ્રહ અને તત્વબોધ(,,)	૦-૨-૦	૦-૦-૬
૬૪. શ્રવણાખ્યાન (હિંદુસ્તાની) (,,)	૧-૦-૦	૦-૧-૬
૬૫. વેન ચરિત્ર ... ...(,,)...	૧-૦-૦	૦-૧-૬
૬૬. દલપતકાવ્ય... ... (,,)	૬-૦-૦	૦-૧૨-૦
૬૭. રેલનો ભયંકરખેલ (ફ. ર. ગ.)	૦-૧-૦	૦-૦-૬
૬૮. અદ્વૈત બોધ શતક (,,) ...	૦-૩-૦	૦-૦-૬
૬૯. અશૌચ નિર્ણય. (,,)... ...	૦-૪-૦	૦-૧-૦
૭૦. પ્રાકૃત એકાદશી મહાત્મ (,,)...	૧-૦-૦	૦-૨-૦
૭૧. દેવી મહાત્મ ... ... (,,)...	૦-૧૨-૦	૦-૧-૦
૭૨. કાવ્યસુધા. ... ...(,,) ...	૧-૧૨-૦	૦-૩-૦
૭૩. દેવીદાસકૃત રાજનીતિ	૦-૬-૦	૦-૧-૦
૭૪. સ્વદેશહિતદર્શક...	૦-૬-૦	૦-૧-૦
૭૫. ઇંગ્લાંડની મુસાફરી (રા. સા. મહીપતરામ કૃત).	૦-૧૨-૦	૦-૧-૬
૭૬. પાર્વતીકુંવર આખ્યાન. (,,) ..	૦-૪-૦	૦-૦-૬
૭૭. વનરાજ ચાવડો .. (,,) ...	૧-૮-૦	૦-૨-
૭૮. સાસુ વહુની લડાઈ ... (,,)...	૧-૦-૦	૦-
૭૯. દુરગારામ ચરિત્ર, પાકું પુંઠું.(,,)...	૦-૧૨-૦	
,, ,, કાચું પુંઠું. (,,)...	૦-૮-	
૮૦. ભવાઈ સંગ્રહ પુસ્તક ૧લું (,,)...	૧-	
૮૧. સધરા જેસંગ ... ... (,,)...	૦	
૮૨. ટુંકી કહાણીઓ ભા. ૧લો. (		

૮૩. એજન. ભા. ૨જો. (,,)...	૦- ૮-૦	૦-૧-૦
૮૪. વિનાશકાળેવિપરીત બુદ્ધિ નાટક(કે.ન.કા.)	૦-૮-૦	૦-૧-૦
૮૫. નિદાખાનું ... (,,)...	૦-૧૦-૦	૦-૧-૬
૮૬. ઇશ્વર પ્રાર્થનામાળા ...(પ્રા. સ.)..	૧- ૦-૦	૦-૨-૦
૮૭. ઇશ્વરોપાસના... ... (,,)...	૦-૬-૦	૦-૧-૦
૮૮. ,, ,, દીંડીતથા અભંગમાં	૦-૨-૦	૦-૦-૬
૮૯. ધર્મ વિવેચન... ... (,,)...	૦-૬-૬	૦-૧-૦
૯૦. હાજરજવાબી પ્રધાનની વાર્તા ...	૦-૮-૦	૦-૧-૦
૯૧. અંધેરી નગરીનો ગર્ધવસેન. (હ.દ.)..	૧-૪-૦	૦-૨-૩
૯૨. લીલાવતીની કથા પાકા પુંઠાની ...	૦-૧૨-૦	૦-૧-૬
૯૩. જાદુકપટ પ્રકાશ પુસ્તક ૧લું ...	૨- ૮-૦	૦-૩-૦
૯૪. ,, ,, ,, ૨જું ...	૩- ૦-૦	૦-૩-૦
૯૫. ,, ,, ,, ૩જું ...	૨- ૦-૦	૦-૩-૦
૯૬. શેઠોના શાખા અને પટેલોનું પોગળ...	૦-૨-૦	૦-૦-૬
૯૭. અક્ષરમાળા	૦-૮-૦	૦-૧-૦
૯૮. ભક્તી ભાસ્કર ગ્રંથ	૦-૬-૦	૦-૧-૦
૯૯. પેહેલીચોપડી(વેદધર્મસભાની)ચિત્રોસાથે	૦-૧-૦	૦-૦-૬
૧૦૦. નારીધર્મ	૦-૫-૦	૦-૧-૦
૧૦૧. વસંતતિલકાખ્યાન	૧-૦-૦	૦-૧-૬
૧૦૨. દેશી કારીગરીને ઉત્તેજન ભાગ ૧લો.	૦-૪-૦	૦-૧-૦
૧૦૩. ,, ,, ,, ,, ૨જો	૦-૬-૦	૦-૧-૦
૧૦[illegible]. વૈતાળ[illegible]ીશી...	૧-૦-૦	૦-૧-૬
[illegible]જીવસાર સંગ્રહ...	૧-૦-૦	૦-૧-૬
હાલત[illegible]ય પ્રકાશ...	૧-૦-૦	૦-૨-૬
થતી અસ[illegible]ચરિત્ર	૦-૧૦-૦	૦-૧-૦
અટકાવવાના ૭ [illegible]વાર્તા...	૦- ૩-૦	૦-૦-૬
[illegible]	૦- ૪-૦	૦-૦-૬

મુદ્દ		
૧૧૦. સાભ્રમતી મહાત્મ્ય	...૦-૫-૦	૦-૧-૦
૧૧૧. શ્રી ગવરીબાઈનું ચરિત્ર ...	...૦-૪-૦	૦-૧-૦
૧૧૨. પ્રિયા-પ્રેમદર્શક...	...૦-૮-૦	૦-૧-૦
૧૧૩. નૃસિંહનાટક	...૧-૦-૦	૦-૧-૦
૧૧૪. મનોરંજકવાર્તા તથા ટુચકા સંગ્રહ	...૦-૮-૦	૦-૧-૦
૧૧૫. પૃથિરાજ ચહુઆણ ...	...૧- ૪-૦	૦-૧-૬
૧૧૬. બુદ્ધિ અને રૂઢીની કથા ...	...૦- ૧-૬	૦-૦-૬
૧૧૭. કોયડા સંગ્રહ...	...૦- ૬-૦	૦-૧-૦
૧૧૮. સંયોગ જન્યરોગ	...૧-૧૨-૦	૦-૨-૬
૧૧૯. શીરસ્તેદાર	...૦- ૬-૦	૦-૧-૦
૧૨૦. રજા, આફિટિંગ અલાવન્સ વગેરેનાધારા	૦-૫-૦	૦-૧-૦
૧૨૧. મનુસ્મૃતિ. (ગૂજરાતી) ...	...૪- ૮-૦	૦-૪-૬
૧૨૨. અભિજ્ઞાન શકુંતલા નાટક	...૧- ૮-૦	૦-૩-૦
૧૨૩. યોગતત્વ...	...૦- ૧-૬	૦-૦-૬
૧૨૪. પુસ્તકમાળાનો સંગ્રહ ભાગ ૧ લો.	..૦- ૪-૦	૦-૧-૦
(પુસ્તકમાળાના બીજા અંકો પણ અમારે ત્યાંથી મળશે.)		
૧૨૫. સુબોધ ચિંતામણી	...૦-૧૫-૦	૦-૧-૬
૧૨૬. રાણકદેવી	...૦- ૪-૦	૦-૨-૦
૧૨૭. સર્વોપયોગી સૂચના દ્વિતીયખંડ	...૦-૮-૦	૦-૧-૦
૧૨૮. ગૂ. ભાષાનું વ્યાકરણ, (લા. ઉ. અને હ. દ.)	૧-૪-૦	૦-૨-૦
૧૨૯. સ્ત્રીના નીતિ ધર્મ, ...	...૦-૫-૦	૦-૧-૦
૧૩૦. સ્ત્રીમિત્ર...	...૦-૮-[illegible]	૦-૧-[illegible]
૧૩૧. સિકંદરનામું	...૧-૪-૦	૦[illegible]
૧૩૨. હુન્નર રત્નાકર	...૧-૧૪-૦	[illegible]
૧૩૩. કાવ્ય કૌસ્તુભ	...૧-૦-[illegible]	[illegible]
૧૩૪. માંગલિક ગીતાવળી	...૦-[illegible]	[illegible]
૧૩૫. ભાવી વિલાસ	[illegible]	[illegible]

૧૩૬. જ્ઞાનબોધ નિર્વાણ કીર્તનાવળી ...૧-૦-૦ ૦-૨-૦
૧૩૭. સ્ત્રીધર્મનીતિ (રમાબાઈ કૃત.) .. ૧-૪-૦ ૦-૨-૬
૧૩૮. બાળરોગ ચિકિત્સા ૧-૦-૦ ૦-૪-૦
૧૩૯. કાદંબરી. ૨-૮-૦ ૦-૫-૦
૧૪૦. રત્નલક્ષ્મી. ૦-૧૧-૦ ૦-૨-૦

कलकत्तेथी आवेलां संस्कृत पुस्तको.

इशोपनिषद्.	०—२—०	०—१—०
कठोपनिषद्.	०—४—०	०—१—०
काव्य संग्रह भाग १लो.	१—०—०	०—१—६
” ” २जो.	१—०—०	०—१—६
कीरातमूळ.	०—४—०	०—१—०
केनोपनिषद्.	०—२—०	०—०—६
चक्रदत्त.	२—०—०	०—२—६
दशाकुमारचरित्र पूर्वार्द्ध.	०—४—०	०—१—०
द्रव्यगुण.	१—०—०	०—१—६
नळोदय.	०—६—०	०—१—०
परिभाषा प्रदीप.	०—८—०	०—१—०
पाण्डवगीता,भाष्यटीका स.	०—४—०	०—१—०
[illegible]ंगळ.	१—०—०	०—१—६
[illegible] चंद्रोदय	१—०—०	०—१—६
[illegible]षद्.	०—६—०	०—१—०
[illegible]	०—६—०	०—१—०
[illegible]	१—०—०	०—१—६

मुग्धबोध.	....	०—८—०	०—१—०
मुणुडुपनिषद्.	...	०—३—०	०—०—६
मुद्राराक्षस	....	०-१२—०	०—१—०
मेदिनीकोष.	...	१—०—०	०—१—६
रत्नावली.	....	१—०—०	०—१—६
वाभट.	....	१—०—०	०—१—६
विक्रमोर्वशीनाटकसटिक.		०-१२—०	०—१—०
विवेक चूडामणि वेदांत.		०—४—०	०—१—०
वैराग्य शतक.	....	०—२—०	०—०—६
शब्द शक्ति प्रकाशिका		१—०—०	०—१—६
[illegible]ारंधर	....	१—०—०	०—१—६
[illegible]वदर्शन संग्रह.	....	१—०—०	०—१—०
[illegible]र्यशतकमयुरभट्ट कृत		०—२—०	०—०—६
,, गोपाळ	,,	०—१—०	०—०—६
[illegible]र्य सिद्धांत ज्योतिष.		१—०—०	०—२—०
[illegible]रा[illegible]ची.	....	०—२—०	०—०—६
[illegible]ोपदे[illegible]	....	०—८—०	०—१—०